विमला.

ॐ

विमला.

બંગાળી ઉપરથી ભાષાંતર કરી
છપાવી પ્રસિદ્ધ કરનાર,

કાળીદાસ. એમ. યાજ્ઞિક.
નં. ૧૦ અમરતલા સ્ટ્રીટ—કલકત્તા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૦. સને ૧૯૧૪.

ઘી [illegible]ારોડ પૂલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યા વિજય પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ ચુનીલાલ અમથાશાએ છાપ્યું—અમદાવાદ

મૂલ્ય ૧-૪-૦.

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

રા. મણિલાલ મગનલાલ ત્રિવેદી.

રાયપુર—પખાલીની પોળ—અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનારે,
કાળીદાસ મહાશંકર બાંડિક,
નં. ૧૦ અમરતલા સ્ટ્રીટ—કલકત્તા.

અર્પણપત્રિકા.

કલકત્તા. તા. ૧૦-૪-૧૪

અખંડ

પ્રૌઢપ્રતાપ

નેકનામદાર મહારા-

ણાશ્રી વખતસિંહજી બાહા-

દુર સી. એસ. આઇ. સ્વસ્થાન

સાયલા ઠાકોર સાહેબ, આપનાં અખંડ

સૌભાગ્ય કુંવરીબા શ્રી મોટાંબા સાહેબ કે

જેઓ કચ્છ દેશના મહારાજાધિરાજ રાવસાહેબ ખેં-

ગારજી બાહાદુરનાં ધર્મપત્નિ—તેમજ કચ્છ કાઠિયાવાડ-

ના વિદ્યાર્થીઓના આશ્રયસ્તંભ સ્વરૂપ હતાં—તેમ-

નો અકાળે સ્વર્ગવાસ થયાના સ્મરણ ચિ-

ન્હ તરીકે આ લઘુ નોવેલ

આપ નામદારને અર્પણ

કરૂં છું.

તા. સદર.

કાળીદાસ—એમ. યાજ્ઞિક.

નં. ૧૦ અમરતલાસ્ટ્રીટ.

પ્રસ્તાવના.

જેમ માળાના મણકામાં મેળ એ મુખ્ય ગણાય છે તેમ અનુભવી અને સાહિત્યના જ્ઞાનમાં ઉંડા ઉતરેલા વિદ્વાનોના હાથથી રચાયેલાં પુસ્તકો પ્રાધાન્યપદ ભોગવે છે. વડોદરા રાજ્યના માજી દિવાન શ્રીમાન્ રમેશચંદ્રદત્તની કસાયેલી કલમથી તેઓશ્રી રચીત કેટલાંક પુસ્તકો બંગાળી ભાષામાં પ્રસિદ્ધ થયાં છે અને તે પુસ્તકો બંગાળા તરફ દરેકને ઘણાંજ પ્રિય થઇ પડયાં છે. આ સાક્ષરમણિ રચિત પુસ્તકો પૈકી "વિમલા" એ નામનું અદ્ભૂત પુસ્તક તેઓશ્રીએ બંગાળી ભાષામાં રચ્યું હતું. જો કે મારૂં વતન કાઠિયાવાડમાં છે પરંતુ હું ઘણાં વર્ષોથી કલકત્તામાં રહું છું એટલે કલકત્તામાં રહીને મેં સાધારણ રીતે બંગાળી ભાષાનું જ્ઞાન સંપાદન કર્યું અને તેથી "વિમલા" એ નામનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું. આ પુસ્તક વાંચતાં તેમાં સમાયેલાં પ્રકરણોનું મનન કરતાં મારૂં હૃદય પ્રેમથી ઉછળવા માંડયું, અને જો આ પુસ્તકનો તરજુમો ગુજરાતી ભાષામાં કરીને જન હિતાર્થે તેને પ્રકટ કરવામાં આવે તો ગુજરાત કાઠિયાવાડના સજ્જનો તેનો સારો લાભ લઇ શકે. આવા હેતુથી મેં આ પુસ્તકનો તરજુમો કર્યો અને અમદાવાદમાં સ્થપાયેલી "શ્રી સનાતનધર્મ પુસ્તક પ્રસારક મંડળ" એ નામની સંસ્થાના મંત્રી શ્રીયુત મણિલાલ મગનલાલ ત્રિવેદીને જોવા અને સુધારવા મોકલ્યો.

મારે આ સ્થળે લખવું જોઇએ કે શ્રીયુત મણિલાલ મગનલાલ ત્રિવેદીએ આ પુસ્તકને સુધારવામાં તથા તેનાં પ્રુફ તપાસીને તે પુસ્તકને વેળાસર તૈયાર કરી આપવામાં જે શ્રમ લીધો છે તે માટે હું તેમનો ઉપકાર માનું છું. પોતાના ચાલતા [illegible] સમયનો [illegible]-

ત્ર કરીને તેમણે આ પુસ્તકને જલદીથી તૈયાર કરાવી આપ્યું એ તેમનો શ્રમ ઓછો નથી.

આ પુસ્તક તૈયાર થયા પછી મેં તેની અર્પણ પત્રીકા કોને આપવી તે વિશે વિચાર કરતાં અખંડ પ્રૌઢ પ્રતાપ, નેકનામદાર મહારાણાશ્રી વખતસિંહજી બહાદુર સી. એસ. આઇ. સ્વસ્થાન સાયલાના ઠાકોર સાહેબ તરફ મારું લક્ષ્ય ગયું અને મેં તે નામદારશ્રીને આ પુસ્તકની અર્પણ પત્રિકા માટે વિનંતી કરતાં તેઓશ્રીએ તેમ કરવા અનુમતિ આપવાથી આ પુસ્તકની અર્પણ પત્રિકા તે નામદારશ્રીને આપવામાં આવી છે.

આ પુસ્તકના જે જે સજ્જનો આગળથી ગ્રાહક થયા છે તેમનો પ્રેમ પૂર્વક ઉપકાર માનવામાં આવે છે. તેમનાં મુબારક નામો આ પુસ્તકમાં અમર કરવામાં આવ્યાં છે.

જો આ પુસ્તકનો સારો ઉઠાવ થશે અને મારી મેહેનતની ખુઝ પ્રજા જાણશે તો હવે પછી લોકપ્રિય થઇ પડે એવું પુસ્તક અમારા તરફથી થોડા સમય પછી બહાર પાડવામાં આવશે.

કાલીદાસ–એમ. યાજ્ઞિક.

નં. ૧૦ અમૃતલા સ્ટ્રીટ.

કલકત્તા.

વિષયાનુક્રમણિકા.

પ્રકરણ.		વિષય.	પૃષ્ઠ.
૧	લું	રુદ્રપુરે આગમન.	૧
૨	જું	રાણી મહાશ્વેતા.	૬
૩	જું	મહાશ્વેતાની પૂર્વકથા.	૧૩
૪	થું	સરલા અને અમલા.	૧૮
૫	મું	રુદ્રપુર ત્યાગ.	૨૭
૬	ઠું	દિવાનનું નિવાસસ્થાન.	૩૭
૭	મું	પાપીષ્ટે પાપિષ્ટ.	૪૩
૮	મું	ધુર્તે ધુર્ત.	૫૪
૯	મું	ઉપાસકે ઉપાસક.	૬૧
૧૦	મું	પરિચય.	૬૭
૧૧	મું	અપરિચિત નૌકાસ્વામી.	૭૧
૧૨	મું	નૌકાસ્વામીનો પૂર્વ વૃત્તાંત.	૭૮
૧૩	મું	રાજા ટોડરમલ.	૮૨
૧૪	મું	બંધુનું સ્મરણાર્થ.	૮૬
૧૫	મું	અપરિચિત શત્રુ પરિચિત બંધુ.	૯૨
૧૬	મું	કમલા.	૧૦૩
૧૭	મું	કોણ છે બોલો જોઇએ.	૧૦૯
૧૮	મું	ઇચ્છાપુરનો જમીનદાર.	૧૧૪
૧૯	મું	જમીનદારનો પૂર્વ વૃત્તાંત.	૧૧૭
૨૦	મું	વનગ્રામ ત્યાગ.	૧૨૨
૨૧	મું	કારાગૃહ વાસ.	૧૨૭

૨૨ મું	એ સ્વપ્નથી. પૂર્વ સ્મૃતિ.	૧૩૨
૨૩ મું	ભીખારીનું રત્ન.	૧૩૮
૨૪ મું	વિવાહનાં વર કન્યા.	૧૪૩
૨૫ મું	દેશવટો.	૧૪૯
૨૬ મું	વિચિત્ર વ્યુહ.	૧૫૫
૨૭ મું	બંદિવાન.	૧૬૩
૨૮ મું	રમણી વિરત્વ.	૧૬૬
૨૯ મું	પુરુષનું વીરત્વ.	૧૭૫
૩૦ મું	પાપનું પ્રાયશ્ચિત.	૧૭૯
૩૧ મું	દુર્ગે પ્રત્યાગમન.	૧૮૮
૩૨ મું	ઇચ્છાપુરે પ્રત્યાગમન.	૧૯૨
૩૩ મું	જમીનદારનો પુત્ર અને પુત્ર વધુ.	૧૯૬
૩૪ મું	વિચાર.	૨૦૧
૩૫ મું	અંગુઠી પ્રતિદાન.	૨૧૭

अदभूत बंगाली नॉवेल विमलाने अगाउथी आश्रय आपनारनां नाम.

કેટલી નકલ	ખરીદનારનું નામ અટક હોદ્દો.	પુરેપુરૂં ઠેકાણું તાલુકો જીલ્લો પોસ્ટ.
૧૦	અખંડ પ્રૌઢ પ્રતાપ મહારાણાશ્રી વખતસિંહજી સી. એસ. આઇ.	ઠાકોર સાહેબ સ્વસ્થાન સાયલા.
૧	રા. નંદરામ રાજારામ દવે	પોલીસ સુપ્રીટેન્ડેન્ટ સાહેબ સ્વસ્થાન નડિઆદ સ્ટેટ
૧	રા. કહાનજી નથુરામ જાની.	C/o ઇ. મેનેજર લાકડીયા સ્ટેટ. કચ્છ—વાગડ.
૧	રા. રૂપશંકર દેવાશંકર	રીસીવર ,, ,,
૧	રા. પ્રેમચંદ રોમચંદ દોશી	હીસાબી કારકુન ,,
૧	રા. મુલજી હીરા પટેલ	પોસ્ટ લાકડીયા કચ્છ વાગડ
૧	રા. જીવરાજ કાનજી પોલીસ પટેલ	,, ,, ,,
૧	રા. જીવરાજ નારણજી કુબડીયા	,, ,, ,,
૧	રા. મેરાજ મુળજી	,, ,, ,,
૧	રા. ઝવેર જુઠા ભણુશાળી	,, ,, ,,
૧	રા. મેતા સાકરચંદ હીરાચંદ	,, ,, ,,
૧	રા. ધનજી મેઘજી ખોજા	,, ,, ,,
૧	રા. રાધાલાલ ગોવિંદરામ સેવક	,, ,, ,,
૧	રા. પથુજી ગોપાલજી ભોપા	,, ,, ,,
૧	રા. ઓધવજી રામજી	સેક્રેટરી સાહેબ મહુવા ગૌરક્ષક સભા પોસ્ટ મહુવા. કાઠીયાવાડ.

૧	પ્રભાશંકર અળવેશ્વર ઉપાધ્યાય.	અંજાર પોસ્ટ—કચ્છ.
૨	રા. ઠાકરશીભાઇ જેઠાભાઇ	પાયધુની ત્રાંબાકાંટા મુંબઇ પ્રભાશંકર અળવેશ્વર કુ.માં.
૧	રા. અંબાલાલ ગંગારામ જાની	કરાંચી પોસ્ટ ઠે. પોર્ટ ટ્રસ્ટ ઇમ્પોર્ટયાર્ડ ગેટકીપર.
૧	રા. મોહન બેચર સુતાર	ડી. ગ્રેહામ કું. માં પોસ્ટ કરાંચી
૧	રા. ગોપાળ સાંકળેશ્વર મેતા ઉંઝાવાળા.	કરાંચી પોર્ટ ટ્રસ્ટ ઇમ્પોર્ટ—યાર્ડ.
૧	રા. મણિલાલ ખુશાલ ઠાકર સિધપુરવાળા.	,,
૧	રા. ટોકરશી ઘેલાભાઇ	કાત્રક કમ્પની કરાંચી કેમ્પ.
૧	રા. જેઠાલાલ મોહનલાલ ઉનાવાળા	કરાંચી પોર્ટ.
૧	રા. પ્રતાપરાય અંબારામ ઉંઝાવાળા બારોટ	કરાંચી પોર્ટ ટ્રસ્ટ ઇમ્પોર્ટ યાર્ડ.
૧	રા. વર્ધમાન ભુધર શાહ ધાધલપુરવાળા.	ઠેકાણું હાજી ડોસલ એન્ડ સન્સ કેમ્પ કરાંચી.
૧	મી. જેઠાલાલ કાનજી	ઠે. રણછોડની લેન કરાંચી.
૧	રા. આણંદ ભાવસાર	,, ,,
૧	રા. શેઠ જેઠાનંદ છતામલ	ખોડીના બગીચા પાસે છતામલ બોરૂમલ ધુંકાઇની દુકાને કરાંચી.
૧	રા. દોશી દલીચંદ ગણેશ શ્રી રાજકોટવાળા.	ઇડી સાસુન કમ્પની કરાંચી ધોલ યાર્ડ.
૧	રા. હરમોહન શીવરામ જોષી	ઠે. અબુરમજદ જીનીંગ ફેક્ટરી નાગપુર સી. પી.

૧	રા. મીસ્ત્રી સુંદરજી રઘુનાથ	ઠે. હાઇસ્કુલ પાસે સીવીલ સ્ટેશન રાજકોટ.
૧	કંટ્રાકટર વાલજી હીરજી ચાવડા	મુકામ ભાઠાગામ, પોસ્ટ મરોદ તેહસીલ ધમતરી જીલ્લા રાયપુર સી. પી.
૧	,, જેઠાલાલ જેરામ	,, ,,
૧	પટેલ નારણુ રાજા	,, ,,
૧	મીસ્ત્રી ખેંગાર માવજી	,, ,,
૧	રા. નાનાલાલ માહાશંકર	,, ,,
૧	રા. છોટાલાલ સી. સુતરીયા	પ્રિન્સિપાલ સાહેબ ગોંડલ ગરાશીયા કોલેજ ગોંડલ નાગર શેરી.
૧	રા. મોહનલાલ ભીમજી	બાબાજીપરૂ—કાછીયાપોળ વડોદરા.
૧	રા. રામજી ભગાન	વડોદરા. ,,
૧	રા. કેસવજી ઝવેરચંદ	વડીયા સ્ટેટ—કાઠીયાવાડ
૧	રા. કાળીદાસ જેઠાભાઇ	છીપાપોળ અમદાવાદ.
૧	શેઠ રણછોડલાલ અમૃતલાલ	દેવજી સરૈયાની પોળ અમદાવાદ.
૧	રા. દુલભજી હાઉજી	Gareria Colliery Po. Bansjora (Manbhum) Dist.
૧	રા. રામજીભાઇ પ્રેમજી મેરાઇ	ઠે. સ્વામીનારાયણના મંદિરમાં મુકામ માંડવી—કચ્છ.
૨	રા. ચુનીલાલ ઉજમશી	ના. ૮ અમરતલા. કલકત્તા.

૧	શેઠ નુરભાઇ જીવણજી	ના. ૮ અમરતલા. કલકત્તા.
૧	ગોરધનદાસ ભાઇચંદ	ના. ૧૪ પોર્ચુગીઝ ચર્ચ-સ્ટ્રીટ—કલકત્તા.
૧	શેઠ હરીવલ્લભદાસ કાળીદાસ	સદર.
૧	ભાઇ હરજીવન જીવરાજ	ના. ૪૨ કલાઇવ સ્ટ્રીટ કલકત્તા.
૧	ભાઇ હરીલાલ લાઠીયા	,,
૧	ભાઇ રાયચંદ ગુલાબચંદ	,,
૧	ભાઈ અમરશી લાલજી	ના.૧ આગાકર બલારટ્રીટ કલકત્તા.
૧	ભાઇ સાકરલાલ છોટાલાલ	ના. ૪ લુકાસલેન—કલકત્તા
૧	સોની. મોહનલાલ જેઠાભાઇ	ના. ૩૨ આરમની સ્ટ્રીટ કલકત્તા.
૧	ભટ્ટ મોહનલાલ રણછોડજી	ના. ૩૫ બડતલા સ્ટ્રીટ કલકત્તા.
૫	દવે હરીલાલ દયારામ	ના. ૩૫ બરતલા સ્ટ્રીટ કલકત્તા.
૫	રા. જેશંકર છગનલાલ	ના. ૨૭ અમરતલા કલકત્તા
૨	રા. છોટાલાલ છગનલાલ	,,
૨	રા. વજલાલ છગનલાલ	,,
૧	રા. જગન્નાથભાઇ જેશંકર	ના. ૩૪ આમરમની સ્ટ્રીટ સ્વામીનારાયણના મંદિરમાં.
૨	રા. પરભુલાલ ધનજી	ના. ૩૫૧ અપરચીતપુર—રોડ કલકત્તા.
૫	રા. નારણજી ધનજી	ના. ૨૭ અમરતલા કલકત્તા.
૧	મોદી કમ્પની હા. રા. પીતાંબરદાસ	ના. ૪૨ કલાઇવ સ્ટ્રીટ.

૧૨ રા. મણીશંકર છગનલાલ — ના. ૨૯ અમરતલા સ્ટ્રીટ કલકત્તા.
૧ શેઠ મગનલાલ હરીલાલની કુા. — ના. ૧૦ અમરતલા નવાબ મીલની ગાદી.
૧ રા. વલ્લભજી ભાણજી — ના. ૨૦ જેકસનલેન—કલકત્તા.
૧ શેઠ અલારખીયા રહીમ — ના. ૪ સુકીયા સ્ટ્રીટ કલકત્તા
૧ રા. લાલજી હરીદાસ — ના. ૨૧૬ કાર્નવાલીસ સ્ટ્રીટ. કલકત્તા.
૧ શેઠ ટોપણ માધવજીની કુા. — ના. ૫ પોર્ચુગીઝ ચર્ચસ્ટ્રીટ
૧ શેઠ મુલચંદ માણેકલાલ — ૨૧૦ હરીસનરોડ કલકત્તા.
૧ શેઠ કરસનદાસભાઇ માધવદાસ — ખટાઉ મકનજી કુા. માં ૧૯ અમરતલા. કલકત્તા.
૧ રા. જેઠાલાલ ભીખાભાઇ — ,,
૨ શેઠ મોતીચંદ દેવકરણની કુા. જોગ ના. ૧૦ અમરતલા. કલકત્તા.
હા. ભાઇ વલભજી
૧ શેઠ ગીરધરલાલ સુંદરજી — ,,
૧ રા. અંબાશંકરભાઈ — ,,
૩ શેઠ હરગોવનદાસ આશારામ — ના.૧૮ અમરતલા—કલકત્તા.
૧ મીસ્તર વ્રજલાલ (રાજાબાબુ) — ના. ૧૦ અમરતલા. કલકત્તા.
૨ શેઠ લક્ષ્મીદાસ પ્રેમજી — ના. ૫ પોર્ચુગીઝ ચર્ચસ્ટ્રીટ
૨ શેઠ જમનાદાસ ગોકળદાસ ઘંશરાન — ,,
૧ રા. અંબાલાલભાઇ ખુશાલદાસ — ના.૧ મલીક સ્ટ્રીટ—કલકત્તા.
૧ શેઠ હાજી ઇસા અબા શકુર — ના.૨૬ અમરતલાલેન કલકત્તા.
૧ શેઠ આદમ હાજી પીરમહંમદ — ના.૨—અમરતલાલેન કલકત્તા.
૨ શેઠ ભગવાનજી દેવકરણ — પાચાગલી—કલકત્તા.
૧ ભાઇ મણીલાલ — ,,

૧	શેઠ કાનજી મોનજી	ના.૨૧૦ હારીસનરોડ કલકત્તા.
૧	ભાઇ અમરતલાલ પોપટ દલાલ	ના.૩૨ ઇંઝરાસ્ટ્રીટ કલકત્તા.
૧	ભટ ખુશાલ વેજનાથ	શ્રુ દવે હરીલાલ દયારામ-ના. ૩૫ બરતલા સ્ટ્રીટ કલકત્તા.
૧૦	રા. ભાઇ કસ્તુરચંદ ફતેચંદની મારફતે	શ્રી રંગુન મોગલ સ્ટ્રીટ ના. ૮૧
૧	રા. કસ્તુરચંદ ફતેચંદ	,, ,,
૧	રા. ચુનીલાલ ખીમચંદ	,, ,,
૧	રા. નાગરદાસ જેચંદ	વઢવાણ કામ્પવાળા.
૧	રા. વખતચંદ લલ્લુભાઇ	શ્રીબરવાળાવાળા.
૧	રા. મણીલાલ ભુદર	શ્રીલીંબડીવાળા.
૧	રા. છોટાલાલ લાલચંદ	શ્રીવઢવાણ શહેરવાળા.
૧	રા. ફુલચંદભાઈ ભગવાનજી પારેખ	શ્રીવઢવાણવાળા
૧	રા. માણેકલાલ ત્રીભોવનદાસ પારેખ	વઢવાણવાળા.
૧	રા. ભગુભાઇ પોપટભાઇ	શ્રીલીંબડીવાળા.
૧	રા. ચંદુલાલ કેવળભાઇ કોઠારી	,, ,,
૧	રા. અમૃતલાલ સંપતરામ આચાર્ય	કલકત્તા ના. એંગ્લોવરનક્યુલર સ્કુલના હેડમાસ્તરો સાહેબ.
૧	રા. અબ્દુલરજાક હાજી અબદુલ સતાર	ના. ૨૫ હીરનવાડી લેન કાલુ ટોલા કલકત્તા.
૧	રા. મોહનલાલભાઇ શામજી	નં. ૪૨ કલાઇવ સ્ટ્રીટ કલકત્તા.

જન સેવાર્થે પ્રકટ થયેલાં ધર્મનાં પુસ્તકો.

શ્રી સનાતન ધર્મ પુસ્તક પ્રસારક મંડળ તરફથી નીચેનાં બે પુસ્તકો જન સેવાર્થે પ્રકટ થયાં છે આ બે પુસ્તકો જેઓ સનાતન ધર્માનુરાગી ગૃહસ્થો જણાતા હોય તેમણે અવશ્ય પોતાના ઘરમાં રાખવાં જોઇએ.

શ્રીમદ્ભગવદ્ગીતાદિ પંચ રત્નો:—મૂલ્ય ૦-૬-૦, ૦-૭-૦, ૦-૯-૦ અને ૦-૧૨-૦.

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્માની ગુજરાતી શુદ્ધ ટીકાવાળું આ પુસ્તક મુમુક્ષુ જનોને બહુજ ઉપયોગી છે. આ પુસ્તકમાં ૧ શ્રીમદ્ભગવદ્-ગીતા, ૨ વિષ્ણુસહસ્ર નામ, ૩ ભીષ્મ સ્તવરાજ, ૪ અનુસ્મૃતિ ને ગજેંદ્ર મોક્ષ એમ પાંચ રત્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રીભગવદ્ગીતા મહાભારતના ભીષ્મ પર્વમાં છે. તેમાં શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ કર્યો છે. શ્રી વિષ્ણુસહસ્રનામ મહાભારતના આનુશાસનિક પર્વમાં છે તેમાં શ્રી ભીષ્મે યુધિષ્ઠિર મહારાજને ઉપદેશ કર્યો છે. શ્રીભીષ્મસ્તવરાજ મહાભારતના શાંતિપર્વના રાજધર્માનુશાસનમાં છે તેમાં શ્રીભીષ્મે ભગવાનની સ્તુતિ કરી છે. શ્રીઅનુસ્મૃતિ મહાભારતના આનુશાસનિક પર્વમાં દાનધર્મવિષે આવેલ છે તેમાં શ્રીભીષ્મે યુધિષ્ઠિરને ઉપદેશ કર્યો છે. શ્રી ગજેંદ્રમોક્ષ મહાભારતના શાંતિપર્વમાં આવેલ છે તેમાં પણ શ્રીભીષ્મે મહારાજ યુધિ-ષ્ઠિરને ઉપદેશ કર્યો છે

શ્રી રાસ પંચાધ્યાયી—મૂલ્ય ૧૦-૭-૦ બે સોનેરીનામવાળું પાકું પુંઠું. ૧ ૦-૧૨-૦ સાદું સોનેરી નામ અને ૧૦ રતલી ગ્લેઝ્ડ કાગળો. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધના ૨૯, ૩૦, ૩૧, ૩૨, ને ૩૩ આ પાંચ અધ્યાયને તેમાં રાસક્રીડાને લગતું વર્ણન હોવાથી રાસપંચા-ધ્યાયી કહેવામાં આવે છે પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્માએ ભક્તિ-પક્ષના અર્થવાળી અને જ્ઞાન પક્ષના અર્થવાળી એવી બે જાતની ટીકાઓ આ પુસ્તકમાં કરી છે

બન્ને પુસ્તકો મળવાનું ઠેકાણું:—

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

રાયપુર—અમદાવાદ.

છપાય છે ! ! છપાય છે ! !

॥ श्री शंकराचार्यकृत अष्टादश रत्नो ॥

બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્નથુરામશર્માની ગુજરાતી ટીકા અને વિસ્તૃત વિવેચનવાળું આ પુસ્તક છપાય છે. અત્યાર સુધી આવા ઉત્તમ પ્રકારના પુસ્તકની ગુજરાતીમાં શુદ્ધ ટીકા થઇ નથી. આ પુસ્તકમાં નીચે જણાવેલાં ૧૮ રત્નોનો સમાવેશ થાય છેઃ—

૧ સાધનપંચક, ૨ સદાચારસ્તોત્ર, ૩ ષટ્પદી, ૪ વિજ્ઞાનનૌકા ૫ વાક્યસુધા, ૬ હરિમીડે, ૭ યોગતારાવલિ, ૮ આત્મબોધ, ૯ તત્ત્વબોધ, ૧૦ સ્વાત્મનિરૂપણ, ૧૧ ચર્પટપંજરિકા, ૧૨ મોહમુદ્ગર, (દ્વાદશપંજરિકા), ૧૩ સિદ્ધાંતબિંદુ, (નિર્વાણદશક,) ૧૪ વાક્યવૃત્તિ ૧૫ અપરોક્ષાનુભૂતિ, ૧૬ વિવેકચૂડામણિ ૧૭ શતશ્લોકી, (વેદાંતકેસરી,) ને ૧૮ ઉપદેશસહસ્રી (ગદ્ય ભાગ,) મૂળ, અર્થ ને વિવેચન સાથે. તે ઉપરાંત શ્રીશંકરાચાર્યજીનું જીવનવૃત્તાંત પણ આવશે, અને તેમાં ચાર સુંદર ચિત્રો (૧ ભગવાન્ શંકરાચાર્ય પોતાના પદ્મપાદાદિ શિષ્યોને ગંગાતટે શારીરિક ભાષ્ય ભણાવે છે, વ્યાસભગવાન્ પોતાના વૈશંપાયનાદિ શિષ્યોને બદરિકાશ્રમમાં બ્રહ્મસૂત્ર ભણાવે છે, ૩ શ્રી દક્ષિણામૂર્તિ સનકાદિકને તત્ત્વનો ઉપદેશ કરે છે, અને ૪ પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્મા શ્રોતાજનોને કથામૃતનું પાન કરાવે છે) પણ આવશે. પૂઠું પાકું સળંગ છીંટનું ઉપર સુશોભિત પાંચ સુવર્ણાક્ષરના નામોવાળું થશે. અને બન્ને બાજુએ મગજી મૂકવામાં આવશે. વાંચતાં નિશાની રહે માટે સાથે રેશમી ફીત પણ સજજડ કરવામાં આવશે. આગળથી ગ્રાહક થનાર માટે રૂ. ૧–૪–૦ પાછળથી રૂ. ૧–૮–૦ પડશે.

નીચેને શરનામે લખોઃ—
મણિલાલ છગનલાલ ત્રિવેદી.
રાયપુર— અમદાવાદ.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્માકૃત પુસ્તકો.

શ્રીઉપનિષદો (ઈશોપનિષદ્થી કૈવલ્યોપનિષદ્ સુધીની બાર ઉપનિષદો તથા માંડૂક્યોપનિષદ્ઉપરની ભગવાન્ ગૌડપાદની કારિકા મૂલ તથા ગુજરાતી ટીકા અને ૧૦૬ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર.) બીજી આવૃત્તિ રૂ. ૫-૦-૦ વેદાંતદર્શન પાકાપુંઠાનું. રૂ. ૩-૮-૦ વેદાંતદર્શન કાચાપુંઠાનું રૂ ૩-૦-૦ શ્રીમદ્ભગવદ્ગીતા, પદચ્છેદ, અન્વય, પદાર્થ ને રહસ્યદીપિકાટીકાસહિત, ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ પાતંજલયોગદર્શન, પદબોધિનીનામની સંસ્કૃત ભાષાની તથા રહસ્યદીપિકા નામની ગુજરાતી ભાષાની અધ્યાત્મિકા ટીકાસહિત, ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ સાંખ્યદર્શન સટીક. રૂ. ૧-૪-૦.

યોગકૌસ્તુભ, ત્રીજી આવૃત્તિ. રૂ. ૧-૪-૦ પરમપદબોધિની, ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૧૨-૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર. રૂ ૦-૦-૬ નાદ-સ્વરોદય, ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ ઉલટી વાણીનું સ્પષ્ટીકરણ, બીજી આવૃત્તિ ૦-૨-૦.

મનુષ્યચિત્ર, બીજી આવૃત્તિ રૂ. ૦-૪-૦ સ્વાભાવિકધર્મ, ત્રીજી આવૃત્તિ રૂ. ૦-૨-૬ સુબોધકલ્પલતા, બીજી આવૃત્તિ. રૂ. ૦-૬-૦ સદુપદેશદિવાકર પ્રથમકિરણ, બીજી આવૃત્તિ. રૂ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર તૃતીય કિરણ રૂ. ૦-૧૨-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧ થી ૧૦. રૂ ૦-૪-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫, બીજી આવૃત્તિ. રૂ. ૦-૮-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૫. રૂ. ૦-૮-૦ અંતર્યામીના આદેશો, સોનેરી નામવાળા કપડાના પુંઠાના રૂ. ૦-૧૦-૦ અંતર્યામીના આદેશો, રેશમી પુંઠાના. રૂ. ૦-૮-૦ યોગપ્રભાકર, બીજી આવૃત્તિ રૂ. ૦-૨-૬ શ્રીમદ્ભગવદ્ગીતા સરલાટીકા-સહિત, બીજી આવૃત્તિ રૂ. ૦-૭-૬ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ, બીજી આવૃત્તિ. રૂ ૦-૩-૬ ગીતાદિ પંચરત્ન સટીક, ભિન્ન ભિન્ન જાતનાં પુંઠાંવાળાં રૂ. ૦-૯-૦, ૦-૭-૦, ૦-૬-૦ શાંડિલ્યસૂત્રની ભક્તિ પક્ષની તથા જ્ઞાન-પક્ષની વિસ્તૃત ટીકાસહિત. રૂ. ૦-૭-૦ પ્રણવપદ, ત્રીજી આવૃત્તિ રૂ. ૦-૨-૦ પ્રણવવિસ્તારપદ, બીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ નાદકાવ્ય. રૂ. ૦-૫-૦ સદુપદેશમાળા, પ્રથમ ભાગ રૂ. ૦-૩-૬.

ઉપર લખેલાં સર્વ પુસ્તકો ૧૫ મા પૃષ્ઠમાં જણાવેલા શિરનામે લખવાથી રોકડા દ્રવ્યથી વા વેલ્યુપેએબલ બુકપાકીટથી મળી શકશે.

વિમળા.

પ્રકરણ ૧ લું.

રૂદ્રપુરે આગમન.

ઇ૦ સ૦ ૧૨૦૪ માં બંગાળા અને બિહારમાં હિંદુ રાજ્ય વિલુપ્ત થયાં ત્યારથી તે ઇ૦ સ૦ ૧૫૭૪ સુધી એટલે લગભગ ૩૭૦ વર્ષ અફગાન અથવા પઠાણો આ દેશમાં રાજ્યાધિકાર ભોગવવા લાગ્યા. તેઓ કોઇવાર દિલ્હીના બાદશાહની તાબેદારી કબુલ કરી ખંડણી આપતા અને પોતાને સુબેદાર કહેવરાવતા અને કોઇવાર સ્વતંત્ર બની જઇ રાજ્ય કારભાર સ્વતંત્ર રીતે ચલાવતા. અર્થાત્ દિલ્હીની ગાદી ઉપર શક્તિમાન સામ્રાટ્ હોય તો તાબેદારી કબુલ કરતા. ને નિર્માલ્ય બાદશાહ હોય તો પોતે સ્વતંત્ર થઇ વર્તતા. તેમનો અંદરનો વાહવટ પણ તેવાજ પ્રકારનો હતો. કોઇ રાજા ગુજરી જતાં પાછળ દમવાળો યુવરાજ હોય તો ગાદી મલે ને નબળા મનનો કે કાચો હોય તો સેનાપતિ, કારભારી જે બળવાન હોય તે પોતે રાજા થઇ પડે.

રાજા પોતે અમુક મુલક પોતાના વાસ્તે રાખી લઇ બાકીનો વિભાગ સેનાપતિને સુપ્રત કરે તે તેનો વહીવટ કરે, ઉપજ ખાય અને રાજાને જરૂર સમયે અમુક સૈન્ય લડવા લાયક તૈયાર હોય તે

સરત મુજબ આપે. વળી સેનાપતિ પોતે અમુક ભાગ પોતે રાખી બાકીનો ભાગ જમીનદારોને વેહેંચી આપે અને તેમની પાસે ઉપર મુજબ સરત કરે એવી વ્યવસ્થા હતી.

આ સેનાપતિઓ પણ વખતે રાજાને તાબે રહે ને વખતે સ્વતંત્ર પણ થઇ જાય.

પઠાણ રાજાઓના વખતમાં હિંદુ જમીનદારોનું જોર વિશેષ હતું. ગણેશરાજા નામે હિંદુ પ્રખ્યાત થઇ ગયો છે તે ઇ૦ સ૦ ૧૩૮૫ મા બંગદેશનો અધિપતી થઇને સાત વર્ષ સુધી સ્વતંત્રપણે રાજ્ય કરી ગયો છે. તે પ્રથમ જમીનદાર હતો. પણ પોતાના બાહુબળથી સ્વતંત્ર રાજા થયો હતો. ત્યાર પછી તેના દીકરાએ મુસલમાની ધર્મ અંગીકાર કર્યો અને ગણેશરાજાનો વંશ કુલે ચોવીસ વર્ષ ચાલ્યો.

મોગલ લોકોએ જ્યારે બંગાળ જીત્યું તે વેળા અત્રેના જમીનદારો પાસે આઠ લાખ પાયદળ ને તેત્રીસ હજાર ઘોડેસ્વાર તથા ચાર હજાર રણતરી લશ્કર હતું. જમીનદારો મોટે ભાગે કાયસ્થ લોક હતા. અને તેઓ વાસ્તવિક જોતાં રાજા તરીકેજ હતા. ખેડુત લોક તેમના ખરેખરા તાબેદારજ રહેતા, વસ્તીનો ઝઘડો ફિસાદ તેઓ અથવા તેમના કારભારીઓ મટાડતા હતા. તેમજ ગુનેહગારોને દંડ દેતા. ચોર, લુટારાઓને સજા કરી વસ્તીનું રક્ષણ કરતા. પ્રજા તેમને માતા—પિતા તરીકે લેખતી. વસ્તુતઃ એ જમીનદારોજ તેમના પાલન કર્ત્તા અને શાસન કર્ત્તા હતા. તેમજ પ્રજાના રક્ષક અને રાજા ગણાતા. આ રીતે પઠાણ રાજાઓના વખતમાં બંગાળની સ્થિતિ હતી.

ઇ૦ સ૦ ૧૫૭૩ માં પઠાણ દાઊદખાં બંગાળનો રાજા થયો. તેને બીજે વર્ષે એટલે ઇ૦ સ૦ ૧૫૭૪ માં મહાન્ અકબર બાદશાહે

બંગાળ જીતવા ઇચ્છા કરી અને પોતે પટણા આવી મુકામ કર્યો અને મુનાઇમખાં નામના સરદારને મોકલ્યો. એ મુનાઇમખાં સરદાર નામ માત્ર હતો. પણ વાસ્તવિક સેનાપતિ રાજા ટોડરમલ હતો. નાની મોટી ઘણી લડાઇઓ દાઉદખાં સાથે કરી અને તે દરેકમાં રાજા ટોડરમલે તેને હરાવ્યો. છેવટ કટક આગળ મહાભયંકર યુદ્ધ થયું. જેમાં હારવાથી દાઊદખાં નિરાશ થઇ ગયો તેથી સલાહ કરી. બંગાળા અને બિહાર પ્રાંતો સામ્રાટ શાસને સુપરત કરી માત્ર ઓડીઆ પ્રાંત પોતાને કબજે રાખ્યો. ઇ૦ સ૦ ૧૫૭૪. રાજા ટોડરમલ દિલ્હી ગયો અને શુભ અવસર મળતાંજ સંધિની વાત દાઉદખાં ભૂલી ગયો. વળી બાદશાહે હુસેનકુલીખાંની સરદારી નીચે રાજા ટોડરમલને મોકલ્યો. ટોડરમલે આવી રાજમહાલ આગળ મહાભયંકર યુદ્ધ કરી દાઉદને માર્યો અને તેનો ઓડીઆ પ્રાંત પણ બાદશાહીમાં ભેળવી દીધો. હુસેનકુલીખાં બંગાલા બિહારનો સુબો થયો અને રાજા ટોડરમલ દિલ્હી ગયો. ઇ૦ સ૦ ૧૫૮૦. વળી વિદ્રોહાનલ પ્રગટયો. નવા આવેલા મોગલો અને દેશના જમીનદારો વચ્ચે દ્વેષની લાગણી ઉત્પન્ન થઇ અને તે લાગણીએ ભયંકરરૂપ પકડયું.

અકબર બુદ્ધિમંત રાજા હતો તેને આ સમાચાર મળતાંજ તેણે વિચાર્યું કે રાજા ટોડરમલ કે જેણે બે વાર ત્યાં જયજય કર્યો છે તેને મોકલ્યા વિના આ બંદોબસ્ત થઇ શકે નહીં. તેથી મજકુર રાજા ટોડરમલને સુબેદાર અને શાસન કર્ત્તા નીમી બંગાળામાં મોકલ્યો. તેણે આવી બે વર્ષ સુધી જેવી રીતે નિશંક અમલ કર્યો તથા બંગાળા બિહાર ને ઓઢીઆની તે વખતમાં કેવી સ્થિતિ થઇ તે આ વારતા લખવાનો હેતુ અને વખત છે.

એક દિવસ પ્રાતઃકાળે એક બ્રહ્મચારી નદિઆ જીલ્લામાં

આવેલી ઇછામતિ નદીને તીરે તીરે થઇને રૂદ્રપુર નામે નાના ગામડા પ્રતિ જાય છે. ચારે બાજુ ધાન્યક્ષેત્રો દૃષ્ટીએ પડે છે. પ્રભાત વાયુ ધાન્યતરૂ સાથે ખેલ કરે છે, તેમ છોડ પણ તેની મરજી મુજબ હાલ્યાં કરે છે. દૂર જોતાં બે ત્રણ નાનાં ગામડાનાં ઝાડો દૃષ્ટીગોચર થાય છે, પણ ત્યાંનાં ઝુપડાં દેખાતાં નથી. આકાશ નિર્મલ છે. પક્ષી સરવે મધુર કલરવ કરે છે. ખેડુતો શાંતિ લઇ ગાયન કરતા કરતા આનંદમાં ચાલ્યા આવે છે. ને ધીમે ધીમે પોતાનું ખેતર આવતાં વળી જાય છે. તેમાંના એક જણને બ્રહ્મચારીએ પૂછયું ભાઈ અહિંથી રૂદ્રપુર કેટલે દૂર છે.

જવાબ મલ્યો. અરધો કોશ માત્ર.

બ્રહ્મચારી જેની સાથે વાત કરે છે તે જાતે કૈવર્ત્ત (સુતારને મળતી એક જાત) હતો. ઉમ્મર આશરે વર્ષ ૪૦ ની હશે. પરંતુ તેને જોતાંજ ઘરનો સુખી હશે એમ જણાતું હતું. તે બ્રહ્મચારીને પ્રણામ કરીને બોલ્યો. મહારાજ આપ રૂદ્રપુરે પધારો છો? હું પણ ત્યાંજ રહું છું. ચાલો સાથે સાથે જઇએ. આપનું નામ શું છે? નિવાસ કયાં? બ્રહ્મચારી બોલ્યો. મારૂં નામ શીખંડીવાહન છે અને ઇછામતિ નદિ તીરે મહેશ્વર મંદિરેથી હું આવું છું.

બ્રહ્મચારી—તમારૂં નામ શું?

ખેડુત—મારૂં નામ નવિનદાસ છે. અહિઆં મારી કેટલીક જમીન છે તે જોવા આવ્યો હતો.

બ્રહ્મચારી—આ સાલ નિપજ કેવી છે?

નવિનદાસ—મહારાજ મને ચાળીસ વર્ષ થયાં છે. પણ ઇતિપૂર્વે કોઇ વર્ષે મેં આ સાલના જેવી નિપજ જોઇ નથી. આ વર્ષમાં લોકોપર ઇશ્વરની ઘણી કૃપા ઉતરી છે.

નવિનદાસ—મહારાજ? અમારા જમીનદારના દીકરાને થયું છે તે આપે સાંભળ્યું છે કે?

બ્રહ્મચારી—ના. શું થયું છે?

નવિનદાસ—તેને એકપ્રકારનું ગાંડપણ થઇ આવ્યું છે. કારણ કોઇ જાણતું નથી. તેનો બાપ ઘણી મહેનત કરે છે. ઘણા પૈસા ખરચ કરે છે. પણ કશાથી ફાયદો થતો નથી. આપ વિદ્વાન છો તેથી તેનું કારણ કંઇ જણાવી શકો નહીં?

બ્રહ્મચારી—શાસ્ત્રમાં ગાંડપણ થવાનાં અનેક કારણો લખ્યાં છે. સગાંનો વિયોગ, સ્ત્રીનો પ્રેમ વિગેરે ઘણાં કારણો છે.

નવિનદાસ—આ છોકરો તો વિહ્વળની માફક બકે છે. એવું એવું કે જેનું કાંઈ ઠેકાણું નહીં કે વાતને કંઇ સંબંધ પણ નહીં. ઘણું ભણેલાનું જેમ મગજ ખસી જાય છે તેવો થયો છે.

બ્રહ્મચારી—પણ એમ કોણ કહે છે? તું કહી શકે છે?

નવિનદાસ—ના. પણ એ છોકરો કોઇ કોઇ વેળા બકે છે જે "વૈરાનિર્યાતને પરમ સુખ" વળી કોઇ વેળા કહે છે જે "સ્ત્રીરત્ન પરમરત્ન." કયારે કહેશે "બંધુ હત્યા મહાપાપ" એવું એવું બકે છે. વળી કોઇ વેળા કહેશે, જે "પોતાની પ્રજાનું દુઃખ દેખવા કરતાં રાજાએ મરવું વધારે સારૂં છે" વિગેરે.

બ્રહ્મચારી—(ઘણીવાર વિચારીને) તેણે કોઈ ઘોર પાપ કર્યું હશે તેથી તેના મનને ઉન્માદાવસ્થા પ્રાપ્ત થઇ લાગે છે.

નવિનદાસ—એ છોકરો કોઇ દહાડો પાપ કરે એવો નથી. તે ભારે દયાળુ છે. રૈયતની તેને ભારે લાગણી છે. તેની સાથે અંતઃકરણ દયામય છે. આજથી આઠ વરસ પૂર્વે હું ઇચ્છાપુર દરબારમાં ગયો હતો તે વેળા જે લોકો કર નહીં ભરી શકતા હતા તેઓને

કારાગારમાં પુર્યા છે. એવી વાત આ છોકરાને કાને પડતાં ત્યાં જઇ દરેક બંદીવાનને એકેક મહોર આપી. લોકોએ તેમાંથી રાજ્ય કર ભરી દીધા. આ વાત પાછળથી રાજાના જાણવામાં આવતાં પોતે બહુ પ્રસન્ન થયો ને દીકરાની આવી લોક લાગણી જોઇ એવો સપુત દીકરો ઈશ્વરે પોતાને આપ્યા બદલ હજારો હજાર તેની સ્તુતિ કરવા લાગ્યો. આ વખતે હું ત્યાં હાજર હતો. આ બનાવ જોઇને મને પણ આંખમાં જળજળીઆં આવ્યાં અને અમારો ભવિષ્યનો રાજા આવો દયાળુ ને પ્રજાપાલક છે જાણીને શત શતવાર પ્રભુની પ્રાર્થના કરી અને તેની પાસે માગ્યું જે હે વિભો! મારા એ ભવિષ્યના રાજાની શુભ લાગણીમાં દીનપ્રતિદીન વૃદ્ધિ કરજે. આ રીતે વાતચિત કરતા કરતા બંને જણ નવિનદાસના ઘર આગળ આવ્યા. નવિન બોલ્યો. મહારાજ! આ સેવકનું ઝુંપડું છે.

બ્રહ્મચારી—મહાશ્વેતા નામે એક વિધવાબાઇ આ ગામમાં રહે છે તેનું ઘર કયાં છે?

નવિનદાસ—ચાલો હું આપને તેમને ઘેર તેડી જઉછું. એમ કહી મહારાજને મહાશ્વેતાની કોટડીએ લઇ ગયો. અને ત્યાં જઇ બ્રહ્મચારીના ચરણસ્પર્શ કરી પોતાને ઘેર આવ્યો.

પ્રકરણ બીજું.

રાણી મહાશ્વેતા.

રાત સુમારે એક પહોર ગઇ છે. આજે શુક્લપક્ષ ચતુર્દશી છે. પરંતુ વાદળ ઘમઘોર છે. તેથી ખેતર ગામ જંગલ સરવે અંધકારમય છે. જંગલના ઝાડોની ઘટાની અંદર તારાગણો જાણે એક

પ્રકારનો રંગ પૂરતા ન હોય એવો દેખાવ થઇ રહ્યો છે. ઇચ્છામતિના બહોળા પટપર પાણીમાં તારાઓનો દેખાવ અતિ રમણિય લાગે છે, અને પાણીની સાથેજ જાણે તારાઓ જમીન ઉપર ચાલ્યા જતા ન હોય ! એવું જણાય છે. અંધકારે ભયંકર રાત્રિમાં તેનો ભયંકર સનસનાટ સંભળાય છે. ઝાડનાં પત્તાં પડવાનો ખડખડાટ અને પવનનો સુસવાટો સાંભળતાંજ ભય દર્શન માત્ર થાય છે.

આવી અંધારી અને ગંભીર રાતે શીતવાયુને સહન કરી કોઇ અપરમા વિધવા શુકલ વસ્ત્ર પરિધાન કરી નદીના જળમાં સ્નાન કરે છે. તે વ્રતઅવલંબીની છે અને એના સિવાય બીજું કોઇ પણ નદીના તટપર નથી. સ્નાન કરી તેણે પુષ્પો ચુંટવા માંડયાં અને એક જુના વડવૃક્ષની નીચે મહાદેવની દેરીમાં પેસી કમાડ બંધ કરી દીધાં. મંદિરમાં એક નાનું શિવનું બાણુ અને આ બાઇએ કરેલા ઘીના દિવા સિવાય બીજી કશી સામગ્રી નથી. જ્યોતિનો પ્રકાશ બાઇના સાદા વસ્ત્ર ઉપર પ્રતીત થાય છે. તેથી જણાય છે કે યુવાવસ્થા તો ઘણા દિવસથી ચાલી ગઇ છે. લગભગ ૩૪ વર્ષની ઉમ્મર છે પરંતુ દુઃખીત હોવાથી શિરે શુકલકેશ આવી પચાસ વર્ષની ઉમ્મરનું અનુમાન કરાવે છે. શરીર પ્રચંડ અને શીર્ણ પરંતુ કોમળતાવાળું છે. લલાટ ઉચું અને મોટું છે. પણ તેમાં ચિંતા રેખા મોજુદ છે. માથાના વાળ ગુંછળાવાળા પરંતુ કાળાધોળા મિશ્રણ અને નિતંબ પર્યંત દીર્ઘ અને સુચ્ચિકન છે. આંખ ઉજ્વળ અને મોટી છે પરંતુ તેમાં યુવાવસ્થાનો મદ નથી તેમજ અંતઃકરણમાં અતિ ચિંતા છે તેમ બતાવી આપે છે. ઓષ્ટ બંને અતિ પાતલા સુશોભિત છે પરંતુ કાંઇપણ દૃઢ પ્રતિજ્ઞા કર્યાનું સુચવે છે. સમસ્ત શરીર ગંભીર અને ઉન્નત છે. આ બાઇએ મહાદેવની ભક્તિ સહિત પુંજા સ્તવન કરી

શુદ્ધ અંતઃકરણથી અને પ્રસન્ન ચિત્તે તમામ પુષ્પ મહાદેવને ચડાવીને સાષ્ટાંગ પ્રણિપત કર્યા. વારંવાર અને ઘણીવાર સુધી શિવની સ્તુતિ મનમાં મનમાં બોલે છે. વાયુ બહુ જોરમાં ફુંકાય છે તેથી દેરીનાં કમાડ વારંવાર ખડખડે છે અને કવચિત કવચિત દિવાને પવન લાગતાં મૃતપ્રાય થઇ જાય છે. વળી સચેત થાય છે. પ્રાય એક પોર ચાર સુધી મહાદેવની સ્તુતિ કરી શું માગે છે ? અથવા શું કહે છે ? તે કેમ જણાય ? ઉપાસના પૂરી કરી બહાર નીકળવા સારૂ જેવાં કમાડ ખુલે છે કે તરત દિવો બુઝાઇ જઇ સર્વત્ર અંધકારમય થયું, તે અંધકારમાં અતિ સાંકડા અને જંગલના રસ્તામાંથી પસાર થઇ રમણી રૂદ્રપુર તરફ ચાલી અને પોતાની ઝુંપડી તરફ આવે છે. આસપાસ અતિ દૂરે દૂરે વૃક્ષોની નીચે બીજી પણ વસ્તીવાળી કોટડીઓ છે. પરંતુ તમામ લોક નિદ્રિત છે. જીવ જંતુ પ્રાણી માત્ર શાંત છે. ઝુંપડીના દ્વારે આવી કમાડપર આઘાત કરતાની સાથે એક કન્યાએ આવી તેને અંદર લઇ દ્વાર બંધ કર્યાં. મહાન્તના રસ્તામાં જે જે ચિંતાઓ કરતી આવતી હતી તે સઘળી આ કન્યાને જોઇને વિસ્મૃત થઇ કન્યાને પૂછે છે. સરલા ! આટલી બધી રાત ગઇ છે છતાં તું આજ કેમ ઉંઘી નથી ? જાઓ મા, સુઇ જાઓ. એમ કહી પોતાની પુત્રીને આલિંગન કર્યું. સરલા કહે છે મા બ્રહ્મચારી મહારાજ મહાભારતની કથા એવી તો સરસ રીતે કહે છે જે આટલી રાત જતાં પણ મને હજુ નિદ્રા આવતી નથી તેમ કથા સાંભળવાનું મન થાય છે. હું તો ધારૂં છું કે જો આખી રાત કથા સાંભળવા મળે તો હું પૂર્ણપણે ઉજાગરો કરી શકું.

સરલા દીવો લઇ શયનગૃહે જતાં તેની મા અર્ધસ્ફુટ સ્વરે કહે છે. મા ! તું તો મારૂં સર્વસ્વ છું. ઓ વિધાતા ! એ સરલ હૃદયની

સરલાનો સંયોગ શા હેતુથી મેળવ્યો હશે ? એમ બોલતાં બોલતાં મહાશ્વેતા બ્રહ્મચારીની કોટડી તરફ ગઈ અને અંદર પ્રવેશ કરી વાત કરવા લાગી.

આ તરફ સરલા, માતુશ્રી પણ તેજ ઘરમાં સુવા આવવાનાં હોવાથી અગ્નિ બળતો મૂકી તથા દ્વાર ખુલ્લાં મૂકી સૂતિ. આ વખતે તેની ઉમ્મર ૧૩ તેર વર્ષની છે. હજુ યુવાવસ્થાનો આરંભ થયો નથી. મુખ દેખતાંજ કન્યા સમજી શકાય છે. શરીરે વા અવયવે જુવાનીની છટા કે લાવણ્ય દેખાતાં નથી. કવિલોકો તરંગીની રૂપસી સુંદરીનું વર્ણન કરવું પસંદ કરે છે તે તરંગીની રૂપસી સુંદરી હજુ સરલા નથી પરંતુ શરીર કોમળતા પૂર્ણ અને મુખ સ્વર્ગીય મધુરીના કરતાં પણ વિશેષ સરલ છે. હૃદય સુશિલ, સરલ, અને માનવ જાતિ પ્રત્યે અતિ પવિત્ર પ્રેમ યુક્ત છે. વિશેષ દુ:ખ મધ્યે તેની માતાના જેવી ઉજ્વલ, બંને આંખો અતિ તેજસ્વી, પરંતુ શાંત, સરલ અને કોમલ છે. ઓષ્ટદ્વય નાજુક અને માધુર્યતાના આધાર રૂપ છે. જે ઘરમાં તે મા દીકરી બંને શયન કરતાં તે ઘર અતિ સામાન્ય હતું. તેની નિકટ એક ગૌશાલા તથા એક ક્ષુદ્ર રસોઈનું ઘર અને આ સિવાય બીજાં બે ઘર મોટાં હતાં, જે દિવસમાં વાપરવામાં આવતાં, અથવા કોઇ અતિથિ આવેથી સન્માનને માટે તેનો ઉપયોગ કરાતો. ગૌશાલામાં એકાદ બે ગાય, વોડકાં, તથા નાનાં વાછડાં હતાં. આંગણામાં એક ગોળો* હતો તેમાં થોડું અનાજ હતું. ઘરની નજીકમાં

---

* બંગાળના અંદરના ભાગમાં ગામડાંઓની સ્થિતિ તથા રીતભાત આપણા જેવી નથી. આપણી તરફ લોકો પાંચ પચાસ કે સો બસો ઘર જોડે જોડે બાંધીને એકત્ર થઇ રહે છે. બંગાળમાં તેમ નથી, થોડે થોડે અંતરે ઘર બાંધી રહે છે. તે ઘર પણ નામ માત્ર.

એક નાનો બગીચો હતો તેમાં કેટલાંક ફૂલો થતાં તથા કેટલાક રોપાઓ સરલાએ ઉછેર્યાં હતા. તેના ઉપર સુંદર પુષ્પો ઉઘડતાં, આવી સાધારણ સ્થિતિનું તથાપિ પરિષ્કર અને વ્યવસ્થિત ઘર, આંગણું, અને બાગાન જોઇ કોઈપણ આગન્તુક માણસને સેહેજ જણાતું કે આમાં રહેનાર માણસો છેક સાધારણ નથી. ઘરની અંદર તમામ જણસભાર સ્વચ્છ અને સંભાળભરીરીતે રાખેલાં હતાં. વસ્ત્રો સાધારણ પણ ચોખ્ખાં અને વ્યવસ્થિત હતાં.

આવી રચના જોઇ ગામડાનાં લોક પ્રથમ તો ઘૃણા કરતાં, પણ પાછળથી આ બંને મા દીકરીની રીતભાત અને સદ્‌વ્યવહાર

નદીઓની બેખડો ઉપર ઝુંપડાં માત્ર. ઘાસથી છાએલાં. ધારો કે એક કુટુંબ (ઘર) એક જગાએ રહે છે તો તેણે ચાર પાંચ પોતાના ઉપયોગનાં ઝુંપડાં બાંધેલાં હશે. નદીમાંથી થોડો ભાગ વાળી લઇ વોકળા જેવું પોતાને માટે કરી લે છે. આસપાસની જમીનમાં ડાંગર રોપશે, બટાટા રોપશે, ત્યાંને ત્યાં ધાન કાપી અનાજ કાઢી લઇ ગોળા જેવું કરી વરસાદથી બચે તેવું કરી લે. ત્યાંથી વળી ૪૦—૫૦ કદમ વળી જંગલ. ત્યાર પછી વળી આવી રીતનું એક બીજું ઘર એ પ્રમાણે રચના છે. ગામનું કે કોઇનું કાંઇ ઠેકાણું પુછતાં લાગે નહિ. કેમ જે કોઇ જોડા જોડે તો છે નહિ. વળી આ કયું ગામ તેનું નામ નિશાન કે હદ નહિ. અ અને બ ના ઘરને ૪૦ કદમ છેટું છે પણ તે બંનેના ગામનું નામ એક ન હોય પણ શકે. ગામ કે ઝાંપો કે વાડ કે કાંઈજ નહિ. અજાણ્યો માણસ શોધી શકે નહિ. એક વાર બતાવ્યા સિવાય તે મળેજ નહિ. તેથી જો તે લોકોને પુછો તો કહેશે જે અમુક જીલ્લો મારૂં ઘર પણ તે આપણને મળેજ નહીં.

ભાષાંતર કર્તા.

જોઇ લોકાને તેનું અનુકરણ કરવું ઠીક લાગ્યું. તેથી આવા ક્ષુદ્ર ગામમાં પણ ઘટીત સુધારો થવા લાગ્યો. આ અવસ્થામાં રાણી મહાશ્વેતાએ આ સ્થળે છ વર્ષ વિતાડયાં. અને લોકની મમતા અને સ્નેહ મેળવી યથાશક્તિ પરોપકારનાં કાર્ય કરી લોકને સંતોષ પમાડયો.

લોકાએ અનુમાન કર્યું કે મહાશ્વેતા કોઇ કાયસ્થની વિધવા છે ખરી, પણ તે સાધારણ માણુસની નહિ. પણ તે કોઇ મોટા જમીનદારની પત્ની હોવી જોઇએ. કોઇ પણ દુ:ખને લઇને આ નાના ગામમાં નિવાસ કરેલ છે. આ બાજુ મહાશ્વેતાએ બ્રહ્મચારીને બહુ સત્કાર પૂર્વક જમાડીને પોતે પણ જલ પાન કરી લીધું. બ્રહ્મચારી પોતાની પથારીપર બેસતાં મહાશ્વેતા પણ તેમના સામી થોડે દૂર જમીન ઉપર બેઠી અને નાના પ્રકારની વાતો શરૂ કરી. આખી રાત તેમણે શી વાતો કરી તેનો થોડો ઉલ્લેખ આ નીચે આપું છું. શીખંડી વાહન (બ્રહ્મચારી)—બેન ? હું આપણા પીતા ચંદ્રશેખરની પાસેથી આવું છું. તેમણે સંપ્રતિતીર્થથી આ તરફ પ્રત્યાગમન કર્યુ છે. આજે સાત વરસથી પીતાશ્રી તીર્થે ગએલા હતા. આ લાંબી મુદતે પણ તેમણે હિમાલયથી કાવેરીના ઘાટ સુધીનાં તમામ તીર્થ પર્યટન કર્યાં છે.

મહાશ્વેતા—પીતાએ જીવનનું સાર્થક કર્યું.

શીખંડી—ત્યાંથી પાછા ફરતાં તેમણે સાંભળ્યું જે પઠાણુ રાજ્ય નાશ પામ્યું છે. અને દિલ્હીશ્વરના હિંદુ સેનાપતિ રાજા ટોડરમલે બંગદેશ જય કરેલ છે. તેમજ બંગ જમીનદારના કુલ તિલક રાજા સમરસિંહને કાલદંડ થયેલ છે. અને તેથી મહાશ્વેતાએ ભયંકર વ્રત ધારણ કરેલ છે. તમારા વ્રત સંબંધી તેમણે કશો મત આપ્યો નથી.

પરંતુ મને શંકા થાય છે જે એ વ્રતથી અનિષ્ટ સંભાવના છે. બહેન ! હજુ પણ શાંત થાઓ તો સારૂં.

મહાશ્વેતા—ભાઇ એ વાત મને કહેશો નહીં. એ વ્રત મારા પ્રાણ સમાન છે. આટલો શોક, આટલું દુઃખ, અને આટલો મનનો સંતાપ સહન કરીને સાધારણ સ્થિતિમાં હું ધીરજથી દીન ગુજારૂં છું. તે એ વ્રતને લીધેજ. જે દિવસે હું એ વ્રતનું ઉથાપન કરીશ તેજ દિવસે મારૂં મૃત્યુ થશે.

આ વાત સાંભળી શીખંડીવાહને વ્રતના સંબંધમાં કશું કહ્યું નહીં. થોડીવાર પછી પાછું પૂછ્યું. બેન ? વેર લેવા સારૂં કંઈ વિશેષ ઉપાય યોજવામાં આવ્યો છે ?

મહાશ્વેતા—ભાઇ ! મેં એક સિદ્ધ પુરુષ પાસેથી એક ભીષણ મંત્ર લીધો છે તેણે એ મંત્ર સાધવા સારૂં જે અનુષ્ઠાન બતાવ્યું છે તે પણ અતિ વિષમ છે. પરંતુ તે કરવાની મેં દૃઢ પ્રતિજ્ઞા કરેલી છે. એમ કહી વ્રતનો વિધિ કહેવા માંડયો.

" પ્રત્યેક દિન સંધ્યા સમયે સ્નાન કરી રાતના બાર વાગ્યા સુધી મંત્રદ્વારા મહાદેવના દેરામાં બેસી જપ કરવો. જ્યાંસુધી મહાદેવ શત્રુ નિપાત ન કરે ત્યાં સુધી કન્યા અવિવાહિતા રાખવી. સાત વરસ સુધી સંકલ્પ સિદ્ધિ ન થાય તો કન્યા મહાદેવના સમક્ષ પ્રાણ હત્યા કરી ચિતામાં બળે. "

અનેક વાર સુધી બન્ને મૌન રહ્યાં. પછી બ્રહ્મચારી બોલ્યો, તમારૂં વ્રત શું તે હું સમજ્યો. પરંતુ આ અનુષ્ઠાન સિવાય અન્ય કોઇ ઉપાય વૈર લેવાને યોજેલ છે ?

મહાશ્વેતા ગંભીરભાવે બોલી. જેણે આ બોહોળો સંસાર

બનાવ્યો છે તેની સહાયતાના લાભ સિવાય ઓરત જાત બીજો શું ઉપાય અવલમ્બન કરી શકે ?

બ્રહ્મચારીએ આ વ્રત ન કરવા વળી એકવાર સમજુત કરી. મહાશ્વેતા બોલી, તમો પૂર્વ વૃત્તાંત બધો જાણો છો છતાં આ વત્તને મારે નિરોધ શા માટે કરો છો ? ભાઇ દયા કરીને મને એ બાબત કશું કહેશો નહિ. તેમજ પિતાશ્રીને પણ આ સઘળી વાતથી વાકેફ કરજો.

પૂર્વ સ્મૃતિ જાગ્રત થતાં મહાશ્વેતાનું મુખ એકદમ વિક્રિત થઇ આંખમાંથી ધડ ધડ આંસુ પડવા માંડયાં. ક્ષુદ્ર કોટડીમાં જે અગ્નિ બળે છે તેને બહારથી પવનનો આઘાત જેટલા જોરથી દ્વારને પ્રહારે છે તેથી દશ ઘણા આઘાતે પૂર્વ સ્મૃતિ પ્રહારથી મહાશ્વેતાના હૃદયને પ્રહાર કર્યો.

થોડીવાર વિશ્રામ લઇ પુનઃ મહાશ્વેતા બોલી. ભાઇ ! બીજાનું અકલ્યાણ કરવા સારૂં સાત સાત વર્ષ સુધી ભીષણ વ્રત ધારણ કરવું એ મહા પાપી માણસનું કામ છે તે હું બરાબર સમજું છું. પણ શું કરું ! લાચાર ! મારા ઉપર જે જુલમ થયો છે તે અવધિ છે. તેનો બદલો લેવાને આ સિવાય બીજો રસ્તો નથી. મારા પર શું અત્યાચાર થએલ છે તેનું ઇત્થંભૂત વર્ણન તમને હું કહી સંભળાવું છું.

પ્રકરણ ત્રીજું

મહાશ્વેતા ની પૂર્વ કથા.

મારા સ્વામી રાજા સમરસિંહરાય કાયસ્થ વંશ ભુષણ હતા. તેમજ કાયસ્થકુળ શિરોરત્ન હતા. પઠાણ રાજા દાઉદખાં સાથે

અકબરને યુદ્ધ થયું. જ્યારે ખુદ શેહેનશાહ પટણાને ઘેરો ઘાલી પડયો હતો ને ગંગાને આ પાર હાજીપુર લેવા સારૂં સેનાપતિ આલમખાંને મોકલ્યો તેની મદદમાં એક હજાર ઘોડેસ્વાર લઇ રાજા સમરસીંહરાયે અતિશ્રમે હાજીપુર હસ્તગત કરી આલમખાંને યશવાન કર્યો. આ વાત બાદશાહના જાણવામાં આવતાં જ્યારે પટણા હસ્તગત કરી શાહી દરબાર ભર્યો ત્યારે મારા સ્વામીને પ્રથમ આસન આપી ખુદ શેહનશાહે તેમને ધન્યવાદ દીધો; ત્યાર પછી દેશમાં મોગલ લશ્કર આવ્યું ને મહારાજ ટોડરમલની સાથે તંડા, વીરભૂમ મેદનીપુર, અને કટકની લડાઇઓમાં ટોડરમલના જમણા હાથ તરીકે લડી અતિપરીશ્રમ સહન કર્યો. વાસ્તવીક રીતે જોતાં તમામ બંગાળ મારા સ્વામીએજ જીતી શેહેનશાહ અકબરને આપ્યો. જે જે ઠેકાણે બાદશાહી લશ્કરને પઠાણ રાજાઓ સાથે લડાઇ કરવી પડી તે તે ઠેકાણે રાજા સમરસિંહે લડાઇમાં આગેવાની ભાગ ભજવી જય કર્યો. અતિશય વીરતા તથા યુદ્ધ કાશલ્ય ચાતુરી બતાવી શાહની તરફદારી કરી. તેનું શું આ ઇનામ ? (પોતાના ચુડીઓ વિનાના હાથ બતાવે છે.)

કટકની લડાઇમાં શાહી લશ્કરનો પ્રથમ પરાજય જણાતાં શાહી સેનાપતી મુનાઇમખાં હારીને નાશી ગયો. તથા આલમખાં મુઓ. તો પણ ભય કોને કહેતા હશે એવો જેને ખ્યાલજ નથી, એવા વીર રાજા ટોડરમલ તથા સમરસીંહ રણસંગ્રામમાં અડગ રહ્યા, ને ટોડરમલ્લ બોલ્યો જે ભાઇ ! મુનઇમખાં ને આલમખાં ગયા. ખેર ! પણ શેહેનશાહ અકબર તો મારા હાથમાં છે. આપણે લડીએ છીએ તે ફક્ત તેના તથા આપણા ટેકને ખાતર. એમ વાત કરતાં કરતાંમાં રાજા સમરસીંહ તલપી શત્રુના દલમાં ઘુસ્યો. પ્રાયશઃ

ચાર કલાક સુધી દારૂણુ યુદ્ધ ચલાવી આકાશ અવનિ એક કરી દીધી. હાથીએ હાથી, ઘોડાએ ઘોડા, પાયદળે પાયદળ, સવારે સવાર ક્રોધથી એવા તો ભીડયા કે જાણે પ્રલયકાળ થવાનો હોયની ! રક્તસ્રાવ, અવાજ, ચમકારા, ચીત્કાર ને આર્તદાનથી રણસંગ્રામ ગાજી ઉઠયું. શત્રુ પક્ષે રાજા સમરસિંહને શંકરનો અવતાર માની પ્રલય કરવા માગે છે એમ ધાર્યું અને લડવાનો જુસ્સો નબળો પડતો ગયો તેમ તેમ આ પક્ષના લડાયક લોકનુ જોર વધ્યું, હાકોટા ભાટ ચારણોનાં ગીત, અને વાજીત્રના નાદે તેમના શૌર્યાતનમાં વૃદ્ધિ કરી. થોડીવારમાંજ લડાઇનું સુકાન મરડાયું, શત્રુફોજને નાસવાની ફરજ પડી. રાજા ટોડરમલ આશ્ચર્ય ચકીત થઇ મારા સ્વામીના મુખ તરફ જેઇ બોલ્યા, જે દેવ ! તું માણસારૂપે સાક્ષાત્ ત્રિલોચન છું. આ ક્ષુદ્ર લડાઇ તું જીતે તેમાં નવાઇ નથી. કારણ આખા જગત્નો પ્રલય કરવાને હું તને શક્તિવાન ગણું છું. ક્ષમા કર. હવે શાંતિ શાંતિ. શત્રુ સૈન્ય વીખેરાઇને દાણેદાણો થઇ ગયું છે. શત્રુ તરફથી સલાહ કરવાની ફરજ પડતાં તેમ થયું. બંગાળ હસ્તગત હોવાપર દીલ્હી દરબારમાં શાહની કચેરી થતાં ખુદની સમક્ષ પઠાણ સરદાર મુનાઇમખાંએ જણાવ્યું જે "રાજા સમરસિંહ હોય નહીં ને બંગાળ મુગલાઈ બાદશાહીમાં ભળે નહીં."

આ વખતે ખુદ બાદશાહે "બોલો રાજા સમરસિંહની જય" એમ જયઘોષણા કરી અને તેને હાજર રહેલાઓએ ઉપાડી લીધી. તે જયઘોષણા પવનપર સ્વાર થઇ મારા કર્ણ સંપુટમાં આવી, એટલુંજ નહીં પણ આખા બંગાળામાં પ્રસરી. હું એકલી દુર્ગમાં પતિ સ્મરણ કરતી. અને પતિ વિરહથી દુઃખીત થએલી અબળાના કાનપર આ જયઘોષણા આવતાં પ્રેમોત્સાહથી મારૂં અંતઃકરણ ફાટી જવા

લાગ્યું. આવા વીરનરને રાજદ્રોહી ગણીને શું મોતની સજા ? દેવ ! દેવ મહેશ્વર ! એવા ઇન્સાફનો શું બદલો નહીં લે ? આ જન્મમાં કે પરજન્મમાં શું તેનો ખરો ઇન્સાફ નહીં ? એમ બોલતી બોલતી મહાશ્વેતા ઢળી પડી ને અચેતન થઇ ગઇ. જાણે પ્રાણ રહિત ન થઇ ગઇ હોય ? જેમ તુટી ગએલા તારની વીણા વાગે નહીં, તેમ તે સ્તબ્ધ થઇ ધરણીપર ઢળી અવાચક થઇ પડી. થોડીવારે તેને સંજ્ઞા પ્રાપ્ત થતાં શીખંડીવાહન બોલ્યો કે બહેન ! પૂર્વ વૃત્તાંત કહેતાં તમને કદી દુઃખ થતું હોય તો તે સાંભળવાની મને જરૂર નથી. રાજા સમરસિંહના વીરત્વ, યશ, પરોપકારથી કોઇ વ્યક્તિ બંગાળ-મુલકમાં અજ્ઞાત નથી. માટે એ વાત સંભારી હૃદયને આઘાત કર-વાની આવશ્યકતા નથી.

મહાશ્વેતા બોલી; ભાઇ ! મહાશ્વેતા સમરસિંહની પત્નીજ નહિ પણ એક વખત રાજા સમરસિંહ બહાદુરની રાજ્ય રાણી હ-તી અને વખતે નિરાશ્રય વિધવા છું. મારે હવે ઝાઝું બોલવાનું નથી. સાંભળો. સતીશચંદ્ર નામે એક બ્રાહ્મણ પઠાણ રાજાનો કર્માચારી હતો. પઠાણગૌરવ અંતઃપ્રાય જોઇને ને પઠાણપક્ષ ત્યાગ કરીને તે રાજા ટોડરમલને આશરે આવ્યો. મારા સ્વામીએ દરિદ્ર બ્રાહ્મણના ઉપર દયા કરી રાજા ટોડરમલ પાસે લઇ જઈ આશ્રય સ્થાન અપાવ્યું અને પુનઃ પુનઃ તેની ઘણી સહાયતા કરી. આ બ્રાહ્મણ ચતુર અને કાર્યદક્ષ હતો. શત્રુપક્ષનું હરણ કરવામાં તથા સંધિના કોલકરાર કરવામાં તેમજ શત્રુનું ઘર ફોડવામાં તે કુશળ હતો. તેના તે ગુણથી રાજા ટોડરમલ તેનાપર પ્રસન્ન થયો અને તેનો અધિકાર ક્રમે ક્રમે વધાર્યો. જેમ જેમ પદગૌરવ વધ્યું તેમ તેમ ઇજત, ધન, સંપત્તિ વધી. જેમ જેમ તેની ઉન્નતિ થતી ગઇ તેમ તેમ તેનો લોભ વધી ઉચ્ચ

અધિકારનો અભિલાષિ થયો. તેને આખા* બંગાળના દિવાનપદની ઇચ્છા થઈ. બંગાળના સર્વ જમીનદારો ઉપર પોતાની સત્તા બેસાડવાનો તેને મહાન્ લોભ થયો. આ અધિકાર મેળવવામાં આડખીલ માત્ર રાજા સમરસિંહની તેને જણાઈ. કારણ બંગાળમાં સર્વ પૂજ્ય અને પરોપકારી વળી મોટામાં મોટો જમીનદાર તેમજ રાજા ટોડરમલની મુછનો વાળ તે ગણાતો હતો. તે સમયે દિવાનપદ અનેક કુકર્મ અને સાચાં તથા જૂઠાં કુકર્મ ખટપટાદિ ન કરતાં તો મળી શકે નહીં. અને રાજા ટોડરમલ તે તેની અનુમતિથી ભિન્ન તો કંઇ કામ કરે પણ નહીં. ન્યાયપરાયણ રાજા સમરસિંહ કોઇ રીતનું અપ્રીત પગલું ભરતા તેને તરત અટકાવશે એવો તેને વાસ્તવિક સંશય થયો. ભાઈ તમે કહો છો કે લોકોનાપર ઉપકાર કરવાથી લોક કૃતજ્ઞ હોય પણ તે વાસ્તવિક નથી. આ બાબતમાં મારા સ્વામીએ સતીશને આશ્રયદાન દીધું તે કાલા નાગને પોષ્યા બરાબર થયું. અને તેજ નાગે ડંસ કરી મને સદાને માટે દુઃખી અને કલેષિત તથા હતભાગિની કરી દીધી. હા ! જુઓ. પછી સતીશચંદ્રે એવો સમય આવવાની ધિરજ ધરી. થોડા વખતને માટે રાજા ટોડરમલ દીલ્હી ગયા અને તેમની અવેજીમાં એક મુસલમાન સુબેદાર આવ્યો. હવે સતીશને સુયોગ મળ્યો. તેનો લાભ લઇ રાજા સમરસિંહની સિલ મહોરની ચોરી કરાવી. અને એક જાલી (તર્કટી) કાગળ બનાવ્યો જેની મતલબ એ હતી કે કટકના પઠાણ રાજા દાઉદખાં ઉપર સમરસિંહે પત્ર લખ્યો છે, કે અમુક અમુક મને આપો તો હું શાહી પક્ષનો અનાદર કરી આપને શરણાંગત થાઉં. એટલુંજ નહિ પણ શાહી પક્ષનો એકવાર નાશ કરી નાંખીએ. આપે મોટી મોટી અનેક લડાઇ-

---

* હાલ જેને સેટલમેન્ટ ઓફીસર કહે છે તેને મળતો અધિકાર.

એમાં મારૂં વીરત્વ જોયું છે. વગેરે વગેરે લખી તેના ઉપર પેલી સિક્ક મહોર લગાવી અને તે કાગળ નવા આવેલા સુબેદારને બતાવ્યો. તેણે ઇન્સાફ આપ્યો કે રાજા સમરસિંહે રાજ્યદ્રોહી ગુન્હો કર્યો માટે તેનો પ્રાણદંડ કરવો. અને તે પ્રમાણે થયું. મારી વિસ્તીર્ણ જમીનદારી પોતે ઈનામ તરીકે મજકુર સુબેદાર પાસેથી મેળવી અને પોતાની અભિલાષા મુજબ આખા બંગાળદેશનો દિવાન થયો. ભાઇ! મારી વાર્તા પૂરી થઇ રહી. આ દુઃખે હું ગાંડી થઇ છું. આ નર હત્યાનું વેર લેવા સારૂં મેં આ વૃતનું અવલમ્બન કર્યું છે.

ઘણીવાર સુધી શાંતિ પ્રસરી. શિખંડીવાહને જોયું કે બહેનને વ્રત ભંગ કરાવવાની ચેષ્ટા વૃથા છે. મારૂં કહેવું અગ્નિના પુંજમાં જલબિંદુ માત્ર પણ તેમના મનપર અસર કરતું નથી. તેથી તે બોલ્યો, બહેન ! આ સર્વ વૃત્તાંત હું પીતાજીને જણાવું ?

મહાશ્વેતા—હા, કહેશો કે જેમ પાપને પ્રાયશ્ચિત નિકટ છે, તેમ નરઘાતકનો દંડ પણ સનિકટજ છે. આ વખતે ટોડરમલ દીલ્હીથી આવતાં તુરત હું આ વાત તેમને નિવેદન કરીશ. વળી પણ કહેજો કે "પક્ષિના જોડામાંના નરને જો પારધિ મારે તો પક્ષિણી તેની યાતનામાં ઝુરી ઝુરીને મરે પણ કાલી નાગણી કોઇના પગ તળે ચગદાય તો ચગદનારના પગને દંશ કર્યા પછી ઘણી ખુશીથી મરે" એમ બોલતાં મહાશ્વેતા ઊઠી. કમાડ ઉગાડી જુએ છે તો પ્રભાત થયું છે. આંગણામાં નાના પક્ષિ કલ્લોલ કરે છે.

—— (૦) ——

પ્રકરણ ચોથું.

સરલા અને અમલા

વૃક્ષ શાખાપર પક્ષીગણ બેસી બોલતા પૂરેં સરલા ઉઠી

ગૃહકાર્યે નિયુક્ત થઇ છે. ઘરદ્વાર, આંગણું, સકલ પરિષ્કાર કર્યું છે. વાંચકવર્ગ ! રાજકુમારી શું આવું કામ કરે ? અફસોસ ! હું પોતે રાજકુમારી છું એમ સરલા જાણતી નથી. પિતાના મરણ વખતે નાની હોવાથી બાલપણનું સુખ તેને એકદમ વિસ્મરણ થયું છે. તેમજ તેની માએ પણ તેને કોઇવાર એ વાત કહી નથી. બાલકીના અંતરમાં લેશમાત્ર પણ અહંકાર નથી. અહરનિશ એ પર્ણકુટીમાં વાસ કરવો અને માતુશ્રીના ઉપર પૂર્ણશ્રદ્ધા રાખવી એજ માત્ર તેની સમજ હતી. ગામના ખેડુત અને સામાન્ય વર્ગોની સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કરવો, આનંદ કરવો, તે સિવાય બીજા કોઇ ભાવનો સરલાના હૃદયમાં સંચાર નહોતો. ગૃહાદિ પરિષ્કાર કર્યા બાદ પોતે માટીનો ઘડો લઇ નદિ તીરે સ્નાન કરવા ચાલી. રોજ સૂર્યોદય પહેલાં તેની સ્નાન વિધિ પૂર્ણ થતી હતી. રસ્તામાં જતાં એક નાની કોટડી પાસે તે ઉભી રહી. દ્વાર બંધ હોવાથી તેણે દ્વારે આઘાત કર્યો ને મૃદુસ્વરે કોઇને બોલાવી. જવાબ ન મળતાં પુનઃ બોલી. અમલા ! હું જાઉંછું. તે સાંભળતાંજ અંદરથી જવાબ મળ્યો. હું આ આવી, ઉભી રહે. ક્ષણવારમાં તો એક પન્નર વર્ષની પ્રખરનયનાં ચંચલ હૃદય રમણિ બહાર આવી. તેણે ફક્ત એક રંગાપાડે સાડી પહેરી હતી. કાખમાં કળશ, હાથમાં શંખની બંગડી, પગે મલ એ રીતે માનુલી શૃંગારે તે સજ્જિત હતી. તેણે બહાર આવીને તરત સરલાના બાલ પકડી, તાણી ચુંટલી ભરી બોલી. વાહ તારી અક્કલ. મારો વૃદ્ધ સ્વામી શું આટલી વહેલી મને ઉઠવા દે ? તારે શું બાઇ ? મા તારો વિવાહ તો કરતાં નથી. તેથી બધી રાત વિવાહના વિચારમાં જેમ તેમ વીતાડી સવાર પડતાં ન પડતાં તો તું ઘરમાંથી નીકળી કે બચી. એમ બોલી સરલાના ગાલ તાણી તેની સાથે ઠઠ્ઠો કરવા લાગી.

સરલા—તેં મને બોલાવવાનું કહેલું તેથી મેં તને બોલાવી.

અમલા—મેં કહ્યું હોય તો તું મને ન બોલાવત?

સરલા—બોલાતું તો ખરી, પણ જાણે અસુરેથી આટલી વહેલી તને ધણીના સ્નેહથી વિમુખ ....

અમલા—બહેન! સવારમાં ઉઠીને જો હું તારૂં મોં ન જોઉં તો મારો આખો દહાડો ખરાબ જાય છે. અને કદિ આખો દહાડો તને ન દેખું તો મારૂં ચિત્ત કોઇ કામમાં લાગેજ નહીં. જીવ મુંઝાય, ને જાણે બેચેની જણાય. બહેન! તુ તો મારા જીવ જેવી મને વહાલી છું.

સરલા—બહેન! તારી મારા પર પૂર્ણ પ્રીતિ છે તે હું સારી પેઠે જાણું છું.

અમલા—જમીનદારના ઘરની કંઈ વાત જાણી?

સરલા—ના. શું વાત?

અમલા—અમારા જમીનદારના દીકરાનો એક સારા ઘેર સંબંધ કરવાનું તેના બાપે નક્કી કરેલ. કન્યા એવી સુંદર કે જાણે વિજળી.

સરલા—પછી.

અમલા—છોકરો તે સંબંધ કરવા ના કહે છે.

સરલા—કેમ?

અમલા—કેમ તેતો શી ખબર. પણ સાભળ્યું છે કે કોઈ ગામડાની એક ઘરની કન્યા જોઇને તેના ઉપર તે આશક થયો છે. તેથી બાપને સગપણ કરતાં અટકાવી પોતે ઘર છોડી ચાલ્યો ગયો છે.

સરલા—ખોટી વાત બહેન? શું બાપ જે ઠેકાણે સગપણ કરે તે ઠેકાણાની શું છોકરો ના પાડી શકે?

અમલા—કદિ તેને કન્યા પસંદ નહોય તો ?

સરલા—કેમ પસંદ ન હોય ?

અમલા—તું તો ગાંડી છું. વિવાહ કર્યા વિના તને એ બધી ખબર ન પડે. માને કહે ને કે તે તારો વિવાહ કરે. જો તારો વિવાહ થશે તો તું બધુંએ તારી મેળે શીખીશ. એ પ્રકારે વાતો કરતાં કરતાં બંને સહીએર નદિઘાટે પહોંચી, ને ત્યાં જતાંજ એક અપરૂપ દૃશ્ય દેખ્યું. કાળાવર્ણની, દીર્ઘ શરીરવાળી, મેલાં અને ફાટેલાં વસ્ત્રવાળી એક સ્ત્રી ઘાટે ઉભી છે. તેના ગળામાં રૂદ્રાક્ષની માળા છે. હાથમાં દંડ છે. શરીરે વિભૂતિ વિભૂષિત છે. ચક્ષુ રક્તવર્ણ અને ધૃણાયમાન છે. તેને જોઇ બંને વિસ્મય પામ્યાં. અમલા બોલી. તમે કોણ છો ? તે બોલી મારૂં નામ વિશ્વેશ્વરી પાગલી. અમલા બોલી હા! હાં મેં વિશુ પાગલી નામ સાંભળ્યું છે ખરૂં. તમો આગળ પણ એકવાર આ ગામમાં આવેલ હતાં ખરૂં ?

વિશ્વેશ્વરી—હા.

અમલા—તમે હાથ જોઈ જાણો છો ખરૂં કે ?

વિશ્વેશ્વરી—હા.

અમલા—ભલા મારો હાથ જુઓ તો ?

વિશ્વેશ્વરી—(હાથ જોઇને) તું દિવાન પત્ની થઇશ.

અમલા—દૂર ગાંડી. મારા સ્વામી હયાત છે, ને તું કહે છે કે તું દિવાન પત્ની થઇશ. મારે દિવાન વજીરની દરકાર નથી. મારા વૃદ્ધ સ્વામી આરોગ્ય રહો. ભલા હવે મારી સહીએરનો હાથ જો જોઉ ? વિવાહ ક્યારે થશે ? તે બરાબર બતાવજે. વિવાહની વિમાસણમાં તેને બધી રાત ઉંઘ પણ આવતી નથી.

પાગલી—(સરલાનો હાથ ઘણીવાર સુધી જોઇ રહી છે. વળી

વચ્ચે વચ્ચે તેના મુખ સામું જુએ છે. વળી જોવા માંડે છે. વળી વિચારે છે. ઘડીકમાં આનંદિત ચેહેરા કરે છે. વળી મ્લાન વદન કરે છે. એમ કરતાં કરતાં છેવટ બોલી) બહેન! તારૂં ભવિષ્ય ચડી આવેલા વાદળાંની માફક ઘનઘોર છે. અને તેમાં અંધકાર સિવાય બીજું કાંઇ દેખાતું નથી. દેશમાં ભયંકર રાજ્યક્રાંત હોવાપર તારૂં શું થશે તે જોઈ શકાય. પરંતુ ત્રણ દિવસની અંદર તું આ ગામ છોડી જજે. રહીશ નહિ. રહીશ નહિ. એમ ત્રણ વાર બોલી તે પાગલી પલાયનમઃ કરી ગઇ. સરલા અતિશય બ્હીની. અમલા સહીએરની એવી સ્થિતિ જોઇ પાગલીને કહેવા લાગી કે વાહ? મેં તને હાથ જોવાને કહ્યું તેના જવાબમાં શું આકાશ, મેઘ, અંધકાર, પ્રલય ઇત્યાદિ બકે છે. ઉભી રહે પાગલી હમણાં તને પકડું છું, એમ બોલતાં બોલતાંમાં બીજી સ્ત્રીઓ ઘાટે આવી લાગી, અને વાતો શરૂ થઇ. કોઇએ ઘરની, કોઇએ ગામની, કોઇએ પડોશીની, કોઇએ ધણીની એ રીતે ભિન્ન ભિન્ન વાત પ્રવાહ ચલાવવા માંડયો, તેથી કઠિ અનેક કલરવ શરૂ થયો.

અમલાના સ્વામીથી વાચકવર્ગ પરીચિત છે. જે નવિનદાસ જાતે કૈવર્ત ખેતરથી આવતાં બ્રહ્મચારીને પોતાના ગામ સુધી લાવી વિધવા મહાશ્વેતાની કોટડી સુધી મૂકી આવેલ છે, તેજ નવિનદાસ જાતે કૈવર્ત, ગામમાં એક મહાજન ગણાતો, ઘણા પ્રકારની વ્યવસાય કરતો. તેનો સ્વભાવ શાંત ને સરલ હતો. અંદાજ સો વિઘાં જમીન, ચાર પાંચ વાછડાં. વીસ પચીસ ગાય અને આઠ દશ અનાજના ગોળા એ તેની સમૃદ્ધિ હતી. લોકો કહેતા કે રોકડ રકમ પણ નવિનદાસે જમીનમાં ભરી મૂકી છે. તે ઉપરાંત તેની સ્ત્રી(અમલા)ને પણ દરદાગીના સાધારણ રીતે કર્યાં હતા. પાંત્રીસ વર્ષની ઉમ્મરે પ્રથમ પત્નીનો કાળ થતાં તેણે વરસ દસેકની ઉમ્મરની અમલા સાથે વિવાહ

કર્યો હતો. હાલ તે વિવાહને પાંચ વર્ષ થઇ ગયાં છે. હજુ પોતે ઘરડો તો થયો નથી. તોપણ તેની સ્ત્રી તેને ઘરડો વર કહી મશ્કરી કરતી. અને બંને દમ્પતિ આનંદમાં કાળ ગમન કરતાં હતાં. અસ્તુ !!

સરલા રૂદ્રપુરે આવી તે દિવસથી અમલા તેને પોતાની સહોદર તરીકે ચહાતી. તેનું મુખ જોતાંજ તે પોતાનું દુઃખ ભૂલી જતી. છ વરસ સુધી સાથે રહેતાં તેમનો નિર્મલ પ્રેમ પરસ્પર અનેક વૃદ્ધિ પામ્યો હતો. દરમ્યાન એક બીજાને ત્યાં આવતાં જતાં તથા બપોર વેળા કોઇ ઝાડની છાયા તળે બેસી વારતાવિનોદ કરતાં અથવા કંઇ પણ કામ લઇ બેસતાં. રાતે પણ પહોર દોઢપહોર રાત્રી પર્યંત વાતો ચીતો કરે. સરલા બાલકી પોતાની માની વળી આકાશ સામું જોઇ તે વિષેની, વળી ઘડીમાં પુષ્પની ઝાડની જમીનની રસ્તે જનારની વાતો કરે તે સિવાય તેને બીજી શું વાત હોય? પરંતુ જે વાત કરે તેમાં તેનો ખરો પ્રેમ ચળકતો દેખાય. નિષ્કપટ ભાવ અને શુદ્ધ અંતઃકરણનો સરલા નમુનો હતી. અરસપરસ વાતો કરી સંતોષ લેતાં અને એક બીજીને પ્રાણથી અધિક પ્રિય હતી. ખરે ? પોતાના પ્રાણ કરતાં સખીનું પ્રિય કરવું તે તેમને શ્રેય હતું. વાસ્તવિક જોતાં જીવ એક ને જુજવી દેહ હતી.

સરલા ઘેર આવતાં માત્ર માતી તથા બ્રહ્મચારી બહાર આવેલા જોઇ બોલી. તમોએ તો આખી રાત જાગરણ કર્યું કે ?

મહાશ્વેતા—હા, મા. બ્રહ્મચારી સાથે વાત કરતાં કરતાં રાત વીતી ગઇ. તને આજ નદીથી આવતાં ઘણી વાર લાગી. સૂર્યોદય પણ થયો.

સરલા—હા, મા. ઘાટે આજ એક કૌતુક થયું. ત્યાં વિશુ પાગલી નામે એક સ્ત્રી આવી હતી. એમ કહીને નદીના ઘાટ ઉપર

બનેલો તમામ વૃત્તાંત માને કહ્યો. તે સાંભળી તેની મા થરથરી ઊઠી. અને વિશુને શોધવા સારૂ ઘણી જગા જોઇ પરંતુ કંઇ પત્તો લાગ્યો નહીં. સંધ્યાકાળ થતાં મહાશ્વેતા નિત્યના નિયમાનુસાર સ્નાનાર્થે ગઇ. કોટડીમાં સરલા એકલી કામ કરે છે. આખા દિવસના થાકથી કે પછી ઘરમાં એકલી હતી તેથી હોય પણ આજે સરલાનું મુખ કાંઇક મ્લાન દેખાય છે. રાત પડતાં અંધારાની સાથે તે અંધારૂં જાણે સરલાના હૃદયાકાશમાં વ્યાપ્ત ન થયું હોય? એમ જણાય છે.

ચિંતા કાંઇ નથી. દુઃખ કાંઇ નથી. તોપણ હૃદયાકાશ જાણે ઘેરાય છે. ભવિષ્યમાં કાંઇ ભય આવવાનો જાણે સંભવ હોયની? એમ મુંઝવણ થાય છે, તથા ભયનો સંચાર થાય છે. લલાટમાં પ્રસ્વેદ થાય છે. એવી અવસ્થામાં સરલા એકલી બેઠી બેઠી કંઇ કામ કરે છે. તથા ધીરે ધીરે ગાયન ગણગણે છે. અતિ મૃદુ સ્વરે ગુનગુન શબ્દે એક ખેદકારક ગાયનનો આરંભ કરેલ છે, તેની કડીઓ વારેવારે ગાય છે. એક વાર પુરૂં થતાં વળી બીજીવાર તેનું તેજ ગાય છે. ને ગાયનમાં જાણે દશે ઇંદ્રિયો પ્રોત કરી છે. એવામાં પાછળથી આવીને કોઇ બોલાવે છે. સરલા?

જે બોલાવનાર તે એક જણ યુવાન પુરુષ, ઉમર આશરે વર્ષ વિશેકનો, મુખ મંડળ અતિ શોભાયમાન, ઔદાર્ય સંપૂર્ણ, પરંતુ ગંભિર, અને ચિંતાગ્રસ્ત આંખ બંને તેજ પૂર્ણ, પરંતુ ચિંતાને લીધે તેની આસપાસ કાળાં કુડાળાં થયાં છે; લલાટ પ્રશાંત, વૃક્ષઃસ્થળ વિશાળ, યુગલ બાહુ દીર્ઘ, શરીર ગંભીર અને શાંત, અર્થાત્ તે તેજોવ્યંજક આકૃતિ જોઇનેજ એ સહસા વીર પુરુષ હોય એમ સમજી શકાય છે.

તે યુવક સરલાના પાછળ ઉભો રહીને કહે છે. સરલા ? સરલા ચોંકી. પાછળ જોઇ બોલી. ઈંદ્રનાથ !

ઈંદ્રનાથ—સરલા ! તને સંસાર ઉપર બહુ અપ્રીતિ થઇ છે ? જે એવું શોકાતુર ગાયન વારંવાર ગાય છે.

સરલા—ના, મારા મનમાં એ વિષે કાંઇ ભાવ નથી. મને એ સિવાય બીજું ગાયન આવડતું નથી એટલે વારંવાર જે આવડે છે તે ગાઊં છું. હું પ્રથમ તો ઘણાં ગાયન શીખી હતી, તે બધાં ભૂલી ગઈ છું. જે આ યાદ છે તે મને બહુ વહાલું હતું ને વારંવાર રટતી તે યાદ રહી ગયું છે. ને વારંવાર ગાઊં છું. મને શી ખબર કે તું છુપાઇને સાંભળે છે ? એમ બોલી સરલા નીચું જોઇ રહી, ને બોલી કે મા પુંજા કરવા ગયાં છે, દાસી સોદો લેવા ગઇ છે. તું બેસ, દાસી હમણાં આવશે.

અત્યાર સુધી સરલા એકલી હતી. હવે સંબધી બંધુ વર્ગ સાથે સરલભાવે અનેક વાતો કરવા લાગી ઘણી ઘણી વાતો ચિતો કરતાં કરતાં છેવટ ઈંદ્રનાથ બોલ્યો, સરલા ! હું તને આ છેલ્લી વારે મલવા આવ્યો છું.

સરલા—કેમ ? તમો હવે રૂદ્રપુરે નહીં રહો ?

ઇંદ્રનાથ—ના. હવે રૂદ્રપુરમાં રહેવું નથી.

સરલા—કેમ ?

ઇંદ્રનાથ—કારણની તને પાછળથી ખબર પડશે.

સરલા—કેમ તમને આ ગામમાં રહેતાં કાંઇ દુઃખ છે ? તમો મારે ઘેર કેમ ન રહી શકો ? હું માને કહું ? અમારી સામાન્ય આમદાનીમાં પણ આપણું ગુજરાન ખુશીથી થાય તેમ છે.

ઈંદ્રનાથ—સરલા ! તારો સ્નેહ અસીમ છે. તારો દેહજ દયામય છે

તેથી તારૂં એ બોલવું થાય છે ને હું એ સાંભળી સંતોષ પામું છું. પણ સરલા ! મને ખાવાનું દુઃખ નથી. જે નવિનદાસને ત્યાં હું પરોણા તરીકે છું, તે મારી ઘણી સારી સગવડ સાચવે છે. તેમજ તેઓ દમ્પતિ અંતઃકરણથી મને ચાહે છે. પોતાને ઘેર રહેલો મને જોવાને તેઓ નિરંતર ઉત્સુક છે. તે કારણથી હું રૂદ્રપુર છોડવા માગતો નથી. પણ અહીંથી જવાનું કારણ તો જુદુંજ છે.

સરલા—શું છેવટ ગામ મુકશોજ ?

ઈંદ્રનાથ—મારા જવાથી તને દુઃખ થશે ?

સરલા—દુઃખ ન થાય ? શું મારે કોઇ બીજું છે ?

ઈંદ્રનાથ—તારા મનને કષ્ટ થશે, તેમજ હું પણ અનેક કષ્ટ પામીશ. તો પણ લાચાર કે આ ગામમાં રહેવાય તેમ નથી. હું કાંઈ કામે જવાનો છું. જો તે કામ સિદ્ધ થશે, તો તો પાછો આવીશ નહીતર આ મુલાકાત છેલ્લી સમજજે.

ઈંદ્રનાથના મુખમાંથી હવે એક શબ્દ પણ નીકળ્યો નહિ. તેની છાતી ભરાઇ ગઇ. તેને જોઇને સરલા પણ રડી પડી. સરલા ઈંદ્રનાથ ઉપર બંધુ સમાન પ્રેમ રાખતી હતી.

ભ્રાતૃભાવ સિવાય અન્ય પ્રેમ સંસારમાં હશે કે નહિ તે તે જાણતી નહોતી. પણ તેના હ્રદયની અંદર અન્ય પ્રકારની સ્નેહ સરિતા વહન કરતી હતી, તેનાથી તે અજ્ઞાત હતી. ઘણીવાર પછી ઈંદ્રનાથ બોલ્યો, સરલા ! ધર્મના ગૌરવને માટે તથા પાપીને દંડ દેવાને માટે મારે આ રૂદ્રપુર છોડી જવા જરૂર છે. જો જગદીશ્વર મને તે કામમાં મદદ કરી મારી મનકામના પૂર્ણ કરશે તો આજની પુનમથી બરાબર સાતમી પુનમે હું તારી પાસે હાજર થઇશ. જો બરાબર સાતમી પુનમે ન આવું તો તારે જાણવું જે ઈંદ્રનાથ આ જગત્માં

નથી. કારણ કે મારી મનકામના પૂર્ણ ન થાય તો મારે આ દેહ પણ ધારણ કરવો નથી. આ બન્ને આમ વાતો કરે છે એટલામાં દાસી આવી. ઇંદ્રનાથ સરલાના મોં સામું એકી ટસે જોઇ રહ્યો અને મનમાં પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યો કે કદિ આ રમણીરત્ન મળે તો આ અસાર સંસારમાં પણ જીવન સફળ થાય. નહિતર આ જીવન મરૂભૂમિવત સુકું લાગશે. આ દયામયી દેહ, સ્નેહપુતળી, સર્વાંગ સુંદર, સુનયના, દેવીવત્ દેહનો ભોક્તા જો આ ભવમાં હુ ન થઇ શકું તો બ્રહ્મચર્યાવસ્થાજ ઠીક.

પ્રકરણ ૫ મું.

રૂદ્રપુર ત્યાગ.

રાજા સમરસિંહરાય બંગ દેશના સઘળા જમીનદારગણોમાં અગ્રગણ્ય હતો. તે શાંતિના વખતમાં સર્વેના બંધુ જેવો તથા વિપત્તિકાળે અવલમ્બન કરવાયોગ્ય હતો. કારણ તે આશ્રયદાતા હોઈ તેણે પોતાના સાહસ તથા બાહુ બળે જે ખ્યાતિ તથા ક્ષમતા મેળવ્યાં હતાં તેવડે સર્વે સ્વધર્મી જાગીરદારોની ઉન્નતિ તથા ગૌરવ મેળવવા મેહનત કરતો. એના જેવો બીજો જમીનદાર બંગાલમાં નહોતો. ઇચ્છાપુરનો જમીનદાર રાજા નગેંદ્રનાથ ચોધરી તેનો વિશેષ માનપાત્ર હતો અને નગેંદ્રનાથ પણ રાજા સમરસિંહને સહોદર જ્યેષ્ઠ ભ્રાતાવત્ લેખતો અને તેની અનુમતિથી ભિન્ન કાંઇ કામ કરતો નહિ. મજકુર રાજા સમરસિંહને પ્રાણદંડ થયા પછી તેમની રાણી તથા બાળકન્યાનું શું થયું તે વિષે તેણે ઘણું અનુસંધાન કર્યું પરંતુ તેઓ

તો ગુપ્ત વેશે ચતુર્વેષ્ટિત દુર્ગથી ચાલ્યા ગયા છે એવું સાંભળી નિરૂપાય થયો. વળી જો રાણીનો જાહેરમાં પક્ષ કરે તો તેથી દિવાન સતીશચંદ્રનું અપ્રિતીભાજન થવાય. તે બંને કારણથી રાણીને ખાનગી રીતે મદદ કરવી એવી ઇચ્છા હતી. "માનવદેહની સ્નેહ રજ્જુ અતિ સૂક્ષ્મ અને ક્ષણસ્થાયી છે." સ્વાર્થ નિમિત્તે યત્પરોનાસ્તિ પ્રબળ. પરંતુ દિને દિને, સપ્તાહે સપ્તાહે, માસે માસે, ક્રમશઃ વિસ્મરણ તેજ પ્રમાણે નગેંદ્રનાથને થયું. તેણે પોતાની ઉન્નતિ માર્ગે દોડવા માંડયું. એટલે એવા પંથનું અવલમ્બન કર્યું કે, જેથી દિવાન ખુશ થાય. અને તેમ થતાં ધન, માન અને ક્ષમતાશાળી થવાય. એવી ચેષ્ટામાં પ્રવૃત્ત થતાં ક્રમે ક્રમે અભાગણી વિધવા તથા તેની બાલક કન્યાનું વિસ્મરણ થયું. એમ કરતાં કરતાં એક વરસની અંદર તો તેઓના દુઃખની કશી લાગણીનું સ્થાન પોતાના હૃદયમાં રહ્યું નહીં?

આહા! શું ખુબી! તેની તે સ્ત્રી છે કે જેના થુંકમાં પોતાનું લોહી મેળવવાને એક સમયે તે ભાગ્યશાળી લેખતો; જેને સહોદર જ્યેષ્ઠ ભ્રાતા માનતો, જેનાવડે પોતે નભી શકે છે તથા ધન માન ગૌરવશાળી છે. તેવા આસામીના મરણ પછી તેની અર્ધાંગનાની ખબર પણ લેવી નહીં? વાહ! શું સ્વાર્થી દુનિયાં? કેવા પ્રીતિરૂપી સ્વાર્થી પ્રેમ? વાંચકવર્ગ! નગેન્દ્રનાથ એકલોજ તેવો નથી. બધી દુનિયાં એવી છે. તને કદી મનમાં એમ હોય કે અમુક વ્યક્તિનો મારા પર ખરો પ્રેમ છે તો મહેરબાની કરીને તેની પરિક્ષા કરજે એટલે તરત જણાશે. હા. સામો યુક્તિબાજ હશે તો સાધારણ પરીક્ષામાં તો પસાર થશે. પણ ખરા કટાકટીના મામલામાં ઇશ્વર સિવાય કોઇ સાથી નથી. ખરો પ્રેમ જવલ્લેજ છે. સ્વાર્થી પ્રેમવાળા કુમિત્ર પુષ્કળ મળે છે. કોઈ પણ જાતના સ્વાર્થ વિના કોઇનો કોઇના પર પ્રેમ હોય નહીં. પ્રેમ,

નાતો, ઓળખાણ, મોવાળ, સારો સંબંધ, એ શબ્દોમાંજ માત્ર છે. કદાચ ઉપરથી આપ એવો લાગતો હોય તો જાણવું કે અમુક સ્વાર્થ સુધી ને તે સરવામાં જેટલો સમય બાકી તે તેની અવધિ. અરે ભાઇ! કાજીના કુતરાની મામુલી કહેવત શું આપ નથી જાણતા ? તે ખરેખરી બનેલી હશે. કદાચ જોડી કાઢેલી હોય તો પણ હું કહું છું તે તદ્દન ખરું છે. તમો નિઃસ્વાર્થ ભાવે ઇશ્વરપ્રિત્યર્થે અમુક વ્યક્તિના પર ઉપકાર કરો પણ સામો માણસ ખરોજ કલીયુગમાં અવતરેલો હોય તો તમારા તે બદલાનો કાંતો ઉલટો ઉપયોગ કરે અથવા વ્યુત્ક્રમ વિચારો કરે અથવા તો ફસીએ નહીં એમ વિચારે એવી દુનિયાં છે. વળી ગાડરીઆ પ્રવાહના જેવી એકે કહ્યું, બીજાએ કહ્યું, પાંચ માણસમાં ચાલ્યું, ખરૂં ખોટું કોઇએ તપાસ્યુંજ નહીં, દુનિયાંની આવી સ્વાર્થી રીતને લઇને તો મોટા દાંભિક લફંગાઓ લોકને રોવરાવે છે. તેઓ હૈયાના મેલા, ઉપરથી ઉજળા, ઠગ, પોતાની વાહ વાહની વાતો કરવાને પગારદાર સ્ત્રી પુરુષો રાખે છે અને એ ખરચ એ લોકો જાથુને માટે ભર્યે જાય છે. પણ તે ભાર કન્યાને માથે. એવો ઘાટ છેવટ આવીને લોકો મોઢે માથે હાથ દઇને રડે છે. અરે નજરે જોતાં છતાં લોક આંખે પાટા બાંધીને ચાલે છે. કેટલીક સોસાઇટીઓમાં બૈરાંઓ (ગુજરાતની રાંડીરાંડો) નું જોર વિશેષ પ્રમાણમાં છે ત્યાં આગળ એવા ઠગો એવી આગેવાન રંડાઓને લાંચ ઇત્યાદિથી ફોડી સગપણ આદિ કાર્યમાં ફત્તેહમંદ થાય છે. કાંઇ સ્ત્રી સ્વાતંત્ર્ય રત્ન હોય તો વ્યાજે મેળવી શકે છે. પોતાની વાહ વાહ બોલાવે છે. અને તેના પૈસાથી મોજ મારે છે. અંતે રડાવે છે. અને ધર્મોજય થાય છે. પણ અમુક મુદત તેમનો ઢાંકપીછોડો સારો થાય છે. એવી આ ખોટી દુનિયામાં નગેંદ્રનાથ સમરસિંહરાયનો કરેલો ઉપ-

કાર ભૂલી જાય તેમાં આશ્ચર્ય શું? માટે વાંચકબંધુ! નગેંદ્રનાથને કૃતઘ્ન ધારશો નહીં. આ અખીલ ભૂમંડલ તરફ નજર કરો. તેમાં કેટલા જણ ઉપકારના બદલામાં પ્રત્યુપકાર કરવા સારૂં પોતાની ઉન્નતિ માર્ગમાં કાંટા દે એવા છે. સ્નેહ, દયા, માયા, એ સઘળા સ્વર્ગીય પદાર્થ છે ખરા, પરંતુ સ્વાર્થ પરના પ્રતિદ્વંદી હોય તો સ્નેહ કેટલા દિવસનો? માયાપાત્ર મનુષ્ય અગોચર થયે માયા ક્યાં સુધી રહે? આપણે આપણો દાખલો લ્યો. અનેક દરિદ્રી કુટુંબ આત્મીય લોક આપણા સામું મુખ વિકાશી રહે છે તેમાંના કેટલાકને આપણે મદદ કરીએ છીએ. અનેક અનાથ વિધવા કષ્ટ ભોગવે છે તેમાં કોને શું મદદ કરીએ છીએ? આ દુઃખરૂપ સંસારમાં ચોતરફ દુઃખરાશી દેખાય છે તે બધા મટાડવા શું માણસ સાધ્ય છે? અલબત એકાદ માણસને અન્ન આપી શકીએ. કોઇને જળ આપી શકીએ, કોઇનાં આંસુ પણ લુછી શકાય. પણ જો તેમાંનું કાંઇજ આપણે નજ કરીએ તો તો આ મનુષ્ય જન્મ વૃથા છે.

નગેંદ્રનાથના પુત્ર સુરેંદ્રનાથે આ જગત્માં મિથ્યા જન્મ ધારણ કરેલ નથી. ધનવાન, વળી જાગીરદારનો પુત્ર છતાં ધનનો તેને આદર નહોતો. ઉચ્ચ વંશે જન્મ લીધાનું તેને અભિમાન નહોતું. ખેડુત અને સાધારણ લોકનો તો તે પરમબંધુ હતો. તેઓના સહવાસમાં ભેળાતો તથા તેઓની સુખ દુઃખની વાતો સાંભળીને તેમનું દુઃખ મટાડવાને યથાસાધ્ય મહેનત કરતો. કોઇવાર તે ગુપ્ત વેશે ખેડુતોની સ્થિતિ તપાસતો. કોઇવાર ગરીબનાં ક્ષુલ્લક ઝુંપડામાં રાતની રાત અતિથિ તરીકે રહેતો ત્યાં તેમની સાધારણ વાતોમાં રસ લેતો. તેમના ઉપર પડતાં દુઃખોને મટાડવાનું મનમાં રાખતો. તેમના ગાન તાનમાં ભળી જતો. મતલબ કે તેમના આનંદમાં પોતે આનંદ અને

તેમના દુઃખે દુઃખ માનતો એટલુંજ નહીં પણ દરેક રીતે તેમનો મદદગાર બંધુ હતો. અર્થાત્ તેનામાં દયા, પ્રજાપાલકપણું, પરપીડા, સહાય અને પરોપકારાદિ સદ્ગુણો હૃદયમાં વિરાજમાન હતા.

જ્યારે મહાશ્વેતા બાળ કન્યાને લઇને ચતુર્વેષ્ટિતમાંથી નીકળી તે અરસામાંજ સુરેંદ્રનાથ પણ પીત્રાલય છોડી ગયો છે. તેના બાપે તેની ઘણી તજવીજ કરાવતાં પણ કાંઈ પતો મળ્યો નહીં. દુર્ગમાંથી નીકળી મહાશ્વેતાએ ઇછામતિ તીરે મોહાન્તચંદ્ર શિખર નિકટ આશ્રયસ્થાન લીધું. સુરેંદ્રનાથે ત્યાં જઇ તેની સાથે મુલાકાત કરી. પોતાની સહાનુભુતિ લેવા પ્રાર્થના કરી. પરંતુ અભિમાની મહાશ્વેતા દરિદ્રી અવસ્થાએ પણ ગર્વિતા હતી. સહાયતા ગ્રહણ કરવા સ્પષ્ટ ઇન્કાર કર્યો. સુરેન્દ્રનાથે વારંવાર પ્રાર્થના કરી પણ તેણે દરેકવાર ના ને નાજ કહી. વળી કહ્યું કે "રાજા સમરસિંહનો વંશ દરિદ્રાવસ્થાએ પણ માનનીય છે." તે બીજાનો આશ્રય ગ્રહણ કરેજ નહીં.

સુરેંદ્રનાથ—આપના સ્વામીની તરફથી અમારાપર અમોઘ ઉપકારો થએલા છે. અમો તેમના ઋણી છીએ. વડીલ માફક અમારાપર પ્યાર કર્યો છે તથા દરેક સમયે અમોને મદદ કરી છે તેનો જરાએ બદલો આપ શું અંગિકાર નહીં કરો ?

મહાશ્વેતા—તમારી પ્રબળ ઇચ્છા ઉપકાર કરવાની હોય તો તમારી આ જાગીરમાંથી થોડી રહેવા લાયક આપો, જેનું રીતસર *બાજનું હું આપીશ. ઉપરાંત કોઇ નદી તીરે એક શિવાલય બંધાવી આપો કે મને જ્યાં અહોરાત્ર ભજન કરવાનું બની શકે.

આ ઉપરથી સુરેંદ્રનાથે તેમને રહેવાને વાસ્તે રૂદ્રપુરમાં મકાન અને ઇછામતિ તીરે શીવાલય કરાવી આપ્યું છે. ત્યાં રાણી તથા ક-

* પડતર જમીનનું ભાડું.

ન્યા રહે છે. જે વખતે રાણી મહાશ્વેતા તથા તેની બાળ કન્યા સરલાની શોધ કરવા સુરેંદ્રનાથ મોહાન્ત ચંદ્રશેખર પાસે ગયો હતો, તે વખતે તેણે પોતાનું નામ ઇન્દ્રનાથ એમને જણાવેલ છે. આગળ પણ એ નામથીજ એને ઓળખીશું. પરંતુ ધ્યાનમાં રાખવાનું છે કે ઇંદ્રનાથ તેજ સુરેંદ્રનાથ, જમીનદાર નગેંદ્રનાથનો નાનો પુત્ર છે અને એજ આજ સરલા સાથે વાતચિત કરે છે. ઘણા દિવસ સાથે રહેવાથી અન્યોઅન્ય સહોદર ભાવ પ્રથમથીજ છે. તેજ પ્રેમપ્રવાહે આજ નવું રૂપ ધારણ કર્યું છે. અને કોઇ નવાજ પ્રકારના પ્રેમની પ્રેરણા બંનેનાં અંતઃકરણ કરે છે. જે શું છે તે સરલા જાણતી નથી. બે પહોર રાત જતાં મહાશ્વેતા શિવમંદિરથી પુંજા પૂર્ણ કરી પોતાની કોટડીએ આવી છે. ઈંદ્રનાથ તેની આજ્ઞા લેવા નિમિત્તે બેઠો છે. તેથી તેને જોઇને બોલ્યો. આપે જે વ્રતઅવલમ્બન કર્યું છે તેથી કદી સતીશચંદ્ર નિધન સાધન ના હોય તદવધી આપ કન્યાનું વેવિશાળ કરી શકો નહીં ખરૂં વારૂ ?

મહાશ્વેતા—બરાબર તમારી અટકળ ખરી છે.

ઇંદ્રનાથ—આપ આશિર્વાદ આપો. હું એ અભિપ્રાયથી આજે પ્રયાણ કરૂંછું. તમારાં શુભાશિર્વાદથી મારા મનોરથ સિદ્ધ થશે.

મહાશ્વેતા—હું આશીર્વાદ આપું છું કે દેવ મહાદેવ તમારી મહેનત સફળ કરે. પરંતુ તમો બાલક છો અને તે ચતુર બુદ્ધિમાન દિવાનને શી રીતે પરાસ્ત કરશો તે મારી અટકલમાં આવતું નથી.

ઈંદ્રનાથ—હમણાં તો મારી પણ અકલમાં નથી આવતું. જોઉ છું. કેમ થાય છે ?

મહાશ્વેતા—અવશ્ય તમારો જય થશે. ધર્મનો કદિ પરાજ્ય

થાય તો આ અસાર સંસાર છારખાર થઈ જાય. ને પછી ઈશ્વરને કોણ માને કે ભજે ?

ઈંદ્રનાથ—થોડીવાર ચિંતા કરીને બોલ્યો. ધર્મનો કદિ સર્વદા જય થતો હોય તો આપના સ્વામીને પ્રાણદંડ ન થાત. અને સતીશ બંગાળનો દિવાન ન થાત. અને માનવ જાત કદિ ધર્મ ત્યાગ કરેત નહીં.

મહાશ્વેતા—જ્યારે ચોતરફ પાપનું ગૌરવ દેખાય છે ત્યારે કપટાચારી મનુષ્ય ધન, માન અને ઐશ્વર્ય મેળવે છે, અને તે વખતે પરમધાર્મિક, પવિત્ર, ચેતક, પરોપકારી માણસો પીડીત અને પદલીત થાય છે. ત્યારે સંસાર ખાર છાર થવામાં બાકી શું રહ્યું ? અને તેવે વખતે કુદરતી સંજોગો એવા ઉત્પન્ન થાય છે કે સત્ય પ્રગટમાં આવે છે, પાપીને દંડ મળે છે અને પવિત્રનું રક્ષણ થાય છે. અસત્યનો કદિ જય થાય છે ખરો, પણ મતે જય ક્ષણસ્થાયી છે. ચીરકાળ સુખસંપની વૃદ્ધિ અને દિન પ્રતિદિન ઉન્નતિ પાપી ને કપટાચારી મનુષ્યને સંભવે નહીં.

વાત કરતાં કરતાં છેવટ વિશુ પાગલીએ સરલાને નદીના ઘાટે કહેલા ભવિષ્યવિષે સવિસ્તર હકીકત તેણે ઈંદ્રનાથને કહી સંભળાવી; તે સાંભળી તે બોલ્યો, ભલા એ પાગલી તે મનુષ્ય છે કે દેવકન્યા ? કે પ્રેતકન્યા છે ? કોણ જાણે કોણ છે. પરંતુ તેનું કહેલું કોઇ વાર ખોટું પડતું નથી.

મહાશ્વેતા—હા તે જે કહે છે તે અક્ષરશઃ બને છે. મારા સ્વામીના મરણ પૂર્વે મને એ ભવિષ્ય એણે કહ્યું હતું. તે પરથી મેં મારા સ્વામીને સપરિવાર બંગદેશ છોડી અન્ય સ્થળે નાશી જવા

પરામર્શ કરી. તે વેળા તે વીર પુરુષે મને જે ઉત્તર દીધો તે હજુ મને યાદ છે.

"ઘોર સંગ્રામ ચાલતો હોય એવો કે જ્યાં ભાલાના અને અસિના વર્ષાદ વર્ષતા હોય, શોણિતની નદીઓ ચાલી જતી હોય ને સૈનીકનાં માથાં ફડાફડ ઉડતાં હોય. અરે જ્યાં એક ક્ષણમાં માથું ઉડી જવાનો સંભવ છે, વીરોના હોંકારા, વાજીંત્રના નાદો, હાથી ઘોડાના ચિત્કાર, ઘાયલની બુમો અને વક્ષઃ સ્થળમાં વાગતા ભાલાની વેદના થતી હોય એવે સ્થળે પણ કોઈ માનવજાતે રાજા સમરસિંહરાયને નાસતાં તો શું પણ પાછો પગ દેતાં જોયેલ નથી. તે સમરસિંહરાય સતીશચંદ્રરાયજેવા એક ધુવડ કપટાચારી દિવાનના ભયે જન્મભૂમિ છોડી પલાયન કરે એ કદી બને ?" મારી સરજત એમ મરવાની નિર્માઇ હશે તો એમ મરીશ તેમાં ભય શો છે ? જેને જન્મ ધારણ કર્યો છે તે બધાંને વહેલું કે મોડું મુઆ વિના ચાલે તેમ નથી. પછી કોઇ પણ નિમિત્તે મરવું પડે. શાસ્ત્રમાં કહ્યું છે કે.

जलं अग्नि विषम् रज्जुम्, क्षुद्र व्याधि पतनं तथा ।
निमित्तं किंचिदासाध्यं, देहि प्राणैर्विमुच्यते ॥

માટે હે સુભગે ! હવેથી મને એ પરામર્શ બતાવીશ નહિ. જે કાળે જે બનવાનું હશે તે બનશે. તેનો અફસોસ કરવો તે વૃથા છે.

ઇંદ્રનાથ—પાગલીનું કહેલું ભવિષ્ય જો ખરૂંજ પડે તો પછી આ ગામમાં રહેવું ઘટતું નથી. હવે અત્રેથી સત્વર ઉઠાંગરી કરવી.

મહાશ્વેતા—પાગલી એ ત્રણ વાર ભવિષ્ય કહી ગઇ છે. અને તે દરેકે દરેક ખરાં પડયાં છે. કાંઈ પણ કહેવાનું હોય ત્યારેજ તે દેખા દે છે. તેનું આગમન મિથ્યા હોતુ નથી. આ વારે પણ તેમજ હોવું જોઇએ. માટે આજને આજ આ ગામ છોડવું ઘટે છે.

ઈંદ્રનાથ—ક્યાં જશો ? મારે ઘેર મુકી આવું ?

મહાશ્વેતા—મહેશ્વર મંદિરે મોહાન્ત ચંદ્ર શેખર નિકટે ફરીવાર જવા ઇરાદો છે.

ઈંદ્રનાથ ખીન્નવદને જવાની સગવડ કરવા માટે ગયો. મહાશ્વેતા સરલાને ઉંઘમાંથી ઉઠાડીને બોલી, બેન ! ઉઠો. ચાલો હવે રૂદ્રપુરની માયા મુકો. હવે અત્રે રહેવું ઉચિત નથી. લગભગ ૭ વરસનું નિવાસસ્થાન, તેમજ આ ગામડાના સાદા ભોળા અને ભલા લોકોનો પરિચય તથા આ રાચ રચીલું, સરસામાન સર્વે મુકીને તથા આ ઘર તથા બાગાન પોતાને હાથે રોપેલા પુષ્પ છોડ સર્વેને તજી તેમની સાથેની માયા મુકી તેમને છેલ્લા રામ રામ કરો. અરે ! આ આંગણામાં આવતાં જાણે પરિચિત મનુષ્યો જેવાં પક્ષીઓ, આ સૃષ્ટિ સૌંદર્યને પરહરી ઉઠો, તૈયારી કરો, આપણે જવું છે.

સરલા—મા ! એક વાર મારી વહાલી સખી અમલાને મલી આવું ?

મહાશ્વેતા—હા મા ! જાઓ. તરત આવો. વાર કરીશ નહિ.

સરલા અમલાના ઘર પાસે આવી તેને હાંક મારી; અને થોડી વારે અમલા પ્રફૂલ્લ વદને બહાર આવી મનમાં વિચારે છે કે આજે મુખ વહેલી સરલા શું તમાસો કરવા આવી છે ? એમ વિચારતી વિચારતી હસતી હસતી સરલા નજીક આવી. પણ તેને જોઈ અમલાનું મુખ ગંભીર થયું. બંને આંખમાં આંસુ આવ્યાં. કેમકે સરલા અશ્રુપૂર્ણ નયને સામી ઉભી હતી. અમલા સ્નેહથી સરલાનો હાથ ઝાલી સ્નેહથી પૂછે છે બહેન શું છે ?

સરલા—મા કહેછે જે આજને આજ અત્યારેજ આ ગા-

મમાથી આપણે ઉઠાંગરી કરવી છે તેથી હું તને છેવટને વાસ્તે મ-
ળવા આવી છું.

અમલા—(અનેક કષ્ટ સહન કરીને તથા આંખનાં આંસુ લુછી નાંખીને બોલી કે) એમાં શું ? બહેન તું જ્યાં જઇશ ત્યાં હું તને મળવા આવીશ. એમાં વળી છેલ્લી મુલાકાત કેવી ? પણ તમે કેમ ચાલ્યાં જાઓ છો ?

સરલા—તે હું જાણુતી નથી. માની આજ્ઞા એમ છે અને તેથી ઇચ્છામતિ તીરે મહેશ્વર મંદિરે જઇશું.

અમલા—ઓહ ! મહેશ્વર મંદિર કેટલું દૂર છે. જાણે આ-પાડો ઓપાડો. હું તને પ્રત્યેક વાર મળવા આવીશ તેની ફીકર ક-રીશ નહિ.

ક્ષણવાર વિચાર કરી અમલા ઘરમાં ગઇ અને ત્યાંથી તરત પાછી આવી સરલાને છેડે કંઇ જણુશ બાંધી અને તે ગ્રહણ કરવા અનેક સોગન આપવાથી સરલાએ ના ન પાડી. પણ પાછળથી તેને જણાવ્યું જે છેડે બાંધેલી જણુશ તે દશ રૂપિયા હતા.

પછી બન્ને સખીઓ મળી, ભેટી, એક બીજીનું આશ્વાસન કરી વિદાયગીરી દેવા સમયે અમલાએ પોતાના ગળામાં પહેરેલી સોનાની ચેન સખી સરલાના ગળામાં પેહેરાવી. સરલાએ તે ન લેવા ઘણીએ ખેંચતાણુ કરી પણ અમલાના અત્યાગ્રહ આગળ તે લા-ચાર થઇ પડી. સખીના સ્નેહને છેહ દેવા બરાબર બીજી અધમતા નથી. એમ જાણી સરલાએ સખી અમલાનું વચન માન્ય કર્યું.

આ બાજુ ઇંદ્રનાથ નૌકા લઇને આવેલ હતો તેમાં રાણી મ-હાશ્વેતા, તેમની પુત્રી સરલા, તથા પરિચિત પુરુષ ઇંદ્રનાથે આરોહણ કર્યું. લેવા જેવો કેટલોક સામાન તથા કિમતી જણુસભાવ તે નાકામાં

ભરી પ્રકૃતિ સૌંદર્ય તથા વિશ્વલીલા જોતાં તથા તે લીલાના બનાવનારને અનેક ધન્યવાદ દેતાં ઘડીમાં પાણી તરફ, ઘડીમાં આકાશ તરફ જોતાં જેનું મન ઇશ્વર ઉપર ઓવારાઇ ગયું છે એવાં ત્રણે નૌકારોહી થોડી વારમાં મહેશ્વર મંદિર નિકટના ઘાટપર આવી પહોંચ્યાં.

પ્રકરણ ૬ ઠું.

દિવાનનું નિવાસસ્થાન.

સંધ્યાકાળનો સમય થયો છે. અતિ વિસ્તિર્ણ જગાપર દુર્ગે ચતુર્વેષ્ટીત પ્રાસાદ દેખાય છે. યમુના નદી ચોતરફ દુર્ગને વીટી વળેલી કલકલ શબ્દે વહી જાય છે. દુર્ગની ચોતરફ દશ્ય અતિ રમણિય છે. સૂર્યાસ્ત થયો છે. પરંતુ પશ્ચિમે આકાશ લાલ જણાય છે. પવિત્ર નદીના જલમાં આ દેખાવ અતિ રમણીય લાગે છે. સંધ્યાંધકાર ક્રમે ક્રમે વધે છે. ચોતરફ નિઃશબ્દ ફક્ત પવનનો ઘુઘવાટ અને કવચિત કવચિત રસ્તે જનાર લોકોના વાર્તાલાપનો કોઇ છૂટો છવાયો ધ્વની સંભળાય છે. દુર્ગનો પાછળનો ભાગ એવો નથી. ત્યાં તો પ્રશાંત આમ્ર વૃક્ષની એવી ઝાડી છે કે તે સિવાય બીજું કંઇ દેખાયજ નહીં. અંધકાર વધવાની સાથે એ ઝાડીમાંથી તારાગણો જાણે ડોકાં બહાર કાઢતા હોય એવું જણાવા માંડયું. જેમ જેમ સમય જાય તેમ તેમ તારાઓ ઉંચે ચડી આપણને દશ્યમાન થાય છે. જુના દેખાતા બંધ થાય છે ને નવા દેખાવા લાગ્યા છે. જાણે ઝાડીની અંદર છુપાઇ આપણને મજા લેવડાવતા ન હોય એવો દેખાવ થઇ રહ્યો છે. આ ભાગમાં બગીચો છે

તેની વચ્ચે એક સુંદર સરોવર છે અને તે સરોવરની પાળપર પણ ઘણાં ફલપ્રદ વૃક્ષો છે. તથા કાંઠે અનેક નાના મોટા જીવો વિરામ કરી રહ્યા છે તે સરવે આવતા સાયંકાળ સમયને ધન્યવાદ દે છે.

બહારથી જોતાં દુર્ગ તદન અંધકારાવૃત છે. કેવળ એક ગવાક્ષ અને તેની અંદર જ્યોતિપ્રકાશ જણાય છે. તે ગવાક્ષની પાસે ઉભી રહીને એક અલ્પ વયની રમણી લમણે હાથ દઇ શું ચિંતા કરતી હશે? તેણી ગગન મંડળના એક અતિ તેજસ્વી તારા તરફ જોઇ રહી છે કે જે તારાનું તેજ એક અનુપમ હીરાની માફક ઝગમગે છે. આ સુંદરીની ઉમર હાલ સત્તર વર્ષથી વધારે નથી, એવું એના મુખમંડળ દર્શનથી વ્યક્ત થાય છે. યૌવન સર્વાંગ અસાધારણ સૌંદર્ય પ્રભાવ વિકસીત કરે છે. પરંતુ એ સાધારણ નારીજાતિનો પ્રભાવ ન હોય. એ રૂપરાશીને દેખાવથી સહસા પ્રેમનો સંચાર ન થાય, પરંતુ શ્રદ્ધા અને સન્માન કરવાનો સંચાર થાય. શરીર ક્ષીણ, ઉન્નત અને દીર્ઘાયાત તેમજ કોમળતા પરિપૂર્ણ, લલાટ અતિ સુંદર સુબંધીમ તેમજ વિશાળ અને પ્રશાંત, એવું કે, એવું લલાટ પુરુષનું પણ ભાગ્યેજ હોય. સ્ત્રીઓનું એવું લલાટ સંભવે નહીં. નયનની સ્થીર ઉજ્વળતા, ઓષ્ટની સુચિક્કનતા, મુખ મંડળનો ગંભીર ભાવ તેના હૃદયની મહત્ત્વતા પ્રકાશ કરે છે. બરાબર વિચારીને જોતાં તરત જણાય છે કે એ તીક્ષ્ણ જ્યોતિર્મયી તરંગી માનુષિ નહીં પરંતુ કોઇ યોગપરાયણ સ્વર્ગ વાસીની માનવ જાતિની ઉન્નતિ કરવા એ મૃત્યુલોકમાં ઉતરી આવી છે. આજ એ નિઃશબ્દ સાયંકાળે રમણી ગવાક્ષ પાસે દંડાયમાન રહી નિર્મલ આકાશ તરફ જાણે પથ નિરિક્ષણ કરતી ન હોય! એમ ક્રમે ક્રમે રમણીના મુખમંડલે ગંભીર ભાવ ધારણ કરવા માંડયો. ભ્રુ યુગલ સંકુચિત થવા લાગ્યાં અને નિરાશ

ભાગ્યાંધકાર તેને ભાસવા લાગ્યો. આવા વખતે એક જણ આવી તેને બોલાવે છે "વિમલા !" આ શબ્દો તેના પિતા સતીશચંદ્ર દિવાનના છે.

દિવાન સતીશચંદ્રની ઉમ્મર હાલ વર્ષ પચાશેકની છે. તો પણ તેને જોતાં સાઠ વરસથી વધારે ઉમ્મર અટકળી શકાય છે. શીરે શુક્લ કેસ, લલાટે ચિંતારેખા અંકિત, શરીરચર્મ શિથીલ, સર્વાંગ ક્ષિણ તથાપિ નેત્રદ્વય જ્યોતિર્મયી, મુખમંડલે ચિંતા દેવી સતત બિરાજમાન છે. ધીમું આચરણ, ધીમું ગમનાગમન, ધીર પરંતુ બુદ્ધિ તીક્ષ્ણ તેમજ સંચાલન બહુદુરદર્શીની તથા બહુદૂર વ્યાપિની હોઇ કલ્પનાથી તેનું જીવનઅંતઃકરણ સદાકાળ પરિપૂર્ણ થઇ રહ્યું છે. પાસે આવતાં કન્યાને ચિંતામગ્ન દેખી ક્ષણભર મૌન ધરી બોલ્યો, વિમલા !

વિમલા પણ પોતાના વિચાર વેપારને વેગળો કરી પવિત્ર પીતૃ સ્નેહથી ગદગદિત થઇ બોલી પીતાજી !

પિતા—વિમલા ! એવા શા વિચારમાં તુ ગુમશુમ થઇ ગઇ છું.

વિમલા—પિતાજી ! કાલે આપ દુર્ગ ત્યાગ કરી મોંગીર પ્રયાણ કરવાના છો તેથી કેટલાક દિવસ આપનું દરશન નહીં થાય. કેટલા દિવસ સુધી આ પ્રકાંડ દુર્ગ શુન્ય રહેશે એ ચિંતા કરતું મારૂં મન અસ્થિર થયું છે. તેને હું શાંત કરી શકતી નથી.

પિતા—વાહ બેન એમાં ચિંતા શાની. હું તરતમાંજ આવીશ. હું તને એકલી મૂકીને ત્યાં શું વધારે દિવસ રોકાઇ શકું ?

વિમલા—આપ મારા પર અતિ સ્નેહ કરો છો તે હું જાણું છું. કોઇ પણ પિતા પોતાની કન્યાને એથી અધિક પ્રેમથી ચાહી શકે નહિ.

પિતા—તો તું ચિંતા શા માટે કરે છે ? તું જાણે છે કે હું

તો દરેક વર્ષે રાજધાનીમાં જાઉં છું. છતાં આ વખતે તને વિશેષ ચિંતા કેમ થાય છે ?

વિમલા—આ વર્ષે મને ઘણી ચિંતા થાય છે. દરેક વર્ષે મને જરાએ ભય લાગતો નહોતો. આ વર્ષે પિતાજી તમો જશો નહીં. અત્રેજ રહો. એમ કહી કન્યા એકદમ રડી પડી.

પુત્રીનું આવું બોલવું સાંભળી પીતા હૃદયે કિંચિત આર્દ્ર થયો અને ભય સંચાર થયો. કેમ તે તો કોણ જાણે. પણ દિવાન ક્ષણવાર નિસ્તબ્ધ થઇ બોલ્યો, પુત્રી ! ગયા વિના તો ચાલેજ નહીં. ખાલી ભય શા માટે રાખે છે ? અને જવા સમયે રૂદન કરવું એ તને ઘટતું નથી.

પુત્રી—પિતા ! ખાલી ભય નથી. ગઇ રાત્રીએ મેં સ્વપ્ન દેખ્યું જે મારી સ્વર્ગીય માતુશ્રીએ દરશન દીધાં અને સાશ્રુલોચને તથા અતિ મૃદુ સ્વરે તે બોલી.

" સાવધાન ! સાવધાન ! ઘોર વિપદ આવે છે " એમ બોલતાં બોલતાં તેની આંખમાં જલ બીંદુ આવ્યાં. અરે પિતા ? મેં કોણ જાણે પૂર્વે કેવું ઘોર પાપ કર્યું છે કે જે પાપે મેં સ્નેહવતી મા ખોઇ. હવે વળી શું વિપદ આવવાની હશે તે તો ભગવાન્ જાણે. પિતા ક્ષમા કરો, ક્ષમા કરો. મારૂં અંતઃકરણ મને કહે છે કે આ વખત પિતાજી દુર્ગ ત્યાગ કરીને જતાં ફરી આ દુર્ગમાં આવવા પામશે નહીં. એમ બોલી વિમલા અશ્રુપૂર્ણ નયને પિતાનું વદન નિહાળી રહી છે અને મનમાં ઘણા તર્કવિતર્ક કરે છે કે જાણે ઉન્માદની ન થઇ હોય ? એમજ જણાતાં તેના બાપનું મન વિકૃત દશાને પામ્યું છે એમ જો તેનું મન ઠેકાણે હોત તો તે તરત જાણી શકત. સ્વપ્નાની વાત સાંભળીને સતીશચંદ્ર ધ્રુજી ઉઠયો. જ્યારે વિમલા પિતાના હૃદયમાં પો-

તાનું મુખ ઝુકાવી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી તે વખતે તેના બાપની હવે તેને શાંત કરવાની શક્તિ રહી નહીં. કિંચિત પરાણે મનઃ સંયમ કરી સતીશચંદ્ર બોલ્યો. બહેન ! એ તારો ખાલી ભય છે. દિવસે તું ખાલી એકલી બેઠી બેઠી ચિંતા કરે છે તેનું તે તને સ્વપ્નમાં દશ્યમાન થાય છે. દિવસે જે વિચાર કરીએ તેનું સ્વપ્ન રાત્રીમાં જણાય. પછી દુ-સ્વપ્ન કે શુભ સ્વપ્ન પણ એ દિવસના વિચારનુંજ પરિણામ મને તો લાગે છે. કારણ કેટલાક દિવસથી હું તને જોઉં છું તો ફક્ત શોક સાગરમાં નિમગ્ન બેઠેલી દેખું છું. તું એ શાની ચિંતા કરે છે તે મને યથાર્થ કહે. કે જેથી મારાથી બનતી તજવીજે હું એ તારી મહા-ચિંતાનું પરિત્રાણ કરી શકું.

વિમલા ધીર ભાવે બોલી. પિતા ! આપ જો પૂછો છો તો મારે તે અવશ્ય જણાવવુંજ પડે છે. આપથી ગુપ્ત રાખવાની એવી કોઇ વાત મારી પાસે નથી. આજ એક મહિનાથી હું આપને કોઇ મહા ગંભીર ચિંતામાં જોઉં છું. અતિ ચિંતાએ પરવશ થઇ ભક્ષ અને પેય પદાર્થો પણ આપ ચિંતાગ્રસ્તાવસ્થાએ ગ્રહણ કરો છો. તે પણ યથેષ્ટ અને યથાર્થ નહિ. રજનીકાલે નિદ્રિત નહિ. કદી થોડી આવે તો તે પણ દુઃસ્વપ્ને પરિપૂર્ણ. તેમજ દિવસ વેળા પણ હું ગુપ્ત રીતે તમારા દિવાનખાનામાં જોઉં છું તો ફકત ચિંતાગ્રસ્ત. કદી રાત્રી વેળા તમોને જોઉં છું તો સદા જાગૃત. કદિ નિંદ્રિત હો તો ભયંકર સ્વપ્ને પરિપૂર્ણ છો એમ મુખ મંડળના ભાવોથી સ્પષ્ટ જણાય છે. શું ઘોર ચિંતા આપને એ પ્રકારે દુઃખ દે છે ? સામાન્ય જમીનદાર, અરે સાધારણ ખેડુ ને મજુર લોક પણ દિવસના પરિશ્રમે રજનિમાં વિશ્રામ લે છે, છતાં બંગદેશના રાજાધિરાજ દિવાન બહાદુર શું રાત્રીના સમયે વિશ્રામના અધિકારી નથી ?

વિમલા ક્ષણેક મૌન્ય રહી અને જોયું જે પિતા સ્થીર ભાવે પોતાની વાત સાંભળે છે, તેથી ફરીથી બોલી કે ગયા એક માસથી આપની પાસે રાત્રીના સમયે એટલા બધા હલકા નોકર કેમ આવે છે ? વળી તેઓ ગુપ્ત ભાવે આવી તેજ ભાવે કેમ ચાલ્યા જાય છે ? તેમજ આપ પણ કોઈ ગુપ્ત પરામર્શે રાત્રિ દિન વ્યસ્ત દેખાઓ છો. અલબત બંગાળ-દેશના કારભારનો ભાર ગુરૂત્વ છે ખરો, પણ દેશનું સુશાસન અને પ્રજાના કલ્યાણનો જે ઉદ્દેશ તે શું રાત્રી સમયે ગુપ્ત ચરદ્વારા બંધ બારણે ગુપ્ત અને વિરક્તભાવે પાર પડે છે ? અથવા થઇ શકે છે ? જો કે આ વાત હું આપને કહેવાને લાયક નથી તોપણ આ બાબતમાં હું અપરાધી ઠરતી હોઉં તો માફ કરજો. પરંતુ આપ બુદ્ધિમાન અને વિચક્ષણ છો તેથી આપ વિચાર કરી જુઓ કે ખળ સ્વભાવે સર્વ ગતિ વક્ર, ઉદાર ચિત્તે મનુષ્યની ગતિ સરલ અને જેનું ચરિત્ર સરલ તેનો ઉદ્દેશ પણ સરલ. તેની ગતિ વક્ર હોય કેમ ? પિતા ! બાળકનું કહેવું માન્ય કરો. કપટી લોકની પરામર્શ ત્યાગ કરો. ધર્મનો માર્ગ સરલ છે તે માર્ગ અવલંબન કરો. અને તેમ કરતાં કોઇનો ભય નહીં રહે તેમજ કોઇ પ્રકારની ચિન્તા પણ નહીં રહે. પાપ માર્ગે સદા ભય છે તેમજ ધર્મનો માર્ગ સદા નિરાપદ અને નિષ્કંટક છે.

આમ બોલતાં બોલતાં વિમલાનું ભવ્ય લલાટ અને વદનમંડળ અધિક પ્રકાશવા લાગ્યું. તેનાં બંને ઉજ્વળ નયનોમાંથી પ્રકાશ બહાર પડવા લાગ્યો. તે અતિ પિતૃ વાત્સલ્ય કન્યા છે. પરંતુ તેનું હૃદય નૈસર્ગીક ગૌરવ અને ધર્મ બળે બિરાજમાન છે. તેથી તે ગૌરવે ને તે ધર્મબળે સતીશચંદ્ર કે જે વાકપટુતામાં અતિ બહાદુર અને હજારો રાજારાણાની સભામાં જે હજારોવાર ધન્યવાદ પામેલો એવો દિવાન હતાશ અને નિરૂત્તર થઇ ગયો.

“ પાપ માર્ગે સદા ભય ” “સરલ ધર્મ માર્ગ નિરાપદ અને

નિષ્કંટક છે. " એ વાકયો અર્ધ સ્ફુટ સ્વરે અને પુનઃ પુનઃ બોલતો બોલતો પોતાની બેઠકમાં ગયો. મનમાં મનમાં બોલે છે. વાહ ! વાહ દેવી વાહ ! સાક્ષાત વૈષ્ણવી. નાની ઉમ્મરમાં શું ધર્મનું રહસ્ય જાણે છે. કેવું નિર્મલ ચારિત્ર ! ખરે આ કન્યા મને ધર્મમાર્ગ અવલમ્બન કરાવવા સારૂંજ મારે ઘેર પુત્રીરૂપે અવતરી છે. એના જન્મથી હું આ લોકમાં ધન્યવાદ પાત્ર છું. ભગવાન તને દીર્ઘાયુષ્ય કરે.

પ્રકરણ ૭ મું.

પાપીષ્ટે પાપીષ્ટ.

સતીશચંદ્ર પોતાના દિવાનખાનામાં આવ્યો તેને જોઇ ખીદમતગાર ચરણ સેવા કરવા આવ્યો પણ તેને તેમ કરતાં અટકાવી આજ્ઞા કરી કે શકુનિને બોલાવ. સાંભળતાંજ ભૃત્ય અદ્રસ્ય થયો.

દિવાનખાનાની પરસાળ અતિ વિસ્તીર્ણ પરિષ્કાર અને શોભાયમાન હતી. તેને વળી સારી તરેહથી શણગારી હતી. ભોંય ઉપર અતિ સુચારૂ ચિત્ર શોભિત વસ્ત્ર બિછાવેલ હતું. દરેક દ્વારે અને વાતાયને અનેક સુગંધ પુષ્પમાળાઓ લટકાવેલી હતી, સ્થાને સ્થાને સ્તુપાકારે પુષ્પ સજીત હતાં. સન્મુખે સુગંધપૂર્ણ તૈલ દીપ બળે છે તેની ચોતરફ પુષ્પગુચ્છ સજ્યા છે. સતીશચંદ્રનું આસન (શય્યા) રક્ત વસ્ત્રે સજીત અતિ સુંદર જગ્યામાં અને અતિ ભવ્ય આસનપર મહાબળ, પરાક્રાંત મહા ધનસંપન્ન રાજાધિરાજ દિવાન બહાદુર સતીશચંદ્રરાયનું આજ ચિંતાગ્રસ્ત વદન કેમ છે ? વાંચક વર્ગ કદિ મારી પેઠે દારિદ્રી હોઈ ઐશ્વર્ય પ્રાપ્તિની વાંચ્છના રાખતો હોય, કદિ વિષયી

લોકનો વૈભવ જોઇ તે મેળવવા ઇચ્છા હોય, કદિ ધનવાનના જેવાં નિવાસ સ્થાનની વાસના હોય તો આવો આપણે એકવાર એ સર્વ સુખે પરિપૂર્ણ એવા દિવાન મહાશયનું સુખ તપાસીએ કે જેથી આપણી હાલની સ્થિતિમાં આપણને આનંદ છે કે એ દિવાનપદમાં આનંદ છે તેનું મનન કરવાનું બની શકે.

સતીશચંદ્રનું હૃદય પાપે કલુષિત અને પાપાંધકારે આવૃત્ત છે. એ પાપરાશિમાં માત્ર એક પુન્ય છે તે એકે વિમલા ઉપરનો નિર્મળ પ્રેમ પાપ પુંજના ગોળા ઉપર અગ્નિ રેખારૂપ તે દેખાય છે. તે પોતે કન્યાના ઉપર અધિક પ્રેમ રાખતો તથા ઘણા વહાલથી તેનું લાલન પાલન કરતો પોતાની સ્ત્રી ગુજર્યા પછી તે કન્યાનું ઘણું મન અને માન રાખતો કે જેથી તેની માતાની ખોટ તેને જણાય નહીં અને તેને ઓછું આવી જાય નહીં. કેટલીક વાર કાજકર્મ સંબંધી વાત પણ કન્યાને કહેતો તેના જવાબમાં એક બંધુના જેવી શુભ સલાહ સુલક્ષણા દુરદર્શી દીકરી તેને આપતી, તેમજ અતિ સ્નેહવતી કન્યા વિમલાને પણ પિતાને સુખી રાખવા સિવાય તેને બીજી કશી લાલસા ન હોતી પરંતુ ગમે તેવી સ્નેહવતી હોવા છતાં પણ સુચરિત્રા ધર્મપરાયણા પુત્રી પિતાનો કપટાચાર દેખતાં યત્પરોનાસ્તિ ક્રોધીત થતી. રવિ ઉદય સમયે જેમ અંધકાર ભયભીન થઇને નાશી જાય છે તેમ સરલતા સન્મુખે પાપ અને કપટના સ્વભાવિક રીતેજ ભયભીત થઇને પલાયન કરે છે. અને તેવે વખતે કપટી સતીશ નિરૂત્તર થતો. પોતાનો પિતા કેટલે દરજજે કપટી છે તે તે જાણુતી નહોતી. પુન્યમાન પિતાશ્રીનું અંતઃકરણ અતિ પાપિષ્ટ છે એવું જો એણે એકવાર પણ જાણ્યું હોત તો જરૂર તેને વાસ્તે તે મહેનત કરત. આજે જે એણે કહ્યું તે તો ફક્ત પિતાનો આચાર વ્યવહાર અને હલકા લોકનું એ વખત ગ-

મનાગમન થતું જોઇ ભ્રમ માત્ર તેને થએલ છે. મારા પિતા કોઈ દુષ્ટ માર્ગે પ્રવર્ત્તે છે કે શું ? કે જે કર્મ અતિ દુર્ગ અને વિકટ ભય હોય એવું તેને લાગ્યું છે. અને એને લીધે તો એમની આવી અવસ્થા નહીં થઇ હોય ? એવા ભ્રમને લીધેજ તેણે પિતાને ધર્મ સુત્રો સંભળાવ્યાં છે.

કોઇ કોઇવાર એકજ વાતથી અથવા એકજ સંગતથી આપણું હૃદયકપાટ ખુલી જાય છે. અને દરિયાના મોજાની પેઠે અનન્ત ચિંતા લહરીથી હૃદય સહસા પ્લાવીત થાય છે. ઘણા વખતની વિસ્મરણ બિના યાદ આવી જાય છે. સ્નેહવતી કન્યાના સંદેહ અને તિરસ્કારયુક્ત વચનપ્રહારથી અહીંઆં પણ એજ પ્રકાર બન્યો છે. સતીશચંદ્રનું હૃદય કેંદ્ર વ્યથિત થયું. અને તેથી સહસ્ર ચિંતા પ્લાવીત થવા માંડી. પૂર્વ વાર્તા સ્મરણપથે આવી. છેક બાલ્યાવસ્થાથી માંડીને આજ પર્યંત જે જે ખેલો કર્યા એટલે કે બાલ્યકાળે અધ્યયન કર્યું, જે વિદ્યાલાભ મેળવ્યો, જે જેના બળે પોતે વિષમય ફળ પ્રાપ્ત કર્યું તે વિદ્યાલાભે પોતે કેટલુંક નિષ્પાપ જીવન ગાળ્યું તે સઘળું તાદશ થવા લાગ્યું. આજ પોતે બંગદેશનો દિવાન છે. લાખો સોના મહોરોનો માલિક છે. પણ તેથી શું ? ખરે એ તમામ અધિકાર ને મુદ્રાનો વ્યય કરતાં પણ આજ મારૂં અંતઃકરણ ક્ષણવાર શાંત નચિંત થઈ શકે ?

બાળકાળ ગયો, યૌવનકાળ ગયો. ખરે એ યૌવનકાળે તેના સ્મૃતિ પથે શું પાપ દેખા, શું ગંભિર પાપ નિર્માણ થયું છે. પ્રથમ વિદ્યાદર્પ પછી ધનદર્પ અને પછી પ્રબળ દુર્દર્પ ઉચ્ચાભિલાષાએ મારા જીવનમાં ભયાનક વિષફળ ધારણ કર્યું છે.

ત્યાર બાદ પ્રજારંજક મહાનુભાવ વીરપુરૂષ રાજા રામરસિંહ-

રાયના મૃત્યુની યોજના એ પામરના સ્મરણ પથે ઉભી કે જે સમર સિંહ મહાત્મા બંગદેશનો ગૌરવ વસન્તરૂપ હતો. પ્રજાના પિતા સ્વરૂપ, જમીનદારના જ્યેષ્ઠ ભ્રાતા સ્વરૂપ અને કાયસ્થ કુળના નેતા સ્વરૂપ હતો તેનો મેં પ્રાણદંડ કરાવ્યો છે એ વાત સ્મરણ પથે આવતાંજ તે ગભરાયો, અકળાયો, ભયભિત અને વિહ્‌વળ થયો અને જાણે અત્યારે અહીંજ એ કચેરી દેખે છે. સમરસિંહનું માથું ધડથી જુદું થએલું છે તેનો રક્તપ્રવાહ અને છીન્ન મસ્તક વિકૃતીભાવ ધારણ કરીને જાણે મારા તરફ વક્ર અને તીક્ષ્ણ દષ્ટી કરે છે ને જાણે કહેતું હોય જે સાવધાન! પાપના પ્રાયશ્ચિતને વાર નથી. સતીશ જાણે તેના સામું જોઇ શકતો નથી. થોડીવારે સમરસિંહનો દીપ નિર્વાણ થાય છે.

અરે ! એ દીપતો નિર્વાણ પામ્યો પણ સતીશનો સ્મૃતિ દીપ કયાં નિર્વાણ પામે છે. પોતાની આસપાસ અનેક જ્યોતી પ્રજ્વલીત છે છતાં તે અંધકાર દેખે છે. હજારો વિંછીની એકવારે થતી વેદના અપેક્ષા ને ચિંતા અધિક કલેશદાયીની યાતનાએ અસ્થિર થઇને બોલવા લાગ્યો. શું આ પાપનું પ્રાયશ્ચિત નહીં હોય ? જો કદી હોય તો હૃદયનું રક્ત દઇને પણ હું કરૂં. ભગવાન સહાય થાઓ. હવે તો કન્યાએ કહ્યા પ્રમાણેજ કરવું છે. એટલે ધર્મપંથ અવલમ્બન કરવો, સાચી વાતનોજ સ્વીકાર કરવો, પછી સમરસિંહની ક્ષમા માગવી. જો તે તેની વિધવા ન આપે તો આ સુકો દેહ જેમાં કિંચિત રક્તપ્રવાહ છે તેને સમરસિંહના રક્તપ્રવાહસાથે વૃદ્ધિગત કરવો.

ક્ષણેકવાર પછી શકુનિ આવ્યો ને બોલ્યો જે આ શું ? અંધકાર કરીને કેમ બેઠા છો ? સતીશચંદ્ર કહે છે જે બત્તીનો પ્રકાશ સહન થઇ શકતો નથી. હૃદય દુર્ભેદ્ય અંધકાર આમ છે. મારો જીવનરૂપ

દીપ પણ થોડાજ વખતમાં અનંત અંધકારમાં જવાનો છે. મારી લીલા પૂર્ણ થઇ રહી છે. શકુની આ વાતનો ઉત્તર દઇ શક્યો નહીં. પરંતુ ચાકરને અગ્નિ લાવવા હુકમ કર્યો ને દીવો મુકીને ચાલતો થયો.

સતીશચંદ્ર બોલ્યો, શકુનિ! તારી સલાહથી મેં જે જે કામો કર્યા છે તેનું ફળ શું મળશે? જે વખતે જે થયું તે તો થઇ ગયું છે. હવે એના બદલામાં આ કાળે સર્વ વસ્તુનો નાશ થવો એ છે. એ પાપ રાશિથી આ વિપત્તિમાં તેં મને નાંખ્યો છે. આ વખતે હવે હું શુ કરૂં? અરે ભાઇ! હજુ પણ મારો ત્યાગ કર અને બીજા કોઈ ઉન્નતિશાળીના સર્વ નાશની ચેષ્ટા કર કે જેથી હું તો છૂટું. અને પૂર્વે તેં કરાવેલાં અનેક મહા પાપોને યાદ કરી રડું અને તેનું કોઇ પણ પ્રાયશ્ચિત હોય તો કરૂં. અરે! હું મહાપાપી વિ-શ્વાસઘાતી નરપિશાચ છું.

શકુનિ સતીશચદ્રનું આવું ગંભીર બોલવું સાંભળી વિસ્મીત થયો. ને મનમાં સમજ્યો જે આજે દિવાનને કાંઇ સાધારણ ક્રોધ કે ક્ષો-ભનો ઉપદ્રવ નથી. પરંતુ વિષમય યંત્રણા થઇ છે. એવું જોઇ બે ચાર ખોટાં ખોટાં આંસુઓ પાડી શકુનિ બોલ્યો. આપના ગૌરવકાળે આપનો સ્નેહપાત્ર થવા સિવાય મારો બીજો કશો આશય નથી. હમણાં કદિ મારાથી પ્રભુનો સર્વ નાશ ઉપસ્થિત હોય તો હું તેમાં ભાગીઓ છું. એ સિવાય બીજી કોઇ અભિલાષા મારા મનમાં નથી.

સતીશ—શકુનિ! વિધાતાએ તારી વાણી વિભ્રાન્ત દુઃખદ્વારા અતિ મીઠી કરી છે.

શકુનિ—હું પાપી ખરો. નહીંતો શુ કાંઈ સ્વામી સેવાનું ફળ આવું ફળે? એમ કહી રડી પડયો.

સતીશ—(મુગ્ધ થઇને) તું મારી ઉન્નતિ ચેષ્ટા કરે છે તે

વાત હું જાણું છું. પરંતુ ભાઇ! "પાપ પંથે સર્વદા વિપદ" એ સિવાય શું બીજો ઉન્નતિ માર્ગ નથી કે દરેકે દરેક જગાએ પાપ અને અનાચાર બળ જોરી ને જુલમ પરપીડાજ કરવાં પડે છે.

શકુન—(મનમાં) આંસુની અસર થઇ ખરી (સ્વગત) કાયર સ્વરે બોલ્યો. સ્વામી સેવા કરવામાં કદિ પાપ થતું હોય તો હું બરાબર પાપી છું. તે સિવાય બીજું શું પાપ છે તે હું જાણુતો નથી ને કરતોએ નથી.

સતીશ—તું જાણુતો નથી? બંગ ચૂડામણિ રાજા સમરસિંહનો વિનાશ કરવાની સલ્લાહ કોણે આપી.

શકુનિ—સુબાના હુકમથી એનો દેહાંત દંડ થયેલ છે.

સતીશ—ઠીક. તેની જમીનદારી હમણાં કોણ ખાય છે?

શકુનિ—સુબેદાર સ્નેહથી જેને જે દ્રવ્યદાન કરે તે સર્વદા શિરોધાર્ય.

સતીશ—તું મને ભુલાવાની ચેષ્ટા કરીશ નહીં. આજ મારાં જ્ઞાનચક્ષુ ખુલ્યાં છે. તેવડે મારા હૃદયમાં હું એટલો અંધકાર "અને એટલું પાપ દેખું છું જે તે દ્રશ્ય હું સહન કરી શકતો નથી. આજ મારી વહાલી દીકરીએ મારા હૃદયમાં જ્ઞાન દીપ પ્રગટયો છે" એમ કહીને સતીશે કન્યા વિમલા સાથે જે વાતચિત થઇ હતી તે અથથી ઇતિ સુધી કહી સંભળાવી.

શકુનિ—બંગ દેશના દિવાનને એક બાળકની વાતથી ભયભિત થવું એ શું યુક્તિસિદ્ધ છે?

સતીશ—બાળક. ભલે બાળક. પણ તે જો સત્યવાત કહે તો તે વાત શું બાળક મુખ નિઃસ્તૃત હોઇને પરિહાર્ય હોય? "પાપપથે સર્વદા વિપદ" તે મેં આટલી ઉમ્મરે જાણ્યું.

શકુનિ—આપને શું વિપદ છે તે જરા મને દયા કરીને સમજાવશો ? હું તે સમજી શકયો નથી.

સતીશ—આજથી ૭ વરસ ઉપર જ્યારે રાજા ટોડરમલ્લ પહેલી વાર બંગાળા બિહાર જીતી દીલ્લી ગયા ત્યાર પછી થોડીજ મુદતે પુન્યાત્મા સમરસિંહ મારાં કૃત્યથી નિહત થયા તે કામ કરવાની સલાહ તારી આપેલી ખરી કે નહિ ?

શકુનિ—દિલ્લીની બાદશાહીના તાબેદાર બંગાળ અને બિહારના સેનાપતિ મુનાઈમખાંના હુકમથી સમરસિંહને પ્રાણ દંડ થયેલ છે.

સતીશ—તે તો ખરૂં. પણ તે આપણાં પાપનાં ષડ્યંત્ર તો. વળી બે વરસ પછી ટોડરમલ્લ આવ્યા. સમરસિંહની બાબતમાં તજવીજ ચલાવી તેમને ખરૂંખોટું સમજાવી તરતમાં આપણે વાત ભુલાવી અને દબાવી દીધી ને તે ભુલાઇ છે.

શકુનિ—પછી.

સતીશ—વળી ટોડરમલ્લ બીજીવાર સેનાપતી અને સુબેદાર થઇને મોંગીર આવ્યા છે. હવે નિસ્તાર નથી. હવે આ વાત કોઇ વાતે ગુપ્ત રહેશે નહીં તે તું નકકી જાણજે.

શકુનિ—જે કૌશલ્યે આટલાં વર્ષ વાત છુપાઇ રહી છે તેજ કૌશલ્યે હવે તે કેમ છાની નહીં રહે ?

સતીશ—દુરદર્શી રાજા ટોડરમલ્લ મારા કૌશલ્યે હતાશ થાય નહી. તું રાજા ટોડરમલ્લને જાણે છે ?

શકુનિ—હા. પણ એનાએજ ટોડરમલ્લ કે જે એકવાર (પહેલીવાર) એ કૌશલ્યે પરાસ્ત થયા કે નહીં ?

સતીશ—ના. તે વેળા તે બે માસને માટે સેનાપતી તરીકે અંગ્રેજીમાં આવેલ હતા. એટલે એ વાતને એમણે મનમાં રાખી મૂ-

કી. ખોજ કરતાં કરતાં મુદત પૂરી થઇ એટલે ગયા. આ વારે તેઓ કાયમને માટે સુબેદાર અને સેનાપતિ થઇ આવેલ છે તેથી તે વાતની તેઓ જરૂર તપાસ કરશેજ. વળી ઘણી મુદત રહેવાના છે એટલે જે ખરી હકીકત હશે તે મેળવી લેવાને તેની તપાસ કરવાનો પુષ્કળ સમય છે તેથી મને તે બાબતનો અતિશય ભય છે. શકુનિ ! તું મને અટકાવીશ નહીં. હું તેમની પાસે જઇ સર્વ વૃત્તાંત નિવેદન કરી પ્રાર્થના કરી ક્ષમા માગીશ. તેણે મને એક વાર ક્ષમા આપી છે, વળી પણ આપશે. ત્યાર પછી હું આ ઘોર પાપરૂપ સંસાર ત્યાગ કરી કરેલા પાપનું પ્રાયશ્ચિત આરંભ્ત કરીશ.

શકુનિ--તેમ કરતાં તો આપને સંસાર ત્યાગ કરવા પર્યંત થોભવું નહિ પડે. પોતાના પ્રિય સુહ્રદ રાજા સમરસિંહની હત્યા કરનારા તમે છો એવું એમના જાણવામાં આવતાં તમને શું કરશે તે તમે જાણો છો ?

એ વ્યંગ વાક્યે સતીશ મર્માન્તક વેદના પામ્યો. પરંતુ કાંઇ બોલ્યો નહિ પણ મનમાં વિચાર કરવા લાગ્યો અને વિચારને અંતે એમ લાગ્યું જે શકુનિનું અનુમાન ખરૂં છે. ગુપ્ત કથા અપ્રકાશે રહેવા સંભવ છે પણ પ્રકાશ થતાં તો પ્રાણ રક્ષા કોઇ રીતે નથી. ઘણીવાર વિચાર કર્યા પછી બોલ્યો જે શકુનિ ! તું કદી પાપપુરૂષરૂપે અવતર્યો હોય તો પણ તારી સલાહ માન્યા વિના મારો છુટકો નથી. તારો તર્ક અલંઘનીય છે, તું મુર્તીમાન છે. પાપ પુરૂષ પોતેજ છું એમ સારી રીતથી હું જાણું છું, જોયું છે, અને અનુભવ્યું પણ છે. પરંતુ જે વાત વાજબી અને શકય છે તે વાતમાં તારી સાથે મળતા થવા સિવાય અન્ય ઉપાય નથી.

શકુનિ—તમારી સાથે વાદ કરવાની મારી ઇચ્છા નથી, તેમ

લાયકી પણ નથી. તોપણ હું તો કહું છું જે કોણ માથા વિનાનો માણુસ બંગદેશના દિવાન વિરૂદ્ધ સુબેદાર પાસે ફરિયાદ કરે વા અનુસંધાન પ્રેરક થાય. સ્વામીન્! મારી વાત માન્ય કરો. જે વાત ૭ વર્ષથી ગુપ્ત છે તે આજ (હવે) પ્રકાશિત થાય નહીં. હું આપની પાસે પ્રતિજ્ઞા કરૂં છું જે કદી હું એ વાત ગુપ્ત ન રાખું તો હું તમારી સમક્ષ પ્રાણ ત્યાગ કરૂં.

આશાનો પ્રભાવ અતિ ચમત્કાર છે, કે જે આશા કોઇવાર મનુષ્યને કેવું સુખ ને સાંત્વના કરે છે, તે આશા વળી કોઇવાર દુઃખનું કારણ પણ થઇ પડે છે. માનવ હૃદય અતિ ચમત્કાર એ આશાને આશ્રયે કેટલી રમતો કરે છે! વિપદ વખતે, પીડા વખતે, દુઃખ વખતે, હૃદયમાં ધર્મભય પ્રબળ થાય છે. વિપદ શાંત થએ અને પીડા દૂર થએથી તેમજ દુઃખનો પણ અંત આવતાં ધર્મનો ભય ધીમે ધીમે દૂર થાય છે. ઇતિ પૂર્વ સતીશચંદ્રના મનમાં વિપદ શંકા હતી તેથી તેની સાથે મનમાં પાપ તરફ ઘૃણા અને ધર્મભય પ્રબળ થયો હતો. શકુનિની સાથેની વાતચિતથી આશાએ તેના કાનમાં મંત્ર મુકયો કે ભય શો છે? વિપદ કયાં છે? ખાલી ચિંતા શા માટે કરે છે? સતીશચંદ્ર એ આશાએ મુગ્ધ થયો ને વિચારવા લાગ્યો કે વિપત્તિ ન આવે તો ન પણ આવે. વળી તેના અરસપરસના અનુસંધાનોનું પોતાના લાભમાં શંકા નિવારણ કરતો ગયો તેમ તેમ વિપત્તિ નહીં આવવા સંભવ જણાયો તેની સાથેજ ધર્મભય પલાયન થઇ ગયો. આ અસાર સંસારમાં માણુસને જે પ્રમાણમાં વિપદભય હોય તેજ પ્રમાણમાં જો ધર્મભય હોત તો શું આ સંસારમાં આવાં અદશ દુઃખ હોત?

ઘણીવાર વિચાર કરીને સતીશચંદ્ર બોલ્યો. શકુનિ! તારા ઉ-

પર મારો સઘળો આધાર છે. કહેતો ખરો કે વિપદ આવવાની કાંઈ સંભાવના છે ?

શકુનિ—(સમય વિચારીને ઉત્તર દે છે) આગળ કે હમણાં ગુપ્ત વાત પ્રકાશ થવાની કોઈ સંભાવના નથી. ખરે! કદાચ સમજો કે તે સંભવ ઉભો પણ થયો તોપણ શું! મહાપુરૂષે શું વિપદ વખતે કાયર થવું જોઇએ? ને કાયર થયે શું બચાવ થાય ?

બંગાળ દેશમાં તમારા યશની કોણ પ્રશંસા નથી કરતું ? બ્રાહ્મણ કુલમાં તમારા જેવું બીજું પવિત્ર કુલ કોનું છે ? તમારી ક્ષમતા પ્રમાણે અવર કોઇની ક્ષમતા છે ? આપના ગૌરવજેવું બીજાનું શું ગારવ છે ? આપના અધિકાર જેવો બીજા કોઇને અધિકાર છે ? બાળકની વાતને વજન દઇ આ સમૃદ્ધિ, ઘર, જમીન, પૈસો, અધિકાર, ગૌરવ, માન એ સર્વેનો ત્યાગ કરવો એ શું બંગાળ દેશના મહારાજાધિરાજ દિવાન બહાદુરને પક્ષે ઉચિત છે ? તમને હું સલાહ આપી શકું એવું મારૂં શું ગજું છે ? આપ પોતેજ વિચાર કરોને કે તમામ બંગાળમાં તમને કોઇ સલાહ આપી શકે એવો યોગ્યતાવાળો પુરૂષ છે ? હજુ સુધી તો બંગાળ દેશમાં કોઈ વર્ણમાં એવો પુરૂષ પાકયો નથી તેમ જન્મ્યો પણ નથી કે જે તમારી બરાબરી કરી શકે.

આ વાતનો કાંઇ ઉત્તર ન દેતાં સતીશચંદ્ર મનમાં ને મનમાં બોલ્યા જે ખરૂં કહે છે. અરે હું તે શું ગાંડો થયો છું ? બાલકીએ એ બોલ શિખામણના કહ્યા તેમાં તો હું બીનો ! અરે હું કોણ ? મારે વળી બીક શી ? મારી વિરૂદ્ધમાં વર્તન કરનાર વળી અવનિમાં કોઇ અવતર્યો છે શું ? મારૂં ધન, માન, ગૌરવ, કુળ, અધિકાર જે પ્રમાણમાં છે તેના એક સતાંશમાં પણ બંગાળમાં કોણ છે ? મારે ભય શું ? જવાબ કેવો ? ટોડરમલ્લ કોણ ? તેને ખમેડતાં કેટલી વાર ?

શું હું દીલ્હી ન જઇ શકું ? તેને ઉખેડી ફેંકી ન દઉં ? મારા હાથમાં કેટલા જમીનદાર ? એક વાર ધારૂં તો બાદશાહને પણ હું તોબા પોકરાવું નહિ ? એવું એવું વિચારે છે, બબડે છે, તેની અસર મુખ-મંડળ ઉપર ભિન્ન પ્રકારની થાય છે તેને ચતુર શકુનિ સામો બેશી એકી ટશે નિરીક્ષણ કરે છે. એમ કરતાં કરતાં તેણે જોયું જે હાં હવે સર્વ રીતે અભિમાન કુંભે ભરાયો છે, અહંતાએ એના અંતરમાં પુરો અમલ જમાવ્યો છે તેવો વખત જોઇ શકુનિ બોલ્યો જે પ્રભુ ? રૂદ્રપુરે મહાશ્વેતા (સમરસિંહની વિધવા) તથા તેની બાળ કન્યાને પકડવા સારૂં જે માણુસો મોકલ્યાં હતાં તેનું શું થયું ? ને આપે કંઇ જાણ્યું ?

સતીશ—ના એ એક વિષયનો ઉદ્વેગ હજુ બાકી છે. સાંભ-ળ્યું છે જે સમરસિંહની વિધવા ભારે ભયાનક સ્ત્રી છે. ટોડરમલ અત્રે આવવાના છે તેની વાટ જોતી હશે. અરે એ તો ઠેઠ દીલ્હી પહોંચી જઇને પણ કાંઇ ઉપસ્થિત કરે એવી છે.

શકુનિ—તે ભય કરશો નહિ. ટોડરમલના અત્રે આવતા પહેલાં સમરસિંહના વંશનાં તમામનાં મોઢાં બંધ થઇ જશે.

સતીશ—ત્યારે શું ? જે આપણે માણુસો મોકલ્યાં હતાં તે તેને પકડી લાવી શકયાં છે ?

શકુનિ—ના. હજુ લાવી શકયા નથી. પણ તે કામનો તો ઘાટ બીજી રીતે ઉતરી જશે.

સતીશ—માણુસો તેને કેમ પકડી શકયા નહિ ?

શકુનિ—સાંભળ્યું છે જે તેને પહેલાંથી આ વાતની ખબર પડી ગઇ તેથી રૂદ્રપુર મૂકીને નાશી ગયાં છે. સંભવિત છે કે પાગલી વિશુએ તેને બાતમી કહી દીધી હોય.

સતીશ—એ રંડા ડાકેણુ છે. મારા બધા કામમાં એ વિઘ્નકર્ત્તા છે. શકુનિ તેનેજ કાં પકડી નથી મંગાવતો ?

શકુનિ—મ્હેનત તો ખૂબ કરૂં છું પણ તે રાંડનું સ્થાયી ઠેકાણું નથી. હું ધારૂં છું કે તેનામાં કાંઇક પૈશાચીકબળ છે. કદિ તેમ જો ન હોય તો મારી દરેકે દરેક ખાનગી હીલચાલ તે કેમ જાણી શકે છે ? સાહેબ ! શું કહો છો. આજ ચાર માસથી તે પાગલીને પકડવા સારૂં એકસો માણસ મારાં ફરે છે પણ યુક્તિ સહિત તેને પકડી શકતા નથી.

સતીશ—ત્યારે હવે ઉપાય શો ?

શકુનિ—ચિંતા નહી. હું તરતમાંજ બધાંનાં મોઢાં બંધ કરૂં છું. હવે ઝાઝી રાત નથી. આપ આરામ લ્યો. એમ કહી તેણે પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું. જવા સમયે એ વાર સતીશચંદ્રના સામું જોયું ને મનમાં ને મનમાં બોલ્યો જે "શકુનિ શર્માની મંત્રણા વિના કોઇનો નિસ્તાર નથી તો તું પામરનું શું ગજું છે."

પ્રકરણ ૮ મું.

ધુર્ત્તેધુર્ત્ત.

બીજે દિવસે દિવાનજી મહા સમારોહ સાહત મોંગીર ગયા. (રાજધાનીમાં રાજા ટોડરમલની તેનાતમાં) કન્યા પાસેથી વિદાયગીરી લેતી વેળા વિમલા બોલી. પિતાજી ! આપ પધારો. મને પણ રજા આપતા જાઓ તો મારે પણ પ્રસિદ્ધ મહેશ્વર મંદિરે જઇ આપના મંગલ વાસ્તે અભિષેક કરાવવા છે. અને ભોળાનાથને પુંજા ચડાવીશ.

ત્યાં બે ચાર દહાડા રહી હું પાછી અત્રે આવીશ. પિતા કહે—અસ્તુ. અને ત્યાર પછી સ્નેહગર્ભ વઃ કયે પુત્રી પાસેથી રજા લઇ ચાલ્યા. જતી વેળા વિમલા મનમાં મનમાં બોલે છે. હા ! પીતાજી ! આ વિપુલ સંસારમાં હું અભાગણીને આપના સિવાય કોઇ આત્મીય નથી. તમો ન હો તો મારે મન તો સંસાર સદા અંધકારમય છે. ભગવાન તમને નિરાપદે રાખે. ધર્મ માર્ગે તમારી ગતિ થાઓ. તમારૂં નૈસર્ગીક ચરિત્ર ઉદાર અને અકપટ છે, પરંતુ કોણ જાણે કેવા ખરાબ ચોઘડીઆમાં શકુનિ સાથે મેળ મળ્યો છે જે તમારા ચારિત્રને દુષણ લગાડશેજ. શકુનિ પાસેથી રજા લેવા સમય તે બોલ્યો, આપ પધારો હું સમરસિંહની વિધવાને ગુપ્ત ઠેકાણે પુરી તેની યોગ્ય વ્યવસ્થા કરી બે ચાર દિવસની અંદર જેમ બનશે તેમ તરત તમારી પાસે (મોંગીર) આવું છું.

સતીશ—તને જેમ ઘટીત લાગે તેમ કર. હું તો તમામ તારા ભરોંસા પર મૂકી જાઉં છું. એમ કહી સતીશ ચાલે છે તેના પાછળ શકુનિ મનમાં મનમાં બોલે છે. હા ભાઇ ભા. ભરોંસાદાર છું કે નહીં ? તેની એની મેળે ખબર પડશે. હવે ઝાઝી વાર નથી.

શકુનિનો સતીશચંદ્ર સાથે આજ આઠ વર્ષથી સમાગમ છે. જ્યારે પ્રથમ પરિચય થયેલ ત્યારે શકુનિની ઉમર માત્ર વીશ વર્ષની અને દિવાનની ૩૪ વર્ષની હતી. શકુનિ દેખાવમાં રૂપાળો હતો અને નાની વયમાં ગરીબ બ્રાહ્મણનો દીકરો નિરાધાર હોવાથી સતીશચંદ્રને ઘેર શરણાગતપન્ન થયો હતો. સતીશચંદ્રે સુકુમાર નિરાશ્રય બ્રાહ્મણ પુત્રને આશ્રય આપ્યો ને ઉછેર્યો પણ તેમાં તે ભુલ્યો. એ તેણે બ્રાહ્મણ પુત્ર ઉછેર્યો નહોતો પણ કાલો સર્પ ઉછેર્યો હતો.

તીક્ષ્ણબુદ્ધિ શકુનિ થોડા વખતમાં સતીશચંદ્રનું હૃદય સમજી ગયો કે સતીશ દુર્દમનીય ઉચ્ચાભિલાષાગ્નિમાં પૂર વેગથી પ્રવેશે

છે. તેજ કેંદ્રને લક્ષ્ય કરી શકુનિ તે અગ્નિમાં આહુતિ આપવા લાગ્યો અને તે આહુતિદ્વારા અગ્નિ શિખા દીને દીને ગગન સ્પર્શી થવા લાગી અને એ ઘોર મદોન્મત્ત થઇને સતીશનું દિગ્વિદિક જ્ઞાન હરાયું, ધર્માધર્મ જ્ઞાન ગયું, અને એક વારે અંધઃપ્રાય થયો. શકુનિને સુયોગ મળ્યો. આંધળાને કુટિલ પંથે લઇ જવું દુર્લભ નથી. સારી સલાહને બદલે નઠારી સલાહ દેવા માંડી અને સ્વામીને કુપથે દોર્યો. શેષ એવા ઘોર પાપે નિમગ્ન કર્યો જે ત્યાંથી ઉદ્ધાર થઈ પ્રત્યાવર્તન થવું એ મનુષ્યને સાધ્ય જણાય નહીં. જ્યારે સતીશચંદ્રનાં ચક્ષુ ઉન્મિલીત થયાં, ક્રમે ક્રમે જાળ દેખાવા માંડી ત્યારે છેક મોડું થયું હતું. પસ્તાવા વિના બીજો કંઇ ઉપાય નહોતો. શકુનિની મનકામના સિદ્ધ થઇ. દિવાનને પૂર્ણપણે હસ્તગત કર્યો.

શકુનિને આશ્રય આપ્યા પછી થોડાજ વખતમાં સતીશ તેની તીક્ષ્ણબુદ્ધિ જાણી શકયો હતો. તેમજ તેના વિનયભાવે તે સંતોષ પામ્યો હતો. તે ચમત્કારીક સલાહ આપી શકતો તેથી તેના ઉપર દિવસે દિવસે તેની પ્રીતી વધતી ચાલી. પોતાને દીકરો નહોતો તેથી શકુનિને દીકરા તરીકે લેખતો ને તે મુજબ રાખતો. કોઇ કોઇ વાર તેને દત્તક કરી લેવા ઇચ્છા પણ કરતો. કોઇ વાર ઘર જમાઈ કરી લેવા ઇચ્છા કરતો, પરંતુ નિરાશ્રિત અને ગરીબ બ્રાહ્મણના પુત્ર સાથે પોતાની કન્યાને પરણાવતાં માન હાનિ થવા ભિતી લાગતી તેથી વળી તે વિચાર પડતો પણ મૂકતો. વળી કરતો. પણ સમય સમયનું કામ કરે જાય છે. પુત્રીની ઉમ્મર મોટી થઈ પરંતુ કુલિન કન્યા વયે મોટી હોય તો પણ હરકત શી છે ? વળી પોતાની સ્ત્રી ગુજર્યા પછી બમણો સ્નેહભાવ વધ્યો. કન્યાનો વિવાહ કરી પરઘેર વળાવતાં ઘર શૂન્ય થશે તેથી વિવાહ જેમ મોડો કરાય તેમ સારૂં એવો વિચાર

કરતો. વળી ઘણીવાર શકુનિને ઘરજમાઇ કરી લેવા સંકલ્પ કરતો. વળી જ્યારે પાપ પથેથી તેનાં ચક્ષુ ઉન્મિલીત થતાં ત્યારે વળી એમનો વિચાર માંડી વાળતો. પાપ એવો ઘૃણાનો પદાર્થ છે કે એક જણ પાપી હોય તે બીજાનું સારૂં કરી શકેજ નહીં. પ્રીતી રાખી શકે નહીં. તેમજ ખરા અંતઃકરણથી કોઇને ચાહી શકે નહીં.

ઉન્નત ચારિત્રા, ધર્મપરાયણા દીકરીનો કુટીલ સ્વભાવના અને કપટાચારી શકુનિ સાથે પાણીગૃહણ કરાવું, એ યંત્રણા મારાથી ન થાય, એમ દિવાન વિચારતો. વળી કહેતોજ કે હું પાપીજ ખરો. પણ પાપનીએ હદ છે. ધર્મ પરાયણ સમરસિંહની હત્યા કરી છે, એ શું થોડું પાપ છે ? જે વળી સ્નેહ પુતળી દીકરીને વળી નરક કુંડમાં નાંખું. મારૂં જે થયું તે થયું. પણ વિમલા તો ધર્મ પથે રહો એવી પોતે મનમાં આશીશ દેતો. પરંતુ શકુનિને તેના મોંપર કશું કહી શકતો નહીં, અર્થાત્ તેનાથી ભય પામતો. દિવાનનાં જે કુકર્મ તે બધાં શકુનિની મારફતજ થએલાં એટલે એને જરા પણ ગુસ્સાનું કારણ આપે તો પોતાનું શું થાય ? તેની જીંદગી પણ થોડા વખતનીજ થાય. એ ભયે સતીશ શકુનિના હાથમાં એક રમકડારૂપ થઇ પડયો.

દુનિયામાં બધે એમજ બને છે. જ્યાં જ્યાં જોશો ત્યાં એજ પ્રકાર છે. એક રૂશવતખોર અમલદાર પોતાના હાથ નીચેના દશ રૂ. પીઆના પટાવાળાના દબાણમાં જો તેના હાથથી રૂશવત લેતો હશે તો હશે. એક રાજરાણી એક હલકી ગુલામડીના હુકમમાં જો તેની મારફતે તે કુકર્મ (જાર) કર્મ કરતી હશે તો હશે. વળી એક શેઠ પણ એક હલકા ગુમાસ્તાના હાથમાં જો તેની મારફત બીજાની કોઇ પ્રકારની ચોરી કરતો હશે તો રમકડા જેવો હશે તો આ બાબતમાં

તેમ બનવું સર્વથા શક્ય છે. રાજા સમરસિંહજેવા મહાન્ વીર નરનો પ્રાણદંડ કરાવવામાં કેટકેટલાં જુઠાં અનુસંધાનો, ચોરીઓ ઇત્યાદિ કરવાં પડયાં હશે ? તે સઘળાનો કર્ત્તા શકુનિ હતો ખરો. પણ તે દિવાન સાહેબને માટે અને તેમના હુકમથી. નિમકહલાલ નોકર ધણીના હુકમથી પોતાનું માથું આપવા તૈયાર હોય છે તો પછી આ શકુનિ ધણીને વાસ્તે સો માણસનાં માથાં કાપવા તૈયાર કાં ન હોય ?

શકુનિ ઘોર પાપી બલ્લગાકુલ્ય હતો. સતીશચંદ્ર પાપી પણ તેના પાપની પરિસિમા હતી. તેના ચારિત્રમાં કંઇક સદ્ગુણ તેના હ્રદયમાં કંઇક અંશે મહાનુભાવ લક્ષિત હતા. પાપના પ્રાયશ્ચિત તરીકે કોઇકોઇ વાર તેને ગ્લાની પણ થતી. પરંતુ શકુનિને એમાંનું કશું નહોતું. કેવળ ઘોર સ્વાર્થ તત્પરતા અને દુર્લંઘ કુટિલતા.

સતીશચંદ્રની માફક તેનામાં દુર્દમનીય વેગવતી મનોવૃત્તિ એક પણ નહોતી. તેનું હ્રદય પ્રવૃત્તિએ શાંત અને સકળ પ્રવૃત્તિ ઘોર સ્વાર્થ પરના ઉપર અનુચારીણી હતી.

કરોળીઓ જેમ વૃક્ષ પત્રાદિ દેખી ધીરે ધીરે જાળ વિસ્તારે તેમ શકુનિ સામા મનુષ્યની મનોવૃત્તિનો વેગ સમજી લઇ અતિ ધીરે ધીરે પોતાની સૂક્ષ્મ જાળ વિસ્તાર કરતો. તે મંત્રણા જાળ એવી તો સૂક્ષ્મ તેમજ દુર્લક્ષ્ય અને દુર્લંઘ કે માનવ જાત ભેદી શકવા સાધ્ય બને નહીં. પ્રેમ, બંધુત્વ, દયા, કૃતજ્ઞતા વિગેરે સુકુમાર મનોવૃત્તિવડે જગત્ બદ્ધ અને માનવજાત એકત્ર થઇ રહી છે. શકુનિ તે બધાથી સ્વાધીન હતો. યશે અભિરૂચી તથા ઉચ્ચાભિલાષા વગેરે જે દુર્દમનીય મનોવૃત્તિ અનેક માણુસને વિચલીત કરે છે તેનાથી પણ શકુનિ સ્વાધીન હતો. અર્થાત્ પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને ગુઢ મંત્રણાએ સ્વ સ્વાર્થ સાધનમાં કોઇવાર પણ તે નિષ્ફળ થયો નહોતો. શકુનિએ સ-

તિશચંદ્રને કહ્યું જે મારા માણુસો સમરસિંહની વિધવાને પકડી શકયા નથી તે વાત જુદી છે. શકુનિ જેવા તીક્ષ્ણ બુદ્ધિ પુરુષને મહાશ્વેતાને પકડી મંગાવવી એ જરાએ દુઃસાધ્ય નહોતું. પોતાને દિવાનની સાથે મોંગીર જવું નહોતું માટે એ ઘાટ રચ્યો હતો. શકુનિની મંત્રણા જાળ ભેદ કરવા મારૂં શું ગજું? વાચકવર્ગ ચાલો, શકુનિ એકલો બેઠો બેઠો કંઇ ચિંતા કરે છે ત્યાં જઈ સાંભળીએ. તેમાં કંઇ ભેદ સમજાય છે.

ચતુર્વેષ્ટિત દુર્ગ પ્રશાંત કક્ષે એક બાજુ શકુનિ એકલો બેઠો બેઠો ચો તરફ જણાતાં વિસ્તીર્ણ ક્ષેત્ર જુએ છે. દુર્ગ પદચારિણી યમુનાનો કલકલ શબ્દ સંભળાય છે. મધ્યે મધ્યે દુર્ગની અંદરના અંતઃપુર તરફ દૃષ્ટિ કરે છે. સ્વાર્થપર 'મનુષ્યની સ્વાર્થ વૃત્તિથી મુખ મંડળ ઉપર જેમ આનંદ રેખા દસ્યમાન થાય છે, તેમ શકુનિના મુખ ઉપર આજ આનંદરેખા દેખાય છે. વળી તે આનંદ ઉલ્લાસપૂર્ણ છે. એવે વખતે તે એકલો બેઠો બેઠો વળી, શી ચિંતા કરે છે?

આ સુવિસ્તીર્ણ જમીનદારી, (સતીશચંદ્રની) આ પ્રશાંત દુર્ગ, આ અંતઃપુરવાસીની સપ્તદશ વર્ષીયા સુંદરી થોડાજ વખતમાં નવો સ્વામી કરશે. પૂર્વે જે સમરસિંહનો પ્રજાવર્ગ ગણાતો હતો તે સતીશચંદ્રની વસ્તી કહેવાય છે, તેજ પ્રજાવર્ગ અલ્પ સમયમાં રાજા શકુનિની જય ઘોષણા કરશે. કલ્લોલીની યમુના શકુનિ મહારાજનાં ગૌરવ ગીત ગાશે. અરે ! ગાંડી વિમલા તું મારી ઘૃણા કરે છે ? પણ સમજ. તે દિન હવે ગયા. હવે તો તારી મરજી હો કે ન હો તો પણ તારે મને સ્વામી કહી આલિંગન કરવું પડશે. હવે કદિ ઘૃણા કરવા જઇશ તો ચાંચડની માફક ચોળાઇ જઇશ, અને મરેલા ચાંચડને જેમ ફેંકી દેવાય છે તેમ તું ફેંકાઇ જઇશ. જો કે મને તારાપર પ્રેમ નથી અને પ્રેમને લીધે તારો વિવાહ કરવા માગતો નથી.

પ્રેમ શું છે ? પ્રેમ તો મૂર્ખ લોકની ભૂલ છે. પ્રેમ કેવો ? ક્યાં ? શા માટે ? કોણ કરે ? હું તો પ્રેમને જાણું પણ નહીં. તારા રૂપ લાવણ્યને લીધે હું તને ગ્રહણ કરવા ઇચ્છતો નથી. મારી પાસે રૂપ લાવણ્યનો આદર નથી. મને કદી રૂપાળી લાવણ્યવાળી સુંદરીની આવશ્યકતા હશે તો લખપતિ થયા પછી કન્યાનો અભાવ કેવો ? ત્યારે તને જીવતી મૂકું કેમ ? સતીશચંદ્ર ! ખબરદાર. આજ તારે જમ મંદિરમાં જવુંજ પડશે. મેં જે ગુપ્ત અનુચર મોકલ્યો છે તે બધી વાત રાજાને નિવેદન કરશે. તારૂં તમામ પોગળ ફોડશે. એટલે શકુનિએ કરેલા દોષો પણ તારા ઉપરજ આવવાના. ત્યાર પછી તારૂં તો મૃત્યું.......

ત્યાર પછી નિઃસંતાન સતીશચંદ્ર ગત થતાં તેની સઘળી સંપત્તિનો અધિકારી મજકુર સતિશચંદ્રના જમાઇ વિના બીજો કોણ હોઈ શકે ? માટે હું સતીશનો જમાઇ અને વિમલા તારો પતિ થવા માગુ છું. આહા ? તીક્ષ્ણ બુદ્ધિવાળા માણસો સર્વદા જયજ પામે છે. એમ વિચારતાં વિચારતાં તેની દૃષ્ટિ અંતઃપુર ઉપર પડી. ત્યાં ગોખની એક બારી પાસે વિમલા ઉભી છે. તેનો બાપ નથી, પરંતુ પિતાના જવાના માર્ગપ્રતિ અનિમેષ લોચને માર્ગ પ્રતિક્ષા કરે છે. અતિશય રૂદન કરવાથી મુખે ગંભીરભાવ ધારણ કર્યો છે. અદ્યાપિ પણ ચક્ષુદ્ર્ય જલપૂર્ણ છે. અધરોષ્ઠ કંપીત થાય છે. ઉન્નત વક્ષઃસ્થળ ક્ષોત થાય છે. વસ્ત્ર અશ્રુજલે પ્લાવીન થઇ રહ્યું છે. તે ઉંચા સ્વરે રૂદન કરતી નથી. અને તેમ કરે તો પણ શું ? તેના હૃદયનો ગંભીર વિષમભાવ તેનાથી કાંઇ પ્રકાશ પામે ?

શકુનિ ધીરેધીરે માંજારપદરવે તે તરફ વધ્યો અને વિમલાના સન્મુખે સ્તબ્ધ થઇ ઉભો, કત્રીમ અશ્રુ બિંદુ પાડવા લાગ્યો. તેને જોતાં ક્રોધથી ઘૃણા કરી વિમલા ત્યાંથી ચાલી ગઈ. તેને પ્રસન્ન કરવાનો પહેલો પ્રયત્ન એ રીતે નિષ્ફળ થયો.

પ્રકરણ ૯ મું.

ઉપાસકે ઉપાસક.

ચતુર્વેષ્ટિત દુર્ગથી ૫–૬ કોશ દૂરે ઇચ્છામતી નદી તીરે પ્રસિદ્ધ મહેશ્વર મંદિર હતું. સંધ્યા સમયે શિબિકા આરોહણ કરી વિમલા પોતાની દાસ દાસીઓને લઇને મહેશ્વર મંદિરે જાય છે. પિતાના માન અને ગૌરવ પ્રમાણે સ્વાર, પ્યાદા, રથ, પાલખીઓ તથા ઘણા દાસ દાસીઓ લઇને બંગદેશના રાજાધિરાજ દિવાન બહાદુરની એકની એક પુત્રી પોતાના પૂર્ણ ઠાઠથી મહેશ્વર મંદિરે ગઇ. દૂર દેશથી પણ અનેક યાત્રાળુઓ હમેશાં આવતા જતા હતા. અને ભગવાન્ શંકર પાસે મનોવાંચ્છિત વર માગતા હતા. વૃદ્ધ યાત્રાળુ પોતાના પુત્ર પુત્રીની મનકામના પૂર્ણ થવા સારું શ્રીમહાદેવને પુંજા ચડાવા આવતા. યુવતિગણ પુત્ર કામના પૂર્ણ થવા સદાશિવને આરાધતી. ચીરકાળ રોગી લોક શાંતિ પામવા સારું મહાદેવને પ્રસન્ન કરવા મંત્રો જપાવતા. યોદ્ધાઓ વિજયની આશાએ વિશ્વ વિભુને વંદન કરવા આવતા. લોભી લોક ધનલાલસા પૂરી કરવા આવતા. જુવાન વિદ્યાર્થી લોક વિદ્યાની પ્રસન્નતા માગતા. એ રીતે નાના પ્રકારના લોક અનેક તરેહની આશાએ મહાદેવને પુંજતા, ઉપાસતા ને વર માગતા હતા. ઘણા વખતનું જુનું શિવાલય હોઇ મંદિરમાં યાત્રાળુ તરફથી ધન આમદાની વધારે હતી અને જે સંચય થતો તેનો ઉપયોગ ઇમારતને સુધારવા વધારવામાં કરવામાં આવતો. શિવાલયનો મોરાનો ભાગ તથા તેને લગતી ઇમારતો તથા તેને સુશોભિત કરવામાં ધન સંચય વપરાતો. વચ્ચે ઊંચું શિખરબંધ મંદિર અને તેની ચારે બાજુ દ્વાદશ [illegible] [illegible] પર્વતની

ટેકરીઓ (સોધમાલા) હતી. જગ્યાને અંગે કેટલાંક સાધારણ જાતનાં ઘરો બાંધવામાં આવેલાં છે જે યાત્રાળુને ઉતારા તરીકે અપાય છે તથા તેની ભાડાની આમદાની જે આવે તે મંદિરમાં વપરાય છે. સોધમાળા એવી સરસ રીતે મંદિરની આસપાસ આવેલી છે કે જાણે દેવળને ચોતરફ આકાશ દંડ ન ખોડ્યા હોય ? તે ટેકરીઓ પણ અતિ ઉંચી ઉજ્વળ ને ઉન્નત હતી. જેથી દૂરથી જોતાં અંદર શું હશે તે જણાય નહીં. એ સોધમાળાની અંદર થઇને મંદિરમાં જવાય અને તેમાં પ્રવેશ દ્વાર ચાર બાજુએ ચાર છે જેને સિંહદ્વાર કહેવાતાં. પાલખી કે ગાડી તે સિંહદ્વાર સુધી લઇ જઇ શકાય છે. અંદર પેસતાં સર્વેને પગ પાળા જવું પડતું. પછી ભલે ચાલનાર રાજા કે રાણી, અમીર ઉમરાવ ફકીર વેરાગી કે કોઇ કંગાલ હોય. પણ તેનો તે જગાએ ભેદ રહી શકતો નહીં. અર્થાત્ ભસ્મવિભુષિત સન્યાસી અને સુવર્ણ રૌપ્યાલન્કૃત મહારાજાધિરાજ એકત્ર પથે ચાલતા જતા. ધર્મ સન્મુખે ઉચ્ચ કોણ ? નીચ કોણ ? ધનીવા કોણ ? દરિદ્રીવા કોણ ?

જો કે આ દેરાને અંગે પુષ્કળ ઇમારત વિભાગ હતો તથાપિ કોઇ કોઇવાર માણસોની એટલી બધી ભીડ થતી કે એ ભવ્ય મકાન ચિકાર થઇ જતું. ફક્ત જાત્રાળુ લોકજ ત્યાં આવતા તેમ નહોતું પણ જુદી જુદી જાતના લોક જુદી જુદી જાતનાં દ્રવ્ય લઇને જેવાં કે નાનાં બાળકોને વાસ્તે તરેહતરેહનાં રમકડાં, અને જુવાનને વાસ્તે અનેક તરેહનાં અલંકારો, વસ્ત્રો, નાનાં પ્રકારનાં વ્યવહારિક દ્રવ્યો ત્યાં દિવારાત્રીવિક્રય કરવા આવતાં અને એથી એ ખાતાના વ્યવસાયી લોકો સદા વ્યસ્ત દેખાતા. તેઓને મહાદેવની પુંજા કરવાનો સમય મળતો નહોતો. વર તો જોઇએ બધાને પણ મહાદેવને નવડાવી ચંદન, પુષ્પ, બીલ્વદલ; અર્પીત કરી તેમની કૃપા મેળવવા જેટલો વખત તેમના પોતાના દ્વાર

બારમાંથી ફાલતું મળતો નહીં. વિમલા જે દિવસે પોતાના રસાલા-સહિત મજકુર મંદિરે પહોંચી તે દિવસ છેક રાત પડી ગઇ હતી. વિશ્રામ કરીને આહારાદિ કરતાં રજનીપ્રાય બે પહોર ગયા. આજ વિમલા સિવાય સર્વે લોકોએ અન્ન ગ્રહણ કર્યું છે. ફક્ત વિમલાએ મહાદેવને પુંજા ચડાવ્યા સિવાય નહીં ખાવા નિશ્ચય કરેલ છે. સૌ માણસોએ ઘણુંક વિનવ્યું જે બહેન ! આ વખતે ઘણી રાત્રી ગઇ છે તેથી પુંજા થઇ શકશે નહીં. પરંતુ વિમલાના નિશ્ચય આગળ તે નિષ્ફલ ગયું. સૌ માણસો આહારાદિથી આટોપ્યા બાદ પોતે એકલી ધીરે ધીરે મંદિર તરફ આગળ વધી. તેને પુંજન કર્યા વિના ચેન પડે કેમ ? તેનું હ્રુદય તો ચિંતા પરિપૂર્ણ હતું. સૌ લોકોને તેણે જણાવ્યું જે મને પુંજા કર્યા વિના ચાલે નહીં. ચંદ્રોદય થયો છે, સન્મુખ ઉચ્ચ મહેશ્વર મંદિર ચંદ્રના પ્રકાશથી અધિક ઉજ્વળ થઇ ગંભીર નીલ આકાશે જેમ ચિત્ર રેખાવૃત હોય તેમ દેખાય છે. ચોતરફની સોધમાળાઓ જાણે રૌપ્ય મંડિત હોય તેમ જણાય છે. દૂર બહારથી જોતાં એ સોધમાળાથી હજારો દીપ જણાય છે. શિતલ સુગંધી સમીર વહે છે અને નજીકનાં ઉંચાં વૃક્ષોનો સુમધુર ગંધ ફેલાવે છે. તે સિવાય મધ્યસ્થ પ્રશાંત ભુમિખંડ પ્રાયશઃ નિઃશબ્દ છે. સ્થાને સ્થાને ઝાડોમાં તથા શુષ્ક પત્રોના ઢગલાઓ ઉપર જાણે તારાગણો દેખાય છે. ઠેકાણે ઠેકાણે તમરાંઓ બોલે છે. કવચિત કવચિત ગાયોના બરાડા શ્રવણ ગોચર થાય છે. એવા નિસ્તબ્ધ અને શાંત પથે જતાં જતાં વિમલાનું હ્રદય કંઇક અંશે શાંત થયું. ચિંતા પણ કંઇક અંશે કમતી થઇ. પ્રકૃતિ સ્થીર થતાં હ્રુદયમાં શાંત ભાવ પ્રગટયો.

વિમલા વિચારે છે કે ઓહો ? આનું આજ દેવાલય કે જ્યાં પ્રાતઃકાળે અલ્પ માણસો હોય, બપોરે ટોલાટોલ હોય, સાંજે ઊભા રહે-

વાની પણ જગ્યા ન હોય અને અત્યારે તે નિઃશબ્દપ્રાયજન શૂન્ય. મારૂં જીવન પણ એવુંજ છે. શિશુ અવસ્થામાં પ્રવૃત્તિ ધીરે ધીરે ચાલુ થઈ, યૌવનમાં એ પ્રવૃત્તિ સમુદ્ર દુર્દન્ત પ્રતાપ એવી કે જાણે જગત સંસારને ગળી જાઉં, વૃદ્ધાવસ્થાએ ધીમે ધીમે કમતી થઈ, શેષ શાસ્ત, નિઃશબ્દ થઇ અનંત સાગરમાં વિલીન થઇ જશે. અરે તે પણ વારી બિંદુ માફક. ત્યારે આટલી બધી ધામધુમ શેની? આટલો દર્પ, આટલો ગર્વ, આટલું કૌશલ્ય, આટી મંત્રણા કેમ? આટલો ક્રોધ, આટલો લોભ, આટલી બધી દ્રવ્ય લાલસા શા માટે? ઉચ્ચાભિલાષાનું શું કામ? કોણ કહેશે કેમ? વિધીના બંધ કોણ તોડી શકે છે? જે પતંગ એક મુહુર્ત મધ્યે ભસ્મસાત થશે તેને વળી પાંખ પસારી આકાશપ્રતિ ધાવમાન થવાની દરકાર શું? જે ઝાકળનું ટીપું ક્ષણ મધ્યે માણસના પગે દબાઈ જવાનું છે વા પ્રાતઃકાળ થતાંજ રવિકીર્ણ સ્પર્શેજ સુકાઇ જવાનું છે તેનામાં વળી હીરાના કટકા જેવો પ્રકાશ વિસ્તાર કેમ?

એ રીતે ચિંતા કરતાં કરતાં વિમલાએ બે વાગ્યાનો ઘંટારવ સાંભળ્યો. એ ઘંટારવ ચતુર્દિકેશો વ્યમાન હોઇ દશ ગણો વૃદ્ધિગત પામ્યો, અને વાયુ માર્ગે સંચરણ કરવા લાગ્યો. નિસ્તબ્ધ નૈત્ય ગગને આંગારણ કરી સંગરણ કરવા લાગ્યો. ઘંટારવ શેષ થતાં ન થતાં ત્રીજા પહોરની પુંજન શરૂ થઇ. અનેક સ્વરે ગિત્રીત શિવજીનાં ગીત શરૂ થયાં. અને ક્યારે ધીમાં, ક્યારે જોરથી એમ સંભળાવા લાગ્યાં. ઉપાસકોનાં મન દ્રવિભૂત થવા લાગ્યાં. વિમલા પણ કંઇક ગણુ ગણવા લાગી. અને તેના હૃદયમાં પ્રેમ ઉલ્લાસ પ્લાવીત થવા લાગ્યો.

પોતે જ્યારે મંદિરમાં પહોંચ્યા ત્યારે વધારે ઉપાસક નહોતા. લગભગ બધા ચાલ્યા ગયા હતા તેથી પોતે પુંજનમાં આસક્ત થઇ

પ્રાયશઃ એક પહોર સુધી મુદિતનયને પ્રશાંત શરીરે મહાદેવની સ્તુતિ કરવા લાગી. હૃદયમાં જે પવિત્ર કામના ઉત્પન્ન થઇ છે તદનુસાર મુખમંડળે ભાવ દેખાય છે. તેને માતા, ભ્રાતા, બંધુ, ભગિની, સ્વામી કોઇ નથી. પિતા એક માત્ર ભક્તિ કરવા યોગ્ય છે. તેજ સ્નેહપાત્ર, તેજ પરમબંધુ, પિતા પુજનીય દેવતા, વિમલા અપાર સ્નેહ સહિત અપરિસીમ ભક્તિથી, એક માત્ર તેના કલ્યાણને માર્ગે ધાવમાન થઇ.

પિતાના દુઃખે દુઃખ અને તેમના સુખે સુખ છે જેને તથા તેના જીવનવડે પોતાનું જીવન ધારણ કરેલું છે જેણે એવી સુપાત્ર કન્યા તેના મંગળને માટે વારંવાર શિવની સ્તુતિ કરે છે.

શુદ્ધ અંતઃકરણથી અને નિર્મલ પ્રેમથી કોઇ પણ પ્રકારની ચેષ્ટા વિના અનેક પ્રકારની સ્તુતિ પ્રાર્થના કરતી વિમલા ધ્યાનમગ્ન થઇ ગઇ અને તેથી તેનાં હૃદયકપાટ ખુલી ગયાં.

ઉપાસનાને અંતે જ્યારે વિમલા પ્રણીપત કરી ઉભી રહી ત્યારે તેનું હૃદય સંપૂર્ણરૂપે ચિંતાશૂન્ય અને શાંત હતું.

એકદમ બહાર ચાલી ન જતાં ધીરે ધીરે ઔત્સુકયફુલ્લ લોચને જોવા લાગી. પોતે ઘણા દિવસથી આ મંદિરે આવી નહોતી, તેથી મંદિરના દરેકે દરેક પદાર્થ તેને નવા જણાવા લાગ્યા.

કોઇવાર સુનિર્મિત પ્રશાંત ચમત્કારીક અટ્ટાલીકાઓ જુએ છે, કોઇ વાર કોરણી ને કારીગરી જુએ છે, કોઇવાર પુષ્પાલંકાર ધારી ધારીને જુએ છે. એમ જોતી જોતી ધીરે ધીરે પદ સંચાર કરવા લાગી. વચ્ચે વચ્ચે કોઇ દેવદાશીને પુછીને શંકાઓનું સમાધાન પણ કરે છે. મંદિરમાં પુરૂષવર્ગ કોઈ નથી તેથી તેને આ કામમાં કાંઇ હરકત આવી નહી. એક તરફ માત્ર એક જાત્રાળુ ઉંઘે છે. વિમલાની દૃષ્ટિ તેના પર પડી. તેનું અ-

લૌકિક તેજપરિપૂર્ણ સૌંદર્ય જોઇને પોતે વિસ્મીત થઇ અને દૃશ્યનો ત્યાગ કરી શકી નહીં. યુવકનું લલાટ ઉદાર અને પ્રસન્ન પરંતુ નિદ્રામાં પણ જાણે કોઇ ગાઢ ચિંતામાં સંકુચિત થયું છે. નયન મુદ્રિત, મુખમંડળ ઉજ્વળ અને વીરદર્પ પ્રકાશક છે તેને બરાબર નિહાળતાંજ તે સમજી ગઇ કે આ કોઇ સાધારણ જાત્રાળુ નથી. પણ કોઇ વીર પુરૂષ કોઇ પણ વીરવૃત્તિ થઇ દૂરદેશમાં યાત્રા કરવા જાત્રાળુ સાથે આવેલ છે. શાંતિને માટે અથવા બીજી ઉતારાની અસંગવડને લઇનેજ તે અત્રે સુવે છે. વિમલા વીરબાલા છે તેથી આ વીર પુરૂષને જોતાંજ તેના અંતઃકરણમાં અત્યંત શાંતિ થઇ અને અનિમેષલોચને તેના તરફ જોઇ રહી.

તે પુરૂષની નિંદ્રા ભંગ થઇ ગઇ તેથી તે ગાત્રોત્થાન કરી ઉભો થયો. નેત્ર ઉન્મુલન કરી જુએ છે તો સામે ઉજ્વલી નયના તરંગી ઉભી છે. ચાર આંખ ભેગી થતાંજ વિમલાને સ્મૃતિ થઇ કે હું કોઇ પરપુરૂષ સામું જોઉં છું. તેથી તરત મોં નીચું કરી લાજથી ધીરે ધીરે ચાલી ગઇ. લગભગ પ્રાતઃકાળ થયો છે. લોકોનું આવાગમન થાય છે. લોક સન્મુખે પદવ્રજે જાત્રાયાત કરવાનો તેને અભ્યાસ નથી તેથી ત્રાસ પામીને ઉતાવળી ઉતાવળી પોતાને ઉતારે આવી.

દાસીએ પૂછ્યું. બા અત્યાર સુધી શું કર્યું? તેના જવાબમાં વિમલા બીજું શું કહે? ઉપાસના કર્મ એટલોજ જવાબ. તે પણ મહા મુશ્કેલીએ અને હૃદય કપાટને કેટલોએ ધક્કો મારીને બહાર કર્યો.

તેના મનમાં અનેક તરંગો આવવા લાગ્યા. એ વીરપુરૂષ કોણ હશે? ક્યાંથી આવ્યો હશે? શું વૃત્તે તે વૃત્તિ હશે? જાતે કોણ હશે? અત્રે કેટલાક દિવસથી આવેલ હશે? અત્રેથી ક્યાં જનાર હશે? તેની સાથે બીજાં માણસો હશે શું? આ સ્થિતિમાં કેમ હશે? મા-

શાથી કેમ પૂછાય ? મારે શું દરકાર ! આવા ભાગ્યવાનને પણ વળી શી ન્યૂનતા હશે ? એ રીતે અનેક ચિંતાઓ કરતી કરતી પોતાના શયનગૃહમાં આવી.

પ્રકરણ ૧૦ મું.

પરિચય.

સકલ રાત્રી જાગરણ કર્યાથી હવે કંઈક આરામ લાભ મેળવવાની ઇચ્છાથી વિમલા બિછાને ગઈ. આ વખતે તેને સહજ નિંદ્રા આવી. તે પણ સ્વપ્ને પરિપૂર્ણ. જે જે દેખાવો જોયેલા તે તે, દેવ, આંગણું, ચંદ્રનો પ્રકાશ, મહેશ્વરનાં ગીત, મહાદેવની મૂર્ત્તિ, છેવટ સુંદર વીર પુરૂષ જે જાત્રાળુ રૂપે આવેલ છે ને જેને મંદિરના અંદરના ભાગમાં સુતો અને પછી જાગેલો જોયો છે તે સઘળું દૃશ્ય સ્વપ્નમાં તાદૃશ થયું. નિંદ્રા ત્યાગી જુએ છે તો ત્યાં સૂર્યનાં કિરણ પડે છે. બહાર લોકનો કોલાહલ સંભળાય છે. ઉજાગરાથી તેની આંખ ભારે થઈ છે. શરીરનો ગૌરવર્ણ રૂક્તશૂન્ય હોવાથી તેના ગૌરવમાં અધિક વૃદ્ધિ કરે છે. વિખરાએલા કેશ સમારી ગાત્રોત્થાન કર્યું.

આખો દિવસ બેચેનીમાં ગયો. રાતનો દેખાવ તેની આંખ આગળ તરવરવા લાગ્યો. ઘણોએ વિચાર કરતાં પણ કંઈ કારણ સમજી શકાયું નહીં.

શૌચ સ્નાનાદિક કરી યથા સમયે ભોળાનાથની પુંજા કરવા ગઈ. મહાદેવના ઉપરની પૂર્ણ શ્રદ્ધાને લીધે ત્યાં તેનું મન સ્થીર થઈ ગયું. ઘણીવાર શિવની ક્ષમા પ્રાર્થના કરતાં જણાવા માત્રમાં ગઈ કાલે

દેખેલો અતિથિ નજરે પડયો. કેમકે તે પણ શંભુની આરાધના કરી બહાર આવતો હતો. ક્ષણવાર તે ઉપાસક સામું જોઇ પોતાના સંયમાસ્ત્રબાણુ વડે રક્ષા પામી રસ્તે ચાલી. યુવક કિંચિત વિસ્મય થઇ વિચાર કરે છે કે આ રમણીને હું બે દિવસથી જોઉં છું અને તે પણ બે દિવસથી બરાબર મારા સામું જોઈ રહે છે તેથી હું ધારૂં છું જે તે મારી સાથે કંઇ વાતચિત કરવા માગે છે પણ હું અપરિચીત હોઇ પર પુરુષ સાથે વાત કરતાં લજ્જા પામે છે. માટે હું તેને તે બાબતનો ખુલાસો પૂછું તો ઠીક. એમ વિચારી તેની નિકટ ગયો. પણ અપરિચિત, વળી અપરમા સુંદરીની સાથે વાતનો આરંભ શી રીતે કરવો તથા તેને કયા વિશેષણથી સંબોધન કરતું ? એ રીતે મનમાં ઘડભાંગ કરતાં કરતાં છેવટ મનમાં બોલે છે જે કદાચ હું તેને કંઇ ન પૂછું ને કોઇ ગુઢ વિષયમાં તે અવ્યક્ત રહે તો જે કારણે તે મંદિર આવી છે તે તેનું આવતું નિષ્ફળ થાય.

યુવક ધીરે ધીરે વિમલા નિકટ જઇ બોલ્યો. ભદ્રે ? હું અજાણ્યો માણુસ આપની સાથે રજા સિવાય વાત કરવા સાહસ કરું છું તેને માટે ક્ષમા કરશો. પરંતુ મને લાગે છે કે આપ મને કંઇ કહેવા માગો છો. જો તેમ હોય તો કૃપા કરીને ફરમાવો.

વિમલાના કાનમાં અમૃત વર્ષણ થયું. તેનું શરીર પ્રફુલ્લિત થયું, અને તે નીચું મુખ કરીને ઉભી રહી. યુવકે જોયું કે ઉત્તર કાંઈ નહીં પણ તે ઉભી છે તેથી તેણે ફરીથી કહ્યું. ભદ્રે ! આપે મને કંઇ કહેવાનું ધાર્યું હોય તો કહો, હું સાંભળીશ. અહીં કોઇ અન્ય જનસંચાર નથી. વિમલા ધીમે સ્વરે બોલી. આપનું નામ શું છે ? યુવકે ઉત્તર આપ્યો કે નામ તો આ વખતે ગુપ્ત રહેશે. પણ અધુના મને ઇંદ્રનાથ નામથી જાણશો.

વિમલા—આપ જે ફલસિદ્ધિ અર્થે ઉપાસના કરવા આવ્યા છો તેનું કારણ જણાવી શકશો ?

યુવક—સંક્ષેપે કહું છું.

મેં કોઇ અનાથ આશ્રય હીન અબળાની સાહ્યતા કરવા સંકલ્પ કર્યો છે.

વિમલા—ધનવડે તેની સાહ્યતા થઇ શકે તેમ છે ?

ઈંદ્રનાથ—ના. પણ તમારી પરોપકાર વૃત્તિથી હું સંતુષ્ટ થયો છું. ઈશ્વર આપને સુખી રાખો.

વિમલા—તેને કયા પ્રકારે સાહ્યતા થઈ શકે તેમ છે ?

ઈંદ્રનાથ—ઇન્સાફથી. હું મોંગીર જઇ ઇન્સાફની માગણી કરીશ પરંતુ તે વાત આપને જાણવાની જરૂર શું છે ?

વિમલાએ મોંગીર શબ્દ સાંભળતાંજ પિતાનું સ્મરણ થયું. તેમને વિપદ આવવાની છે તે વાત મનમાં તાજી થઇ એટલે લજ્જા એકદમ ચાલી ગઇ. પિતૃસ્નેહે લજ્જાને જોરથી નસાડી. સજળનયને તે ઈંદ્રનાથને કહેવા લાગી કે તમે કોઇ વીરપુરુષ છો. તમારી શક્તિ ઘણી છે. તેથી હું તમારી પાસેથી એક વચન માગું છું તે આપવાની પ્રતિજ્ઞા કરો.

ઈંદ્રનાથ—મારી શક્તિ કાંઇ નથી. પણ હું મારાથી બનતી તજવીજે આપની આજ્ઞાનું પાલન કરીશ.

વિમલા—મોંગીરમાં તમો દિવાન સતીશચંદ્રરાયને જોશો; તેઓ અત્યારે વિપદજાળે વેષ્ટિત છે તેની રક્ષા કરવાની પ્રતિજ્ઞા કરો.

ઈંદ્રનાથનું મુખ ગંભીર થયું ને લલાટ સંકોચાયું.

વિમલા—એ વિષે આપ ચિંતા કેમ કરો છો ? વિપન્નને શાંતિ દેવાનો વીરપુરુષનો ધર્મ છે. દિવાન સતીશચંદ્રરાયને તમે કોઇ

વાતમાં દોષિત જુઓ અથવા સાંભળો તો તે બધો શકુનિનો વાંક ને કાર્ય છે.

ઇંદ્રનાથ—હું તમારી વાત સમજતો નથી જે શું છે? સ્પષ્ટ સમજાવો કે વાત કેમ છે? ને શકુનિ કોણ છે?

વિમલા—તે સતીશચંદ્રનો શનિ છે. તે પામર બધા દોષનો દોષીત છે. સતીશચંદ્ર ઉદાર ચરિત્ર કોઇ દોષનો સ્પર્શી નથી. વીરપુરુષ! આ દેવાલયમાં પ્રતિજ્ઞા કરો કે હું સતીશચંદ્રને સહાય કરીશ.

ઇંદ્રનાથ આ બધી વાત સાંભળી હતજ્ઞાન થયો. કિંચિતપરે બોલ્યો. થોડીવાર પછી બોલ્યો જો સતીશચંદ્ર નિર્દોષ હશે તો હું મારા શરીરનું રક્ત આપીને પણ તેને બચાવવાની ચેષ્ટા કરીશ. પરંતુ આપનું નામ શું? આપ કોણ? અને આપે શાથી મારી પ્રતિજ્ઞા અને ઉપાસનાનું કારણ જાણ્યું?

વિમલા—ધીરે ધીરે બોલી. હું તમારો ઉદ્દેશ જાણતી નહોતી, પરંતુ આપ વીરપુરુષ છો અને કોઇ મહદ્ ઉદ્દેશે મોંગીર જાઓ છો એમ મને મારા અંતઃકરણે કહ્યું. આપના પરિચયની પણ મને ઇચ્છા છે.

ઇંદ્રનાથ—હું કોઇ કાયસ્થ જમીનદારનો પુત્ર છું. યુદ્ધકળા શીખવા સારું મોંગીર જાઉં છું.

વિમળા મંદીરથી ગઇ.

પ્રકરણ ૧૧ મું.

અપરિચિત નૌકાસ્વામી.

મોંગીર ગંગા નદી ઉપર છે. અને તેની ચોતરફ આવેલો ભીંમકાન્ત દુર્ગ તેની શોભામાં વૃદ્ધિ કરે છે. ગંગા દુર્ગને ચોતરફ વિંટી વળેલી છે. ગંગા કલકલ શબ્દે વહી જાય છે. વળી કોઇ કોઇવાર દુર્ગને જોરથી આઘાત કરે છે. તેના જોરે ફીણમય થઇ વળી પ્રસરી જાય છે. કોઇ કોઇવાર મોજાના જોરે કાંઠાની માટીના ઢગલાને પતીત કરી નાંખે છે. ચોતરફ જોતાં બાલુકા રાશી બહોળા પ્રમાણમાં છે તેમના ઉપર નાનાં મોટાં પક્ષીઓ બેઠાં છે. કેટલાંક પક્ષી પાણીપર તરતાં શાંત છે. ગગનમાં તારાનો ઉદય થવા માંડયો છે. કાંઠે ઉભા રહી કોઇ ગીત ગાય છે. સઘળું નગર પ્રવૃત્તિથી નિવૃત્ત થવા પ્રસ્તુત છે. આ કાંઠા ઉપર એક જણ એકલો ભ્રમણ કરે છે. તે યુવાન અને વીરપુરૂષ છે. વળી તે આપણો પૂર્વ પરિચયી હોવાથી આપણે તેને ઇંદ્રનાથના નામથી પણ જાણીએ છીએ. આજ તે મોંગીર પહોંચ્યો છે તેથી ચિંતામગ્ન થઇ નદિ કાંઠે ભ્રમણ કરે છે. તે શું કરવું તેના અવનવા તરંગો કરે છે. તે પોતાના મનને પૂછે છે. હું અત્રે શા માટે આવ્યો છું ? સમરસિંહની હત્યાની પ્રતિહિંસાના સાધન માટે. તે ખરૂં, પણ તેની યોજના કેમ કરવી તથા તેને કેવી રીતે અમલમાં મેલવી ? આતો મોંગીર શહેર છે. આ કાંઇ ઇચ્છાપુર નથી કે લોકો મને જમીનદારનો પુત્ર ગણી મારી આજ્ઞા પાળશે અથવા મારા તરફ માનની નજરથી જોશે, કે મારૂં હિત ચહાશે. આતો અજાણી જગ્યા; વળી અપરિચિત રાજસ્થાન કે જ્યાં મારા જેવા હજારો લોકો

છે. વળી રાજા ટોડરમલનો અમલ. આવા સંજોગોમાં મારે મારૂં કામ કેઇ રીતે પાર પાડવું ? હું પોતેજ અત્રે આશ્રયહીન, સહાયહીન, સંપત્તિહીન, અને અપરિચિત છું. ઠીક પણ રાજા ટોડરમલ અત્રે છે તેની પાસે જઇ અરજ કરતાં તે ઇન્સાફ ન કરે ? પણ મારી પાસે પુરાવો શો છે ? એ વાત આદ્યાંત હું જાણતો પણ નથી તે પણ ઠીક. પણ હમણાં તો રાજા ટોડરમલ પણ લડાઇની ધમાલમાં છે. તે કામ મૂકી આવા કામમાં આ વખતે હાથ દે ? બંગાળદેશ હજુ પૂર્ણપણે તેના સ્વાધીનમાં થયો નથી તેવા વખતમાં બંગાળીની વસ્તીનો ન્યાય કરવાના જોખમમાં તે જાય ? કદાચ તે બધું બને તો પણ હું અજાણ્યો માણુસ મારા બોલવા ઉપર ટોડરમલ વિશ્વાસ મૂકી દિવાન સતીશચંદ્ર જેવા સિંહને આવા બારીક વખતે છંછેડે એ વાત મારા મગજમાં આવતી નથી. શું દિવાનેજ સમરસિંહનું ખુન કરાવ્યું હશે ? સુબેદાર કેવો બેવકુફ કહેવાય જે એકદમ એવો ઈન્સાફ આપ્યો હશે. પણ બનવા જોગ છે. તેણે બધો ઘાટ સારો રચેલો. પછી પુરાવાથી સાબીત કર્યું. વળી દાર્શનિક પુરાવો મહોર છાપ જોઈ સુબેદારે પણ ભૂલ કરી. પણ શકુનિ કોણ હશે ? પેલી બાઇ મહેશ્વર મંદિરે કહેતી તે વાત મને મગજમાંથી ગઇ નથી. તેના કહેવા મુજબ તો દિવાન તદ્દન નિર્દોષ છે. તે બાઇની વાત ખોટી માનવાને કંઈ કારણ તો નથી. કેમકે એ બાઇ દેવીરૂપ છે. તે ખોટું બોલે એવું મને સ્વપ્નમાં પણ જણાતું નથી. તો પછી એ હિસાબે સતીશચંદ્ર નિરપરાધી છે. તો એવા નિરપરાધી ઉપર દોષારોપણ કરવું તે શું મને ઘટિત છે ? ત્યારે હવે શું કરવું ? મને તો ધર્મ સંકટ આવી પડયું. જે કામ કરવાનો સંકલ્પ કર્યો છે તે કર્યા વિના પણ કેમ ચાલે ? તેમ સતીશ જે નિર્દોષ છે તેનાપર દોષારોપણ કરવું એ પણ મહા ગુનાહનું કામ છે. વળી એ

રમણી શકુનિ શકુનિ કહેતી હતી તે શકુનિ કોણ હશે ? જેમ જેમ વિશેષ વિચારવા લાગ્યો તેમ તેમ વિશેષ વિમાસણ જણાવા લાગી. શેષ તે કર્તવ્ય વિમૂઢ થઇ ઘણીવાર એકલો ગંગાના તીરપર ફરતો આપણે તેને જણાવ્યો છે. કંઇ પણ મનોવિચાર નિશ્ચય થયો નહીં તેથી હારી થાકીને નદીના કાંઠાપર બેઠો છે. મનમાં નક્કી કર્યું કે સમય સમયનું કામ કરશે ને મને મતિ સૂઝાડશે તેમ કરીશ. હાલ તો કેટલાક દિવસ મોંગીરમાં રહેવું. પછી આગળ યાવતસમય. સહસા વિચારમાળા તુટી, તેનું ધ્યાન એક અલૌકિક સ્વર્ગીય સંગીત સાંભળવા તરફ દોડયું. અને કયાંથી તે સ્વર આવે છે તે સાંભળવા તથા તે જોવાને ચોતરફ જોયું તો, વિસ્તીર્ણ જળ રાશિના વક્ષઃસ્થળ ઉપર ચંદ્રના પ્રકાશમાં દેખાતી એક નાની નૌકા આવે છે. તેમાં માત્ર એક જણ છે. તે ગાયન ગાય છે. ગાયન વિશેષ મધુર છે કે કોણ જાણે ? પણ ઇંદ્રનાથને તો તે સ્વર્ગીય સંગીત સમાન લાગ્યું.

એ ગાયન એક વાર, બે વાર, ત્રણ વાર સાંભળાયું. પછી ગંગાના ગંભીર ગીત સાથે મળી ગયું. નૌકા પણ ક્રમે ક્રમે નજીક આવી. જે ઘાટપર ઇંદ્રનાથ બેઠો હતો તેની સમિપમાંજ આવી. ઇંદ્રનાથે જોયું કે નૌકામાં તો માત્ર એક જણ છે નૌકા પણ પોતે ચલાવતો હશે. ને તેમ કરતાં ગાયન પણ ગાતો જાય છે. માટે એને કંઇ પૂછું તો ખરો કે એ કોણ છે? કયાંથી આવે છે? તો તેથી પણ વખતે આપણને કોઇ જાતની માહિતિ મળવા સંભવ છે. એમ ધારી ઇંદ્રનાથે તેને મોંગીર સંબંધી સાધારણ એક બે સવાલો પૂછયા. નૌકારોહીએ પણ ઘણા પ્રેમ અને આગ્રહથી વાસ્તવીક રીતે અને પોતે જે મુજબ જાણતો હતો તે મુજબ ઉત્તર દીધા. ધીરે ધીરે વાર્તાલાપ વધ્યો. અને અન્યોઅન્ય સ્નેહાકર્ષણ થયું. ઇંદ્રનાથ બોલ્યો

મહાશય ! હું પણ સારી તરેહથી હોડી ચલાવી શકું છું. જો અનુમતિ હોય તો હમણાં આજ હોડીને ફેરવી લાવું. આપ સુખેથી હોડીમાં બેસો ને જે ગાયન ગાતા હતા તે ગાઓ. હું સાંભળીશ ને હોડી ચલાવીશ. તે સાંભળી નૌકારોહી કહે છે ધન્યભાગ મારાં કે આપના જેવા સુજ્ઞ પુરૂષનો સમાગમ થયો. ખુશીથી હોડીમાં પધારો અને આ અભાગ્યાનું ગાયન સાંભળવાની ઇચ્છાને તૃપ્ત કરો. હોડી ગંગાના પાણીપર ચાલવા લાગી. જેમ હુશિઆર ચાબુક સવાર ગમે તેવા પણ વિકટ અશ્વને પોતાની સંપૂર્ણ સત્તા નીચે દબાવી શકે છે તેમ આ નિર્જીવ હોડીએ નવા નૌકારોહીની આજ્ઞા મુજબ ગંગાના પટપર એવા જોરથી દોડવા માંડયું કે જાણે અશ્વ સવારના ચાબુકના મારથી જેમ ત્રાસીને પલાયન કરતો હોયની ?

ઘણીવાર સુધી કંઇ વાતચિત થઇ નહી. છેવટ નૌકારોહીએ ઈંદ્રનાથને પૂછયું જે મહાશય ! આપ મોંગીરમાં કયારે આવ્યા છો ?

ઈંદ્રનાથ—હું આજેજ આવ્યો છું.

નૌકારોહી—આપનો નિવાસ કયાં ?

ઈંદ્રનાથ—વતન ઘણું દૂર છે. નદીઆ જીલ્લામાં.

નૌકારોહી—નદીઆ જીલ્લાના કયા ગામમાં.

ઈંદ્રનાથ—ઇચ્છાપુર.

નૌકારોહી—આપનું નામ શું છે ?

ઈંદ્રનાથ—મને ઈંદ્રનાથના નામથી હાલ ઓળખવામાં આવે છે.

નૌકારોહી—વતન ઇચ્છાપુર કહ્યું ખરૂં ?

ઈંદ્રનાથ—હા.

નૌકારોહી—ઇચ્છાપુરમાં આપ કોના ચીરંજીવી છો તે કહેશો !

ઈંદ્રનાથ—કેમ તમે શું ઇચ્છાપુરમાં ગયા છો કે શું ?

નૌકારોહી—(ક્ષણુવાર મૌન રહીને) હા મારે તો કામે કાજે દરેક જગાએ જવું પડે છે. આપના પિતાનું નામ શું ? કદાચ હું તેમને ઓળખતો પણુ હોઇશ.

ઇંદ્રનાથ કોઇને પોતાની ખરી ઓલખાણુ આપતો નહોતો. ગુપ્ત ભાવે દેશ વિદેશ ફરતો પણુ આ માણુસ પાસે ખરી હકીકત છુપાવવા સરખું કંઇ કારણુ નહોતું. વળી ઘણા દિવસથી મેં ઘર મૂક્યું છે એ દરમ્યાન આ માણુસ કદાચ ત્યાં ગયો હોય ને પિતાશ્રીને ઓળખતો હોય તો કુશલ સમાચાર પણુ આપીશ કે જો ઇચ્છાપુર ગયો હોય તો તે મારા પિતાને જરૂર જાણુતો હોવો જોઇએ. કારણુ કે પિતા પ્રસિદ્ધ. વળી પરદેશ ગયેલા પુત્રના સમાચાર પૂછવાને સદા ઉત્સુકજ હોય છે એવું વિચારીને બોલ્યો જે મહાશય ! ઇચ્છાપુરના જમીનદાર રાજા નગેંદ્રનાથરાય ચોધરી મારા પિતા છે. આ સાંભળી નૌકા સ્વામી ચમકયો. હાથવડે બંને આંખો ઢાંકી બોલ્યો. પરંતુ મન સંયમ કરી બોલ્યો. આપ પુન્યાત્મા નગેંદ્રનાથરાય ચોધરીના પુત્ર છો ? હા. હું તેમને સારી રીતે ઓળખું છું. આપનું નામ શું છે ? ઇંદ્રનાથ ! ત્યારે ઇંદ્રનાથ બોલ્યો કે ના તે મારું વાસ્તવિક નામ નથી. પણુ સુરેન્દ્રનાથ છે. અજ્ઞાતાવસ્થાએ હું દેશદેશ પર્યટન કરૂં છું તેથી મેં એ નામ રાખ્યું છે.

સુરેંદ્રનાથ—હા ! એ શબ્દ બોલતાં બોલતાં તેની આંખમાં જળજળીઆં આવ્યાં ને છાતી ભરાઇ ગઇ તેથી બીજું કશું બોલી શકયો નહીં. થોડીવાર પછી બોલ્યો. મહાશય ! હું નાની ઉમ્મરમાં કેટલાક વરસ સુધી પુન્યાત્મા નગેંદ્રનાથને ત્યાં રહ્યો છું અને તે વખતે મેં તમને પણુ શિશુ અવસ્થામાં જોયા છે. નગેંદ્રનાથ કુશળ તો છે ?

ઇંદ્રનાથ—હા.

નૌકારોહી—તેમનો મોટો દીકરો હમણાં ક્યાં છે ?

ઇંદ્રનાથ—મારા મોટા ભાઇ કેટલાંક વરસ ઉપર ગુજરી ગયા છે.

નૌકારોહી—તેમનું નામ તો ઉપેંદ્રનાથ હતું ખરૂં ?

ઇંદ્રનાથ—હા.

નૌકારોહી—ભલા ઇંદ્રનાથ! ઉપેંદ્રનાથને શું મંદવાડ થયો હતો? અને કેટલાં વર્ષથી ગુજરેલ છે તે તમે જાણો છો ?

ઇંદ્રનાથ—ના. મારી શિશુ અવસ્થામાં ગુજરી ગયા છે એમ ઘરનાં સૌ કહે છે. મેં શું રોગથી ગુજર્યા વગેરે પૂછતાં મા કહેતાં જે આ ગામમાં વાઘનો ભારે ભય છે તેથી તારા ભાઇને પણ વાઘ લઇ ગયો.

નૌકારોહી—માતાના શા સમાચાર છે ?

ઇંદ્રનાથ—માતુશ્રી તો મારા મોટા ભાઇનો શોક કરતાં કરતાં-જ બીમાર પડયાં, તેમાં અતિ શોકને આર્તનાદથી તથા અન્ન જળનો ત્યાગ કરવાથી ભાઇની પછવાડે તરતજ ગુજરી ગયાં છે.

સુમારે એક પહોર સુધી બીજી કંઇ વાતચિત થઇ નહીં. ને બીજો કશો પણ અવાજ સંભળાતો નથી. ફકત નૌકા જલ ઉપર ભ-સાતી જાય છે તેનો શબ્દ માત્ર સંભળાય છે. એક કલાકે ઇંદ્રનાથ નૌકાસ્વામી તરફ પાછું ફરીને જુએ છે તો નૌકાસ્વામીનું મુખ અતિ મ્લાન, શોકાતુર, ખીન્ન અને ચક્ષુદ્રય રક્તવર્ણ ગમગીનીમાં પરિપૂર્ણ છે. તથા અતિશય અશ્રુપાતથી તેનાં પહેરેલાં વસ્ત્ર જળથી ભીંજી ગયાં છે. એ જોઇને ઇંદ્રનાથ આશ્ચર્ય પામ્યો.

નૌકા લગભગ ૨-૩ માઇલ નીકળી ગઇ છે. ચંદ્રના પ્રકાશમાં ગંગાનું નિર્મળ જળ ઝકમક ઝકમક થયાં કરે છે. આકાશમાં અનેક

તરેહનાં વાદળાંની ઘટા દેખાય છે. કોઇ વળી કાળી વાદળી ચંદ્રને ઢાંકી દે છે અને તેના પ્રકાશને ઝાંખો પાડી દે છે. વળી તેનું પરિવર્તન થતાં સ્વચ્છ વાદળાંમાં ચંદ્ર દશ્યમાન થાય છે. જળ ઉપર સારો પ્રકાશ પ્રતીત થાય છે. એક બે તારા નાની વહુની માફક લજ્જા કરતા મુખ દેખાડે છે, વળી સંતાય છે. જગત્માં સર્વ જીવ નિસ્તબ્ધ છે. ગંગાસાગરમાં માત્ર સુરેંદ્રની નૌકા તરે છે. તે પૂર વેગથી ચાલી જાય છે. તેનો બક બક અવાજ માત્ર સંભળાય છે. આ સ્થિતિમાં નૌકા સામા કિનારા પર પહોંચી. ત્યાં દૂરેથી એક દીવો દેખાયો. ત્યારે ધીમે સ્વરે નૌકારોહી બોલ્યો જે મહાશય ! આ જે સામે દેખાય છે તે મારી ઝુંપડી છે. બીજી વધારે વાત ચિત તેના મુખમાંથી નીકળી શકી નહીં. સુરેંદ્રનાથ તથા નૌકારોહી બંને જણ નૌકામાંથી ઉતરી નૌકાને તેજ કાંઠે એક કુંઠા સાથે દોરડાવડે બાંધી કોટડી પ્રતિ ગમન કર્યું*

---

*બંગાળામાં મોટી નદીઓ વધારે છે. બંગાળનો અંદરનો બધો મુલક તે નદીની બંને બાજુએ વસેલાં ગામોનો બનેલો છે. તેથી દરેક એવા ગામડામાં પણ રહેનાર લોકો પૈકી સાધારણ માણસો પોતાને જવા આવવાને અને ગરીબ માણસો ભાડે ફેરવવાને નૌકા રાખે છે. કારણ તેની આવશ્યકતા છે. કારણ કે એક ગામથી બીજે ગામ કાંઠે કાંઠે થઇને જતાં ઘણું ચક્કર થાય પણ નદી પાર જતાં સહજ જઇ શકાય. કોઇ વાર તો કાંઠે કાંઠે જઇ શકાતું પણ નથી. નદીના કાંઠાની બેખડો ઉપર ગામો બાંધેલાં એટલે નદીને તે ગામો તાણવાં પણ બહુ સુગમ છે તેમ લોકોને ગુજરાન ચલાવવું પણ બહુ સુગમ છે. નદીમાં પાણી પુષ્કળ, તેમાંથી વાળી લઇ અમુક ભાઠામાં ચોખા

પ્રકરણ ૧૨ મું.

નૌકા સ્વામીનો પૂર્વ વૃત્તાંત.

સુરેંદ્રનાથ તેના નવા ભાઈબંધની કોટડીએ ગયો. ત્યાં જતાં માલમ પડયું કે કોટડી ઘણી નાની છે. પરંતુ પરિષ્કાર અને પરિચ્છિન્ન છે. બહારમાં એક નાનો બગીચો છે. તેમાં કેટલાંક ફળ વૃક્ષો પણ છે. તેની નજીકમાં એક ગામડું છે. સન્મુખે મોટી નદી પાછળ સુંદર કુંજવન અને ધાન્ય ક્ષેત્રો દ્રષ્ટીગોચર થાય છે. આ કોટડીનો માલીક મોંગીર શહેરમાં સાધારણ ધંધો કરતો પણ તેના સ્વભાવમાં ખેદ અને ચિંત્તાનું પ્રાબલ્ય વિશેષ હોવાથી શહેરથી કેટલેક દૂર શાંત સ્થાનમાં રહેવું તેને પસંદ હતું. ત્યાં તે એકલો રહેતો, ગાયન કરતો અને સંધ્યાકાળે પોતાની નાની નૌકા આરોહણ કરી ગંગામાં ફરવા નિકળતો. કોટડીમાં જઇને થોડી વાર બેઠા પછી તે અજાણ્યો માણુસ સુરેંદ્રનાથને કહે છે ભાઇ ! તમારા સ્વભાવમાં જો કદિ ક્રોધને દર્પ હોય તો તેનો ત્યાગ કરજો. એ દુર્ગુણોના પ્રતાપથી મારો નાશ થયો છે. નાનપણમાં હું બહુ ગર્વિષ્ઠ હતો. તેમજ ક્રોધી પણ હદ પાર હતો. મારાં માબાપ મને કહેતાં હતાં જે ભાઈ તારો સ્વભાવ નાનપણથીજ ખુબ ખરાબ તે એટલે સુધી કે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થતાં એક દિવસ બે દિવસ ત્રણ દિવસ અનાહારે રહેતો. એવા અતિશય ક્રો-

---

બટાટા નિપજાવે અને પછી પણ તેમાં તેને જે મળે તે પાણીનો ભાગ તેણે વાળી લીધો હોય તેને પોતાની માલકીનો પુકર કહેવાય અને તેના વડે તેનું ગુજરાન સાધન થાય છે. મતલબ કુદરતી સંજોગોની તેમને સારી સહાય છે.

ધને લીધે મારો સર્વ નાશ થયો છે. બાલ્યાવસ્થામાં પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરતો. સાધારણ અભ્યાસ કરતો, અભ્યાસ પર ધ્યાન આપતો પરંતુ માસ્તર મહાશય કદિ કાંઈ મને હુકમ કરે અને તે કદિ મને ગેરવાજબી લાગે તો તરત ક્રોધ એકદમ પ્રગટ થતો. સ્લેટ ચોપડી ઇત્યાદિ સાહિત્ય દૂર ફેંકી દઇ ક્રોધથી શરીર દગ્ધ કરતો. કોટી ઉપાયે ક્રોધનું કારણ કોઇને જણાવતો નહીં કે રૂદન કરતો નહીં. પણ મનમાંજ બળતો. ગુરુ મહારાજ મારા પર પ્રેમ રાખતા. પણ આવો ભયંકર ક્રોધી સ્વભાવ જોઇ મારા પર નારાજ થતા. એક વાર મારી આ ટેવ મૂકાવવા સારું ક્રોધ ઉત્પન્ન થતાંની સાથેજ મને ઘણી શિક્ષા કરી. પણ મને રૂદન તો આવેજ નહીં. અતિશે માર સહન ન થવાથી બેશુદ્ધ થઇ ધરણીપર ઢળી પડ્યો, ત્યારે ગુરુએ જાણ્યું જે ખોટું થયું. તરત જળ સિંચન કરી તથા ઔષધોપચાર કરી શુદ્ધિમાં આણ્યો. ત્યારબાદ મને ગુરૂએ ભણાવ્યો નહીં તેમ હું પાઠશાળામાં ગયો પણ નહીં. તેથી આખી જીંદગીને વાસ્તે મૂર્ખ રહ્યો. અરે! મારી મા પણ મને કદિ કાંઇ નિષ્ઠુર વચન કહી શકે નહીં. કારણ તેઓ મારો સ્વભાવ જાણતાં તેથી મને જે રીતે માઠું ન લાગે તેવી રીતે ધીરે ધીરે, અને મૃદુ તથા સ્નેહ વાક્યે મને બોલાવે. અને કામકાજ હોય તો સ્નેહભર્યાં વાક્યે મને સમજાવે. મેં પિતાની આજ્ઞા તોડી છે. ગુરુનીએ તોડી છે. પણ કોઇ કાલે માતાની આજ્ઞા ઉલ્લંઘન કરી નથી.

બીજા લોક ભય બતાવીને કે માર મારીને પણ જે કામ મને નહોતાં કરાવી શકતાં તેજ કામ માતાના મુખમાંથી એક અક્ષર નિકળતાંજ હું તરત પ્રેમથી કરતો. હાય! હાય! એવી સ્નેહ પ્રતિમા જે મારી મા તેને હવે હું શું ફરી નહીં દેખું? એમ બોલતાં બોલતાં

તેનો કંઠ ભરાઇ ગયો, આગળ બોલી શકયો નહીં. પણ મુખ અવળું કરી અવિચ્છિન્ન આંસુ કાઢવા લાગ્યો. સુરેંદ્રનાથ અતિ દુઃખીત થયો ને બોલ્યો. શું તમારી માતુ ગુજરી ગયાં છે? તેના જવાબમાં રોતાં રોતાં તે કહે છે જે હા સાંભળ્યું છે જે માતુશ્રી કાળગત થયાં છે. થોડી વાર પછી અશ્રુ વિસર્જન કરી મન શાંત કરી બોલ્યો. ભાઇ સુરેંદ્ર! મારા પિતા દેશમાં પ્રસિદ્ધ કાયસ્થ જમીનદાર છે તેને ધન માન જમીન સૈન્યાદિ વિપુલ સંપત્તિ છે. પરંતુ તેમના પણ સ્વભાવમાં કંઇક ગર્વ અને મિજાજ છે. મારા ઉપર ઘણો પ્રેમ રાખતા. મારા સુખે સુખી અને મારા દુઃખે દુઃખી થતા હતા. વળી મારી સ્તુતિ સાંભળીને સંતોષ તેમજ મારી નિંદા સાંભળતાં દુઃખી થતા હતા. પરંતુ તેમનામાં દરગુજર કરવાનો ગુણ ખૂબ કમ પ્રમાણમાં છે. એકવાર મને બે કસુરે માર માર્યો અને કહ્યું જે હું તારૂં મુખ જોવા માગતો નથી, તું મારે ઘેરથી ચાલ્યો જા. મારો સ્વભાવ તો મેં ઉપર કહ્યો તેવો હતો. તેમાં વળી આ અપમાન મારાથી સહન થાય? તેમના મુખમાંથી "ચાલ્યો જા." શબ્દ નિકળતાં ન નિકળતાં તો હું બોલ્યો "જાઉં છું" તે અદ્યાપિ સુધી પિતૃગૃહ ત્યાગ કર્યો તે કર્યો છે. ઠપકાથી તથા મારથી અનેક બાળ શાંત થાય છે પરંતુ હું તો એ બે પૈકી કંઇ પણ અનુભવું કે તરત ક્રોધે અંધ થઈ જતો. અંતઃકરણમાં એકદમ ક્રોધાગ્નિ સળગી ઉઠતો. તેજ પ્રમાણે આ વેળા પણ બન્યું અને તેણે કરીને મારી સંસાર સુખની આશા પિતા માતાની મારા પરની આશા—ભરોંસો તમામ ભસ્મિભુત થયું. જે વેળા મેં પિતાને કહ્યું જે "જાઉં છું" તે વેળા મારી ઉમ્મર માત્ર બાર વર્ષની હતી. ત્યાર પછી મારી જીંદગાનીનાં કેટલાંક વર્ષ કેવી રીતે ગયાં છે તે મને પૂછશો નહીં. મરૂભૂમિમાં પ્રચંડ વાયુ જેવી ઝડપથી જાય તેવી રીતે મારી જીંદગીનો

એક દશકો વિતી ગયો. દરેક મનના ઉમળકા તથા વિચારોનો પ્રવાહ નદીના પ્રવાહની પેઠે નિષ્ફળ વહેવા લાગ્યા. (ભૈરવ કલ્લોલીની ભોગવતીના જળમાં દેખાતી તરંગમાળાઓ માફક.) આ દશકો વિત્યા બાદ મારા હૃદયના ભાવો પલટાયા. આ જગતની માયા મને વારંવાર સ્મરણ થવા લાગી. માતા, પિતા, ભાઇ, ભાંડુ, સ્ત્રી ઇત્યાદિનું વારંવાર અખંડ સ્મરણ થતું ચાલ્યું. સામાન્ય સ્ત્રીપ્રેમનો હું આંકાશી નથી, પણ જે પ્રેમ જીવનના અંશરૂપ દેહના આત્મારૂપ છે અને જે પ્રેમરશ્મિ તુટતાં આ દેહની જીંદગીનો અંત આવી જાય છે તે પ્રેમ સાલવા લાગ્યો. રાત અને દિવસ તે વેદનામાં હું ઝુરવા લાગ્યો. એમ બોલતાં બોલતાં તેના અંતકરણમાં તે પ્રેમ ઉભરાઈ આવ્યો. તેથી તે બેશુદ્ધ થઇ ગયો ને ધરણી પર ઢળી પડ્યો. તેને ઓષધોપચારથી સચેત કરી તેને સુખેથી નિદ્રા કરવા ઇંદ્રનાથે કહ્યું. અને આ વાત મૂકી બીજી કાંઇ પણ વાત કરવા જણાવ્યું કે મનમાં સ્ફૂરી આવેલા દુઃખનું કંઇક અંશે વિસ્મરણ થાય. જો કે જે દુઃખ છે તે બીજી વાતચિત કરતાં મટતું નથી પણ બીજી વાતચિત કરતાં કેટલીક કર્મેન્દ્રિયો તેમાં રોકાય છે અને તેથી મગજની અંદર ઘોળાતા વિચારોને તેના ઉપર કંઇક ઝાંખો ઢાંક પછેડો થાય છે. જે ચિંતા સતત ચાલુ છે તે નિર્મૂળ થવી તો અશક્ય છે. જેમ નટલોક રસી ઉપર ચડે છે ત્યારે મુખે પ્રેક્ષકની વાહવાહ બોલે છે, પોતાની ગરીબી ગાય છે, હાથ બજાવે પણ છે તે બધું કરે છે ખરો પણ તેનું અખંડ ધ્યાન સામેની રસ્સી ઉપર અને તે રસ્સી પગના ગુરૂત્વાકર્ષણની બહાર ન જાય એવું હોય છે.

પ્રકરણ ૧૩ મું.

રાજા ટોડરમલ.

મોંગીરના પ્રકાંડ દુર્ગ આવાસમાં એક શાંત દિવાનખાનામાં એક વીર પુરુષ બિરાજમાન છે. વાંચકબંધુ ! તે ક્ષત્રીય કુલ ચુડામણિ રાજા ટોડરમલ છે. આ વખતે તેની પાસે બે ચાર વિશ્વાસુ માણસોજ માત્ર છે અને ઘણા ધીમા સ્વરથી યુદ્ધ સંબંધી પરામર્શ ચાલે છે. એવામાં એક સૈનીક આવીને પ્રણીપત કરીને બોલ્યો. મહારાજ ! એક સવાર આપની સાથે વાતચીત કરવા આવેલ છે. આપની આજ્ઞા મળતાં સુધી તેને દોઢી પર ઉભો રાખેલ છે.

ટોડરમલ—શું કહે છે ? તું પૂછી જોને ?

સૈનિક—પૂછયું મહારાજ. તે કહે છે કે મહારાજ સિવાય બીજાને કહી શકાય તેમ નથી, ખાસ પ્રયોજનીય બાબત છે.

ટોડરમલ—હિંદુ છે કે મુસલમાન ?

સૈનિક—કોઇ કાયસ્થ જાગીરદારનો દીકરો છું એમ કહે છે.

ટોડરમલ—(મનમાં) સાંભળ્યું છે જે બંગાળ દેશમાં બહુ બહુ મોટા મોટા જાગીરદારો છે અને તેમની પાસે લાખો લશ્કર છે. આ લડાઇના પ્રસંગમાં એ લોકોની ખાસ જરૂર છે. (પ્રકાશ) ઠીક આવવા દે.

અત્રે રાજા ટોડરમલનો થોડો પરિચય આપવો આવશ્યક ધારી વાંચવા સારું વાચકવર્ગને તસ્દી આપું છું.

ક્ષત્રીકુળમાં સર્વ સદ્ગુણ વિભુષિત વીરપુરુષ ટોડરમલ સિવાય કોઇ જન્મ્યો છે કે નહીં ! તે વાતનો સંદેહ છે. રત્ન પ્રસવિની

ભારત ભૂમિમાં અનેક પુન્યાત્મા ધર્મ પરાયણ વ્યક્તિએ જન્મ ધર્યો છે. વીરપ્રસુ ક્ષત્રીકુલે અનેક વીરપુરુષ જન્મ્યા છે. તેમજ પ્રાચીનકાલે તીક્ષ્ણ બુદ્ધિ સંપન્ન રાજનીતિજ્ઞ અનેક વીરો થયા છે. પરંતુ રાજા ટોડરમલ આ ત્રણે ગુણોથી વિભુષિત હતા. હિંદુ ધર્મમાં તેની અચલ ભક્તિ અને દૃઢ શ્રદ્ધા હતી. ઇતિહાસમાં તેનાં ઘણાં દૃષ્ટાંતો છે.

એકવાર બાદશાહની સાથે પંજાબપર ચડાઇ કરવા જતાં દેવ સેવામાં ઉતાવળ કરવી પડી તે વખતથીજ રાજા ટોડરમલે પ્રતિજ્ઞા કરી કે "દેવસેવા પૂર્ણ કર્યા વિના તંબુમાંથી બહાર નિકળવું નહિ. ને જ્યાંસુધી દેવસેવા ન કરી હોય ત્યાં સુધી જલ પણ ગ્રહણ કરવું નહિ. રણસંગ્રામમાં કેટલાક દિવસો સુધી વિના જલે ને વિના અન્ને તે ચલાવતા. અકબર બાદશાહે તેમની આ પ્રતિજ્ઞા રદ કરાવવા ઘણી મહેનત કરેલી પણ વૃથા. તેમજ કચેરીના કાજીઓ મુલ્લાંઓ ઇત્યાદિ ધર્મ ગુરુઓએ એ બાબત એમને ઘણું ઘણું સમજાવ્યા પરંતુ તે પોતાની પ્રતિજ્ઞાને અડગ રાખી રહ્યા હતા. જ્યારે કોઇનુંજ કહેવું તે માનતા નહીં તે ઉપરથી બીજવાઇને મુસલમાનો તેમને ગાંડા હિંદુ કહેતા. પરંતુ સ્વધર્માનુરાગી મહાન્ અકબરશાહ તેમનું ઘણું માન રાખતા. જ્યારે રાજા ટોડરમલની વૃદ્ધાવસ્થા થઈ ત્યારે લગભગ આખું હિંદુસ્તાન જીતીને બાદશાહીમાં ભેળવી દીધું હતું ને પોતાનો યશ પૂર્ણ ગૌરવને પામ્યો જોઇ બાદશાહની રજા લઇ હરદ્વાર તીર્થમાં બાકીની જીંદગી ઈશ્વર ભક્તિમાંજ ગુજારી હતી. બંગાળમાં સ્વ પ્રરાક્રમે ત્રણ વાર જય કર્યો. તપાસતાં રાજા ટોડરમલનું સાહસ યુદ્ધ કૌશલ્ય અને વીરત્વ પહેલી પંક્તિનાં છે. ફક્ત બંગદેશને વાસ્તેજ નહીં પણ તેઓ જ્યાં જ્યાં લડાઈમાં ગયા છે ત્યાં ત્યાં પોતાનું વીરત્વ પ્રકાશમાન છે.

ગુજરાતના યુદ્ધમાં તથા ધોળકાના યુદ્ધમાં ટોડરમલનું વીરત્વ

કેવું દીપે છે? અકબરશાહને અસંખ્ય સેનાપતિ હતા. પરંતુ કોઇ સેનાપતિ ટોડરમલથી ચડીઆતો નહોતો અને તેજ કારણથી મહાન્ અકબરશાહે સમસ્ત ભારતવર્ષના રાજ્ય બંદોબસ્તનું કામ મજકુર રાજા ટોડરમલને સોંપ્યું હતું. તેમનો જન્મ લાહોરમાં થયો હતો. છેક નાની ઉમ્મરમાં તેમના પિતા મૃત્યુ પામ્યા હતા. તેમની સ્થિતિ ઘણી કંગાલ હતી તેથી તેમના મરણ પછી ટોડરમલનાં માતુશ્રીએ લોકોની મેહેનત મજુરી તથા અનેક કષ્ટ વેઠી દીકરાનું લાલન પાલન કરેલું હતું. નાની ઉમ્મરમાંજ તીક્ષ્ણ બુદ્ધિ પ્રભાવે પ્રથમ કારકુનની નોકરીમાં દાખલ થયા. ક્રમે ક્રમે અધિકાર વધતાં અકબરશાહનો જમણો હાથ અને કચેરી મંડળના રત્ન રૂપે બહાર પડયા. હવે હું મૂળ વાત ઉપર આવું છું. સૈનિકે તે અજાણ્યા માણુસને લાવીને મહારાજ સન્મુખે ઉભો કર્યો તે કોણ છે. તે તો વાંચકવર્ગ જાણે છે.

ટોડરમલ—યુવક! તમારું નામ શું?

ઇંદ્રનાથ—ઇંદ્રનાથ ચોધરી.

ટોડરમલ—નિવાસ ક્યાં?

ઇંદ્રનાથ—ઇચ્છાપૂર તાબે નદીઆ જીલ્લામાં.

ટોડરમલ—તમારી પાસે કેટલું લશ્કર છે?

ઇંદ્રનાથ—સામ્રાટ્ને માટે અથવા દેશના સુશાસન વાસ્તે મારા પિતાશ્રી પાસે બે ત્રણ હજાર પદાતી લશ્કર છે. પરંતુ હું તો અત્યારે એકલો નામદાર શહેનશાહના કામ માટે બિહાર પ્રાંતમાં આવેલો છું.

રાજા ટોડરમલે જરા રૂષ્ટ થઈ ક્ષણેકવાર મૌન્ય રહી યુવકના સામી તીવ્ર દૃષ્ટિ ફેંકી જોયું, પરંતુ “ઉદારભાવ” સિવાય અન્ય મનોભાવ ન જણાતાં વળી પૂછ્યું. શું તમારા પિતા આ વખતે કંઇ લશ્કર મોકલી ન શકે?

ઇંદ્રનાથ—આપનો હુકમ મળતાં મોકલી શકે. પરંતુ હાલ તો હું એકલોજ આપની આજ્ઞા ઉઠાવવા હાજર થયો છું. એમ બોલી મ્યાનમાંથી એકવાર સમશેર બહાર કાઢી ફરી મ્યાનમાં નાખી.

આ વખતે સાદકખાં નામે એક વૃદ્ધ સેનાપતિ કચેરીમાં બેઠેલો હતો. તે આ બધું જોઇ બોલ્યો. જુવાન! તારા હાથે કદિ તરવારનું અપમાન નહીં થાય.

ત્યાર પછી તારસનખાં નામે એક દુષ્ટ સભાસદ બોલ્યો કે મહારાજ! આ માણસ શત્રુપક્ષનો જાસુસ છે, માટે તેને એકદમ જલ્લાદને હાથ સુપ્રત કરવો જોઇએ. રાજા ટોડરમલ કાંઇ પણ ન બોલતાં વારંવાર ઇંદ્રનાથનો ચેહરો જોવા લાગ્યા, તથા તેના મુખ ઉપર તેનો હૃદયભાવ વાંચવા લાગ્યા. પરંતુ સરલ ને ઉદાર સ્વભાવ સિવાય અન્ય મનોવૃત્તિ ન જણાતાં વળી પરિક્ષા કરવા સારું પૂછ્યું. જુવાન! તમો એકલા અમારૂં કામ કરવા આવ્યા છો તેનો અર્થ શું? તે હું કાંઈ સમજી શકતો નથી.

ઈંદ્રનાથ—મહારાજ! મારે એક ભિક્ષા આપની પાસે માગવી છે પણ તે જ્યારે હું આપને મારા સુપ્રત કામથી સંતુષ્ટ કરી શકું ત્યારે માગવી છે. તેથી અગાઉ મારૂં માગેલું કદાચ નિષ્ફળ જાય.

ટોડરમલ—સૈનિક શત્રુઓ અમારા સૈન્યમાં કલહ કરાવવા અનેક માણસોને મોકલે છે તે પૈકીના તમો પણ એક છો કે કેમ? તે કેમ ન જણાય?

ઇંદ્રનાથ—કાયસ્થ જમીનદારના દીકરાના વચન ઉપર આપ વિશ્વાસ રાખી શકો છો?

ટોડરમલ—ઘણીવાર લુચ્ચા માણસો પણ સારા માણસનો

વેશ ધારણ કરે છે અને ઘણીવાર સારા માણસો પણ કપટાચરણ કરે છે.

ઈંદ્રનાથ—મહારાજ ! કપટાચરણ કોઇ વખત મેં કર્યું નથી. કરું પણ નહીં. ને હું જાણું પણ નહીં. મારા વેશમાં એ દોષ નથી. એમ બોલતાં બોલતાં ઇંદ્રનાથનું મો ક્રોધે લાલચોળ થઈ ગયું. ને કંઠ બંધ થઇ ગયો.

ટોડરમલ—તમારી વાત ઉદાર ચિત્ત પુરુષના જેવી છે ખરી. પણ ઘણી વાર ગુપ્ત ખળતા બાહારની ઉદારના અવલંબન કરે છે. ઇંદ્રનાથનું મોં ક્રોધે લાલ થઇ ગયું ને ધીરે ધીરે બોલ્યો. કદિ હું આપની પાસે કપટાચરણ કરવા આવ્યો છું એમજ સમજાતું હોય તો રજા આપો, ચાલ્યો જાઉં.

ઇંદ્રનાથનાં આવાં નેકી વચનો સાંભળી ટોડરમલે બહુ ખુશ થઇને તેને ઘોડેસ્વાર લશ્કરમાં ચાકરી આપી.

પ્રકરણ ૧૪ મું.

બંધુનું સ્મરણાર્થ.

કેટલાક માસ વીતિ ગયા છે. ઈંદ્રનાથે ક્રમે ક્રમે યુદ્ધકાર્યમાં નિપુણ થઇ અનેક ખ્યાતી લાભ મેળવ્યા છે. સામ્રાટ્‌ના સામા પક્ષવાળા ભાગલપુર આગળ એકઠા થયા છે. અર્થાત્ ભાગલપુર અને મોંગીરની વચમાં છુટા છવાયા ઝગડા ચાલે છે. એવામાં ઇંદ્રનાથની વિશેષ ખ્યાતિનો પ્રસંગ આવ્યો. એક દિવસ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી શત્રુના લશ્કરે ટોડરમલના દુર્ગમાં પ્રવેશ કરવા સારું લડાઇ કરી. દુ-

સ્મનોનો ઉદ્દેશ પ્રથમથીજ ટોડરમલના જાણવામાં હતો તેથી તેઓની મહેનત કોઈ પણ પ્રકારે સફળ ન થઇ. આ યુદ્ધમાં આખો દિવસ ઇંદ્રનાથ આ સ્થળેથી આ સ્થળે ને ત્યાંથી બીજે એમ ગમનાગમન કરતો ને જે સ્થળે ખરી જરૂર તે સ્થળે યુદ્ધ ભૂમિમાં પોતાનું શૂરાતન બતાવતો રાજા ટોડરમલના જોવામાં આવ્યો. અને સકળ જગાએ બંદોબસ્ત કરતો તેમજ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં શત્રુ સૈન્યનો પરાસ્ત કરતો જોયો. આ પ્રસંગના પહેલા પણ તેની બહાદુરી તેમના જાણવામાં આવી હતી. આ પ્રસંગથી તેના વિષે ઘણું ઉંચું મત ટોડરમલ રાજાએ બાંધ્યું દરેક સ્થળે સેનાપતિ હાજર હો વા ન હો તો પણ દરેક ઠેકાણે દારૂણ યુદ્ધ કરી દરેકે દરેક શત્રુને હંફાવતા જોઇ રાજા ટોડરમલ બહુ પ્રસન્ન થયા. સંધ્યા સમયે દુશ્મનના તમામ લશ્કરને નસાડી મુકી ઇંદ્રનાથ પોતાના લશ્કર સહિત ભાગલપુરમાં આવ્યો. વળી બીજે દિવસ પણ એજ પ્રસંગ પ્રાપ્ત થયો તેમાં પણ એજ મુજબ રાજા ટોડરમલના જોવામાં આવ્યું. આવી રીતે સતત બે દિવસ સુધી ઇંદ્રનાથનું કૌશલ્ય, ઉદાર સ્વભાવ અને શૂરવીરતાના પ્રગટ ગુણોનું રાજા ટોડરમલને ભાન થયું. સંધ્યાસમય પછી રાજા ટોડરમલને મળવા ઇંદ્રનાથ આવ્યો. રાજા ટોડરમલ આ વખત પોતે એકલા વિશ્રામગૃહમાં બેઠા હતા. ત્યાં અનુમતિ સહીત ઇંદ્રનાથ દાખલ થયો. ઇંદ્રનાથની બહાદુરીથી પોતે ખુશ થયા હતા તેથી તેમણે જુવાન સૈનિકને સારા માનથી બેસવા આગ્રહ કર્યો. આ વખતે બીજું કોઇ પણ માણસ ત્યાં હતું નહીં.

ટોડરમલ—ઇંદ્રનાથ ! તમારું ભારે પરાક્રમ જોઇ મને બહુ સંતોષ થયો છે. આજના યુદ્ધમાં તમારો બચવાનો ભરોસો મને મુદ્દલ નહોતો. હું ધારતો હતો કે જે ક્ષણ જાય છે તેમાંજ ઇંદ્રનાથ ક્યાંઇ ને ક્યાંઇ કપાઇ કે વીંધાઇ જશે.

ઈંદ્રનાથ—મહારાજ! જે દિવસથી આપની નોકરી કબુલ કરી છે તે દિવસથીજ આ જીવને યુદ્ધ સમર્પણ કર્યું છે. પછી ગમે ત્યારે જીવન વીલાઈ જાય તેની મને જરાએ દરકાર કે ફિકર નથી. જીવન જે લંબાય છે તે આપના આશિર્વાદે અને પિતાના પુન્યબળે. મારે હિસાબે તો તે દહાડેજ જીવન પૂરું થઇ જાત.

ટોડરમલ—દેશમાં તમારા પિતા છે?

ઈંદ્રનાથ—હાજી.

ટોડરમલ—તમો ભાઇ બેન કેટલા છો?

ઈંદ્રનાથ—માત્ર હું એક પુત્ર છું. મારાથી મારા મોટાભાઇ હતા તે ભાઇ ઘણા દિવસથી ગુજરી ગયા છે.

ટોડરમલનું મુખ ગંભીર થયું, ને બોલ્યા ઈંદ્રનાથ! કદાપિ યુદ્ધમાં તમારો કાળ થાય તો તમારા પિતાને કેટલી મનોવેદના થાય? મારે પણ એકજ પુત્ર છે તેથી મને એ વિચાર આવે છે. તેની ઉમ્મર પણ પણ તમારા જેટલીજ અને લડાઇનું સાહસ પણ તમારા જેવુંજ છે. તમારી માફક તે વિપદને તો ગણતોએ નથી, કે ઓળખતોએ નથી. ને મરણનો ભય તો તેને છેજ નહીં. એવો વીર પુરુષ કદિ યુદ્ધમાં ખપી જાય તો તેના પિતાને કેવી વેદના થાય? પણ ભાઇ ઈંદ્રનાથ! રાજ્યના કામમાં તો મરણ સૌથી આગેવાનજ છે. મારો દીકરો પણ શેહેનશાહની નોકરીમાંજ છે.

ઈંદ્રનાથ—પરમેશ્વર આપને દીર્ઘાયુષ્ય આપે, અને શેહેનશાહના ઇચ્છીત કાર્યમાં પૂર્ણ ફતેહ આપે, અને આપનું જીવન અને ખ્યાતિ વધારે. આપના જેવું ગૌરવ ભારતવર્ષમાં હીંદુ રાજાઓમાં કોઇનું નથી.

ટોડરમલ—મારા કરતાં વધારે ગૌરવ જાળવનાર એક હીંદુ રાજા આગળ થઇ ગયો છે. એમ બોલી ઉંડો નિસાસો મૂકયો.

ઈંદ્રનાથ ચુપ રહ્યો. થોડીવાર પછી રાજા ટોડરમલ બોલ્યો. આજ આનંદનો દિન છે. આજ શત્રુ પરાજય થયાના ખબર જાણી શેહેનશાહ ખુબ ખુશ થશે. આ આનંદમાં પણ મને તો આજનો દિન અતિ ખેદનો લાગે છે. કારણ કે એક પ્રતાપી પુરુષનું મરણ થયાને આજ બરાબર બાર વર્ષ થયાં. આજ તેની—સંવત્સરી—શ્રાદ્ધનો દિવસ છે.

ઈંદ્રનાથ—તે પણ યોદ્ધોજ હતો ને?

ટોડરમલ—યુદ્ધ સિવાય રાજ્યના કામમાં ઉન્નતિનો માર્ગ અન્ય નથી. આપણા ક્ષત્રીઓનું એજ ભૂષણ છે. પરંતુ જે યોદ્ધાનું હું સ્મરણ કરૂંછું તેણે કાંઇ શેહેનશાહના કાર્યમાં પોતાનું જીવન સમર્પ્યું નથી. પણ શેહેનશાહ સામી લડાઇઓ કરી તેમાં છેલ્લી લડાઇમાં પોતે પ્રાણ સમર્પણ કર્યા છે.

ઈંદ્રનાથ આ વાકયથી ચમકયો. ટોડરમલ મૂછમાં હસીને બોલ્યો. દીલ્હીશ્વરના જુના નોકરની પાસે તેમના શત્રુની પ્રસંશા સાંભળીને તમારા મનમાં આશ્ચર્ય લાગતું હશે. પરંતુ તમે કદિ દીલ્હી જાઓ તો ખુદ બાદશાહ રાણા પ્રતાપસિંહની બહાદુરી તથા ટેકનાં એક અવાજે કેવાં વખાણ કરે છે તે તમે સાંભળશો. ઈંદ્રનાથ! દીલ્હી દરબારમાં ચાકરી કરતાં મારૂં જીવન વીતી ગયું છે. જે બાદશાહના મિત્ર તે અમારા મિત્ર અને જે તેમના શત્રુ તે અમારા પણ શત્રુ. પરંતુ શત્રુ હોય કે મિત્ર હોય તોપણ યુદ્ધ કૌશલ્યમાં બહાદુર, ટેકી ને ખંતી વીરપુરુષની પ્રસંશા કર્યા વિના કેમ ચાલે! પ્રતાપરાણો દેશ સ્વતંત્રતાની ખાતર રાજપાટ છોડી પર્વતની ટોચ ઉપર રખડતી હાલતનાં રહી દર વર્ષ દીલ્હીના લશ્કર સાથે હીંમતથી ભીડતો, તે જોઇ અકબર પોતે પણ વિસ્મીત અને આનંદિત થયો છે. આજથી

ચાર વર્ષ ઉપર હલદી ઘાટના ભયંકર યુદ્ધમાં પ્રતાપની ભારે ખુવારી થઇ છે. કોટ, જમીન વિગેરે તમામ સંપત્તિ તેના હાથમાંથી ગઇ તોપણુ તેનું પણુ, સાહસ, અને શૌર્ય હરાયું નથી. પર્વતવાસી પ્રતાપ હજી પણુ લડે છે, અને જીવતાં સુધી લડશે. શત્રુ કે મીત્રમાં ભારતવર્ષમાં કોઇ પણુ એવો અન્ય હિંદુ વીર નથી. અને મુસલમાન પણુ નહીંજ હોય. એવો કોઇ પણુ લડાયક નહિ હોય કે જે પ્રતાપનાં વખાણુ નહીં કરતો હોય. ભારતવર્ષમાં આજ પ્રતાપનું ગૌરવ પૂર્ણ છે. આ વાત સાંભળી ઇંદ્રનાથ ઉત્સાહપૂર્ણ હૃદયથી સ્તબ્ધ થઈ ગયો. વળી ટોડરમલ્લ બોલ્યા કે હું અત્યારે પ્રતાપની વાતની ચિંતા કરતો નથી. એવોજ એક બીજો વીરનર હતો કે જેનો દેહ પડયાને આજે બરાબર બાર વરસ થયાં છે અને જેણે ચિત્તોડ (મેવાડની રાજધાની)નું રક્ષણુ કરતાં પ્રાણુદાન કર્યું છે. તે મને યાદ આવે છે. વત્સ ઇંદ્રનાથ ! હું તારાપર પ્રસન્ન છું. જે વાત બીજા કોઇ માણુસને મોંએ હું કહેતો નથી તે તારી આગળ કહું છું. મારી જુવાનીના વખતમાં એકવાર હું મેવાડ મુલકમાં ફરવા ગયો હતો. ત્યાં એક સુવરના શિકારમાં હું સપડાઇ ગયો. એવામાં એક અતુલ બળવાળા યોદ્ધાના એકજ બરછીના પ્રહારથી સુવર ગતપ્રાણુ થયો અને હું મુક્ત થઈ શકયો. તે વીર યોદ્ધાનું નામ તિલકસિંહ છે. તે દિવસે મેં તેનો પ્રાણુદાન દેવા બદલ બહુ ઉપકાર માન્યો અને પછી ધીમે ધીમે અમારા બંને વચ્ચે સ્નેહ બંધાયો. જેમ જેમ સ્નેહ વધતો ગયો તેમ તેમ તેના અસાધારણુ ગુણો અને અતુલ બળ મારા જાણુવામાં આવતાં હું પ્રસન્ન થયો. હું તેને જોતો ત્યારે સાક્ષાત્ પૂજનીય સમાન ગણુતો અને તે પણુ મારાપર ખુબ ભાવ રાખતો.

જીવનબંધુ એકવાર હોય, તે બે વાર હોય નહીં. ઇંદ્રનાથ !

સ્ત્રીના પ્રેમની ઘણી વાતો તમે સાંભળી હશે, તેમ વાંચી પણ હશે, પરંતુ જગત્માં ઉત્સાહપૂર્ણ સરલ સ્વભાવવાળા બે ભાઇબંધો વચ્ચે જે નિઃસ્વાર્થ પ્રેમ હોય છે તેવો પ્રેમ સ્ત્રી પુરુષોનો પરસ્પરમાં હોઇ શકે નહીં.

જ્યારે હું દીલ્હીશ્વરની નોકરીમાં જોડાયો, ત્યારે તિલકસિંહને પણ નોકરીમાં દાખલ થવા મેં જણાવ્યું. કારણ કે મેં વિચાર્યું જે આવો અતુલબળવાળો વીર કદી દીલ્હીશ્વરની નોકરીમાં જોડાય તો અલબત તે મારા કરતાં પણ વધારે સારૂં કામ કરી શકે. પરંતુ ભાઇ ! મેં નોકરી માટે પ્રાર્થના કરતાં તેણે મને જે જવાબ આપ્યો છે તે અદ્યાપિ સુધી મને સ્મરણમાં છે. તે બોલ્યો કે, "ટોડરમલ ! મારા પિતા, પિતામહ, ઇત્યાદિ વડવાઓએ જે રીતે મેવાડના રાણા તરીકે અમલ કરેલ છે તેમજ હું પણ કરીશ. અને વળી સાંભળ્યું છે જે આ વર્ષે ચિત્તોડગઢ લેવાની અકબરશાહ ચેષ્ટા કરે છે તે વાત જો ખરી કરશે તો મારો ને તમારો યુદ્ધભૂમિમાં મેલાપ થશે."

તેજ પ્રમાણે થયું. ખુદ શેહેનશાહ પોતે ચિત્તોડપર સ્વારી લઇ ગયો. અને તે વેળા ચિત્તોડની રક્ષા કરતાં તિલકસિંહે પ્રાણદાન કર્યું. સ્વયં બાદશાહ તેનું અતુલબલ ને શૌર્ય જોઇ આશ્ચર્ય ચકિત થયો. ને તેમણેજ મને પણ કહ્યું કે "તિલકસિંહ નામે એક વીર પુરુષ જો રણમાં ન પડયો હોત તો ચિત્તોડ હાથમાં આવત નહીં" આ પ્રમાણે કહી ટોડરમલ થોડી ક્ષણ સ્તબ્ધ રહ્યો. પછી તેની આંખમાં ચોધારે અશ્રુ વેહવા લાગ્યાં. તેવી સ્થિતિમાં તે બોલ્યા કે ભાઇ ઇંદ્રનાથ ! પ્રતાપસિંહ મારો શત્રુ છે. સાંભળ્યું છે કે મરહુમ તિલકસિંહનો પુત્ર તેજસિંહ હાલ પ્રતાપની મદદે રહી યુદ્ધ દાન કરે છે. કદી બાદશાહ મનેજ ચિતોડ જીતવા જવા હુકમ કરે તો મને ભાઇબંધના પુત્ર સા-

શું યુદ્ધ કરતાં કોઇ જાતનો દોષ નથી. પરંતુ શત્રુની પણ વાસ્તવિક સ્તુતિ કરવાનું કામ ડાહ્યા માણસોનું છે. અને એવા માણસો મરેથી બે આંસુ સારવાં સજ્જનને ઉચિત છે. ન્યાય પરાયણ કામ કરવું એ મનુષ્ય માત્રને ઉચિત છે. આવી રીતે વર્તવું એ સ્વભાવિક છે અને કેટલાંક હિંસકપ્રાણી પણ એ નિયમને અનુસરે છે. જંગલમાં જુઓ તો મસ્ત હસ્તિ, સિંહાદિ જનાવરો પણ તેમની કંઇપણ છેડ કર્યા વિના પ્રહારો કરતાં નથી તો માણસ જેવું ઉત્તમ પ્રાણી કે જેને ઈશ્વરે સારું નરસું, ખરૂં ખોટું, તપાસવાની અક્કલ આપી છે તેણે કુદરતના નિયમને અનુસરવું એ હમેશાં ઉચિત છે.

પ્રકરણ ૧૫ મું.

અપરિચિત શત્રુ પરિચિત બંધુ.

ટોડરમલના તંબુમાંથી ઇંદ્રનાથ ચિંતા, વિસ્મય અને ખેદપૂર્ણ હૃદયે પોતાના તંબુમાં આવ્યો. તે એકલો બેસી મેવાડ, પ્રતાપસિંહ, ચિત્તોડ, તિલકસિંહ વિષે સાંભળેલી વાતો ઉપર મનન કરવા લાગ્યો. એવામાં એક ચાકરે આવી તેના હાથમાં કાગળ મૂક્યો. તે બંધ હતો, તેને ખોલી એકવાર, બે વાર, ત્રણવાર એમ પુનઃ પુનઃ વાંચી જોતાં પણ તેનો ભેદ સમજી શક્યો નહીં. તેમાં નીચે મુજબ લખાણ હતું.

"તમારી બુદ્ધિ કૌશલ્ય જોઇ અમો ચમત્કૃત થયા છીએ. ભારતવર્ષમાં જેને કોઇ પણ કપટ કૌશલ્યથી પરાસ્ત કરી શકે નહીં તેવા બુદ્ધિશાળીની આંખમાં પણ તમે ઠીક ધુળ નાખી છે. અમો પણ

એજ માર્ગ અવલંબન કરવાના છીએ. કેમકે પતનોન્મુખ ગૃહ જે પ્રથમ ત્યાગ કરે તેજ બુદ્ધિમાન. આજ એક પહોર રાત્રિ જતાં સ્મશાન ઘાટે મુલાકાત કરશોજી."

ઈંદ્રનાથ આ પત્રનો કાંઇ અર્થ સમજી શક્યો નહીં. અરે! આમાં શું લખ્યું છે? કોણે લખ્યું છે? ભારતવર્ષમાં જેને કોઇ પરાસ્ત ન કરી શકે એવો તે કોણ? ટોડરમલ હશે? નાના તેમ નહીં. મેં તેની આંખમાં શું ધુળ નાંખી છે? પતનોન્મુખ ગૃહ તે કયું? કેમ? આ વાતનું છેવટ શંકા નિવારણ મને મન કરે છે. હું જાણું છું કે શત્રુપક્ષનો આ કાગળ છે. તેમાં તે મારી પરિક્ષા કરવા ધારતા હશે. અથવા તો મને ફોડવા ધારતા હોય, કે ટોડરમલ પ્રત્યેની મારી આંતરિક ઇચ્છા જાણવા માગતા હોય, કે કોણ જાણે. પરંતુ સ્મશાનઘાટે નિમિત સમયે જવું ઉચિત છે કે કેમ? ક્ષણવાર વિચાર કરી નક્કી કર્યું કે સ્મશાન ઘાટે જવામાં શું દોષ છે? જવાથી તે લોક (લખનાર) ની સાથે વાતચિત કરવાથી એ લોકનું કાંઇ ગુપ્ત રહસ્ય પણ જાણવામાં આવશે.

ઈંદ્રનાથ મધ્યરાત્રી સમયે સ્મશાનઘાટે ગયો. તેની સાથે કોઇ નહોતું. ફક્ત સોબતી એક સમશેર, જે તેની કમરમાં ઝોકાં ખાતી હતી.

તે રાત્રી ઘોર અંધકાર છે, અને આકાશ વાદળાંથી વેષ્ટિત છે. ક્વચિત ક્વચિત જલ બીંદુ પણ પડે છે. ચોતરફથી વાદળી દોડ દોડ કરી જલ એકઠું કરે છે. ઇશાનમાંથી વિજળીના ચમકારા થાય છે, તેના પ્રકાશથી સ્મશાન ઘાટની ભયદર્શક વસ્તુઓ એક પછી એક દેખાય છે. કોઇ કોઇ જગાએ તરતનાં બળેલાં શબની રાખમાંથી અગ્નિ શિખા નીકળતી દેખાય છે. કોઈ જગાએ ઠંડી થએલી ચિત્તાની

આસપાસ માંસ ભક્ષક પ્રાણીઓ અહીં તહીં ભમે છે, દરેક જગા સુંઘે છે, વળી ઉચ્ચું જુએ છે, આપસ આપસમાં લડે છે. કોઇ કોઇ જગાએ અધમ લોક કંઈ કંઇ વસ્તુ હાથ લાગવાની આશાએ ફરે છે. કોઇ જગાએ પુરાતન પડેલા હાડકામાંથી એક જાતના પરમાણુ નિકળે છે. તે હવાની સાથે મળતાં વગર અગ્નિએ ભડકા થાય છે, વળી બુજાય છે. રાત્રી અંધકારમય અધિક અધિકં થતી જાય છે. ઝાડોનાં પાંદડાં પવનના જોરે ફફડી કર્ણાઘાત કરે છે. ખુલ્લી જગા હોઇ પવનના ગમન ભેદી સુસવાટા આવે છે. નિશાચર પ્રાણીઓ અહીં તહીં ભટકે છે, ને ખોરાકની શોધમાં મરણભયને પણ ઘડીવાર વિસરી જાય છે. કોઇ જગાએ દહનાંતે ભસ્મપર મૂકેલા ઘડાઉપરના લાડુને વાસ્તે અંદર અંદર પ્રાણીઓ લડે છે. ઝાડોના, પક્ષીઓના, પ્રાણીઓના પડછાયા વિદ્યુતના ચમકારા સાથે જણાતાં તેના વિલીને વિલીન થઇ જાય છે. કેમકે અંધકાર એવોતો ગાઢ વ્યાપેલો છે કે તેમાં માણુસે દેખવું એ સાધ્ય નથી. ઈંદ્રનાથ સાહસીક ને લડાયક વીર છે છતાં પણ કોઇ કોઈવાર આ વિચિત્ર સ્મશાનનો વિકાળ દેખાવ જોઇ મનમાં આશંકાતો તો કોઇ કોઈવાર વિદ્યુતના પ્રકાશે માણસના ઓળા જેવું જણાતાં ત્યાં જતો. માત્ર ધુમાડાના ગોટા ધીમે ધીમે અંધકાર વધ્યો, પવન પણ વધવા લાગ્યો અને તેના સુસવાટા ભયંકર અંધકારમાં ભીતિની વૃદ્ધિ કરવા લાગ્યા. આકાશમાં એક પણ તારો દેખાતો નથી, અને વનવાસી પશુપક્ષિના વિચિત્ર સ્વરો કાનને અત્યંત અકારા લાગે છે. સ્મશાનની જે બાજુએ જંગલ છે તે દિશાએ અંધારામાં જાણે ભિતમાં એ મનુષ્યાકૃતિ ઉભેલી દેખાઇ. પ્રથમ તો ઇંદ્રનાથે જાણ્યું જે એ કંઇ ઓળો છે. તેથી તેના પર લક્ષ ન આપ્યું. પરંતુ દરેકે દરેક વખત

તેને તેજ સ્થળે તે આકાર દંડાયમાન દેખાતાં તેના મનમાં ભ્રમ પેદા થયો, તેથી તે તરફ પોતે વધ્યો. કોઇ આવે છે એમ જાણતાં બંને આકૃતિઓ અદશ્ય થઇ ગઇ, તેથી પોતે પોતાને અસલ સ્થળે આવી પાછો ઉભો. તેની સાથે જંગલમાં અટ્ટહાસ્ય થયું. પુનઃ વિદ્યુત પ્રકાશે તે બે મનુષ્યાકૃતિ દશ્યમાન અને દંડાયમાન દેખા "ભગવાન સહાય થાઓ" એમ બોલી મ્યાનમાંથી સમશેર ધીરે ધીરે ખેંચી બહાર કાઢતો કાઢતો પુનઃ તે આકૃતિઓ તરફ ગયો. ખુબ બારીક દૃષ્ટિથી તે બન્ને આકૃતિ જોઇ લીધી. અને તેથી પણ આગળ વધ્યો. તેની નજીક જતાંમાં તો બંને આકૃતિઓ અલોપ થઇ, તે જંગલમાં ચાલી ગઇ, અને વળી અટ્ટહાસ્ય થયું. "ભગવાન મ્હારે આવજો" એમ બોલી ઇંદ્રનાથ જંગલમાં તે બંને આકૃતિઓની પછવાડે ગયો. બંને આકૃતિઓ અતિ ગીચ જંગલમાં જવા લાગી કે જ્યાં એક હાથ દૂરથી પણ જોઇ ન શકાય. ઇંદ્રનાથ તેની પછવાડે પછવાડે બરાબર જાય છે. ભય, ગુસ્સો અને વિચિત્રતાના મિશ્રણ ભાવે તેનાં રોમાંચ ખડાં થયાં, શરીરમાંથી પ્રસ્વેદ છૂટવા લાગ્યો, ને રક્ત ગરમ થઈ ગયું. શરીરમાંથી શૂરાતન છૂટયું અને સકળ શરીર ધ્રુજવા લાગ્યું. પરંતુ એજ સ્થિતિમાં તે આગળ વધ્યો જાય છે કે જ્યાંથી અટ્ટહાસ્ય આવતું હતું. એવામાં એના શરીરને કોઇના કરનો સ્પર્શ થયો. તેણે જોયું કે પ્રેત નથી પણ તે બંને છૂપાએલા મનુષ્યો છે. તેમણે ઇંદ્રનાથને ઇસારાથી પોતાની પાછળ આવવા જણાવ્યું તે પ્રમાણે તે ગયો. તેમની સાથે ઘણીવાર સુધી ચાલતાં ચાલતાં ચોતરફ ભારે જંગલ ને ઘોર અંધકાર નિઃશબ્દ ભૂમિના મધ્ય ભાગમાં ક્રમે ક્રમે આગળ વધવા લાગ્યા. રસ્તામાં ઘણા જંગલી અને હિંસક પ્રાણીઓના અવાજે આ ભયાનકતામાં વૃદ્ધિ કરે છે. ઘણેક દૂર ગયા પછી આ બંને વેશધારી પુરુષોએ પોતાને મોંએ બાંધી લીધેલાં વસ્ત્રો છોડયાં,

ત્યારે ઇંદ્રનાથે તેમને ઓળખ્યા. તેઓ રાજા ટોડરમલ્લના સેનાપતિ હતા. ૧ હુમાયુ. ૨ નૂરખાન.

ઇંદ્રનાથ વિસ્મીતભાવે બોલ્યો જે આટલી રાતે અને આ ભયંકર સ્થળે આપ શું કરો છો ?

હુમાયુ કિંચિત હાસ્યપૂર્વક બોલ્યો કે ઇંદ્રનાથની પરિક્ષા કરીએ છીએ.

ઇંદ્રનાથ—મારે કંઇ તમને પરિક્ષા આપવાની જરૂર નથી.

હુમાયુ—તો અમે જાણીશું કે ઇંદ્રનાથ કાયર છે.

ઇંદ્રનાથ—કાયરને શૂરાની પરીક્ષા વખત આવેથી ખબર પડે. લોકો જેવું જુએ તેવું તે પોતાની મેળેજ બોલો. સ્મશાન ભૂમિમાં ભૂતની સાથે ભટકાવું કે ભીંતની સાથે અફલાઇ મરવું એમાં શું શૂરાતનપણું છે ?

હુમાયુ—તમારામાં જે અસાધારણ સાહસ છે તેથી હું વાકેફ છું. પરંતુ તેની ખાત્રી કરવા અમોએ તમને અત્રે બોલાવેલા છે. ને વળી અમે એમ પણ જાણીએ છીએ કે જે માણસ પૈશાચિક કાર્ય કરે તેનામાં પિશાચીક બળ અને સાહસ હોય તેમાં શું નવાઇ ?

ઇંદ્રનાથ—હું શું પૈશાચીક કર્મે નિયુક્ત છું ?

હુમાયુ—તે તમે પોતે નહીં જાણતા હો કે અમને પૂછો છો ! તમોએ જે જાળ પાથરી છે, જે ગુપ્ત મંત્રણાએ તથા ચમત્કારી કૌશલ્યે જે કાર્ય સંપાદન કરવાની ચેષ્ટા કરો છો તે શું તમે પોતે નથી જાણતા ? તમારી બુદ્ધિ અને કૌશલ્ય જોઈ અમો ચમત્કૃત થયા છીએ. રાજા ટોડરમલ્લને કોઇ ઠગી શકે નહીં. આપ તે કરી શક્યા છો. હું ધારૂં છું જે તમે જીવતા રહેશો તો બંગાળના ગૌરવ સ્થાનના ધણી થશો.

ઇંદ્રનાથ હેબતાઇ ગયો. નૂરખાન બોલવા લાગ્યો. બરાબર છે, બરાબર છે. હું તથા હુમાયુ ઘણીવાર તમારી ચતુરાઇની તારીફ કરીએ છીએ. ટોડરમલ્લના સૈન્યમાં ઘણા વિદ્રોન્હમુખ સિપાઇઓ છે. અરે આગળ ક્યાં જાઓ છો ? ત્રીસ હજાર સવારોનો સરદાર માનુમી ફિરોજુદ્દીન પોતે વિદ્રોન્હમુખ છે. અમારે એટલું કબુલ કરવું જોઇએ કે અમારો બન્નેનો મનોભાવ રાજા ટોડરમલ્લ સમજી ગયેલ છે. જો કે પ્રત્યક્ષ પ્રમાણ સિવાય તો કંઇ કરી શકે નહીં, પણ તે પોતે અંતરના ઉંડાણમાં અમોને હિતચિંતક સમજતો નથી. તેમ અમારી ઉપર બારીક ચોકસીઓ છુપા જાસુસોદ્વારા બરાબર રાખે છે, તથા અમારી દરેકે દરેક હીલચાલ ઉપર બારીક ધ્યાન આપે છે ખરો. તેથી અમો અમારા કાર્યમાં ફાવતા નથી. પરંતુ તમે તો કોઇ મંત્રે કે કૌશલ્યે તેને એકદમ અંધ બનાવી દીધો છે કે કોણ જાણે શું છે? કંઇ સમજાતું નથી. ધન્ય છે આપના બુદ્ધિબળને. નૂરખાન આગળ બોલવા જાય છે તેટલામાં ઇંદ્રનાથ ક્રોધથી બોલ્યો. હું વિદ્રોહી નથી. તમે કદિ જાણતા હો જે હું ગુપ્ત ચર કે કપટાચારી કે વિદ્રોહકામના કરીને રાજા ટોડરમલ્લના તાબામાં કામ કરૂં છું તો તેમાં તમે ભારે ભૂલ ખાઓ છો. અને તમો કદિ વિદ્રોહી હો તો તમારી પાસે ઉભા રહેવાનો મારો ધર્મ નથી. મારે ને તમારે કંઇ સંબંધ નથી. અને મને લશ્કરમાં ઉંચી પાયરીએ ચડતો જોઇને તમો બળતા હોતો તે કહો, એટલે આ સર્વ વૃત્તાંત હું જઇને રાજા ટોડરમલ્લને જણાવી નોકરીમાંથી રજા લઇશ. ને તમોએ જે કાગળ લખ્યો છે તે પણ બતાવીશ. આ જવાબ સાંભળી બંને મ્લેચ્છ સરદારો ઝાંખા પડી ગયા અને બોલ્યો જે માજુમી આટલા દિવસ થયા છતાં પણ આ હિંદુનું અંતઃકરણ જાણી શક્યો નહીં ને નકામા આપણને કાળ સાથે સ્પર્શ કરવા મો-

ક્હ્યા. એમ બોલતાં બોલતાં મ્યાનમાંથી તરવાર બહાર કાઢવા લાગ્યા. ઇંદ્રનાથ પણ યોદ્ધો હતો. તેણે પોતે પણ સમશેર બહાર કાઢી જવાબ દેવાની તૈયારી કરી. હસતાં હસતાં હુમાયુ બોલ્યો હા. હા. હું જાણું છું ઇંદ્રનાથ તમોને અમારા પર વિશ્વાસ નથી, તેથી તમો પોતે ખરો ભેદ ખોલી શકતા નથી. પણ ખેર! અમારે તેની શી દરકાર છે? તમો વિદ્રોહી હો વા ન હો, પણ અમો તો કેવળ વિદ્રોહી છીએ. ખામીને માટે જુઓ દુશ્મનોના પત્ર વ્યવહાર મોજુદ છે. ઇંદ્રનાથ ક્રોધ અને વિસ્મયથી અંધ થઈ ગયો, ને બોલ્યો જે પામર તરકડા! બાયલા! તમો વિદ્રોહી છો તો તમારા પાપનો બરાબર બદલો દેવાને હું તૈયાર છું.

હુમાયુ અને ઇંદ્રનાથની વચ્ચે સમશેર યુદ્ધ ચાલુ થયું. ઇંદ્રનાથ હુમાયુ કરતાં અધિક બળવાન હતો. વળી હમણાં તરવારની કસરત યુદ્ધભૂમિમાં વારંવાર અને શુદ્ધઃઅંતઃકરણથી કરતો તેથી તે બાબતમાં તેનું કૌશલ્ય અધિક પ્રમાણમાં વધ્યું હતું. વળી જુવાન અને શુદ્ધ અંતઃકરણવાળો હતો, તેથી હુમાયુના બે ચાર ઘા પાછા વાળી પહેલેજ ફટકે તેને ધુળ ચાટતો કરી દીધો.

જ્યારે હુમાયુ અને ઇંદ્રનાથ લડતા હતા તે વારે નુરખાંન જાણે કર્ત્તવ્ય વિમુઢ ન થયો હોય? એમ દૂર ઉભો ઉભો જોતો હતો. તે હુમાયુને ભૂતળશાયી થયેલો જોઇને ચમકયો, ચોંકયો, સાવધ થયો. તેણે તરત જઇ ઇંદ્રનાથને આક્રમણ કર્યું. ને ઘોર યુદ્ધ આરંભ્યું. થોડીવાર પછી હુમાયુ પણ ઉઠયો ને તે પણ ઇંદ્રનાથને મારવા મંડયો. એમ મુસલમાનો બે અને ઇંદ્રનાથ એકજ સામે ઘોર દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. હવે તેને વિષમ સંકટ ઉત્પન્ન થયું. બે માણસની સામે એક માણસને અસિયુદ્ધ સંભવે નહીં. પણ ન્યાયને તો

મુસલમાનો ઓળખતા નહીં. અસલથીજ એમની એ પદ્ધતિ હતી. રીતસર કે ન્યાયસર લડવું કે યુદ્ધના કાયદા જાણવા વા પાળવાની તેઓ પરવા કરતા નથી. અને એટલાજ કારણથી એ લોકો નામના મેળવી શકયા નથી. પછી ભલે ઝાઝા માણસો હોવાથી વિજયશાળી થાય. પરંતુ આટલો બધો ઇતિહાસ જુઓ કે હિંદુ રાજા પ્રતાપ, ટોડરમલ, તિલકસિંહ, પૃથુરાજ જેવો કોઇ મુસલમાન સરદાર કે રાજા નામાંકિત છે? ભલે ઉપર બતાવેલા હિંદુ રાજાઓ યુદ્ધમાં હાર્યા, પાયમાલ થયા પણ તેમની નેક, ટેક, સાચવટ, પ્રમાણીકતાના ઉજવલ સદ્‌ગુણોને લઇને તેઓનો સુયશ ઇતિહાસના પાનામાં જગ મશહુર છે. મુસલમાનો શૂરા નહોતા એમ નથી. એ લોકો પણ બહુ બહાદુર હતા પરંતુ સદ્‌ગુણ એમના વારસામાંજ ન મળે. જ્યાં બીજ કાચનું છે તેમાં મોગરાની આશા રાખવી એ વૃથા છે. ઇંદ્રનાથ એકલો લડનાર છે તેની સાથે એકીવારે બે જણ અને તેમાં વળી અસિ યુદ્ધ એ કેમ સંભવે? ગમે તેવો કુસ્તિબાજ કે કસરતબાજ હોય તોપણ બે માણસના ઘા સામે એકી સાથે ટકી શકે નહીં. એકેવારે બે ઘા સામટા થાય તેમાં અલબત એક માણસનો ઘા કસરતબાજ યોદ્ધો ખાળી શકે, પરંતુ બીજો તો જરૂર મારે. કાચો સૈનિક તો બે સામા પક્ષના શત્રુ સામે સંગ્રામ કરેજ નહીં. પણ ઇંદ્રનાથ ખરો ક્ષત્રીય બચ્ચો હતો. વળી પ્રમાણિક અને સાક્ષાત્ સત્યની પ્રતિમા સ્વરૂપ હતો. તેણે બંને મુસલમાન સરદારોના ઘા સહન કરવા માંડયા. વળી બંને મુસલમાન સરદારો પણ ખરા અસિબાજ હતા. થોડો વખત મુરચ્છા થતાં હુમાયુ પડી રહ્યો હતો તે હવે શાંતિ વળતાં તરત ઉઠયો ને ઇંદ્રનાથ ઉપર જોરથી ઘા કરવા માંડયા. તેમ નૂરખાન પણ પોતાનું દ્વિગુણ બળ દેખી બહુ ઉત્સાહથી લડવા મંડયો. આ વખતે

ઇંદ્રનાથે જોયું કે આ લોકને હાથે કપાઇ જવા સિવાય બીજો રસ્તો નથી, માટે આ ભૂમિમાંથી આઘા પાછા ખસી જવું સલામતિ ભરેલું છે. એવું જોઈ આપત્તિકાળે મુસલમાનને હાથે કપાઇ જવા કરતાં ગંગા નદીમાં દેહાર્પણ કરવું ઉચિત છે, એમ વિચારી ફલાંગમારી નદીમાં ઝંપલાવ્યું. માતુ પૃથ્વી તમે મને સંકટ સમયે મદદ કરી નહીં એમ બોલતાં બોલતાં ગંગાના અગાધ જળમાં પડયો. મ્લેચ્છોએ જોયું કે બસ બેલ ખલાસ. હવે આટલા ઉંડા જળમાંથી જીવતા બહાર નિકળવું માણુસથી સાધ્ય નથી. માટે ચાલો હવે તે પીડા પતી, એમ સમજી રસ્તે પડયા. મુસલમાનોનો તર્ક વાસ્તવિક હતો. ઇંદ્રનાથે જે જળમાં ઝપલાવ્યું તેમાંથી જીવતા નિકળવાનું અશકયજ હતું. કારણકે એવા જોરથી અને ઉંચેથી તેણે પડતું નાંખ્યું કે તરવાની વાત તો બાજુપર રહી પરંતુ જળની સપાટી ઉપર પહોંચતાં પહોંચતાં તે તદ્દન બેશુદ્ધ થઇ ગયો હતો. ભાગ્યવશાત્ કેટલેક દૂરે એક હોડી કાંઠે બાંધેલી હતી અને તેનો નૌકાસ્વામી જાગ્રત્ હતો તેણે જાણ્યું કે કોઇ માણુસ જળમાં પડયું તેનો આઘાત સાભળતાંની સાથેજ તેણે ખારવા લોકને હુકમ કર્યો કે તમે તુરત જળમાં પડો, અને જે માણુસ જળમાં પડયો છે તેને તરત આપણી નૌકામાં લાવો. તરત તેઓ જળમાં પડયા, ને થોડીજ ક્ષણુમાં ઇંદ્રનાથના મૃતવત્ દેહને ખેંચી લાવીને નૌકામાં નાંખ્યો. વાંચક બંધુ ! જેણે ખારવા લોકને હુકમ કર્યો કે જળમાં પડેલા માણુસને આપણી નૌકામાં લાવો તે હુકમ કરનાર પુરુષ નથી પણુ સ્ત્રી છે. નૌકામાં નાંખ્યા પછી ઘણી મેહેનત લઇ સરવે મળી તેનું શરીર ધોઇ નાંખ્યું; તથા શરીરે જે શસ્ત્રઘાત હતા તેને કાપડથી લુછી નાંખ્યા અને તેના ઉપર સોહવાતા સોહવાતા પાટા બાંધ્યા. આખા શરીરમાં ઘા વાગ્યા છે પણુ તેમાંનો કોઇ કારી જખમ નથી.

ઘાયલ માણસે આખી રાત નિંદ્રા લીધી તેના પ્રતાપે તથા તાજા ઘાને પાણીથી ધોઇ નાંખવામાં તથા તરત પાટા બાંધવામાં આવ્યા તેમજ રાત્રિનો ઠંડો જલ પ્રવાહ ઉપર થઇને આવતો વાયુ એ સંયોગોથી પ્રાતઃકાળે આ યોદ્ધાના શરીરને અધિક વેદના રહી નહિ. તેમજ શુદ્ધિ પણ આવી તેથી આંખ ઉઘાડી જોયું તો પોતે એક નૌકામાં છે. પાસે એક અનુપમ સુંદરી બિરાજમાન છે. આ દેખાવ જોઇને તે વિસ્મીત થયો. પણ થોડીજ વારમાં તેને પૂર્વ વૃત્તાંત સ્મૃતિમાં આવ્યો. તે સ્મૃતિના રસ્તામાં આ રંભાને મેં પૂર્વે જોઇ છે એમ પણ જણાયું. પરંતુ કયે સ્થળે અને કેવા સંજોગોમાં તેને જોઈ છે તે, તે યાદ કરી શકયો નહીં. તેથી તેના પ્રતિ બોલ્યો, ભદ્રે! તમોએ મને પ્રાણદાન આપ્યું છે. હું ધારું છું કે જળમાંથી તમોએ મને જીવતો કઢાવી બચાવ્યો હશે? આપ કોણ છો? હું આપનું આ ઋણ શી રીતે વાળી શકીશ? તમોએ મારી જીવન રક્ષા કરી છે, એ વાત રાજા ટોડરમલ્લ જાણશે તો આપને નિશ્ચય પારિતોષિક આપશે.

રમણીએ ઘણીવાર સુધી કાંઇ ઉત્તર દીધો નહીં. પરંતુ ઈંદ્રનાથ તેને વારંવાર સ્તુતિ પ્રાર્થના કરી તેના પરિચયની ઇચ્છા કરી.

ત્યારે તે બોલી. સૈનિકવર! શું એટલીજ વારમાં મને ભૂલી ગયા છો? તેનો માધુર્ય અવાજ સાંભળતાંજ ઈંદ્રનાથને તેનું તુરતજ સ્મરણ થયું. તે બોલ્યો. ઓ રમણીય રત્ન! શું જીવતા પર્યંત આપને ભૂલાય? પણ આપ શી રીતે આ સ્થળે આવ્યાં? મહેશ્વર મંદિર કયારે છોડયું?

તે નૌકાની માલિક રમણીય વિમલા હતી. ઇંદ્રનાથે તેને મ-

હેશ્વર મંદિરે જોઇ હતી. આજ અત્રે આ સમયે અને આ સ્થિતિમાં જોઇ તે વિસ્મય પામ્યો.

ઈંદ્રનાથને વિસ્મિત દેખી વિમલાએ સ્મિતહાસ્ય કર્યું. શીરવસ્ત્ર ઠીક કરી ધીરે ધીરે ઘવાયેલા સૈનિકની સુશ્રુષા 'કરવા લાગી. ઇંદ્રનાથને ઘણી જગાએ ઘા થયા હતા પણ તેમાંનો કોઇ ઘા ભયંકર નહોતો એ વાત આગળ પણ જણાવી છે. વળી તેના ઉપર પાટા પણ સંભાળથી અને સુકોમલ રીતે બાંધેલા હતા, તેથી તેને આરામ હતો. માટે હવે ત્યાંથી જવાની તેણે તૈયારી કરી, જવા સમય તેણે તે સુંદરીને અનેકવાર ધન્યવાદ દીધો. અને આ ઉપકારનો બદલો લેવા કોઇ પણ પ્રકારે વિનંતી કરી.

વિમલા ઘણીવાર મૌન રહી પણ છેવટ સજળ નેત્રે બોલી. સૈનિકવર ! પ્રભુ મહેશ્વરના મંદિરમાં આપની પાસે મેં જે ભિક્ષા માગી છે, " સતીશચંદ્રની રક્ષા " તેજ મને બદલા તરીકે વા દાન તરીકે આપો એટલુંજ મને બસ છે.

ઈંદ્રનાથ—એનું નામ બદલોએ નહિ ને દાન પણ નહિ. તેમજ તે ઇનામ પણ નહીં. દરેક બીનગુનેહગારને મદદ કરવી અને તેને બચાવવો એ મનુષ્ય માત્રનું કર્ત્તવ્ય છે. એટલે એ વાતને આની સાથે કાંઇ સંબંધ નથી. આપે મને જે પ્રાણદાન કર્યું છે તેના બદલામાં મને શું આજ્ઞા કરો છો તે ફરમાવો અને તે સાંભળવાને હું ઉત્સુક છું.

વિમલા—(ઘણીવાર વિચારીને) બીજી ભિક્ષા એ જે હે યોદ્ધા ! તમે મને બે વાર જોઇ છે એ વાત વિસરી જાઓ.

ઈંદ્રનાથ—દેવી ! આપે મારા ઉપર જે ઉપકાર કર્યો છે તે આ જન્મે તો ભુલાય તેવો નથી. હું સમજી શકતો નથી, કે તમે મને ભુલી જવાનું શા માટે કહો છો ?

વિમલા—વીરપુરુષ ? હું બ્રાહ્મણની કન્યા છું તમે પોતે ક્ષત્રી છો તેથી તમારા સ્મરણ પંથે હું રહેવા યોગ્ય નથી. સરલા જે આપનું નિશદીન ભજન કરે છે તેના સિવાય બીજી સ્ત્રીને તમારા સ્મરણ પંથે સ્થાન ન આપશો. કારણ તેના સિવાય સર્વ સ્ત્રીઓ તમારે માટે અયોગ્ય છે.

પ્રકરણ ૧૬ મું.

કમલા.

વિમલા મોંગીર શા માટે આવી છે તે જાણવાને વાંચક વર્ગનું મન ઉત્સુક હશે. પરંતુ તે વાત કહેતાં અગાઉ મારે તેના પૂર્વ વૃત્તાંતની સાંકળ જોડવી જોઇએ. તેમજ સરલાને પણ ઈંદ્રનાથ મહેશ્વર મંદિરે રાખી આવેલ છે. તે મંદિરથી લઇ આ વારતાનો આરંભ કરું છું. પૂર્વે જણાવ્યું છે કે ઇચ્છામતિ નદી તીરે મહેશ્વર-મંદિરથી થોડે દૂર વનગ્રામ નામે એક ગામ છે. મંદિરનો મોહાન્ત ચંદ્રશેખર સર્વથા દેવાલયેજ રહેતો હતો, અને મોહાન્ત નામને ખરેખરો દિપાવનાર હતો. આજના વખતના મોહાન્ત જેવો તે નહોતો. જેને મોહનો અંત આવ્યો છે અર્થાત્ મોહ રહિત છે તેજ મોહાન્તપદને યોગ્ય છે. આજકાલના મોહાન્તોનો અર્થ ઉલટોજ છે. મોટા આડંબરથી રહેનારા એવો આજના જમાનામાં એનો અર્થ છે. ખેર, જે હોય તે. ચંદ્રશેખર કદાચ કામવશાત્ આસપાસના ગામડામાં જતો, ને ત્યાં પણ રહેતો. મહંત વર્ગ જેમ સ્વાર્થી તથા વિષય લુબ્ધ હોય છે, તેવો આ મહંત નહોતો પણ નિર્મલ ચારિત્ર વાળો હતો. તે અનેક ગરીબ બ્રાહ્મણ તથા બ્રાહ્મણીઓને તથા વિ-

ધવાઓને મંદિરનો આશરો આપતો ને તેમના પ્રત્યે સદ્વર્તન કરતો. ભ્રાતા ભગિની સમાન એ લોકના ઉપર પ્રેમ રાખતો. ત્યાંના તમામ બ્રાહ્મણો તેનાપર પ્રસન્ન હતા. વખતે મહંત બહાર ગામ જાય ત્યારે સેવા પુંજા પણ કરતા. ગામડામાં પણ જ્યાં જાય ત્યાં લોકોને સદ્બોધ આપતો અને ધર્મની ફરજ સમજાવતો. પરોપકાર પણ પોતાથી બનતો કરતો અને લોકોને રસ્તો બતાવતો. વખતે વખતે ગૃહસ્થોનો સમાગમ થતો. તેઓ મહંતની વાસ્તવિક ધર્મ પરાયણતાથી ધનધાન્યાદિ આપતા તે મંદિરના આશ્રયે રહેનાર લોકોનાજ ઉપયોગમાં આવતું. મંદિરના આશ્રયે રહેનારા લોકો પૈકી કમલા નામની એક કાયસ્થ કન્યાને પરિચારિકારૂપે રાખેલી હતી. તેનું સારી રીતે લાલન પાલન કરતો તથા તેની ઉપર પોતાની પુત્રી સમાન ભાવ રાખતો. ચંદ્રશેખર જેવો નિર્મલ ચરિત્ર હતો તેવોજ ધર્મપરાયણ પણ હતો. અને તેનું આચરણ જોઇને પૂર્વ કાળના ઋષિ મુનિઓનો સમય અને સમાગમ સરખાવવાનું મન થતું. આ નિર્મલ વાત્સલ્યભાવથી લોકો તેને કણ્વ મુનિ અને કમલાને શાકુંતલા કહેતા.

એક દિન સંધ્યાકાળે નદીના ઘાટ ઉપર બેઠી બેઠી બે સ્ત્રીઓ આપસ આપસમાં વાતચિત કરે છે, તેમાં એક તો આપણી પરિચિત સરલા છે અને બીજી ઉપર બતાવેલી કમલા (શાકુંતલા) છે.

કમલા ઘણા દિવસથી એ આશ્રમમાં રહે છે. તેની ઉમ્મર હાલ માત્ર ૧૮ વરસની છે. તે કોની દીકરી છે? કોની સ્ત્રી છે? તેનો સ્વામી ક્યારે મરી ગયો છે? વગેરે વાત કોઇના જાણુવામાં નથી. કદિ કોઇ તેને એ વાત પૂછે તો કમલા બહુ રૂદન કરે છે. તેથી કોઈ એ વાત છેડે તો પણ બીજા માણુસો એને અટકાવે છે. કમલાનો સ્વભાવ એવો શાંત અને પરમજુ હતો કે આશ્રમવાસી

લોક એના પર મરી ફીટતા. ને કમલાનું તો ઉદાહરણ અપાતું કે, વાહ ! ભગવાન્ કમલાના જેવો સ્વભાવ સર્વેને આપો. તે સતત શાંત, નિર્જન ચિંતા વગરનું ભયંકર ઝાડી કે જ્યાં નિબીડ અંધકાર હોય, જનરવ કે પદરવ ન હોય, તેવે સ્થળે પોતાના ફુરસદના સમયમાં બેસી કમલા નિરંતર શું ભાવના કરે છે ? થોડી વાર અમુક સ્થળેથી ઉઠી વળી બીજા કોઇ સ્થળમાં જઇને બેસે કે જે સ્થાન પૂર્વોક્ત કરતાં વધારે શૂન્યમય હોય. મધુર પક્ષીઓનું બોલવું તેને વધારે પસંદ હતું. અને તેવે સ્થળે જઇ તે બેસતી. જે પક્ષીનો કલરવ મૃદુ હોય, તે તેને ખૂબ પ્રિય હતો. તેથી આંબાવાડીયામાં કે જ્યાં કોયલ, મેનાં ઇત્યાદિ મધુર અને મૃદુ સ્વરવાળાં પક્ષીઓ આસ્તે આસ્તે બોલતાં હોય તેવે સ્થળે બપોર પછી સંધ્યાકાળે અથવા નવરાશની વેળાએ જઇ કમલા મહા ચિંતામાં નિમગ્ન થતી. કમલા શું ચિંતા કરે છે ? તેને શું દુઃખ હશે ? તે કોણ જાણે છે ? ચંદ્રશેખર તો તેના ઉપર પુત્રી સમાન પ્યાર રાખતો. આશ્રમવાસી લોક એને દેવી સમાન ગણી માન આપતા, તથા તેના ઉપર તુષ્ટમાન હતા તેમજ ગામના લોકમાં એ ધન્યવાદને પાત્ર ગણતી છતાં કમલા નિરંતર અન્યમનસ્કા, ચિંતાશીલા અને શોકપંકે નિમગ્ના કેમ જણાય છે ? ભણેલી ગણેલી તથા શાસ્ત્ર નિપુણ હોવાથી કથા વાર્તા ગામમાં સકળ સ્ત્રી વર્ગમાં કરતી તેમ તેનો કોમળ કંઠ તથા ભાવ પરિપૂર્ણતાથી શ્રોતાના કર્ણને અમૃત વર્ષન જણાતું.

કમલા અનુપમ સુંદરી, તેનાં નેત્રદ્વય અતિશય શાંત જ્યોતિર્મય તથા ચિંતા પ્રકાશક હતાં. શરીરના સમસ્ત અંગો કરતાં તેનું મુખ શાંત અને ગાઢ તેમજ ચિંતાએ મ્લાન, દેહ અતિ સુકુમારે વૈધવ્ય વેશથી તથા તે સુકુમાર દેહ મલીન વસ્ત્રે આચ્છાદિત હોઇ

પુષ્પ કમળ જેમ સેવાળે આચ્છાદિત હોય તેવું જણાતું. પરંતુ કમળ જેમ સવારે ખીલે ને સાંજે બીડાઇ જાય તે મુજબ તેનું મુખ ખીલતું નહોતું, સદા બીડાયેલુંજ હતું. ચંદ્રશેખરને પિતાજી કહી બોલાવતી, તથા મંદિરનો તથા ઘરનો સઘળો કામકાજનો બોજો તેને શીરે હતો. તેમાં સમય મલતાં ઝાડીમાં નિબીડ અંધકારમાં એકલી બેસી ચિંતા કરતી. શિખંડીવાહન તેના એ સ્વભાવથી તેને વનદેવી કહી બોલાવતો, અને તે નામે ગામના લોકો પણ બોલાવતા. એકંદરે તે એકાંત નિવાસીની સુશીલા દેવીને તે શાંત, પવિત્ર છાયાન્વિત, આશ્રમની અધિષ્ઠાત્રી કહીએ તો તે ઉચિત હતું. આજ સંધ્યા સમયે સરલાને સાથે લઇને તે વનમાં ગઇ છે અને ત્યાંથી ફરતાં ફરતાં ઉપર બતાવ્યા મુજબ બંને નદીના તીર ઉપર બેઠાં છે. કમલા સરલાના ઉપર બહુ પ્રેમ રાખતી. બંને સુખ દુઃખની વાતો કરતાં. સરલા કૌમારાવસ્થાનું દુઃખ ભૂલી જઇ કમલાની વૈધવ્ય સ્થિતિ જોઇ બહુ ખેદ પામતી અને અંતઃકરણપૂર્વક તેના દુઃખથી પોતે દુઃખી થતી તેથી તે બંનેની પ્રીતિમાં અધિક વૃદ્ધિ થઇ હતી. વાંચકવર્ગને શંકા થતી હોય કે વળી સરલાને શું દુઃખ છે ? બાલિકાના કોમળ હૃદયમાં વળી ચિંતા શી ? તેનો જવાબ એ જે સરલા હવે બાલિકા નહોતી પરંતુ તેના કોમલ અંતઃકરણમાં પ્રણય કીડો કોતરી ખાતો હતો. જે દીને ઇંદ્રનાથ સરલા પાસેથી રજા માગીને ગયો તે દિનથી પ્રણય કોને કહે છે અને તે શું અસર કરી શકે છે તેનો અનુભવ સરલાને થવા લાગ્યો હતો. સરલા સ્વભાવથી માતૃ સેવામાં નિરંતર તત્પર હતી. જે પ્રમાણે તે આગળ પણ હતી. પરંતુ અગાઉ કોઇને માટે વિચાર કરવાની કે કઇ વસ્તુ મેળવવાની ઇચ્છા નહોતી, તે સ્થિતિ હવે બદલાઇ છે. માતૃ સેવાના સમયમાં પણ જાણે વિદ્યુતના ચમકારા

થાય છે, મન કંઇક અંદરથી કહે છે કોઇ આવે છે કે શું? જીવ જાણે કોઈ જગાએ કાચે તાંતણે બંધાઇ ગયો છે ને પરાધિન થયો છે. કોઇ વાત ગમતી નથી, મુંઝવણ થાય છે. કોઈ પણ સ્થિતિમાં ચેન પડતું નથી. પ્રાણ અંદરથી છટ્ફટ્ કરે છે. ખરૂં ખોટું સમજવાની જાણે શક્તિ ન હોય એમ અલક્ષ્ય થયું છે. કોઇ વાતમાં મન લાગતું નથી. કોઇ ચીજપર પ્રેમ લાગતો નથી. જીંદગી જાણે અકારી લાગે છે. જાણે કંઈ વાતનું સ્મરણ આવે છે. અસંબંધ શબ્દોનું સ્ફુરણ થઇ આવે છે. એવા અનેક ભાવો અંદરથી પ્રગટ થઈ બાહાર સાક્ષાત્ થવા તરફડીયાં મારે છે, અને તે લોક લજ્જાના ભયે સરી જાય છે. જો કે આગળની માફકજ કામકાજ કરે છે, પણ તે કામ જાણે ભટકતે મને, પરાધીન દશામાં અને અકર્ત્તારૂપે કરાય છે. દશે ઇંદ્રિયોદ્વારા કામ થતું નથી. કામ કરતાં થોડીજ વારમાં થાક જણાય છે ને વળી કદાચ કલાકના કલાક સુધી કામ કરતાં વખત કે થાક જણાતો નથી. જાણે રખે કંઇ યાદ કરતી હોય? મન જાણે કંઇ ખોવાગેલાને શોધતું ન હોય? એમ વખતે વખતે ઉશ્વાસ નિશ્વાસ મૂકાઇ જાય છે અથવા વિના કારણે રોવાઇ જવાય છે. ને રોવાઇ જતાં સ્થિતિનું ભાન આવતાં લોક લજ્જાના ભયે શાંત થાય છે. સરલાને આ બાબતનો ખુલાસો શું પૂછાય? વળી પોતેજ સમજતી નથી કે મને આમ શાથી થાય છે? ને શું છે? પરંતુ અમો અનુભવથી જણાવીએ છીએ કે રૂદ્રપુરે પૂર્ણ ચંદ્રાલોકે જે દેવમુર્ત્તિ દેખી છે તેને ફરીથી જોવાને માટે મન અધિરું થયું છે. ને તેની ગુપ્ત ચિંતા તેને બાળી નાંખે છે. તે દેવમુર્ત્તિ હવે હું પુનઃવાર દેખીશ કે નહીં? હાલ તે ક્યાં હશે? તેની શું સ્થિતિ હશે? હું યાદ હઇશ? તેનું મન કેવું હશે? શરીર સ્વસ્થ હશે? વગેરે ચિંતાએ તેને ભયભિત કરી છે.

સાધારણ નિયમ એવો છે કે વિયોગી કે બિમાર માણસને વિશે પરાયા અથવા દૂર સંપર્ક વ્યક્તિ જેટલું ને જેવું અનિષ્ટ ઇચ્છે તેના કરતાં અધિક દરજ્જે આત્મીય સ્વજન વધારે અનિષ્ટ ઇચ્છે અને એને લીધેજ તેમને ચિંતા પણ વધારે થાય. અરે ભાઇ ! ચોખ્ખા શબ્દમાં સ્પષ્ટિકરણ એટલુંજ છે કે "સ્વાર્થી સંસાર" જેમ સગપણ વા આત્મીયતા વિશેષ નિકટ તેમ તેમનો લાભ આપણા પ્રત્યે વધારે, અને જેનો લાભ વધારે છે તે પોતાના હાથમાંથી નીકળી ન જાય એની સૌ કાળજી વધારે રાખે એમાં નવાઇ શું? સ્વાર્થ ઉપર દુનિયાં નિર્ભર છે. માતા ને બાળકમાં, સ્ત્રી ને ધણીમાં, બેન ને ભાઇમાં, શેઠ ને વાણોતરમાં અને પુજારી ને દેવમાં જો પૂર્ણપણે સ્વાર્થ નહોય તો તેની બરાબર સેવા ન કરે. આ જગ્યાએ કોઇ એમ સવાલ કરે કે અમુક વ્યક્તિ અમુક વ્યક્તિમાંજ તલ્લીન વા આધીન છે તેનું કારણ શું? તો તેનો જવાબ એટલોજ કે પૂર્વજન્મ છે. પૂર્વજન્મના ઋણાનુબંધના આધારે વર્તમાન જન્મમાં સ્વાર્થપરતા પ્રગટે છે. સરલાને દેવમુર્ત્તિમાં સ્વાર્થ હતો તેથી તે તેની નિરંતર ચિંતા કરતી. જે કોટડીએ છેલ્લો મેલાપ થયો હતો તે જગ્યા, તે સમય, તે વખતે થયેલી વાતચિત, વગેરે લઇ એક મનમાળા કરી હતી તેને તે વારંવાર ફેરવતી.

સરલાનો મનોભાવ માત્ર કમલા જાણતી. તે બંને જણ જંગલમાં બેસી શિતળ છાયા નીચે અને નિર્જન સ્થાનમાં એક બીજાના મનના ઉભરા ખાલી કરતાં કમળા પણ પોતાનું હૃદયકપાટ ઉઘાડી તેમાંથી કોઇવાર વિષયપાન, કોઇવાર અમૃતપાન પોતાની પ્રાણપ્રિય સખીને કરાવતી. સરલ સરલાને તેના ઉપર વિશુદ્ધ પ્રેમ હતો તેથી કમલાનું પૂર્વ વૃત્તાંત સાંભળી તેના દુખે દુઃખી થતી અને પો-

તાની મનોવ્યથા ઘડીભર ભૂલી પણ જતી, ને તેના પર મરી ફીટતી. કમલા જ્યાં કહે ત્યાં સરલા જાય અને તે કહે તેમજ કરે. એવા વર્ત્તનથી સરલા ને કમલાનાં બાહ્ય શરીરો ભીન્ન હતાં ખરાં પણ અંતઃકરણ એકજ હતું.

પ્રકરણ ૧૭ મું.

કોણ છે બોલો જોઇએ.

કમલા—સરલા ?

સરલા—ઉત્તર ન દેતાં કમલાના મોં સામું જોઇ રહી. કમલાએ પૂછ્યું. બહેન ? આજે તારું વદન અતિશે મ્લાન કેમ છે ? તેનો કાંઇ પણ ઉત્તર ન દેતાં સરલા પૃથ્વી તરફ જોઇ રહી. કમલાએ જાણ્યું જે આજે સરલાને સ્નેહ દુઃખનો વેગ બળવત્તર છે તેથી તેનો હાથ પોતાના હાથમાં લઇ તેને પસવારતાં પસવારતાં બોલી, જો બહેન ? પૃથ્વીમાં તારા કરતાં પણ અભાગણી ઘણી છે. તારે શું નથી ? સ્નેહવતી માતા છે, જગતમાં ઠરવાનું ઠેકાણું છે, હૃદયેશ્વર જીવિત છે, તારે આશા ભરોસો સહુ છે. પરંતુ જગતમાં એવી પણ અભાગણી સ્ત્રીઓ છે કે જેને કંઇ નથી, તેમજ ભવિષ્યમાં પણ કંઇ હોવાનું નહીં. તેમ ભૂતકાલમાં પણ હોવાની કંઇ નિશાની નથી. કોઇ વખતની આશા કે વિશ્વાસ નથી. ફક્ત ચિંતારૂપી મહાસાગરે ત્રાસસમાન છે.

સરલા જરા શરમાઇને બોલી, બહેન ? તમારી બોધદાયક વાત સાંભળતાંજ મારાથી મારું દુઃખ ભુલી જવાય છે.

કમલા—બહેન ! વિધાતાએ આપણને નારી જન્મ સહન

કરવાને વાસ્તે આપ્યો છે. પુરુષ જેટલું સહન કરી શકે તેનાથી દશગણું સ્ત્રીએ સહન કરવું જોઇએ.

સરલા—કદિ તેમ ન થઇ શકતું હોય તો ?

કમલા—તો નારી જન્મ ગ્રહણ કરેલો વૃથા છે. મનુષ્યને માન સંભ્રમ છે, ધન સમ્પતિ છે, કુલ મર્યાદા છે, નામ ગૌરવ છે, જીવતરનાં જુદાં જુદાં સહસ્રો અવલંબન છે, હજારો સુખનાં કારણ છે, એક કદાચ ન હોય તો એક હોય એકને અનુસંધાને બીજું પ્રાપ્ત થાય. કોઇ ન પણ થાય. એમને એમ જીવિત વહન થાય. ચેષ્ટા કરો વા ન કરો. પણ જ્યાં સુધી આશા છે ત્યાં સુધી જીવન દુર્વહનીય થઇ પડે નહીં. અને આશા નથી કોને ? જો જુવાન હશે તેને ઉચ્ચાભિલાષા, માન, સંભ્રમ ખ્યાતિની આકાંક્ષા હશે. વૃદ્ધને ધન કામના, પુત્રકામના, વંશવૃદ્ધિકામના એવી હજારો ઇચ્છાઓ હશે, તેનેજ આશાઓના અવલંબને જીવિત વ્યતિત થતું જાય છે. પણ અભાગીણી વિધવા નારીને કંઈ આશા છે ? કમલા ક્ષણવાર ચુપ રહી જોયું કે સરલા એકાગ્રચિત્ત પોતાની વાત સાંભળે છે એટલે ફરીથી તેના મોં સામું જોઈ બોલી.

બોલ બહેન ! અભાગણી વિધવાને કોઇ જાતની આશા છે ? સંસારરૂપ સમુદ્રને તરી પાર ઉતરવા સારું સ્ત્રીને એકજ માત્ર હોડી છે. (પુરુષનો પ્રેમ) અને એનેજ ભરોંસે તે આ જગતમાં વિચરે છે, તેમજ જીવન વહન કરે છે. કર્મ સંજોગે તે હોડી ડુબી ગઇ એટલે તેને તરવાનું કોઇ સાધન છે ? કોઈ જાતનું અવલંબન છે ? સુખ મળવાને કોઇ કારણ છે ? ના. એમાંનું કશું નથી. તેનો ઉપાય માત્ર એકજ કે દરિયાના જે ભાગમાં હોડી ડુબી ત્યાંજ તેનું મૃત્યુ.

સરલા—બહેન ! મને લાગે છે કે તું અપાર દુઃખિણી છું. તેથી તારો વૃત્તાંત જાણવાની મને પૂર્ણ જીજ્ઞાસા છે.

કમલા—તોપણ હું દુ:ખિણી નથી. નિરંતરની ચિંતા મારા જીવનને અવલંબન રૂપ થઈ પડી છે. અત્યારે અહીં બેઠી છું. આ ઝાડ પરથી આ પાંદડું ખરે છે. તેનો મરમર અવાજ હું સાંભળું છું. તેમજ બપોરે બેસું છું, ત્યારે પણ એજ અવાજ સાંભળું છું. તે સાંભળતાંજ મારું હૃદય શાંતિ રસમાં પૂર્ણ થઇ જાય છે. વળી જો નીલ આકાશ જોઉં છું તો તેમાં ચંદ્રની સ્થિતિનું પરિવર્ત્તન નિહાળું છું. ઘડીવારમાં સફેદ વાદળાના દળમાં પ્રવેશ કરતાં મારી આંખને વધારે જ્યોતિ આપે છે, વળી કોઇ વાર કાળા વાદળામાં પેસે છે ત્યારે અંધારું થતું જોવાય છે. વળી પૂર્વ સ્થિતિમાં જોઉં છું તો તેને જોઇને શાંતિ પામું છું. વળી મારી સામે આ વિશ્વની લીલા દ્રષ્ટિગોચર થાય છે. આ ઝાડો, જંગલ, પશુ પક્ષિના કલ્લોલ, સૃષ્ટિની રમણીયતા, તેના કર્તાનું ભાન કરાવે છે તેને યાદ કરૂં છું, મારા પાપોની ક્ષમા માગું છું, અને શાંતિ લાભ મેળવું છું.

સરલા થોડી વાર ચુપ રહી. વળી બોલી, બહેન ! તમારો પૂર્વ વૃત્તાંત મને નહીં જણાવો ?

કમલા—બહેન! તું મને એ વાત પૂછે છે ખરી પણ આશ્રમવાસી કોઈ વ્યક્તિ મારો પૂર્વ વૃત્તાંત જાણતું નથી. પરંતુ લાચાર કે તારાથી છુપાવવાને મને કોઇ કારણ નથી. બહેન હું ખરું કહું છું કે મારું જીવન, કોઈ અપરૂપ મોહજાળે જડાયું છે કે તે શું છે? તે હું પોતે પણ સમજી શકતી નથી. એટલે મારો પૂર્વ વૃત્તાંત મને કંઇ માલમ નથી.

સરલા વિસ્મય ભાવે બોલી. કંઇ યાદ નથી ? ભલા બહેન તમારું વતન ક્યાં ?

કમલા—પશ્ચિમ બંગાળમાં. પણ ગામનું નામ મને યાદ નથી.

સરલા—તમારા પિતાનું નામ શું ?

કમલા—હું તો બાળપણથીજ અનાથ એટલે એ પણ મને ખબર નથી.

સરલા—તમારા ધણીનું નામ શું હતું ?

કમલા—તે નામ મને યાદ નથી. પરંતુ એ દેવમૂર્ત્તિ અદ્યાપિ પર્યંત મારા હૃદય મંદિરમાં બિરાજમાન છે.

સરલા—તમો નાની વયમાં વિધવા થએલાં કે ?

કમલા—એક ભારે વિપદ પડી ગઇ, તેથી તેમને ખોયા. ને તે સાથેજ હું ભારે બિમાર પડી ગઈ, ત્યારથી આજ સુધી આ મહેશ્વર મંદિરમાં છું. મને માત્ર એટલુંજ યાદ છે કે કેટલાક દિન હું પીડાએ બેભાન હતી. હૃદયમાં અતિશય વેદના થતી, ને પીડાએ અસ્થિર હતી. પરંતુ તેવા વખતમાં પણ મારા હૃદયમાં સ્વામી મૂર્ત્તિ બિરાજમાન હતી. ને હજુ પણ હું તો દેખું છું. વિચારમાં ને ચિંતામાં અત્રે એકાંતે બેસી આકાશ તરફ એકી દૃષ્ટે જોઇ રહું છું તો જાણે સફેદ વાદળમાં મને મારા પ્રિય દેવની પ્રતિમા સાક્ષાત્ થાય છે. જ્યારે હું બહુ બિમાર હતી ત્યારે સૌ લોક કહેતા જે હવે તે બચશે નહીં. તેવા અણીના ટાંકણે પિતા ચંદ્રશેખર તીર્થ અટણ કરતા કરતા ત્યાં આવેલા ને દયાળુ પિતાએ ત્યાં મારી કેટલીક સુશ્રુષા કરીને નિરાધાર વિધવા જાણીને તેમણે મને પોતાની હોડીમાં નાંખી અને અત્રે લાવ્યા. જે વખતે મને બિમાર સ્થિતિમાં હોડીમાં નાંખી તે વખતે તો કોઇ લોકોએ મારા બચવાની આશા તો રાખી નહોતી. ગામના તમામ લોકો તો એમજ કહેતા હતા જે તે હોડીમાંજ મરી જશે. પણ જગદિશ્વરની દયા, પિતા ચંદ્રશેખરનો શ્રમ અને સમુદ્ર

સેવનના શિતળ અને સ્વાસ્થ્ય વાતાવરણથી મારી તબીયત સુધરી તે હજુ આજ સુધી પણ જીવિત છું. આ મારી હકીકત છે. મારે વિષે આથી વધારે હું બીજું જાણતી નથી. સરલા ધીરે ધીરે કમલાની નજીક જઇ તેની કમરની આસપાસ પોતાના બંને બાહુ લપેટી બોલી. બહેન ! મને માફ કરજે. હવેથી હું કોઈ દહાડો મારે વિષે દુઃખ કરીશ નહી. તમારું દુઃખ સાંભળી હું મારું દુઃખ વિસરી જાઉં છું. એમ બંને જણ વાત કરે છે એટલામાં એક સ્ત્રી પાછળથી આવી સરલાની બન્ને આંખો દબાવી બોલી કોણ છે ? બોલ જોઇએ ?

જો કે સરલાની તે પરિચયી હતી તેથી તેણે તે સ્વર ઓળખવો જોઇતો હતો તો પણ યાદ ન આવતાં સરલા બોલી "નિસ્તારીણી" તોપણ આંખ ઉપરથી હાથ ઉપાડયો નહીં. ત્યાર પછી "મનમોહિની" "યોગીંદ્રમોહીની" "તારા" "રમાદેવી" "અશુમતિ" "વિશ્વમોહિની" ઇત્યાદિ અનેક નામો દેવાયાં છતાં પણ આંખ ઉપરથી હાથ ઉપાડયો નહીં.

તારું માથું પાગલી. એટલી વારમાં ભુલી ગઈ? હજુ તો પરણવાનું બાકી છે એટલામાં તો મને વિસારી પણ દીધી ત્યારે કોણ જાણે પરણ્યા પછી તો કોઇને દીઠે ઓળખી શકીશ નહી. એમ બોલીને સરલાની પ્રિય સખી અમલાએ તેની આંખો ઉપરથી હાથ ઉઠાવી લીધા તે સાથેજ સરલા ઝાંખી પડી ગઇ, વિસ્મય પામી ગદ્‌ગદ્ કંઠે બોલી. પ્રિય સખી અમલા? તું કયાંથી આવી ? કયારે આવી ? અમલા બોલી હું તો ત્રણ વાગે આવી છું. અત્યારે બે પહોર રાત્રી જતાં પણ જ્યારે તું ઘેર નજ આવી એટલે હું તને શોધવા આવી. ઘણા દિવસથી તને મળવાનું મન હતું. પણ સ્વામીની આજ્ઞા સિવાય તો આવી શકાય

નહીં. આજ મહા મુશ્કેલીએ તેમની રજા મેળવી આવી છું. સરલાએ બાષ્પપૂર્ણ લોચને પોતાનું મુખમંડળ અમલાના વક્ષઃસ્થળમાં છુપાવ્યું, તેમજ અમલાની પણ આંખમાં આંસુ આવ્યાં. પોતાનું આત્મીય સ્વજન જેને પોતાનું અંતઃકરણ માનતું હોય તેનો વિયોગ થયા પછી સંજોગ સમયે હર્ષાશ્રુ આવે એ સ્વાભાવિક છે. પરંતુ તેમાં ભેદ એકજ છે કે બંને વ્યકિતના અંતઃકરણમાં પરસ્પર પ્રિતીની લાગણી હોવી જોઇએ. ઘણીવાર સહોદર ભાઇઓ મળતાં રામ રામ વ્યવહાર પણ જોવાતો નથી. તાત્પર્ય એટલુંજ કે ગમે તેવો નિકટ સંબંધ ભલે હોય તથાપિ તે સંબંધ કદી પરસ્પરના અંતઃકરણમાં શાંતિભુત ન હોય ત્યાં સુધી તેઓના સંજોગે સુખ નથી તેમ વિયોગે દુઃખ પણ નથી આ વાતમાં અમલા જો કે કૈવર્ત્તપત્ની છે તેમજ સરલા કાયસ્થ કન્યા હોવા છતાં તેમનાં અંતઃકરણમાં પરસ્પર પ્રેમરજ્જુ અંકુરિત હોવાથી તેમનાં મન દ્રવિભુત થાય એ શક્ય છે. બંને જણીને નિસ્તબ્ધ દેખી કમલા પણ કેટલોક વખત મૌન્ય રહી. થોડી વારે ત્રણે જણ ઉઠી આશ્રમ તરફ આવ્યાં.

પ્રકરણ ૧૮ મું.

ઇચ્છાપુરનો જમીનદાર.

ચંદ્રશેખર અને શિખંડીવાહન ભિન્ન અન્યમનુષ્ય મહાશ્વેતાનો વાસ્તવિક પરિચય જાણતું નહોતું. તેમજ મહાશ્વેતા પોતાને મોંએ પોતાનો પરિચય આપતી નહીં. મંદિરનાં શાંત અને વિદ્વેષશૂન્ય વાતાવરણના પ્રભાવથી તથા શાંત લોકના સમાગમથી મહાશ્વેતાનું

અંતઃકરણ યત્કિંચિત પ્રમાણમાં શાંત થયું હતું. પરંતુ સ્વભાવનું પરિવર્ત્તન હોય નહીં. તેને પોતાની જાતનું તથા પોતાના પતિનું અતિશય સ્વમાન હતું. તેના અંતઃકરણમાં નિરંતર એ જ્વાળા બળતી. તેથી તે પોતાના નિયમ મુજબ વૈરનિર્યાતન શીવપુજા બરાબર કરતી. ચંદ્રશેખરની કોટડીએ આજ એક અતિથિ ભારે સમૃદ્ધિશાળી આવેલ છે, જાણીને અનેક માણસો ખાઇ પી પરવારીને પિતા ચંદ્રશેખરની કોટડીએ બેસવા આવ્યા છે. ઘરના મધ્યભાગમાં ચંદ્રશેખર બેઠા છે. તેમની હાલે ઉમ્મર લગભગ પચાશ વર્ષની છે પરંતુ મંદિરના શાંત કાર્યે રોજ નિર્વાહ કર્યાથી હોય કે માનસિક શાંતિથી હોય પણ તેમના પ્રશાંત લલાટમાં કે ઉદારમુખમંડળમાં એક પણ વાર્ધ્યકય ચિન્હ નથી. આંખ બંને જ્યોતિઃ પરિપૂર્ણ આખું શરીર તેજપૂર્ણ ખુલ્લું રાખી પદ્માસને ઘરના બરાબર મધ્ય ભાગમાં બેઠા છે. ડાબે ખભે ઉપવિત્ત ધારણ કરેલું છે અને તેમના દક્ષિણ ભાગે અતિથિ જે અતિ સમૃદ્ધિશાળી છે તે બેઠા છે. તેમની ઉમર પણ લગભગ ચંદ્રશેખરના જેટલીજ છે. પરંતુ સંસારના દુઃખે તથા અન્ય ઉપાધિથી તેમનું શરીર જીર્ણ છે. મસ્તિકે કેશ અધિકાંશે શુકલ વર્ણ છે. આંખમાં જ્યોતિઃ પ્રકાશ નથી. વદનમંડલે કાન્તિ નથી. પ્રચંડ શરીર છે પણ તેમાં અત્યારે બળ નથી. તેને દેખતાંજ સંસારિક ચિંતાથી દુઃખીત, કીન્તુ પુન્યબલી લોક સ્પષ્ટ સમજાય છે. એ અતિથિ વાંચક વર્ગથી તદ્દન અપરિચિત નથી. તે ઇચ્છાપુરનો જમીનદાર નગેંદ્રનાથ છે.

તે બે જણની સામે તથા પાછળ ઘણા મંદિરવાસી લોક બેઠા છે. ચંદ્રશેખરથી થોડેદૂર પછવાડે થોડા અંધકારમાં મહાશ્વેતા લાજ તાણીને બેઠી છે. તેની પાસે શીખંડીવાહન બેઠા છે. ધીમા ધીમા

સ્વરેથી વાત કરે છે. માંહે માંહે નગેંદ્રનાથના સામું જુએ છે. ચંદ્રશેખરના ડાબા હાથ તરફ નજીકમાં કમલા વિનીત ભાવે બેઠી શું ચિંતા કરે છે? તથા ઘરની એક બાજુમાં અમલા તથા સરલા બેઠાં છે. આજ તે બંને સખીઓને અપાર આનંદનો દિન છે. તે બંનેની વાતો ખૂટતી નથી. પરસ્પરની વાતચિતથી મધુર હાસ્ય ચાલુ છે. તેની એક પાસે નીસ્તારીણી, મનોમોહની, યોગીંદ્રમોહીની અને તારાસુંદરી વગેરે વગેરે થોડી ઉમરની બ્રાહ્મણ કન્યાઓ આમોદ કરે છે. વળી વચ્ચે વચ્ચે ચંદ્રશેખર ને નગેંદ્રનાથની વચ્ચે થતી વાતચિતમાં મન ઘાલે છે. વળી તે નિરસ જણાતાં આપસ આપસમાં ગડબડાધ્યાય શરૂ કરે છે. ખુશ થાય છે.

નગેંદ્રનાથ ઉંડો નિશ્વાસ નાંખી ચંદ્રશેખરને સંબોધીને બોલ્યો કે હે મહાત્મન્! હું આપનું મહેશ્વર મંદિર દેખી બહુ ખુશ થયો છું. જો મોહમય સંસાર ત્યાગ કરી આપની પેઠે આ ધર્મપથ અવલંબન કર્યો હોત તો આવા ઘડપણના વખતમાં હું આ અસિમ દુઃખસાગરમાં પડત નહીં.

ચંદ્રશેખર—મહાશય ! શું ફક્ત મંદિરેજ પુન્યકર્મ કરાય ? ઘરમાં રહીને શું ન થાય ? શાસ્ત્રો કહે છે જે સત્ય અને પરોપકાર કરવામાં જેટલું પુન્ય છે તેટલું ગોગ યજ્ઞમાં પણ નથી. જે જમીનદાર પરોપકારે અને પ્રજાવાત્સલ્યે સર્વદા તૈયાર તેને વળી શું મંદિરમાં બેસવું ઉચિત છે?

નગેંદ્રનાથ—મહાત્મન્! આપ મને અતિશય સન્માન આપો છો પરંતુ તેને હું યોગ્ય નથી. જો આપના કહેવા મુજબ હું લાયક હોત તો આજ આ પાપના શમનાર્થે મહાત્મા ચંદ્રશેખર નિકટે આવત નહીં.

ચંદ્રશેખર—રાયમહાશય ! જગતમાં સહસ્ર ગુણો સંભવે એ શક્ય છે. અને જગત્‌માં કોણ પાપી નથી ? કોઇ એમ બોલનાર છે જે હું પાપી નથી ? અથવા કોણ કહી શકશે કે હું નિષ્કલંક અને નિરપરાધી છું ?

બંને જણ ઘણીવાર સુધી એ રીતે શાસ્ત્રચર્ચા ચલાવવા લાગ્યા. સમયને અનુસરતો અને રાજાની ઉમ્મરને ઘટતો જવાબ સવાલ ચંદ્રશેખર તેમને સમજાવવા લાગ્યા કે જેણે કરીને રાજાને મનોદુઃખ કમતી થાય. એમ કરતાં કરતાં રાજાએ એ આશ્રમે પોતાને આવવાનું કારણ ચંદ્રશેખરને કહેવા માંડયું.

પ્રકરણ ૧૯ મું.

જમીનદારનો પૂર્વ વૃત્તાંત.

નગેંદ્રનાથ બોલવા લાગ્યો. મહાત્મન્ ? મારા જેવું દુઃખ કોઇને નહીં હોય. તેથી હું એ મારા દુઃખની વાત આપને સંભળાવું છું.

મારી ધર્મપત્નિ મને કહેતી કે જે દિવસે મારો જન્મ થયો છે તે દિવસ આકાશમાં અપરૂપ તિથિ નક્ષત્રો જણાયાં છે અને તેથી જોશીએ મારા બાપને પણ કહ્યું હતું જે આ કન્યા ઘોર ઉન્માદનિ થશે તે પ્રમાણે તો તે ન થઇ પરંતુ તેની કેટલીક મનોવૃત્તિઓ એવી તો વેગવાળી હતી જે અજાણ્યો માણસ તેને ગાંડીજ સમજે. આજે બરાબર બાર વરસ થયાં તે પાગલીનો કાળ થયો છે.

પાગલીને પેટે બે પુત્ર રત્ન મને પ્રાપ્ત થયાં. બંનેમાં તેની માનાં થોડાં થોડાં લક્ષણો હતાં. મોટો દીકરો અહોરાત્ર ચિંતા કરતો.

ને નાનો કામકાજ કરવામાં પાગલ. પરંતુ તે બંને પુત્રો મને આંખના મણિ જેવા પ્યારા હતા. આજ તેઓ ક્યાં? હાય! દારૂણ દુઃખદાયક વિધિ! ઘડપણમાં શું આવું દુઃખ કપાળમાં તેં લખ્યું? મારી બંને આંખો ગઇ છે, હું અંધ થયો છું અને એ બંને પુત્રરત્ન ગુમાવતાં હું કંગાલ થઇ ગયો છું.

આ વાત સાંભળી સર્વનાં મન દ્રવિભૂત થયાં. ક્ષણવાર પછી નગેંદ્રનાથ બોલ્યા. મારા મોટા દીકરાને થોડાં વરસ ઉપર વાઘ લઇ ગયો. તેના શોકમાં તેની મા કાળનો ભોગ થઈ પડી. નાનો દીકરો સુરેન્દ્ર કે જેને જોઇને હું મારો શોક સમાવતો. ખરે મહારાજ! એના જેવો વીર પુરૂષ અદ્યાવધિ અવનિમાં કોઇએ જોયો નહીં હોય. દયા, ધર્મ, વિદ્યાલોચનાય બળ, અને વિક્રમમાં સુરેંદ્રના જેવો બીજો કોણ છે? દર વરસે સિંહબળ અધિક ધારણ કરતો. મલ્લ યુદ્ધમાં ગમે તેવા પેહેલવાનને તે હરાવતો. બાહુ બળે સકળને વિસ્મિત કરતો. અને અશ્વારોહણ કરવામાં એના જેવો અવર આ અવનિમાં નથી. તેના ઉપર દ્રષ્ટિ પડતાંજ તેના મુખ મંડળનો ઉદારભાવ જોઇનેજ લોકો દયાદાતાએ કર્ણ સમાન કહેતા. બલ વિક્રમે ભીમસેન જેવો. તે છોકરાને નાનપણથીજ મારા મુરબ્બી રાજા સમરસિંહ પાસે યુદ્ધની વાતો સાંભળવાનો ઘણો શોખ હતો અને છેક નાની ઉમ્મરમાં પણ યુદ્ધની વાતો સાંભળતાં સાંભળતાં તેના શરીરમાં વીરત્વ પ્રગટતું, મુખાકૃતિ ગંભીર બનતી, બંન્ને આંખ તેજસ્વી થતી અને બંને હાથની હથેલીઓને પરસ્પર ઘસતો કે જાણે તેમાંથી અગ્નિ નિકળશે. રાજા સમરસિંહની સમશેર હાથમાં લઇ કહેતો જે હું મોટો થતાં જરૂર યુદ્ધમાં જઇશ. આવા વખતે મુરબ્બી સમરસિંહ તેને બગલગીરી કરતા અને તેના મુખ ઉપર ચુમ્બનનો વરસાદ વરસાવતા. યુદ્ધના

સમયમાં તેને કોઇ કોઇવાર રણાંગણમાં લઇ જતા. ને તેને જોઇને પોતાનો પ્રાણ ઠંડો કરતા. ને કહેતા જે પઠાણો કહે છે જે બંગાલીની જાતભીરૂ છે, તેમાં પણ આ વીરને અપવાદ તરીકે તેમણે માનવો પડશે, ને કહેવું પડશે જે બંગાલી પણ વીરનર છે. બેટા સુરેંદ્ર? મારા મરણ પછી મારી સમશેર તું લેજે કારણ તારા હાથે મારા ખડ્ગનું અપમાન નહીં થાય. આજ તે સુરેંદ્ર ક્યાં? વિધાતા હાય! તેં શું દુઃખ દીધું છે! અરે! આજ મારા મોં આગળ કોણ છે કે જેને જોઇને હું મારા મનોદુઃખ ઘડી ભર વિસ્મૃત થઉં! એ ચાર જલ બિંદુ પાડયા પછી ચંદ્રશેખર બોલ્યા. સુરેંદ્રનાથના કાંઇ અશુભ સમાચાર મળ્યા છે કે શું?

તે સાંભળ્યા હોય તો આ પૃથ્વીમાં હું જીવિત હોઉં નહીં.

ચંદ્રશેખર—અત્યારે આટલી બધી ચિંતા કેમ? સુરેંદ્રનાથ થોડા દિવસને માટે વિદેશ ગયો છે. ઇશ્વરેચ્છાએ જરૂર કુશળ પાછો ફરશે.

નગેંદ્રનાથ—આશિર્વાદ કરો મહારાજ જે તેમ થાય. પરંતુ મેં ગઇ રાતે ખૂબ ખરાબ સ્વપ્ન જોયું તેથી વ્યાકુલ થઇ ગયો છું, અને તેજ કારણથી આપની પાસે આવ્યો છું. હું તે સ્વપ્નનું શું વર્ણન કરૂં? બોલતાં મારી જીભ પણ ઉપડતી નથી. જાણે અગાધ ઊંડા જળમાં મારો દીકરો ડુબ્યો છે, રક્ષણની બુમો મારે છે, દૂરદેશમાં એકલો, બંધુહિન, સહાયહિન હોવાથી તે ડુબે છે એવું મેં સ્વપ્ન જોયું. પ્રભુ? એ સ્વપ્નાનો અર્થ કરો. કદિ કાંઇ અનિષ્ટ સંભાવના હોય તો આ ક્ષણે ને આ સ્થળે હું મારો પ્રાણ ત્યાગ કરીશ.

ચંદ્રશેખર—શાંત થાઓ. ભગવાન્ આપના વીર પુત્રની રક્ષા

કરશે. પુન્યાત્મા પ્રજાવાત્સલ્ય જમીનદારને વૃદ્ધ ઉમ્મરે જગદિશ પુત્રહીન કરે નહીં.

નગેંદ્રનાથ—(અજળ નયને બોલ્યા.) મહાત્મા ! મને પુન્યાત્મા કહેશો નહીં. હું બહુ પાપે કલંકિત છું. જો ઇચ્છા હોય, મારા ઉપર આપની દયા હોય, તો મારી પાપ વારતા સાંભળો અને પછી તે પાપનું નિવારણ વિધાન બતાવો.

જ્યારે મારા સુરેંદ્રની ઉમ્મર બાર વરસની હતી ત્યારે હું સહકુટુંબ રાજા સમરસિંહને ત્યાં અતિથિ તરીકે ગયો હતો. આપ તો જાણો છો જે રાજા સમરસિંહ બંગાળ દેશના જમીનદારોના શિરોરત્ન હતા. અને તેમાં પણ મને તો પોતાના સહોદર લઘુ ભ્રાતા તરીકે લેખના. એક દિવસ હું તથા મારા મુરબ્બી બેઠા બેઠા વાર્તાવિનોદ કરતા હતા, અને પાસે મારો પુત્ર સુરેંદ્ર તથા તેમની કન્યા સરલા જે બાળક હતી તેઓ પણ ખેલતાં હતાં તેઓ આપસ આપસમાં વાત કરતાં, હસતાં, ઘડીમાં અમારી પાસે આવતાં, વળી જતાં એમ અનેક તરેહની બાળ ચેષ્ટાઓ કરતાં કરતાં રમતમાંજ સરલાએ પુષ્પની માળા લઇ મારા પુત્ર સુરેંદ્રના ગળામાં પહેરાવી દીધી તે અમો બંનેએ દીઠી. અમો બંને અવાક થઇ ગયા. ક્ષણવાર પછી રાજા સમરસિંહ બોલ્યા જે દેખ, નગેંદ્ર ! મને આ મારી પુત્રી પ્રાણથી અધિક પ્રિય છે તેણે કરેલું આ કાર્ય જોઇ હું વિસ્મિત અને વિધિના લેખ બળે પરતંત્ર છું. મારી પુત્રીનાં અનેક મોટાં મોટાં રજવાડાંમાંથી માગાં આવે છે, પણ મેં સંબંધ કર્યો નથી. આજે હું જોઉં છું કે મારી કન્યા સ્વચ્છંદે વરી છે. તેની સાથે હું તેનો વિવાહ કરીશ. મારા આનંદની હદ રહી નહીં. બંગ ચૂડામણિ રાજા સમરસિંહની એકની એક પુત્રી હું રંક યત્કિંચિત જાગીરના માલિકના

પુત્રને ભાગ્યશાળી કરે એ અપેક્ષા અધિક આનંદ આ દુનિયામાં નથી. આજે મારૂં સૌભાગ્ય છે. તરત હું કબૂલ થયો, અને રાજા સમરસિંહના ગુજર્યા પછી એ કરાર મેં તોડયો.

મહાશ્વેતા ઘુમટાની અંદરથી તીક્ષ્ણ કટાક્ષપાત કરતી હતી તેના શરીરે રોમાંચ ખડાં થઈ ગયાં હતાં જે વાત સાંભળવા સારૂજ પોતે આ ઠેકાણે બેઠી હતી તે તેણે સાંભળી. વળી નગેંદ્રનાથ બોલ્યો મહારાજ ! મેં મરહુમ બંધુ સાથે કરેલા કરારનો ભંગ કર્યો છે. અને પુત્રનો સંબંધ અન્ય સ્થળે સ્થીર કરવા ચેષ્ટા કરી. આપ જાણો છો જે ઇચ્છાપુરના જમીનદારના પુત્ર સાથે દીકરી આપવા કોણ જમીનદાર ના કહે ? એક કરતાં એકવીસ કન્યાઓ તૈયાર થઇ. તેમાંના એક સારે ઠેકાણે મેં મારા પુત્રનો સંબંધ કરવાનું નક્કી કર્યું. અને લોકમાં આવતી કાલે ચોકસ જાહેર કરનાર હું એવું જ્યારે મારા ધર્મપરાયણ પુત્રે જાણ્યું ત્યારે મને મુખોમુખે કહ્યું કે પિતા ! આપ શું કરો છો ? હું અજ્ઞાન છું તેથી બેઅદબીને માટે માફ કરશો. આપ જે વચન ભંગ કરો છો તેનું કારણ શું ? તમોએ મરહુમ રાજા સમરસિંહ સાક્ષાતે તેમની પુત્રી સાથે મારો વિવાહ સંબંધ કરેલો છે છતાં અન્ય સ્થળે કરો છો તેનું કારણ શું ? આ વાત જરૂરની હોઇ આપને નિવેદન કરી હું આ ઘરનો ત્યાગ કરૂં છું, એમ બોલીને ચાલ્યો ગયો છે. આ પાપના યોગે કદિ હું પુત્રનું મુખ ન દેખું તો !

આ વખતે મહાશ્વેતા તથા શિખંડીવાહન આપસ આપસમાં બીજી વાત કરે છે, તેઓને આ કર્ણધ્વનિ જતાં શીખંડી બોલ્યો જે બહેન મહાશ્વેતા ! હવે શું હરકત છે ? તમો આ સ્થળે તમારો પરિચય (ઓળખાણ) આપો તો ?

મહાશ્વેતા—જો વિધાતા મને આગળના જેવી ઉન્નતિ સંપન્ન ના કરે તો મારે આ જન્મે કોઇને મારો પરિચય આપવો નથી. તેમજ આ જન્મમાં આ કન્યાનો વિવાહ પણ કરવો નથી.

શીખંડી—કેમ ?

મહાશ્વેતા—બીજાનીમેહેરબાની ગ્રહણ કરવાની મારા સ્વામીની રીત નહોતી. પોતે બીજાના ઉપર મેહેરબાની કરવી ખરી પણ અન્ય કોઇ પણ વ્યક્તિનો કૃપાપ્રસાદ ચાહવો કે ગ્રહણ કરવો તે સદા સર્વદા તેમને અપ્રિય હતું.

શીખંડી—ત્યારે તમે મને અત્યારે કહો તો છો જે નગેંદ્રનાથને પ્રતિજ્ઞા પાલન પ્રસ્તાવ કરો.

મહાશ્વેતા—આ અવસ્થામાં પણ તે પોતાની પ્રતિજ્ઞા પાળવા રાજી છે કે નહીં તે જાણવા માટેજ. બાકી હું તે ખાતે સંમત નથી.

પ્રકરણ ૨૦ મું.

વનગ્રામ ત્યાગ.

ચંદ્રશેખરની કોટડીએ જે લોક બેસવા આવ્યા હતા તેઓ એકેએક ચાલી ગયા. બ્રાહ્મણ કન્યાઓ તથા બ્રાહ્મણ સ્ત્રીઓ સૌ પોતપોતાના આશ્રમે ગઇ. મહાશ્વેતા હજુ બેઠી છે. અમલા પણ પોતાની પ્રિય સખીનું માથું પોતાના ખોળામાં લઇ બેઠી છે. વાંચક વર્ગને જીજ્ઞાસા થતી હશે કે વળી અમલા કેમ બેઠી હશે ? તેને અત્યાર સુધી અત્રે બેસવાનું પ્રયોજન શું ? અમલા ચિંતવન કરે છે. જમીનદાર મહાશયના પુત્રે વિવાહ કરવા અસંમત થઇને પોતાનું ઘર

ત્યાગ કર્યું છે એમ તેઓ કહે છે. હરિ ! હરિ ! જમીનદાર કેવો નિષ્ઠુર. જે ઇંદ્રનાથ મારે ઘેર મેમાન તરીકે આવી રહેલ તેજ આ જમીનદારનો પુત્ર હોવો જોઇએ. જો એમાં ફેર પડે તો હું કૈવર્ત્ત કન્યા નહીં. પોતાના મનને વળી વધારે સમજાવે છે. મન ! સ્થિર થા. બાપ જેની સાથે વિવાહ કરવાનું કહે છે તેની સાથે તે કરનાર નથી. મેં એને જોયો છે, જાણ્યો છે. તે મહાભડ, પરાક્રમી, નેકી, ટેકી ખરો ક્ષત્રીવીર છે. અને તે સમરસિંહની દીકરી સિવાય બીજાને પરણે એમ હું માનતી નથી. સમરસિંહની વિધવા આજ નિરાશ્રય છે, વળી ગુપ્ત વેશે છે. તેની દીકરી સાથે લગ્ન કરવાને તે પાગલ થયો છે. હરિ ! હરિ ! કેમ હશે. શું આ મારા ખોળામાં માથું મુકી સુતી છે તે સમરસિંહની કન્યા હશે ? મહાશ્વેતાને જોતાં તો રાજરાણી જેવો ભાસ થાય છે. સામાન્ય કાયસ્થ જેવી તે નથી. કોઇની સાથે વાતચિત કરતી નથી, રોજ શિવપુંજા કરે છે, ને વૃદ્ધ ઉમ્મરે પણ મુખ મંડલે સ્વર્ગીય લિલા બિરાજમાન છે. જો આ મારૂં અનુમાન સત્ય હોયતો સરલા કે જે મારા ખોળામાં માથું નાંખીને ગાઢ નિંદ્રામાં સુતી છે તેના કરતાં પણ બીજી ગાઢ નિંદ્રામાં તેને જાણવી. કારણ પોતે રાજકુમારી છે એવું તે જાણતી નથી. અરે ! આ શું ખરૂં હશે ? ત્યારે મેં શું રાજકુમારી સાથે સહિએરપણું કર્યું છે ? જો એમ હોય તો તો એ બંને મા દિકરીના ચરણ પ્રભાવે આ ઇચ્છાપુર અને વનગ્રામ પવિત્ર થઇ ગયાં ગણાય. કોણ જાણે ? ભગવાન તું જાણી શકે છે. હું તો કાંઇ ચોકસ કરી શકતી નથી. એવું એવું ચિંતવન કરતાં અમલા નિંદ્રાને વિસરી ગઇ. અરે એટલી બધી વિચાર સાગરમાં ડુબી કે સૌ ચાલ્યા ગયા છતાં તેને ઉઠવાનું પણ સ્મરણ થતું નથી. જમીનદાર નગેંદ્રનાથ

બિછાને ગયા. પછી થોડીવારે અમલાને સ્મરણ થતાં પોતાની સખીને જાગૃત કરી તે ઉઠીને કમલાની સાથે શય્યા કરવા આદિના કામમાં જોડાઇ. આજે વૃદ્ધ જમીનદારને કમલા તથા સરલાએ ભોજનાદિ સામગ્રી તથા શય્યા રચના આદિ સુશ્રુષા કરી પૂર્ણ સંતોષ પમાડ્યા છે. તે નમ્ર મુખી, શાંત બંને રમણિઓની મેહેનત જોઈ નગેંદ્રનાથ અતિ પ્રસન્ન થયા. ને સજળ નયને બોલ્યા. મા કમલા તમે તથા સરલા આ વૃદ્ધની જે સેવા તથા જતન કરો છો તેવું આ વૃધ્ધે અનેક દિનથી જોયું નહોતું. હું જો કદી અભાગી ન હોત તો તમારા જેવાં બે રમણિરત્ન મારી પુત્રવધુઓ શું મારા દરબારમાં નહોત? તમારા જેવી શાંત સુરૂપા પુત્રવધુઓ બે મારે ઘેર દીપ પ્રગટાવત. પરંતુ વિધાતાએ એ સુખ શું મારા ભાગ્યમાં લખ્યું છે? કાર્તિકસ્વામીના જેવા બે પુત્ર, લક્ષ્મીના જેવી સ્નેહવતી પુત્રવધુ દ્વય મારે હોય તો મારે શું અપૂર્ણ હતું. મેં ઘણાં ગામ ને મુલક જોયા છે પણ આ ગામના જેવું શાંતિપૂર્ણ ગામ બીજાું જોયું નથી. તેમજ ઘણાં કાયસ્થ કુલો પણ જોયાં છે પણ તમારા જેવી સ્નેહમયી સર્વગુણ સંપન્ના કાયસ્થ કન્યા કોઇ વિરલ હશે.

અમલા પણ શયન કરવા ગઇ. બહારની કોટડીમાં ફક્ત મહાશ્વેતા હજુ પણ સરલાને ખોળામાં લઈ બેઠી છે. સુવા જવાની તૈયારી કરે છે. એટલામાં પરિચારીકા વેશે એક સ્ત્રી મહાશ્વેતાને કાનમાં કહે છે. રાણી મા! એકવાર અહીં આવો તો.

મહાશ્વેતા વિસ્મીત થઇ જે આ અપરિચિત વ્યક્તિ આવે વખતે ક્યાંથી! અને વળી મને પરિચીત સમાન રાણીમા કહેનાર તે કોણ? હવે પરિચારીકા બોલી, રાણીમા! મને ન ઓળખી? હું તો તમારી જુની દાસી છું.

મહાશ્વેતાએ તેને ઓળખી. તે ચતુર્વેષ્ટિત દુર્ગના એક પ્રતિહારની સ્ત્રી હતી. રાણી વિસ્મીતભાવે બોલી. એ શુ? તું આટલે દિવસે અને આ સમયે અત્રે ક્યાંથી આવી? અને હું અત્રે છું એમ તેં શાથી જાણ્યું?

પરિચારીકા—ચતુર્વેષ્ટિત દુર્ગ આપે ત્યાગ કર્યો પછી તમારા શ્વસુર પક્ષના માણસોએ તમારી અતિ ખોળાખોળ કરી. તેમજ બાલકન્યા સરલાને વાસ્તે તમામ લોકો આક્રંદ કરવા લાગ્યા. અનેક અનુસંધાનને અંતે આપ અત્રે છો એમ વિદીત થયું. સરલાની ફૂઇબા એક વાર ભાઇની કન્યાનું મુખ જોવાને કયાં કયાં ફર્યાં? તેનું હું શું વર્ણન કરૂં? છેવટ રૂદ્રપુરે ગયાં. ત્યાંથી ખબર મળતાં નૌકા ભાડે કરી અત્રે આવ્યાં છે. આ આપનાજ ઘાટ ઉપર નૌકા ઉભી છે, તેમાં તેઓ બેઠાં છે, ને મને મોકલી છે કે એકવાર મહાશ્વેતાને તથા સરલાને અહીં બોલાવી લાવતો તેમને જોઇ હું મારાં નેત્ર ઠંડાં કરૂં. મને આશા છે કે આપ ત્યાં પધારવા કૃપા કરશો. પૂર્વ વૃત્તાંત સાંભળતાં મહાશ્વેતાનું વજ્ર હૃદય પીગલ્યું. બંને નેત્રમાંથી એકદમ અશ્રુધારા વહેવા લાગી. થોડી વારે એ શોક દૂર કરી સરલાને સાથે લઇને પરિચારિકા સાથે ઘાટ ઉપર ગયાં.

ઘાટ ઘણો નજીક હતો. ત્યાં જતાં દાસીએ નૌકા દેખાડી દીધી. તે અતિ ક્ષીપ્ર ગામી છે. તેમાં દશ બાર જણ મુખે કાપડ બાંધી હાથમાં દંડુકા ધરી ઉભા છે. મધ્ય સ્થળે એક વૃદ્ધ વનિતા છે. તે મહાશ્વેતાને જોતાં ઇશારતદ્વારા પોતાની પાસે આવવા કહે છે. સરલાને લઇ મહાશ્વેતા હોડી ઉપર ગઇ. જેવી તે હોડીમાં બેઠી કે તુરતજ હોડી એકદમ તીવ્ર વેગે નદીના મધ્ય જળે ભાસમાન થઈ. તે એટલી ઝડપે જવા લાગી કે જેમ અતિ ઉતાવળી ગતિએ પક્ષી

આકાશમાં જતું ન હોય ! મહાશ્વેતા જાણે છે તો સરલાની પુછાશ નથી પણ સ્ત્રી વેશ લેઇ બેઠેલો તે શકુનિનો એક ભૃત્ય છે. જે દાસી તેઓને ત્યાં બોલાવી લાવી હતી તે અન્ય દિશા તરફ કાંઠે ઉભેલી હતી ત્યાંથી પલાયન થઇ ગઇ. મહાશ્વેતા ને તેની કન્યા સરલા હવે શકુનિનાં બંદિવાન થયાં.

ઈશ્વરની ગતિ ગહન છે. વિધિના બાંધ્યા લેખ કોઇ મિથ્યા કરી શકનાર નથી. શકુનિના ભયે ઇચ્છાપુર ત્યાગ કરી વનગ્રામ આ-વાસ કર્યો, તોપણ ભાગ્યમાં કારાગાર નિર્માણ થયેલ છે તે કેમ મટે? તે ઉપર એક કવિએ કહ્યું છે કેઃ—

ननिर्मितः केन नदृष्ट पूर्वो, नश्रुयते हेममय कुरंग ।
तथापि तृष्णा रघुनंदनस्य, विनाशकाले विपरित बुद्धि ।।

રામચંદ્રજી જેને આપણે ઈશ્વરાવતાર માનીએ છીએ, તેઓએ પણ સોનાનો મૃગ (રાવણનો મામો તે રૂપ ધરીને સીતાને હરવા આવ્યો હતો.) હોવા અસંભવિતપણું માન્યું નહીં ને તેને મારવા ગયા. પાછળથી અસુર રાવણ જગજ્જનનીને ઉપાડી ગયો, અને તેમ થવું સર્વથા શકય છે. વિધિએ જે સુખ કે દુઃખ નિર્મ્યું છે તેમાં સાધારણ વ્યવહારીક જીવથી જકડાયા વિના રહેવાતુંજ નથી. જેઓ આ માયાને તરતા થકા પણ આ લોકના કલ્યાણને માટે સદા સ-ર્વદા વિચરે છે તેઓની વાતનો આમાં સમાસ નથી. કારણકે જેણે જ્ઞાનાગ્નિએ કરીને પોતાનાં પાપનો ક્ષય કર્યો છે, તથા વર્ત્તમાન કાળમાં હું કર્તાપણે કોઇ કામ કરતો નથી એવા દૈવીજીવને માટે એક અગમ વાત છે. આપણી વાર્તામાં મહાશ્વેતા વ્યવહારમાં નિ-પુણ અને વૈર લેવાને માટે સદા તલ્પી રહેલી નાગણી જેવી સ્ત્રીને

આ વિધિ બંધ મિથ્યા થાય એ બને કેમ ? અને તેમ કદાચ બને તો અઘટિત ઘટનાના ઘટાવનારની લીલાની તારીફ કોણ કરે ? વ્યવહાર ભાગે બુરૂં દેખાતું કર્મનું પરિણામ શુભ આવે છે. અને શુભ કર્મની શરૂઆતનાં કડવાં ફળ ઘણીવાર નિપજેલાં જોવામાં આવે છે.

પ્રકરણ ૨૧ મું.

કારાગ્રહ વાસ.

પ્રાતઃકાળે સૂર્ય નારાયણ સોનેરી કિરણે ચતુર્વિષ્ટિત દુર્ગની શોભામાં વૃદ્ધિ કરે છે. દુર્ગપદ ચારીણી, શાંત પ્રવાહની યમુના નદિના જળ ઉપર સૂર્યકિરણ પડતાં ઝકમક ઝકમક દેખાય છે. તેમજ નદિ ઉપર પ્રકાંડદુર્ગની છાયા પ્રતિફલીત થાય છે. અને બેચાર નાનાં નાવડાં જળમાં તરે છે. ઘાટે રમણીગણ સ્નાન કરે છે વા જળ ભરે છે. તેના અંગને પ્રાતઃકાળનો શીતળ પવન પુલકિત કરે છે. કૃષીગણ ઢોર લઇ જંગલમાં જાય છે અને આનંદે ગાયન કરતા જાય છે. તથા પક્ષીગણ તથા અરૂણનાં તરૂણ કિરણો પુલકિત થઇ તેમાં રાગ મેળવે છે. સર્વે જગત્ આનંદમય તથા પ્રકાશમય છે.

તે પ્રકાંડ દુર્ગના નીચેના ભાગમાં (ભોંયતળીએ) એક ક્ષુદ્ર ખોલી છે ને તેમાં ઝાંખી બત્તી બળે છે. તે ઝાંખા પ્રકાશમાં મહાશ્વેતાને તથા સરલાને પુરવામાં આવેલાં છે. તેઓ અત્યારે શકુનિનાં કેદી છે, કે જે કેદીને છળ કરીને વનગ્રામથી દાસી દ્વારા હોડીમાં નાંખીને અત્રે લવાયાં છે. સરલા નિદ્રિત છે. માના પડખામાં ભરાઇ બચ્ચાંની માફક ઘોર નિંદ્રા લેછે. હોડીમાં આકુળ વ્યાકુળ વ્યસ્ત થઇ

સુકુમાર બાળકી આખી રાત અસહ્ય કષ્ટ તથા વ્યથા પામવાથી થાકી ગઇ છે. તેનું શરીર ક્ષીણુ થઈ ગયું છે. બંને આંખ ઉંડી પેશી ગઇ છે. મુખમંડળે પૂર્વવત્ પ્રફુલ્લતી અથવા બાલિકા ભાવ દેખાતો નથી. સરલા હવે બાલિકા નથી.

સહસા અસીમ શોક સાગરે નિક્ષીપ્ત થવાથી સુખ સ્વપ્નથી વિમુખ થઇ.

સરલાની પાસે મહાશ્વેતાએ અનિંદ્રશયન કર્યું છે. તેના મુખ ઉપર જે ભાવ લક્ષીત છે તે અવર્ણ્નાતીત છે. તે ભયભાવ નથી, દુઃખભાવ નથી, કે ચિંતા ભાવ પણુ નહીં. નયનદ્વય જલે છે. પાતળા મધુર હોઠને દાંતથી પીસે છે. અને સર્વ મુખમંડળ ઉપર ઉન્મતા ભાવ જણુાય છે. લલાટે શિરા સ્ફીત થઇ ઉઠી છે. હૃદયે પૂર્વ સ્મૃતિ અને ચિંતાતરંગ પરિપૂર્ણ છે.

થોડી વારે સરલા જાગી. માતુશ્રીનું મુખદર્શન કરી બોલી. મા ! તમે તો આખી રાત ઉંઘ્યાંજ નહીં?

મહાશ્વેતાએ કાંઈ ઉત્તર દીધો નહીં. એટલે સરલા વળી બોલી. મા ! તમારે માટે આણેલું ખાદ્ય દ્રવ્ય કાલનું જેમનું તેમજ પડયું છે. તમે તો કરસ્પર્શ પણુ કર્યો નથી.

મહાશ્વેતા—ના મા. આહારે રૂચી નથી.

સરલા—તેમ કરશો તો શરીર ક્યાં સુધી નભશે?

મહાશ્વેતા—બચ્ચા ! હવે શરીર રહેવાની શી દરકાર છે? ભગવાને દયા કરીને મને કદિ આથી પૂર્વે મોત આપ્યું હોત તો આ કારાગાર વાસ તારે સહન કરવો પડત નહીં.

સરલા—ના મા તમે ન હો તો હું કોનું મોં જોઇને જીવું? જગતમાં મારે કોઇ બીજું છે જે તુ મને છોડી જાય.

મહાશ્વેતા—ના મા. હજુ આ અભાગણીનો જવાનો સમય થયો નથી.

એ રીતે વાત કરે છે, એટલામાં કોટડીનું દ્વાર બહારથી ખોલાયું. મહાશ્વેતાએ બારણા તરફ નજર કરી તો એક નિરૂપમા સુંદરી બારણામાં ઉભી છે. બોલવાની જરૂર નથી કે તે સુંદરી વિમલા છે. કારણ આ દુર્ગમાં હિત્રાન સતીશચંદ્રરાયનો નિવાસ છે.

વિમલાએ જોયું જે આગલે દિવસે મોકલેલું ખાદ્ય દ્રવ્ય જે રૂપે મોકલેલું તેજ રૂપે અને તેજ સ્થળે છે. કોઇએ હાથ પણ લગાડયો નથી, તેમ કોટડી ઘણી ક્ષુદ્ર અને કંગાલ છે. બત્તીનો તેમજ કોઇ જાતનો પ્રકાશ નથી. હવા આવવાને કંઇ સાધન નથી. એવા પશુ નિવાસસ્થાન જેવા કંગાલ ઝુંપડામાં આ સાક્ષાત્ જગદંબા સ્વરૂપ એ દેવીઓને પુરેલી જોઇ વિમલાનું હૃદય દુઃખે અધીરૂં થઈ ગયું. મહાશ્વેતા ઉન્માદાવસ્થાને પ્રાપ્ત જેવી થઇ છે. સરલા રૂદન કરે છે. તે જોઇ વિમલાની આંખમાં પણ આંસુ આવ્યાં, તે લોહી નાંખી મહાશ્વેતાને કહે છે. માતા ! આપનું કષ્ટ જોઇ મારૂં હૃદય વિદીર્ણ થઈ જાય છે. માટે દયા કરીને આપ બહાર આવો.

વિમલાનો કરૂણાસુચક સ્વર સાંભળીને મહાશ્વેતાએ તેના સામું જોયું, ને બોલી તમે કોણ છો ? વિમલા બોલી આ દુર્ગના અધિપતી સતીશચંદ્રરાયની હું દીકરી છું. મારૂં નામ વિમલા છે. મહાશ્વેતા ક્રોધથી ધ્રુજી ઉઠી. ક્ષણિક પછી બોલી. તમારા બાપને કહો જે અમો હવે ઝાઝા દિવસ બચવાનાં નથી, તેથી જેટલા દિવસ બચીએ તેટલા દિવસ નિર્જન રહેવા દ્યો. અવારનવાર અમારી પાસે આવી આવીને અમને વિરક્ત કરો નહીં.

બીજા કોઇ વખતે અને અવર કોઇ માણસને મોંએથી આવું અપમાન સુચક વાકય સાંભળતાં વિમલા જરૂર ગુસ્સે થાય. પરંતુ બંદિવાનની અવસ્થા જોઇને તેના હૃદયમાં ક્રોધનો લેશમાત્ર પણ આવિર્ભાવ થયો નહીં. તે ધીરે ધીરે બોલી; મારા બાપના ઉપર મિથ્યા આરોપ કરો નહીં. તેઓ આ વિષે યતકિંચીત જાણતા નથી. હું તમોને વિરક્ત કરવા આવી નથી. આ નઠારા ઘરમાંથી સારા ઘરમાં લઇ જવા આવી છું.

મહાશ્વેતા પુનઃ બોલી. બંદીવાનને આવું ઘરજ સારૂં છે, જો પગમાં બેડી નાંખી છે તો પછી તે બેડી સોનાની અપેક્ષા લોઢાની હોવી ઊચિત છે. જાઓ બા. અભાગણીનો ઉપહાસ કરશો નહીં.

વિમલા સજળ નયને બોલી. માતુ ! હું આપની પાસે ઉપહાસ કરવા આવી નથી- તે વાત ઈશ્વર જાણે છે. વિમલા વધારે બોલવા જતી હતી પણ તેટલામાંજ વચ્ચે મહાશ્વેતા બોલી ઊઠી. ઈશ્વરનું નામ લેશો નહીં. તમારા પિતા જે પવિત્ર નામ જીંદગી પર્યંત લીધું નથી એ વંશમાં વળી ઈશ્વરનું નામ લઇ વંશને અપવિત્ર કરશો નહીં.

વિમલા ગંભીર સ્વરે બોલી. માતુ! આપ અમારો અન્યાયે તિરસ્કાર કરોછો. આપ જેવાં અભાગી છો તેવીજ હું પણ અભાગણીજ છું. જગદીશ્વરના નામ સિવાય બીજો કોનું શરણ છે ? મૃત્યુકાળ પર્યંત તે નામનું સ્મરણ કરીશ. આ દુઃખપરિપૂર્ણ સંસારે પવિત્ર નામનું અવલમ્બન તેજ માત્ર સુખ છે.

આ પવિત્ર વાત સાંભળતાં મહાશ્વેતાનો ક્રોધ વિલીન થઇ ગયો. વિમલાની ઈશ્વર ભક્તિ જોઇ મહાશ્વેતા એકી દ્રષ્ટીએ તેના સામું

જોઇ રહી તો લાગ્યું જે સાક્ષાત્ દેવકન્યા જેવી તે ઉન્નત પ્રકૃતિ રમણીરત્ન દ્વારમાં ઉભી છે. આંખમાં અશ્રુ પૂર્ણ છે. મુખે સ્વર્ગીય પ્રેમ અને ઇશ્વર ભક્તિ સિવાય કાંઇ લક્ષીત થતું નથી.

મહાશ્વેતા ધીરે ધીરે બોલવા લાગી. વિમલા ! ક્ષમાકર. મેં તારો અજાણે તિરસ્કાર કર્યો છે. મહાદુઃખે મારી વિવેચના શક્તિ લોપ થઈ ગઇ છે. વિમલા મહાશ્વેતાને બીજું વધારે બોલવા ન દેતાં પાસે આવી તેનો હાથ ઝાલીને બોલી. માતા ! ક્ષમા પ્રાર્થના કરવા કાંઈ જરૂર નથી. આપ દુઃખીણી છો તેવીજ હું પણ દુઃખણીછું. મારી હકીકત પૂરી સાંભળતાં આપને પણ મારા ઉપર દયા આવશે.

મહાશ્વેતા વિમલાનો હાથ ઝાલી રહી છે. બંને જણ રૂદન કરવા લાગ્યાં. સાથે હતભાગીની સરલા પણ આક્રંદ કરે છે. થોડીવાર પછી મહાશ્વેતા બોલી: વિમલા તમારૂં દુઃખ હું જાણી શકુછું. પિતાનું પાપ કર્મ જોઇને ધર્મ પરાયણ પુત્રીનું હૃદય વિદીર્ણ ન થાય?

વિમલા બોલી. માતા ! આપ હજુ પણ ભ્રમમાં છો. હું જેવી હતભાગીની છું તેવાજ મારા પિતા હતભાગી છે. તે જીવશે કે મરશે તે પણ સ્થિર નથી. જે પામર તમને તથા મને કષ્ટ દેછે તેણેજ મારા પિતાને પણ હતભાગી કર્યા છે. મને તો પૂરો વ્હેમ છે કે તેણે મારા પિતાનો પણ મૃત્યુ સંકલ્પ કર્યો છે. મહાશ્વેતા વિસ્મીત થઇને બોલી. રે ! આશું ! વળી સતીશચંદ્ર સિવાય બીજું આમાં કોણ છે?

વિમલા—ઉપર આવો હું તમને બધી વાતથી વાકેફ કરૂં. ત્રણે જણાં ધીરે ધીરે એ કેદી ઘરમાંથી બહાર નિકળ્યાં. વિમલા સરલાને સહોદર કનિષ્ટ ભગિની ન્યાય પ્રેમથી હાથ ઝાલી ઉપર લઇ ગઇ. પોતે આહારાદિથી પરવારી શકુનિ સંબંધી સઘળી હકીક-

તથી મહાશ્વેતાને વાકેફ કરે છે. અર્થાત્ શકુનિનો પૂર્વ વૃત્તાંત તેણે કહ્યો તે સતીશચંદ્રરાય પાસે કેવી રીતે નોકર રહ્યો? કેવી સ્થિતિ હતી? તેનાં કેવાં કર્મ છે? તણે શું શું કર્યું છે? ગુપ્ત પરામર્શ કેવી આપે છે? રાજા સમરસિંહની બાબતની પણ થોડીઘણી વાતનો ઇશારો કર્યો. શકુનિ કેવો છે? તેની શું અભિલાષા છે? અને તે ઉદ્દેશે તે શું કરવા માગે છે? ઇત્યાદિ હકીકત પૂર્ણપણે અને ખુલાસાવાર તથા પૂર્ણ સત્યતાથી તેણે સવિસ્તર કહી દીધી.

પ્રકરણ ૨૨ મું.

એ સ્વપ્ન નથી. પૂર્વ સ્મૃતિ.

પૃથ્વીમાં એવા પ્રકારનાં પણ માણસો છે કે જેને જોતાં માત્રમાંજ નિર્દયના હૃદયમાં પણ પ્રેમ પ્રવાહ પ્રગટે. તેમજ નિષ્પ્રેમ હૃદયમાં પણ પ્રેમ પ્રગટે. બધાના હૃદયમાં પ્રેમ આવે, એવો મુખનો એ ભાવ કાંઇ સૌંદર્યને લીધે નથી. કારણ સૌંદર્ય કાંઇ બધાના હૃદયને સરખું આકર્ષણ કરી શકે નહીં. પણ કંઇક સૌંદર્ય, કંઇક અમાયિતા, કંઇક લજ્જા, કંઇક નિર્દોષતા, એવા સાત્વિક ભાવો જેના મુખમંડળે લક્ષીત દસ્યમાન હોય તેજ માણસનું મુખ જોતાં દ્રષ્ટાને પ્રેમ આવે એ સંભવિત છે.

કોઇ કોઇના મુખની સરલતા અને નમ્રતા જોતાં જોનારને એવો ભાવ પ્રગટે કે આપણે તેને હૃદયસ્થાન દઇએ તો ઠીક. તેના સંતોષાર્થે જગત્ સંસાર ત્યાગ કરવો પડે તોપણ અરતુ. તેને સુખ

છતાં આપણે ચીરેકાળ વૃત્ત રહેવું પડતું હોય તો ભલે. સરલા પરમ સુંદરી નથી. પરંતુ તેના મુખ ઉપર એવો અનિર્વચનિયભાવ છે કે તેને કોઇ પણ પ્રકારે સામાએ સત્કાર અને પ્રેમ કરવોજ જોઇએ. આવાં કુદરતી ભાવના આકર્ષણે અલ્પ સમયમાંજ વિમલાએ સરલાને પોતાની નાની બેન સમાન ગણવા માંડી. અને એમ કરવું પડે એ સર્વથા શકય હતું. કારણ સરલાના મુખમંડળના ભાવો હરેક દ્રષ્ટાને તેના તરફ પ્રીતિ કરવાની ફરજ પાડે એવી કુદરતી બક્ષીશ તેના મુખમંડળ ઉપર બિરાજમાન હતી.

એવાં પણ મુખો છે કે જેને નિરૂપમ સૌંદર્ય આપવાને વિધિએ પોતાના ભંડાર ખાલી કરી નાંખ્યા હોય.

એવાં માણસોનું જ્યોતિઃ પૂર્ણ મુખમંડળ, જ્યોતિઃ પૂર્ણ નયનયુગલ, સુક્ષ્મ ઓષ્ટદ્વય, ઉન્નતલલાટ, તુલિકાચિત્રવત્ સૂક્ષ્મ ભ્રુયુગલ, તનુઅંગ સુઘટીત, સુદીર્ઘ અવયવ દેખતાં હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થવાને બદલે ભક્તિભાવ ઉદય થાય. તેનાં ઉજ્જ્વલ નયનદ્વય, તથા ઉન્નત પ્રશાંતલલાટ દેખતાંજ હૃદયમાં ઉન્નતભાવ પ્રગટ થાય, ને જાણે તરત અંતઃકરણ પ્રતિજ્ઞા કરે કે એનાથી અબાધ્ય.

વિમલાનું સૌંદર્ય ઉપર મુજબનું હતું. તેનું હૃદય મુખમંડળ ઉપર વંચાતું હતું. એવા દૈવી અવયવો જોઇને સરલા પણ પોતે તેને મોટી બ્હેન તરીકે માને એમાં નવાઇ શું?

સરલાનો હૃદય ભાર ઓછો થવા સારૂ વિમલા તેને દુર્ગના વિશ્રામ ચોકમાં લઇ ગઈ. પ્રથમ દુર્ગના પશ્ચિમ તરફના બગીચા તરફ ગવાં કે જ્યાં આમ્રવૃક્ષોની નિબીડ છાયાએ દ્વિતિય પહોર દિવસ છતાં પણ સંધ્યાસમયવત્ અંધકાર વ્યાપ્ત કરી મુકયો છે. બંને જણુ થોડીવાર તે છાંયડા નીચે બેઠાં. બીજા પહોરના મૃદુ વાયુનું

સેવન કર્યું. કે જે વાતાઘાતે વૃક્ષ ઉપરથી સુષ્ક પત્રાદિ પડતાં મરમર એવો શબ્દ કર્ણ ગોચર વારંવાર થતો હતો. વળી વચ્ચે વચ્ચે હોલાઓ ઘુઘુ શબ્દ કરી આપણને કર્ત્તવ્યનું ભાન કરાવે છે. કપોતનો કલરવ અને શુષ્ક પત્રાદિનો પ્રત્યાઘાત ધ્વની પ્રતિ બારીક વિવેચનાથી આપણું અંતઃકરણ મોહિત અને શાંતિ પરિપૂર્ણ થઈ જાયછે.

ઉભયે ઉદ્યાનથી સરોવર તરફ ગમન કર્યું. સરોવર જલ અતિ વિસ્તીર્ણ છે અને તેણે પોતાના વક્ષઃસ્થળ ઉપર સ્થીર ભાવે વૃક્ષ છાયા ધરી રાખી છે. બંને જણ ઘણીવાર સુધી એ સ્થળે બેસી રહ્યાં. કુદરતના દેખાવો જોઇ તેનાપર અનેક વિચારો કરેછે તથા તે લિલાના રચનારની અનહદ શક્તિ તથા અગાધ ડહાપણથી પોતે કર્ત્તવ્ય વિમુઢ બને છે. વિમલા વચ્ચે વચ્ચે સરલાને કંઇ કંઇ કહે છે પણ સરલાના મોમાં ઉચ્ચાર માત્ર નથી. શુન્ય મુન્ય ભાવે વિમલાની વાત સાંભળે છે.

સૂર્યાસ્ત થવા અગાઉ ઘણીવાર પૂર્વે તે ઘન છાયાન્વિત આમ્ર વેષ્ટિત સરોવરે અંધકાર થવા માંડયો. તે એવો કે જેવો ઘનીભૂત અંધકાર પોતાની પ્રિય સખી સરલાના હૃદયમાં હતો.

વિમલાએ અતિ સ્નેહથી સરલાને પોતાની પાસે બેસાડીને તેનો હાથ પોતાના હાથમાં લઇ બોલી. સરલા બ્હેન ? તારા હૃદય મંદિરમાં કોઈ ભારે દુઃખનો ઉદય થાય છે છતાં તું મારાથી શા માટે છુપાવે છે ?

સરલા—ના. તમારી પાસે છુપાવવાને કંઇ કારણ નથી. સત્યાસત્ય મારા મનમાં કંઇ કંઇ થાય છે. તે શું થાય છે તે હું પોતે પણ સમજતી નથી. ને શા માટે થાય છે તે પણ સમજતી નથી.

વિમલા—ત્યારે કંઇ ચિંતા કરેછે ?

સરલા—જાણુતી નથી. ચિંતા કાંઇ નથી. એક એકવાર મન કેમ કેમ થઈ જાય છે.

વિમલા—ખરી વાત કહે છે. તેનું મન શાથી એમ થાય છે તે તે પોતે સમજતી નથી.

સંધ્યાકાળ થયો. સરલાને સઘળે ઠેકાણે ફેરવી વિમલા પોતાના દિવાનખાનામાં લાવી. ત્યાં પણ ચોતરફ ફરવા લાગ્યાં. ને તેમાં રાખેલી નાના પ્રકારની સુખ સામગ્રી બતાવવા લાગી. તથા તેને વિષે ઘટીત સમજ આપવા લાગી. ફરતાં ફરતાં એક જગાએ પાંજરામાં એક મેનાં પુરેલી હતી તેની નીચે ફરતાં ફરતાં આવ્યાં. સદરહુ મેનાં માણુસના જેવું થોડું બોલતાં શીખી હતી તેને વિમલા કહે છે. બોલ જોઇએ આ કોણ છે?

મેનાં—બોલ જોઇએ આ કોણ છે?

વિમલા—તુંજ બોલને હું કેમ બોલું?

મેનાં—તુંજ બોલને હું કેમ બોલું?

વિમલા—ત્યારે તું જાણુતી નથી?

મેનાં—તું જાણુતી નથી?

વિમલા—સરલા બહારનું માણુસ છે કે ઘરનું?

મેનાં—ઘરનું.

વિમલા—જુઠી.

મેનાં—જુઠી.

વિમલા—દૂર લોંડી.

મેનાં—દૂર લોંડી.

સરલા વિસ્મીત ભાવે બોલી બ્હેન? આ મેંના શું કહે છે? હું શું આ ઘરનું માણુસ છું? વિમલાએ કહ્યું બેન. એ પક્ષી ન०

કલ કરી શકે છે. આપણે જે બોલીએ છીએ તેના પાછળના ભાગના કેટલાક શબ્દો તે બોલી શકે છે.

ત્યાર પછી સરલાને બીજા એક ઓરડામાં લઇ ગઇ. ત્યાં દેખતાં માત્ર સરલાની વિષમતા દ્વિગુણ વધી. એકદમ અન્ય મનસ્ક થઇ તે વિચારવા લાગી. વિમલા સ્નેહ સ્વરે બોલી. આવ વળી શું ચિંતા કરવા લાગી ?

સરલા—મને હૃદયાઘાત થઇ જાય છે. જાણે સ્વપ્ન દેખતી ન હોઉં એવો ભાસ થાય છે. મારી મા ક્યાંછે ? મારે તેની પાસે જવું છે. વિમલાએ જોયું કે સરલાની આંખમાં આંસુ છે તથા તેનો ચેહેરો વિહ્વળ અને વ્યાકુળ થઇ ગયો છે તેથી તેને તેની મા પાસે લઈ ગઈ. સરલા ઉતાવળે પગે જઇ અશ્રુપૂર્ણ લોચને માની છાતીમાં ભરાઈ ગઇ. મહાશ્વેતાએ અતિ ઉત્સુક્ય તેમજ સ્નેહથી સરલાને પૂછ્યું કેમ બા ? શું થયું ?

સરલા—મા હું જાણી શકતી નથી કે આ ઘરમાં શું છે. આજ હું આખો દહાડો જાગ્રત્ છતાં સ્વપ્ન દેખું છું. આ મહેલના સકલ પદાર્થો જાણે મેં પૂર્વે જોયા હોય એમ લાગે છે. એક ભવ્ય હોલમાં પેસતાં માત્ર એક દેવ મૂર્ત્તિ મેં જોઇ તેથી હું પાગલ થઇ ગઇ છું, એકદમ ભાન ભૂલી ગઈ ને તે મૂર્ત્તિને દોડીને બાઝી પડીને મેં પિતા કહી બોલાવા માંડી. મને એવી બેશુદ્ધાવસ્થા થઇ ગઇ છે. મહાશ્વેતા કન્યાનું આગળ વધારે બોલવું સાંભળી શકી નહીં અને ઉંચાસ્વરે રૂદન કરવા લાગી. અજ્ઞાન બાળકની વાતે તેને પૂર્વ સ્મૃતિ કરાવી તેનું હૃદય ચીરી નાંખ્યું. શોકનો વેગ સમાવી મહાશ્વેતા કન્યાને પુનઃ છાતીમાં દાબી બોલી. સરલા ! એ તું સ્વપ્ન દેખતી નથી, પણ પૂર્વ સ્મૃતિ છે. જે વાત આટલા દિવસ મેં તારા-

થી છુપાવી રાખી હતી તે આજે તેં પોતાની મેળે જાણી.કારણ મારી માન્યતા એવી હતી જે તુંને પૂર્વ સ્મૃતિ વિસ્મૃત થઇ છે. પણ અત્યારની તારી વાતચિત જોતાં તને સઘળી પૂર્વ હકીકતથી વાકેફ કરવાનું હું આવશ્યક ધારૂં છું તેથી તારાથી કશું છુપાવીશ નહીં. એમ બોલી તેને અથ ઇતિ વૃત્તાંત કહેવા માંડયો.

સરલાનો જન્મ, રાજા સમરસિંહનું સન્માન અને ગૌરવ, તેનું અન્યાયે મૃત્યુ, પોતાનું સરલા સહ પલાયન, ગુપ્ત વેશે રહેવું વગેરે સર્વ વૃત્તાંત સવિસ્તર કહી, એ તમામ વાત પ્રથમ તો સરલાને સ્વપ્નવત્ લાગી. પરંતુ ધીરે ધીરે સાંભળેલી વાતનો જાણે કંઇ ભાસ અંતરમાં થવા લાગ્યો. એક બે વાતો યાદ પણ આવી. એક બે નાનપણમાં પોતે ત્યાં રમેલી તેની નિશાનીઓ પણ જણાઇ. ઘર, ઓરડા, ડેલી, વસ્તુઓ, સામાન, છબીઓ, કારીગરીઓ ઇત્યાદિ જોતાં જોતાં તથા પોતાની શિશ્વાવસ્થાનાં રમકડાં આદિ જોઇ તેને જુનું જુનું લાગવા માંડયું. એમ પૂર્ણપણે તેના હૃદયમાં પૂર્વ સ્મૃતિ થઇ. મહાશ્વેતાનું કઠિણ હૃદય આજ દ્રવિભૂત થવા લાગ્યું. મા દીકરી પરસ્પર આલિંગન દઇ નિરભે રોદન કરવા લાગ્યાં. વિમલા પાસે બેઠેલી હતી તે ગંભિર ચિંતામાં મગ્ન થઇ હતી. તેનાં ભ્રુયુગલ સંકુચિત, ઓષ્ટ ઉપરે દંતસ્થાપિત, અને આંખમાં ક્રોધાગ્નિ છે. એથી એના મનનો ભાવ સહેજ સમજી શકાય છે, જે તે શકુનિના વિષે ખ્યાલ કરે છે, જે શકુનિ કેટલો પામર છે? પોતાના પિતાને ક્યાં સુધી પાપે લિપ્ત કરેલ છે? શા વાસ્તે મહાશ્વેતાને બંદીવાન કરેલ છે? ઇત્યાદિ ચિંતાના વાતાવરણે તેના હૃદયને આકૃત અને વ્યથિત કરી નાંખ્યું.

વિમલા ચિંતાસ્વપ્નથી જાગી ગંભીર સ્વરે બોલી. માતા! પામર શકુનિનું પાપ તો અનવધિ છે. આટલા દિવસ હું જાણતી જે

વિશ્વ સંસારે પાતકી લોક પણ છે. પણ હવે મારો નિશ્ચય થયો છે કે એનાં સમાન પાપી અન્ય વિશ્વમાં નહીં હોય. હું તો એથી પણ આગળ વધીને કહું છું કે એના જેવો પાપી નરકમાં કીડો પણ નહીં હોય! હશે? ઉપર ઇશ્વર છે. અને એ ભિષણ પાપનું પ્રાયશ્ચિત પણ છે. એ ગંભીર વાત સાંભળી મહાશ્વેતા બોલી. વત્સ? વિમલા! ભગવાન ઉપર મારી અચલ ભક્તિ છે. પરંતુ તેનો અભિપ્રાય તેની લીલા, ખેદ હું સમજી શકતી નથી. નહીં તો આવા પાપીનો જગત્માં જય કેમ હોય? વિમલા પૂર્વવત્ સ્વરે બોલી. માતા મારી વાત મનમાં લ્યો. "પાપનો જય ક્ષણ સ્થાયી માત્ર છે" પાપનું ભીષણ ફળ મળતાં વાર નથી. હું એ પામરનો મૃત્યુનો ઉપાય દેખી શકું છું. આપના સ્વામીની પ્રતિહિંસાને વાર નથી.

પ્રકરણ ૨૩ મું.

ભીખારીનું રત્ન.

સંધ્યા સમય મહાશ્વેતા પુંજાર્થે યમુના તીરે ગઇ. શકુનિએ તેને ત્યાં જવાની પરવાનગી આપી હતી. જે કિલ્લામાં તેની યૌવનાવસ્થાના અતિ સુખના દિવસો તેણે રાજકુળ ચૂડામણિ રાજા સમરસિંહની મહારાણી તરીકે અપાર વૈભવે ગુજાર્યા હતા, ત્યાંજ આજ તે દુર્ગહિન, નિરાશ્રય વિધવા બંદીવાન થઇ ઉપાસના કરે છે. અને કાળનિર્વાહ કરે છે. પૂર્વે તેજ મહારાણી હતી કે જે અત્યારે નિરાશ્રીતા વિધવા બિચારી રૂપે છે. તે જ્યારે સ્નાનાર્થે યમુનાતટ પર જતી તે વખતના દેખાવની સાથે સરખાવતાં આ વખતનો દેખાવ તૃણવત્ છે.

પરંતુ અગાઉ જે યમુના નદી કલકલ શબ્દે દુર્ગની આસપાસ વહેતી તેતો તેની તેજ છે. તેમાં તો કાંઇ ફેરફાર નથી. દૂરે જે ગામડાનાં ઝુંપડાં, ઝાડનાં ઝુંડો, આમ્રવૃક્ષો સન્મુખે જણાતાં તેજ હાલ પણ દેખાય છે. આંબાવાડીયાં અને વિશાળ ક્ષેત્રો તો પૂર્વવત્જ છે. તેઓ તો કાંઇ પરિવર્તન પામ્યાં નથી. ફક્ત મહાશ્વેતાનું જીવન પરિવર્ત્તન પામ્યું છે. આગળ જે ગૌરવ હતું તે આજ ક્યાં? તે દુર્ગાધિપતિ આજ ક્યાં છે? તે વીરપુરુષ ક્યાં ગયો? અરે! ગ્રીષ્મ કાળે જેમ પ્રબળ વાતાઘાતે સુષ્ક પત્રાદિ દુરે નિક્ષીપ્ત થાય, સમુદ્રની તરંગમાલામાં વારી બિંદુ જેમ લીન થાય તેમ અતિત કાલરૂપ અનંત સાગરમાં તે રૂપ પૂર્વ ગૌરવ લીન થયું છે.

આ બાજુ વિમલા સરલાને પોતાની બેઠકના ઓરડામાં લઇ ગઇ છે. બંને સહોદરે એકજ શય્યામાં શયન કર્યું છે. વિમલાનો સરલા ઉપર અત્યંત પ્રેમ હતો. વળી મહાશ્વેતાના મુખથી જણ્યું જે મારા પિતા અને શકુનિની પરામર્શથી સરલાના પિતાને જીવદંડ થએલ છે. ત્યારે તે પ્રેમ દશગણો વધ્યો. મારા પિતાના પાપથી સરલા અનાથ થઇ છે, મહાશ્વેતા રખડતી થઇ છે, એ વાત એના મગજમાં આવતાં તે બંનેના ઉપર તે વશીભૂત થઇ છે. બાપે મહાપાપ કર્યું છે. તેથી મહાશ્વેતાની તથા સરલાની જો હું દયાપાત્ર થઇ પડું તો પિતાના પાપનું પ્રતિશોધ થાય. બંને જણ એકત્ર સુઇ ઘણી વાર સુધી વાતો ચિતો કરી બંને અલ્પવયસી અને અવિવાહિતા, તેથી બંનેને શીઘ્રતાથી પ્રગાઢ અને પવિત્ર પ્રેમ બંધાયો. વિમલા વારંવાર સરલાને ગુપ્તવેશ અને દુઃખની વાતો પૂછવા લાગી. સરલાની સરલ જીહ્વાએથી તે બધી વાતો પુનઃ પુનઃ સાંભળી વિમલાની આંખો આંસુથી પરિપૂર્ણ થઇ. પીતાનાં પાપકર્મે હૃદયમાં મર્માન્તિક

વેદના થવા લાગી અને શકુનિના નીચ કર્મે તેને શરીરે દગ્ધ થવા લાગી. અતિ સ્નેહથી બંને બાહુ દ્વારા સરલાને આલિંગન કરીને વિમલા વારંવાર તે બાલિકાના મુખે તે દરિદ્રતાની વાત તે ગામડાની વાત પૂછવા લાગી. નિરંતર રોતાં તેની આંખમાંનાં આસુંથી સરલાના શીરના વાળ પલાળી મૂકયા.

વિમલાએ પૂછ્યું. સરલા ! તમે જ્યારે રૂદ્રપુર હતાં ત્યારે ત્યાં તમારું સ્નેહી કોઇ હતું ? ગામડાના કૃષિ લોકની સ્ત્રીઓ સાથે તમારે જે બધુંતા હતી તેજ માત્ર? સરલા બોલી. મા તો કોઇ સાથે ઝાઝી વાત કરે નહીં. દિવસે પ્રાયઃ ચિંતામાં લીન હોય. સંધ્યા સમયે પુંજન કરવા જાય. મારે એક બે સ્ત્રીઓ સાથે પરિચય હતો તેમાં એક મહાજનની સ્ત્રી સાથે મારે વધારે સારો પરિચય હતો.

વિમલા—તે જાતે કોણ ?

સરલા—કૈવર્ત્ત.

વિમલા—તે તમારી હેતુ હતી? તમારાપર પ્રેમ કરતી કે?

સરલા—માતુ પ્રેમ સિવાય અવરલોકનો સ્નેહ તો જાણે સમાન હોય નહીં. તોપણ ઠીક જાણે.

વિમલા—તમારા ઉપર એવો જુલમ થયો છે કે તે હું વર્ણવી શકતી નથી. પણ જો મને સાધ્ય હોય તો હું ભીખારણ થઇને પણ તમારી પૂર્વાવસ્થા ટકાવી રાખું.

સરલા—અમને ગામડામાં પણ કાંઇ દુઃખ નહોતું. જે દુઃખ અત્રે છે તેવું ત્યાં પણ હતું એટલે મા આખો દિવસ ચિંતા શોકસાગરે નિમગ્ન હતી. હુંતો તમારી પાસે એટલુંજ વિનવું છું કે જે ઉપાયે કરી મા સુખી રહે અને ચિંતા થોડી કરે એવો ઉપાય કરો તો હું મારું ધનભાગ્ય સમજું.

વિમલા—મારી પણ એજ ઇચ્છા છે. પ્રાણ દેતાં પણ જો તમારી માતાને સુખી રાખી શકાતું હોય તો તેમ કરવા પણ હું સંમત છું.

સરલા—એમ કેમ બોલો છો ? તમારે અસાધ્ય શું છે ? તમારી પાસે વિપુલ ધનસંપત્તિ છે, માન સંભ્રમ દે, પિતા બંગદેશના માલિક છે.

વિમલા—તું મારી બધી વાત જાણતી નથી તેથી એમ બોલે છે. જો કદાચ જાણતી હોત તો તું મને તમારા કરતાં પણ વધારે અભાગણી જાણી શકત. સરલા! એ ધન માન હવે અમારાં નથી.

સરલા—કેમ !

વિમલા—મેં સવારેજ કહ્યું છે જે પામર શકુનિ મારા પિતાનો પ્રાણ સંહાર કરી આ કિલ્લાની જમીનદારી હસ્તગત કરવાનો ઉદ્યોગ કરેછે. રાત દિવસ પિતાની ચિંતામાં મને નિદ્રા નથી આવતી. પરંતુ માત્ર એટલુંજ દુઃખ બસ નથી.

સરલા—વળી તે કરતાં વધારે શું છે ?

વિમલા—સરલા! ત્હારી પાસે છુપાવવાનું કાંઇ નથી. એ પામર શકુનિ મને પરણવા ચાહે છે. જો તે તેમ કરી શકે તો પિતાના મૃત્યુ બાદ અનાયાસે જાગીરનો ઉત્તરાધિકારી તથા આ દુર્ગનો માલિક થઇ શકે. મને કહેતાં પણ શરમ આવે છે કે એ નીચ કેટલા દિવસથી વિવાહની પ્રત્યેક તૈયારીઓ પણ કરે છે. હું જો ના કહું તો તે બળપૂર્વક પરણવા ઇચ્છા રાખે છે. કાલે સવારે તે નરઘાતક અધર્મી સાથે લગ્ન કરવું પડશે. બોલ સરલા! મારા કરતાં કોઇ અભાગણી આ વિશ્વમાં છે ?

સરલા—કાલે ત્યારે તમે શી રીતે આ દુઃખમાંથી છુટી શકશો ?

વિમલા—જગદીશ્વર મને સહાય કરશે. તેની દયા ઉપર કાલ પરિણામનો આધાર છે. પછી રાત્રે તો હું પિતાની પાસે મોંગીર જતી રહીશ. કારણ જતા રહેવાની સગવડ કરી છે. ત્યાં પહોંચ્યા પછી પાપનું ફળ તેને મળે તેનો ઉપાય પણ કરી રાખ્યો છે. ભગવાન્ આવા સંકટ વખતે અબળાની સાહાય કરો. સરલા ચુપ રહી. વિમલા વળી થોડીવાર પછી બોલી. હું મોંગીર જઇ પિતાનો છુટકારો કરીશ. પાપીને શાંતિદાન કરીશ. અને પછી પિતાને પ્રાર્થના કરીશ જે આ દુર્ગ અને તેની અંગે જે જમીનદારી છે તે બધું મહાશ્વેતાને સુપ્રત કરે. હું મારા પિતાનું અંતઃકરણ જાણું છું. શકુનિની પરામર્શથી મુક્ત થતાં તે ન્યાય કર્મ કરવાને અસ્વિકાર કરેજ નહીં અને મોંગીરમાં પણ એક વીર પુરુષ મારી મદદમાં છે. ઈંદ્રનાથ! સત્યપાલન કરજો.

ઇંદ્રનાથ નામ સાંભળતાં સરલા ચમકી. તરત તેનું શરીર કંપી ઉઠયું. વિમલા । જોઇને વિસ્મીત થઇ બોલી. સરલા તું એમ કેમ થઇ ગઇ? તને કંઇ વેદના થઇ ?

સરલા કાંઇ બોલી શકી નહીં. અને તે બાબત તે મૌન્ય રહેવા ઇચ્છતી હતી. પણ વિમલાના અત્યાગ્રહે તે બોલી. કાંઇ નહીં બેન ! ઇંદ્રનાથ નામે અમારા એક પરિચિત સ્વજન છે તે પણ પશ્ચિમ તરફજ છે. તમે તે નામ લીધું તેથી મને એ સ્મૃતિ જાગૃત થઇ.

વિચિક્ષણ વિમલાથી વાત ગુપ્ત રહી શકી નહીં. વિમલાએ તેને ઉલટ પાલટ પ્રશ્નો કરી વાતનું મૂળરહસ્ય અને સરલાનો મનોભાવ જાણી લીધાં કે ઈંદ્રનાથ સરલાના હૃદયેશ્વર છે, ઈંદ્રનાથ સરલાના પ્રણયી છે અને મહાશ્વેતાના ઉદ્ધારાર્થે બે ત્રણ મહિનાથી

પશ્ચિમે ગયા છે. ત્યારે શું ? એજ ઈંદ્રનાથ ન હોય કે જેઓ મને મહેશ્વર મંદિરે મળ્યા હતા ? વિમલાએ મન સાથે નક્કી કર્યું કે આ ઈંદ્રનાથ તે એજ છે. આથી તેને હૃતકમ્પ થયો.

વધાં ખાત્રી કરવા સારૂં વિમલાએ સરલાને પૂછ્યું બ્હેન? ઈંદ્રનાથને ઓળખવાને કાંઈ વિશેષ ચિન્હ છે ? તેં લક્ષ્યથી જોયું છે?

સરલા—હા. તેમના વામ હસ્તે એક નિબીડ કૃષ્ણ જોતુક (લાખું) ચિન્હ છે.

વિમલા કમ્પી ઉઠી. કારણ તેણે પણ એ ચિન્હ જોયું છે. સ્તબ્ધ થઇ પડખું ફેરવી વિમલા સુતી. તેને નિદ્રિત થઇ જાણી સરલા ઘોર નિદ્રામાં પડી.

પ્રકરણ ૨૪ મું.

વિવાહનાં વરકન્યા.

રાત વીતી. પ્રભાત થયું. આજે વિમલાને સંકટનો ભારે દિવસ છે. પરંતુ વિપદથી મુક્ત થવાનો ઉપાય યોજ્યો છે. પ્રાતઃકાળે વિમલા શય્યામાંથી ઉઠીને અન્ય એક ઘર કે જ્યાં પુંજાપાઠ કરતી તે ઘરમાં ગઇ. ત્યાં જઇ પુંજાનો આરંભ કર્યો. તેની આંખમાંથી અવિચ્છિન્ન અશ્રુધારા કપોલ દેશને પ્લાવીત કરીને વહી જાય છે. એ રીતે પુજા સ્તુતિ પૂર્ણ કરી વિમલા બહાર આવી જુએ છે તો સામે એક પાટલી ઉપર શકુનિ બેઠો બેઠો વિમલાના આવવાની માર્ગ પ્રતિક્ષા કરે છે. તેને જોઇ વિમલા કમ્પી ઉઠી શરીરનું રક્ત સુકાઇ ગયું ને બ્રહ્માંડ ફાટી જાય એવો નિશ્વાસ મૂકયો

શકુનિ સ્થીર ભાવે ઉભો રહી વિમલા તરફ નિરીક્ષણ કરેછે.

સર્પ જેમ દેડકાનું ભક્ષણ કરવા અગાઉ કરડી નજરથી જુએ છે તેમ તિક્ષ્ણ ભાવથી શકુનિ વિમલાને જુએ છે.

વિમલા પણ મૌન્યભાવે અને નિસ્પંદ શરીરે સ્થીર થઇ રહી છે. અને પગના અંગુઠા તરફ નિચું નિહાળી તેવડે પૃથ્વીને ઉખેડે છે. રખેને તેમ કરવાથી પૃથ્વીમાં જગા કરી તેમાં અદસ્ય થવા ઈચ્છતી ન હોય? ક્રોધ અને ભયથી શરીર જર્જરીતભૂત થયું છે. તે છેવટ મૃદુસ્વરે બોલી. શકુનિ! હું ધારૂં છું કે, મારા કરતાં વધારે સારી કોઇ બીજી અભાગણી કન્યા પૃથ્વી ઉપર હશે. માટે મને ક્ષમા કરો વધારે દુઃખ દો નહીં. દાઝયા ઉપય ડામ દેવાનું કામ ભલા માણસોને માટે નથી.

આ વચનોથી પાષાણ પણ દ્રવીભૂત થાય એવી નરમાશથી તથા વિવેકથી અને આજીજીથી કહ્યું. પરંતુ શકુનિનું પથ્થર જેવું હૃદય દ્રવીભૂત થયું નહીં. તેથી તે સ્મિત હાસ્ય કરી બોલ્યો. એમ! ત્યારે તમે આવો ઉત્તર આપવા માટે સમય માગ્યો હતો કેમ?

વિમલા—મને સમય દેવા બદલ હું આપને ધન્યવાદ દઉંછું. પરંતુ મને ક્ષમા કરો. મારા મનમાં જે દુઃખ થાય છે તે તમે જાણતા નથી. મારા દુઃખે મારું હૃદય ચિરાઇ જાય છે. શકુનિ! મને ક્ષમા કરો. આપનું કલ્યાણ થશે.

શકુનિ—પરણવા અગાઉ સઘળી બાલિકાઓ એમજ બોલે, સાસરે જતાં સર્વે રૂવે પરંતુ એકવાર સાસરે ગયા પછી પુનઃ પિતાના ઘેર આવવા ઇચ્છા કરે નહીં.

વિમલા—શકુનિ! ઉપહાસ કરો નહીં. હૃદયમાં મર્માન્તિક વેદના પામુંછું. મને ઉપહાસ સારો લાગતો નથી.

શકુનિ—હું ઉપહાસ કરવા તો આવ્યો નથી. તમોએ જે વચન આપ્યું છે તે પાળવાને તૈયાર છો કે નહીં?

વિમલા—મેં કાંઈ વચન આપ્યું નથી.

શકુનિ—વચન નથી આપ્યું? ચાલો. મારી સાથે વિવાહ કરવો છે કે નહીં? તેનો જવાબ આપો.

વિમલા—જીવતાં તેમ થઇ શકે નહીં.

શકુનિ—હવે મારો ઉપાય નથી. હવે બળાત્કાર સિવાય બીજો રસ્તો નથી. પાછળથી મને કોઇ જાતનો દોષ દેશો નહીં. હું કોટી ઉપાયે વિવાહ કર્યા સિવાય છોડનાર નથી, એ તમને છેલ્લામાં છેલ્લું જણાવી દઉંછું. તમારી બેઆબરૂ થાય તેને માટે મને કોઇ જાતનો ભય નથી. કારણ હું મારા સંકલ્પમાં નિષ્ફળ થતો નથી.

વિમલા—મારા બાપ હાજર હોય તો તું આ શબ્દો બોલી શકે ખરો ? પિતાની ગેરહાજરીમાં, અરે ! રક્ષણકર્ત્તાની ગેરહાજરીમાં નિરાશ્રય અબળા ઉપર અત્યાચાર કરવો એ બ્રાહ્મણનો ધર્મ નથી.

શકુનિ—હું તારી પાસે બ્રાહ્મણનો ધર્મ શીખવા આવ્યો નથી.

વિમલા—પણ મારી વાત સાંભળવી ઘટે છે. વિચાર કર કે મારા પિતાએ તારા ઉપર કેટલો અનુગ્રહ કર્યો છે ! તારી દારિદ્રાવસ્થામાં પણ તેમણે પોતાના પુત્રની પેઠે તારું લાલન પાલન કર્યું છે. અદ્યાપિ પણ તે પ્રમાણે જતન કરેછે. તેના દીકરી ઉપર અત્યાચાર કરવો યોગ્ય નથી

શકુનિ પોતાની પૂર્વદારિદ્રાવસ્થાનું વર્ણન સાંભળી ક્રોધે ભરાયો ને બોલ્યો જે તારા બાપ હજારો પાપ કરતાં છતાં પણ અદ્યાપિ પર્યંત જીવિત છે એ મારો અનુગ્રહ શું તેના પ્રતિ થોડો છે ?

પિતાની નિંદા સાંભળતાં વિમલા ક્રોધને દબાવી શકી નહીં. આરક્ત નયને તે બોલી. તેં તો મારા પિતાનો સર્વ નાશ કર્યો છે ને વળી તુંજ તેમનો તિરસ્કાર કરે છે? કોઇ ખરાબ ચોઘડીઆમાં

તું કિલ્લામાં આવ્યો છું જેથી તારાં પાપે અમારું સત્યાનાશ જવા વખત આવ્યો છે, ને વળી ધણી થવા ચાહે છે? તું એક મારી જુતિ સાફ કરનાર ચાકર તેની સાથે મારો વિવાહ હોય નહીં.

શકુનિ—તું કોની સામું બોલે છે તે જાણે છે? તારું જીવન મરણ મારા હાથમાં છે તેનું તને ભાન છે?

વિમળા—હા. હા. હું જાણું છું જાણું છું. દિવાન બહાદુર સતીશચંદ્રરાયની દીકરીને પોતાનો એક ગુલામ કે જે બ્રાહ્મણ પુત્ર એક દિવસ અન્નવિના અથડાતો હતો તેની સાથે હું વાત કરૂં છું.

વિમલા સ્વભાવથી માનીતી હતી તે પિતાની નિંદા સાંભળતાં તેનો ક્રોધાનલ સળગી ઉઠયો. તેનાં બંને નેત્રોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. અને કપાળે પરસેવો છુટવા લાગ્યો. ઉન્નત વક્ષઃસ્થળ ઉપર પડતાં તે ઉન્માદની જેવી દેખાવા લાગી. એવી અપરૂપ આકૃતિ જોઇ શકુનિ ચિંતીત બન્યો, યતિકંચિત ભય થયો અને ઘણીવાર મૌન રહ્યો. મૂહુર્ત્ત પછી વિમલા ક્રોધ કરીને બોલી જે શકુનિ! મને મિથ્યા ક્રોધ થયો. હું સમજું છું જે અમો સંપૂર્ણ રીતે તમારે આધિન છીએ. તમારું જે અપમાન કર્યું તે ફક્ત તમોએ મારા પિતાની નિંદા કરી તે સહન ન થવાથી. કારણ હું પિતાની નિંદા સહન કરી શકતી નથી. મારી પાસે તમારે તેમની નિંદા કરવી નહીં.

શકુનિ—હું તમારા પિતાની નિંદા કરવા નથી આવ્યો. તમારા પિતાએ મેહેરબાની કરી છે તે હું ભુલી ગયો નથી. એ વાત જાણે ઠીક પણ હું જે કામે આવ્યો છું તેનો જવાબ શું છે?

વિમલા—હું જીવતાં તો તમારી સાથે વિવાહ કરી શકીશ નહીં.

શકુનિ—તું અતિશય બુદ્ધિમતિ છું. મારા હૃદયમાં દયા, ક્રોધ,

દુઃખ ઇત્યાદિ નાના પ્રકારની પ્રવૃત્તિ ઉત્તેજીત કરી મારી મનકામનાથી વિરક્ત કરવાની ચેષ્ટા કરે છે. પણ તેમાં તું ફાવીશ નહીં. કારણ મેં જે કામ કરવા દૃઢ સંકલ્પ કર્યો છે તેનાથી મને ભ્રષ્ટ કરવા જગત્માં કોઇ સમર્થ નથી. તું બાળક હોઈ જેટલા દિવસ મને મારા દૃઢ સંકલ્પથી અલગ રાખ્યો છે, તે બાબતમાં હું તારી પ્રશંસા કરૂં છું. પરંતુ હવે તે પાલવશે નહીં. આજેજ હું તારી સાથે વિવાહ કરીશ. બધી તૈયારી કરી રાખી છે. તું ના કહેશે તો બળાત્કારે બાંધીને પરણીશ. ત્યારે હવે મિથ્યા આપત્તિ શા માટે કરે છે? આવને આપણે બંને નીચે જઇએ!

આ સાંભળી વિમલા એકેવારે જ્ઞાનશૂન્ય થઇ ગઇ. તેની દૃઢ પ્રતિજ્ઞાએ એક મુહુર્ત્તમાં તેને તજી દીધી. અજ્ઞાનની માફક રોઇ પડી ને બોલી જે હે પિતા! આ વિપત્તિ સહાય કરો.

શકુનિ—તારા પિતા મોંગીર છે. તારી પ્રાર્થના મિથ્યા છે.

વિમલા—હે જગતપિતા! જગદીશ્વર! મને સહાય થાઓ. એમ બોલી વિમલા હાથ જોડી દિવાનાની માફક આકાશ તરફ જોઈ રડવા લાગી. છુટા મુકેલા માથાના કેશથી વદન મંડળ તથા વક્ષઃસ્થળ ઢંકાઇ ગયું છે. નયન બંને જળે પરિપૂર્ણ છે. અર્થાત્ અપાર્થિવ જ્યોતિથી બળે છે, અને પુનઃ પુનઃ ઉચ્ચ સ્વરે આકાશ તરફ જોઇ બોલે છે. જગતપિતા! જગદીશ્વર! સહાય થાઓ. વિમલાનું આ સ્વરૂપ જોઇ વળી શકુનિ મૌન ભાવે ઉભો રહ્યો. અને તે અપરૂપ સૌંદર્યરાશિ તરફ જોઇ રહ્યો.

વિમલા ધીરે ધીરે તેને કહેવા લાગી. શકુનિ! તું ઈશ્વરનો ભય રાખ. તેં આ અવનિમાં અવતરીને અનેક પાપો કર્યાં છે. માટે ઈશ્વરથી બ્હી. હું ઈશ્વરને સાક્ષી રાખીને કહૂંછું કે તું મારો ભાઇ છે,

અને હું તારી બ્હેન છું. જો તું મારા દીકરા સ્વરૂપ હોતો હું તારી માતા સ્વરૂપ છું. માટે મારી સાથે વિવાહ કરવાની તારી ઇચ્છાને તું તજી દે.

જગદીશ્વરના પવિત્ર નામથી કયા પાપીનું હૃદય કમ્પીત નથી થતું? શકુનિ હવે સહન કરી શકયો નહીં. તે બોલ્યો. હતભાગિની! હવે જોઉંછું કે કોણ તને સહાય થાય છે? હું તને એક કલાક વખત આપુંછું. એ વખત ગયા પછી કાર્યારંભ થશે. એમ બોલી શકુનિ ચાલ્યો ગયો. તેના ગયા પછી એક કલાક એકલી બેસી વિમલા વિચાર કરે છે. ચક્ષુથી અશ્રુધારા અવિચ્છિન્ન ચાલી જાય છે. દરમ્યાન તેના અંતઃકરણમાં એવી પ્રેરણા થઇ જે "આ રોવાનો સમય નથી." આ પ્રેરણાથી તે ચમકી, ચોંકી, જાગ્રત્ થઇ અને તત્કાળ પોતે અગમબુદ્ધિથી પલાયન કરવા જે ઉપાય યોજ્યો છે તેનો આશ્રય લેવા તૈયાર થઇ ગઇ.

એક કલાક પછી શકુનિ ફરીથી આવ્યો. વિમલા કાંઇ પણ ક્રોધ કર્યા વગર ધીરે ધીરે બોલી. શકુનિ! મારા કરમમાં જે લખ્યું હશે તે થશે. કદાચ વિધિએ મારૂં પાણીગ્રહણ તમારી સાથે લખ્યું હશે તો તેમ થશે. આ શબ્દો સાંભળી શકુનિના આનંદનો પાર રહ્યો નહીં. તે આનંદ સહિત વિમલાની જોડે આવીને બેઠો અને તેનો હાથ પકડયો. તોપણ વિમલા તે વખતે કંઇ બોલી નહી. પછીથી તે યુક્તિથી બોલી. શકુનિ! મારી માત્ર એક ભિક્ષા છે, જે મને ત્રણ દિવસ મેહેતલ આપો. મારા પિતાના કલ્યાણને અર્થે મેં એક વ્રતનું અવલમ્બન કર્યુ છે. તે ત્રણ દિવસ પછી પૂર્ણ થાય છે. માટે મને એટલો વખત આપો. એ ભિક્ષાદાન આપવાની ના પાડશો નહીં. કારણ કે એ વ્રત ઉદ્યાપન કર્યા સિવાય હું વિવાહ કરીશ

નહીં. એવો મેં તત્સમય સંકલ્પ કર્યો છે. જો હું આત્મઘાત કરીશ તો તમને પાપ લાગશે. ને તમે નકાર કરશો તો મારે આપઘાત કરવો પડશે.

શકુનિએ ઘણીવાર વિચાર કરી ત્રણ દિવસ સમય આપ્યો ને પોતે ચાલી ગયો. તિક્ષ્ણ બુદ્ધિ વિમલાએ પલાયન કરવાની સર્વ તૈયારી કરી રખાવી હતી. દુર્ગથી એક કોશ દૂરે નદીના ઘાટ ઉપર હોડી તૈયાર રખાવવા અત્યાર આગમચ બે દિવસ ઉપર બંદોબસ્ત દાસીદ્વારા કર્યો હતો. એક પહોર રાત્રિ જતાં મહાશ્વેતા અને સરલાને અનેક આશ્વાસન દઇ કેટલાક દાસ–દાસીઓ સાથે લઇ નૌકા સુધી પગે ચાલી ઘાટે જઇ નૌકારોહણ કર્યું, તેની સાથેજ તે નૌકા ભરવેગે છૂટી.

પ્રકરણ ૨૫ મું.

દેશવટો.

નૌકા જલ પ્રદેશમાં પ્રબળ વેગથી ચાલી જતી ભાસમાન થાય છે. ઊંચે નીલવર્ણું આકાશ નૈશ અને નિસ્તબ્ધ જણાય છે. ચોતરફ નજર કરતાં દૂરે ધાન્યનાં ક્ષેત્રો અને નિંદ્રિત નાનાં ગામડાંઓ દેખાય છે. તેઓની વચ્ચે થઇ અગાધ ઉંડા જળમાં નૌકા વર્ષાએ વિસ્તીર્ણ અને વેગવતી નદીની છાતી ઉપર ચઢીને ચઢી દોડી જાય છે. જે નૌકાની અંદર કોઇ પણ જાતનો પ્રકાશ કે એક પણ શબ્દ ધ્વની નથી. નૈશ આકાશ અને જગત્ અંધકારની માફક અંધકારમય, અને શબ્દ શૂન્ય ક્ષીપ્રગામી હોડી નદીના જળમાં આનંદ ક્રિયા કરેછે. આકાશ અંધકારમય છે. આગળ પાછળ જોતાં નદીનું

જળ ધ્રુધવે છે. ઢગલે ઢગલા જળ તેને પ્રતિફલિત કરેછે. તેના ઉછ-ળતા તરંગો તથા ફીણુ રાશીઓમાં વચ્ચે થઇ હોડી કલકલ શબ્દે ગતી કરે છે. બંને બાજૂએ કોઇ કોઇ જગાએ આમ્રવૃક્ષશ્રેણી અંધ-કારે નિશાચરશ્રેણીસમાન દસ્યમાન થાય છે. કોઇ જગાએ વા કેટલેક દૂરે દૂરે વિસ્તૃત બાલુ રાશી ભય વર્ધિત દેખાય છે. આકા-શમાં બેચાર ક્ષુદ્ર નક્ષત્રો જણાય છે. મેઘરાશી કવચિત કવચિત જળ બિંદુ સિંચન કરેછે અને પશ્ચિમે વારી વાદળ જમાવ કરેછે. નૌકા એક પ્રકારે ભયાનક શબ્દ કરતી ચાલી જાય છે. વિમલા નૌકાના પાછળના ભાગમાં ઉર્ધ્વ મુખે બેસી ચતુર્વેષ્ટિત દુર્ગ કે જેનાથી વિ-શેષ અંતરે થતો જાય છે તેનું નિરીક્ષણ કરે છે. અને તે જોતાં જોતાં અનેક તરંગો ઉદ્ભવે છે. તેથી અસ્ફૂટ સ્વરે અસબંદ્ધ વાકયે કંઇ કંઇ કવચિત કવચિત બોલે છે.

ઓહો ! ઇશ્વરની ગહન ગતી છે. તેની માયાનો કોઇ પાર પામતું નથી. રાયને રંક એક પલકમાં જેમ તે કરી શકે છે તેમ રંકને છત્રપતિ પણ સહેજમાંજ કરી દે છે. આ દેખાતો દુર્ગ કે જેમાં છવર્ષથી હું રહેતી હતી તેમાં સ્નેહવતી માતાને મેં ખોઇ છે. બા-લ્યકાળથી યોવનાવસ્થા જે દુર્ગમાં મને પ્રાપ્ત થયું છે અને જ્યાં અનેક વૈભવો ભોગવ્યા છે તેનો આજે ત્યાગ કરી અનંત સંસાર સાગરમાં ઝાંપ નાંખી છે. તે વિચારે છે કે હું કદી હોડીમાંથી કુદીને જલમાં પડું ને તેમાંજ પ્રાણહારા થાઉ તો સાગરનો જે કુલે જન્મ છે તે કુલ મને મલે કે નહીં !

હું આશ્રયહીના રમણી શું પિતાને મળી શકીશ ? મહાશ્વે-તા ને સરલા જે દુર્ગમાં બંદી છે તે શું ઉદ્ધાર સાધન કરી શકશે? પાપાચારી શકુનિને તે દંડવિધાન દઇ શકશે ?

જેણે કેટલાક સમયને માટે દેશ ત્યાગ કર્યો છે. પોતે સવાર થઇ માતૃ ભૂમિની સામે સતૃષ્ણુ નયને નિરીક્ષણુ કરેછે. પૃથ્વીમાં જે પ્રિય અને સુખકર છે. સૌની પાસેથી જે સજળ નયને વદાય લઇ ગયા છે એ અલ્પવયસે, સહાયહીન, પ્રવાસી થઇને અનંત સંસાર સાગરમાં જેણે ઝુકાવ્યું છે તે શું વિમલાનું આ રાત્રીની ઘોર ચિંતા અને ઘોર દુઃખ શું અનુભવી શકે? આવા વિચારની તલ્લીનતામાં વિમલા નોકા ચાલવાનો શબ્દ, કે આમ્રવૃક્ષોનો ગંભીર સ્વર, કે તરંગમાલાનો પ્રકાશ કંઇ સાંભળતીએ નથી તેમ દેખતી પણુ નથી. અંધકાર થએલા વારી વાદળની છટા કે ક્ષીણુ શશીનો ખેલ તે પણુ તેની દૃષ્ટીએ દેખાવા છતાં તે અજ્ઞાન છે. વાંચકવર્ગને આ જગાએ કદાચ શંકા થાય કે તે દેખતાં છતાં અજ્ઞાત છે એમ કેમ બને? પરંતુ તે વાસ્તવિક વાત છે. જ્યારે ચિત્ત મનોવૃત્તિ અમુક એકજ બાબતમાં તલ્લીન થઇ જાય છે ત્યારે પોતાની આસપાસ શું બને છે, શું બોલાય છે વા કઇ ક્રિયા થાય છે તેથી પણુ તે વ્યક્તિ અજ્ઞાતજ હોય છે. તો પછી તેને નિદ્રા કે ભયતો શાનાંજ હોય! અરે! ક્ષુધાપિપાસાદિ કુદરતી હાજતોનું પાલન કરવા પર્યંતનું તેને ભાન હોતું નથી. એક કવિ પોતાના આવા વિચારમાં બેઠો હતો. દરમ્યાન તેના ચાકરે હુક્કો લાવી તેના હાથમાં પકડાવ્યો. તે તમાકુ તાણુતો નથી પણુ હુક્કો જેમનો તેમ હાથમાં છે. દરમ્યાન તેની પ્રણુયિનિ તેને મલવા આવી. તેને પણુ તે જોઇ કે ઓળખી શક્યો નહીં. પોતાના વિચારસુત્રની કંઇ ઘડ બેઠી અને જેટલી બેઠી તેટલી તરત લખી લેવા હોકાની ચલમને ખડીયો ધારી તેની પ્રણુયિનિ કે જે તેના સામી આંગળીથી કંઇ કહેતી હતી તેની કલમ કરી અગ્નિરૂપી શાહીમાં તે બોળી જેથી તે સ્ત્રી દાઝી બુમ પાડી ઉઠી. ત્યારે કવિની

વિચારમાળા તુટી અને ખસીઆણા પડી તે બાઇની ક્ષમા પ્રાર્થના કરવા લાગ્યા. અરે ! આ પ્રાકૃત દ્રષ્ટાંત ઉપરાંત શાસ્ત્રોકત દ્રષ્ટાંત જનક રાજાનું છે. તેઓની પાસે કોઇ ઉપદેશ લેવા ગએલ ત્યારે વિદેહીએ આજ્ઞા કરી કે આ તૈલપૂર્ણ થાળ શીરે લઇ મારા સમસ્ત નગરને પ્રદક્ષિણા કરો અને એક બિંદુ પણ જો તેમાંથી ઢળશે તો ઉપદેશ તો નહીંજ અપાય પણ તમારી પાછળ જે ચોકીદારો આવે છે તે તમને દંડ દેશે. જીજ્ઞાસુએ તે વાત કબુલ કરી તેમ કર્યું. દરમ્યાન શહેરમાં વાદ્ય, નાચ, ગાયન, ખેલ, તમાસા, લડાઇ, નવાઇ ઇત્યાદિ અનેક વૃદ્ધિંગત હતાં તેના તરફ દૃષ્ટિ પણ ન કરી અને નગરની પ્રદક્ષિણા ફરી વળ્યો. પુનરાવર્તન કરેલા શિષ્યને રાજાએ શહેરમાં શું જોયું ? એવો જ્યારે પ્રશ્ન કર્યો ત્યારે તેણે પોતાની અણમાહિતી બતાવી. અને તેમ થવાનું કારણ રાજાની આજ્ઞાનો ઉદ્દેશ પૂર્ણ કરવાનો જણાવ્યો. આથી રાજા બહુ ખુશ થયા ને તેને શિખામણ દીધી જે ભાઇ ! તમને ઉપદેશ મળી ચુકયો. જે રીતે તૈલ થાળમાંથી તે ન ઢળે એવી સંભાળ રાખવાને માટે તમે જે ચિત્ત તથા વૃત્તિઓનો સતત્ નિરોધ કર્યો હતો તેવાજ નિરોધે જીતેંદ્રિય થઇને ઇશ્વરને આરાધો એટલે તમે પોતેજ બીજાના ગુરુ થવાને સમર્થ થશો. તો પછી વિમલા કે જેને વિચારની તલ્લિનતા હતી તે પોતાની આસપાસ શું છે ? વા શું સંભળાય છે તે જોઇ કે જાણી ન શકે તેમાં શું નવાઇ છે ? આવા વિચારની એકાગ્રતામાં તે મુખ ફેરવી ચોતરફ જોવા લાગી, તો ચોતરફ શૂન્ય જોઇને તેના હૃદયમાં આધાત થયો. ત્યારે બંને હાથોથી મુખ ઢાંકી વિગલીત અશ્રુધારા ચલાવા લાગી. તેની આંગળીઓની વચ્ચે થઇ અશ્રુધારાએ બંને હાથો તથા છાતી તદ્દન પ્લાવીત કરી નાંખી, અને તેથી હૃદયભાર ઓછો થતાં નિદ્રિત થઇ

પડી. હોડી પૂર્વવત્ વેગે ચાલી જાય છે. માઝી લોકો પોતાનાં કૃત કાર્યનો અધિક ઉદ્યોગ કરે છે. અંદર બેઠેલાં દાસ દાસીઓનાં મન, તન ફફડે છે. તેમને શકુનિનો અધિક ભય છે. કયે ચોઘડીએ પકડાઇ જાઇશું ? ને કદાચ પકડાઇએ તો કોણ જાણે શકુનિ કે જે મહા ભયાનક પાપી છે તે શી સજા કરશે એવા એવા ભયની ચિંતામાં દાસ દાસીઓ અન્યોઅન્ય વાત કરે છે. વળી જેઓ હિમતવાન છે તે સૌને ધીરજ આપે છે. ફિકર કરો નહીં. જે માણુસો આપણને અટકાવવા કે પકડવા આવશે તેને પણ બેજ હાથ હશે ને આપણને પણ તે ઇશ્વરની બક્ષિસ છે. જીવ જતાં સુધી લડવું પણ આપણે આ પ્રયાસ છોડવો કે તાબે થવું નહીં. તાબે થવું ને મરવું સમાન છે. કારણ તાબે થયાથી શકુનિ આપણને પ્રાણ દંડ દીધા વિના છોડે નહીં. ત્યારે ઉચિત એજ છે કે આ વખતેજ રસ્તો કરવો. એમ વિચારતાં વિચારતાં તેમની શોકમાળા તુટી ને હોડી મોંગીરના બારામાં પહોંચી એટલે સર્વેનાં મન શાંત થયાં.

લોકોને શકુનિ તરફનો ભય ઓછો થયો. ગંગાનદીના તટનો રમણિય દેખાવ અને માનવનો કલરવ જોઇ પોતાનું દુઃખ વિસ્મૃત થયું. પ્રભાતનો પહોર છે. ઘણા લોક ગંગાસ્નાન કરવાને આવેલા છે. કોઇ જલ ભરી જાયછે, કોઈ ઘાટ ઉપર બેસી વિચાર કરેછે, કોઇ વાત કરેછે, કોઈ ચેષ્ટા કરેછે, કોઈ સૃષ્ટિ સૌંદર્ય જુએ છે. શોખીન લોકો પોતાની નૌકાઓમાં બેસી સવારના શિતળ પવનનું સેવન કરવા નદીના વક્ષઃસ્થળ ઉપર ચલાવે જાય છે. કોઇ ભીને કપડે, કોઈ એક કપડે, કોઇ પોષાકે સજ થઇને લોકો આમથી તેમ જા આવ કરે છે. કોઇ એક બીજા સાથે વાત કરી ખુશી થાય છે. કોઇ એક બીજાને હાથ જોડે છે. કોઈ એક બીજા સાથે અથડાય છે. કોઇ ક્ષ-

મા કરેછે. કોઇ ગુસ્સો કરી લડાઇ લડવા તત્પર થાય છે. ઘણે ભાગે સૌ લોકના મનમાં હરી, હર, જે મહાદેવ, કોઇ કાંઇ કોઇ કોઇ દેવ દેવીનાં નામોચ્ચારણ કરેછે. નદીના શાંત પ્રવાહ ઉપર અનેક નાવો અને મોટાં વહાણો દશ્યમાન થાય છે. ચતુરંગી લોકોનું નાટક જાણે નદી શાંતભાવે અને સરલ સ્વભાવે જોઇ રહી ન હોય! તેવો દેખાવ દશ્યમાન થાય છે. વિમલા નિંદ્રા ભંગ થઈ છે. તે આ બધું દશ્ય જોઇ જગત્કર્ત્તાને ધન્યવાદ દે છે. આહા ! મહાદયાળુ પ્રભુ ! સર્વ શક્તિના ધારણ કરનારા ! તારી માયાથી પ્રાણી માત્ર પોતાને ભૂલી જઇ આ અનંત સંસાર સાગરમાં કેવાં ગોથાં ખાય છે? અજર અને અમર પુરુષોના જેવી પ્રવૃત્તિમાં પામર માણસો કેવાં હેરાન થાય છે! વાહ ! તારી ચમત્કારીક શક્તિ અને તારા માયાસુત્રમાં શું જગત્ મોહીત છે ! હું અજ્ઞાન છું. આ બધાંમાંની એક છું. આ અગાધ ગંગાના જળમાં જેમ એક વારી બીંદુ વિલીન થતાં ગંગાની અસલ સ્થિતિમાં જેમ કંઇ ફારફેર નથી તેમ મારા જીવન મરણથી કોઇ જાતની લાભહાની નથી. તેમ મને પણ જીવન મરણ સમાનજ છે. જેણે જન્મ ધર્યો છે તેણે મરવું સર્વથા શકય છે. હું શૂન્ય પિત્રાલયેથી પલાયન કરી અત્રે આવીછું તેથી લોકો મારી નિંદાતો નહીં કરે ? મને કોઇ સ્થળે શું દરકાર છે ? આ જગત્ જુઠું ને ઝાંઝવાના જળ જેવું છે એ હું જાણુંછું છતાં પુર્વ સંસ્કાર મારા મનને પ્રેરે છે. મારે આ બધું શા વાસ્તે જોઇએ ? શકુનિ કોણ ? તે મને શા માટે પરણે ! પરણવાથી શું લાભ? મારે પરણવું કેવું ? આ અસાર સંસારે રહેવાની મારે શું દરકાર ? હુ કોણ છું ? વગેરે વિચારે તેને ગાંડી બનાવી દીધી. એવામાં એક દાસીએ તેની પાસે આવી તેની વિચારમાળા તોડી. દાસી કહે છે બા ! હવે શહેરમાં જવું જોઇએ. પિતાશ્રીનો આવાસ ક્યાં

હશે ? તેનો પત્તો લગાડી સત્વર તેમનેઆશ્રયે પહોંચી જવામાં ડહાપણ છે. કારણ શકુનિને આપ જાણો છો. કોણ જાણે કોઈ પ્રકારનું કારસ્તાન કરી આપણે અત્રે આવેલાં તે વિપદમાં ફસાવે. આ વાતથી વિમલાનું ચિત્ત ચમક્યું. તરત પોતાના નોકરને મોકલી પિતાશ્રીને પોતાના આવ્યાના ખબર કહેવરાવી થોડીવારે એક પાલખી તથા બીજાં કેટલાંક વાહનો આવી લાગ્યાં તેમાં સૌ રસાલો પોતાના અધિકાર મુજબ ગોઠવાઇ ગયો. અને વિમલાસહિત દિવાન સાહેબને ઉતારે પહોચ્યો. પિતા, પુત્રીને જોઇને રડી પડયો. તો પુત્રીની તો ધીરજ રહેજ કેમ ? બંને બાપ દીકરી થોડી વાર ઉંચસ્વરે રડી કરી શાંત થયાં. બાદ વિમલાએ પોતાના ઉપર શકુનિએ જે જે વિતક વિતાડયાં તે અથથી ઇતિ સુધી કહી સંભળાવ્યાં. તે સાંભળી સતીશચંદ્રનો ક્રોધાનલ સળગી ઉઠયો ને શકુનિ વિષે તેના મનમાં અનિષ્ટ કરવા દઢ સંકલ્પ થયો. પરંતુ દિવાન મહા દીર્ઘ દ્રષ્ટિવાળો અને વિચારવાન હતો. તેણે આ અવસરે કાંઇ પણ કરવું ઉચીત ધાર્યું નહીં. કારણ લડાઈમાં પ્રેરાયું છે. તેથી આ વખતે કર્ત્તવ્યને તિલાંજલી દઇ તેના હ્રદયમાં દઢ સ્થાપના કરી ઝેરરૂપી બીજ હ્રદયમાં રોપ્યું અને તેના નિત્યના જળ સિંચનથી અધિક વૃદ્ધિ થવા દીધું, તેનું પરિણામ શું આવ્યું તે વાંચક વર્ગ હવેના વિભાગોમાં જોશે.

પ્રકરણ ૨૬ મું.

વિચિત્ર વ્યુહ.

શત્રુઓ હજુ પણ મોંગીરને ઘેરી બેઠા છે. રાજા ટોડરમલે આ વખતે પણ અસાધારણ યુદ્ધ કૌશલ્ય વાપરી દુર્ગરક્ષા કરી છે.

ઇંદ્રનાથ દિવસે દિવસે વિશેષ ખ્યાતી મેળવતો જાય છે. યોગ મળતાં તે પોતાના સ્વારો લઇ શત્રુઓ ઉપર આક્રમણ કરે છે. ઝપાઝપી કરે છે. ને વધારે દબાણુ થતાં કિલ્લામાં ભરાઇ જાય છે. રાત દિવસ તેની તેજ ચેષ્ટામાં છે. શત્રુઓનું ઓછું લશ્કર કયા ભાગમાં છે તે ખબર મળતાંજ તેમના પર તુટી પડે છે, અને કચરઘાણ કાઢી નાંખી કિલ્લાનો આશ્રય લઇ લે છે. વારંવાર આ રીતે થતાં હવે તે લોકો હતાશ થઇ ગયા છે. દુર્ગવાસી લોક આ નવા સેનાપતિ ઇંદ્રનાથનું રણકૌશલ્ય અને સાહસ જોઇ તેને ધન્યવાદ દેવા લાગ્યા. રોજ રોજ તેના વીરત્વની તેમજ યશની પ્રતિષ્ઠા વધવા લાગી. શત્રુઓએ છેક મોંગીરની નિકટથી થોડે દૂર ભાગલપુર તરફ વધીને ત્યાં પડાવ કર્યોછે, એવા ઇરાદાથી કે છેક નજીકમાં મારીને શાહી લશ્કર કિલ્લામાં પેશી જાય છે તેને આવતાં હરકત આવે તેમજ કિલ્લામાં પહોંચતા પહેલાં તેની ખબર લઇ શકાય. એ ઇરાદાથી દુર્ગથી લગભગ અર્ધ કોશ દૂરે પડાવ કર્યો ને પડાવથી પ્રાયઃ થોડે દૂરે મુખ્ય માણસોની શિબીરો રાખી.

એક દિવસ સૂર્યાસ્ત સમયે રાજા ટોડરમલ શત્રુની છાવણી તથા શિબીરો જોવાના ઇરાદાથી દુર્ગ છોડીને લગભગ અર્ધ કોશ દૂરે ગયા, ત્યાંથી શત્રુઓના તંબુ દૂર હતા. ભયનું કાંઇ કારણ નહોતું. વળી મહારાજ છૂપે વેશે હતા. તેથી તેમની સાથે માત્ર ગણત્રીનાજ સવારો હતા. અશ્વારોહી ગણુ આમ તેમ ભ્રમણ કરતા હતા. રાજા ટોડરમલ એક દ્રષ્ટે શત્રુના તંબુ તરફ જોઇ રહ્યા હતા. તત્ક્ષણે દૂરથી એક અવાજ સંભળાયો. બધા વિસ્મય પામી જુએ છે તો દૂરથી ધુળના ઢગલા ઉડતા આવે છે અને એક સ્વાર પુરપાટ રાજાની તરફ ધસ્યો આવે છે એટલા વેગથી કે જાણે તેનો અશ્વ ભૂમિથી અદ્ધર

દોડતો ન હોય ! તે સ્વાર મુહુર્ત્ત વારમાં તો નિકટે આવ્યો. તેને સૌએ ઓળખ્યો, કે તે મહારાજાનો એક સૈનિક છે. રાજાની સમીપ આવતાં તે ફલાંગ મારી ઘોડેથી ઉતર્યો. અશ્વ એટલા જોરથી આવેલો કે સ્વાર ઉતરતાંની સાથે તે ભૂમિ પતિત થયો. અને બે ચાર ચિત્કાર કરતાં પદ વિક્ષેપ શૂન્ય કરી પ્રાણ ત્યાગ કરી ગયો.

પરંતુ ઘોડાના આ દેખાવ તરફ જોવાનો આ સમય નથી. સૈનિક પ્રણામ કરી ભિન્ન ચિત્તે બોલ્યો. મહારાજ ! આપણા લશ્કરમાં કોઇ આદમીએ શત્રુને બાતમી આપવાથી તેઓ જાણી શક્યા છે કે આ સંધ્યા સમય રાજા બહાર જવાના છે, તેથી આ નજીકમાંજ એ લોકોએ બે હજાર સ્વાર આપને આક્રમણ કરવા સારૂ તૈયાર રાખ્યા છે. તેઓ આ ક્ષણે અત્રે આવે છે. સૈનિક વાક્ય પુરૂં કરતાની સાથે ભૂતળશાયી થયો તે પુનઃ ઉઠવા પામ્યો નહીં.

રાજાના અનુચરો આ શંકાથી જ્ઞાન શૂન્ય થઈ ગયા. રાજાએ તરત હુકમ કર્યો કે ઇંદ્રનાથ ! તમો આપણા સ્વારો સહિત દુર્ગાભિમુખે જાઓ. એ લશ્કરના આવતા પહેલાં દુર્ગની અંદર પેસી શકાશે. આ હુકમથી દુર્ગાભિમુખે અશ્વચાલના શરૂ થઇ.

પ્રત્યુત્પન્નમતિ ઇંદ્રનાથે દૂરથી ઉડતી આવતી ધુળ છેક નજીક આવેલી જોઈ પોતાનું બ્યુગલ વગાડયું તેથી તેના અંગરક્ષક પચાસ સ્વારો એ ગીચ ઝાડીમાં આમ્રવૃક્ષોની નીચે જ્યાં ત્યાં બેઠા હતા તે તૈયાર થયેલા બહાર આવ્યા. ઇંદ્રનાથે રાજાને પૂછયું મહારાજ ! જો હુકમ હોય તો હું મારા સ્વારો લઇ આ લશ્કરની સામો જાઊં. તેઓ જો કે ઘણા છે તોપણ હું તેમને જેટલો વખત રોકી શકીશ તેટલા વખતમાં આપ સ્વચ્છંદે દુર્ગમાં પહોંચી શકશો. ટોડરમલ બોલ્યા, બાળક વીર ! યુદ્ધનો પ્રસંગ પ્રાપ્ત થતાં રાજા ટોડરમલ પલા-

યન કરવાનું સમજે નહીં. પરંતુ વૃથા પ્રાણ નષ્ટ કરવો તેનું નામ યુદ્ધ નહીં પણ નર હત્યા માત્ર છે. એ અપાર લશ્કરના સામા પચાસ માણસો એક ક્ષણ પણ ટકી શકે નહીં એટલુંજ નહીં પણ સર્વેના જીવ જાય તે વિશેષ. માટે કિલ્લા તરફ ચાલવું એ વધારે સારૂં છે. એવા નિશ્ચયથી સર્વે દુર્ગની પાસે આવ્યા. દુર્ગની આસપાસ એક ખાઇ હતી કે જેના ઉપર લાકડાનો પુલ નાંખી જાતાયાત ગમનાગમન રસ્તો હતો તેને તોડી નાંખેલો જોવામાં આવતાં સર્વે વિસ્મય થયા અને ભય પામ્યા. રાજા બોલ્યો, જે નરાધમે આપણી બાતમી આપેલી છે તેણેજ આ પુલ તોડયા પછી ત્યાં પ્રયાણ કર્યું સંભવે છે. હવે અશ્વારોહીથી દુર્ગમાં પુલ સિવાય જઇ શકાય એવો કોઇ રસ્તો નથી. તરીને પાર ઉતરવાનો સર્વે પ્રસ્તાવ કરવા લાગ્યા. રાજા શત્રુઓની તરફ આંગળી કરી બોલ્યો જે તેઓ આવી પહોંચ્યા. તરી પાર ઉતરતાં ન ઉતરતાં તેઓ આવી પહોંચશે. અને બાપલા માણસોની પેઠે જળમાં ને જળમાં તેઓ આપણને ગોળીથી વિંધી નાંખશે માટે હવે વીરપુરૂષનું કામ કરો. તેના સામી છાતી ઠોકી લડો. તેમને મારો ને હઠાવો જેથી ઇતિહાસમાં નામના રહી જાય કે બે હજાર બંગાળી લશ્કરને બાદશાહના ફક્ત બસો માણસોએ મારીને હઠાવ્યું હતું. આ તરફ સેતુ પુનઃ બંધાવવાની યોજના કરો. જેટલી વાર સેતુને તૈયાર થતાં લાગે તેટલી વાર શત્રુ સામા લડો. ઇંદ્રનાથ! શત્રુને યુદ્ધ દાન દે.

"તાબેદાર આજ્ઞા ઉઠાવવા તત્પર છે" બોલી ઇંદ્રનાથે પોતાના લશ્કરનો વ્યુહ રચ્યો તે વ્યુહ અર્ધ ચંદ્રકાર હતો અને પચાસ સ્વારોથી વિભક્ત હતો. દરેક શ્રેણીમાં સમાન સવાર. પહેલી શ્રેણીની પાછળ બીજી ને તેની પાછળ ત્રીજી.મતલબ યુદ્ધ સમયે પ્રથમ

પંક્તિના સ્વારો ક્લાંત હોએ તેમાં બીજી હારનાં માણુસો દાખલ થઇ શકે. અને તે લડવા લાગે ત્યાર પછી ત્રીજી હારનાં. એ રૂપ ક-માન્વયે પ્રત્યેક શ્રેણીને વિશ્રામ લેવાનો વખત પણુ મળતો જાય. કેટલાંક માણુસોને સેતુ તૈયાર કરવાના કામમાં રોકી દીધાં છે કે જેઓ ઝાડો કાપી કાપીને જળમાં ઉપરા છાપરી નાંખતા જાય છે. સામું શત્રુનું સૈન્ય ને પાછળ જલની ખાઇ એમ બંને તરફથી મરણુ સન્મુખ છે. આવો સમય ઉપસ્થિત થતાં પણુ ઈશ્વરપરાયણુ ને આસ્તિક માણુસોની હિમત ડગતી નથી. એક કવિએ કહ્યું છે કે.

कांतं वक्ति कपोतिका कुलतया नाथांतकालोधुना,
व्याधोधोश्वरचापसजित सरस्येनपरिभ्रामति ।
इत्थंसत्याहिनासदृष्टइषुणा श्येनापितेनाहत,
स्तुर्ण तौतुयमालयं प्रतिगतौ दैवि विचित्रागाति ॥

અર્થાત્ એક ઝાડની ડાળ પર હોલો હોલી બેઠાં છે. ત્યારે હોલી કહે છે જે હે નાથ ! અંતકાળનો સમય હમણાં આવી લાગ્યો છે. કારણુ જો બેઠાં રહીએ છીએ તો જુઓ પેલો પારધિ બાણુ ચડાવીને મારવાને ગોઠણુભર થઈ રહ્યો છે તે મારશે અને જો ઉડીએ તો ઉપર બાજ પક્ષી આપણો ભક્ષ કરવાને તૈયાર છે. એવા સમયમાંજ પારધીએ બાણુ છોડયું. ને તે હોલા હોલી ઉપર ટાંપી રહેલાં બાજને લાગતાં તે તરફડીને જમીનપર પડયો. હોલો ને હોલી ઉડી ગયાં. અર્થાત્ જેને રાખવાની રામની મરજી છે તેને મારવાને કોણુ સમર્થ છે ? પાછળ જળ ને આગળ શત્રુ સૈન્ય છે તેના કરતાં પણુ અધિક ભય દર્શક હોય તો પણુ શું ? ભગવાન્ ઈંદ્રનાથની કેવી વ્હાર

કરે છે તે જુઓ. ક્ષણવારમાં શત્રુનું સૈન્ય આવી પહોંચ્યું. તેમને જોઇને ઇંદ્રનાથનું હૃદય ઉત્સાહથી પરિપૂર્ણ થયું.

આજ લગભગ ૩–૪ મહીનાથી મોંગીર શહેર ઘેરાએલું હતું. મેદાનમાં લડી પોતાનું જોર ખુબ ખાલી કરવાનો લશ્કરને પ્રસંગ મળ્યો નહોતો તેથી આજની લડાઇમાં બન્ને પક્ષનું ભિષણ સાહસ જોવામાં આવ્યું. એવું કે તેવું પૂર્વે જણાયું નહોતું. જો વ્યુહ ભેદ કરી શકાય તો રાજા ટોડરમલને બંદીવાન તરીકે પકડી શકાય એ આશાને શત્રુઓ વારંવાર ભિષણ આક્રમણ કરી દારૂણ યુદ્ધદાન દેવા લાગ્યા. પરંતુ જે વ્યુહ બન્યો છે તે ભેદ થવા સારૂ તો બન્યોજ નથી.

મહા ભયંકર લડાઇ ચાલી. વજ્રઘાતથી જેમ પર્વતનાં શિખરો પડે તેમ શત્રુદળના સમુહો તુટી પડવા માંડયાં. શત્રુઓનું સૈન્ય ઘણું મોટું હતું છતાં તેઓનું જોર ચાલતું નહોતું. કારણ કે એવો અપરૂપ વ્યુહ ગોઠવ્યો હતો કે એક સો માણુસ કરતાં વધારે માણુસો સામેના લડી શકે નહી. કારણ વધારે માણસોને દાખલ થવુંજ મુશ્કેલ પડે. જ્યારે એટલું માણુસ તો દરેક શ્રેણીમાં જવાબ દેવાને તૈયારજ હતું વળી જગા પણ સાંકડી હતી એટલે એકીવારે માણુસો અંદર પ્રવેશ કરી શકે તેમ પણ નહોતું.પરંતુ શત્રુઓ આજ વારંવાર સિંહ ગર્જના કરી સિંહ વિક્રમ પ્રકાશ કરતા હતા. વીરમદે ઉન્મત્ત થઇને વારંવાર શબ્દ કરીને તે વ્યુહ ભાગવાની ચેષ્ટા કરતા હતા. તેમજ ઇંદ્રનાથનું સૈન્ય પણ સાહસ હીન નહોતું. પરંતુ અલ્પ હતું. આજ સ્વયં રાજા ટોડરમલની આંખ આગળ લડતાં દરેકને પોતાનું વીરત્વ અધિક દેખાડવાની પ્રશંસા પ્રિય હતી. ઇંદ્રનાથ બહાદુર વ્યુહની આ પાસેથી આ પાસે અને આ પાસેથી આ પાસે એમ વારંવાર તેનું રક્ષણ કરવા વાસ્તે અશ્વચાલના કરવા લાગ્યો. જે જે

ભાગમાં શત્રુઓ વધારે દબાણ કરે તે તે ભાગમાં જઇ પોતે હાજર થઇ જતો. અને સિપાઇઓને ઊંચે સ્વરે કહેતો જે સાબાશ ! મારા વીરો સાબાશ ! આજે મહારાજા પોતે તમને લડતાં જુએ છે. વળી તેમનું રક્ષણ કરવાનો ભાર પણ તમારેજ માથે છે. આજ દિલ્હીશ્વરના નામની ગૌરવ રક્ષા કરવાનું કામ તમારા હાથમાં આવ્યું છે. આજનો દિવસ તમારે માટે ધન્યવાદનો છે. આવા અણીના મામલા વારંવાર હોતા નથી. આજે નામના મેળવવાને ખરો લાગ છે. આજે તમારા હાથ બતાવો. એ રીતે ઉત્સાહનાં વચનો બોલે છે, ને પોતે પણ જાણે દરેકે દરેક સિપાઇના રક્ષણને માટે તૈયારજ છે. લશ્કરમાં જ્યાં જુઓ ત્યાં તે છે.

ઈંદ્રનાથના મોંએથી પ્રશંસા સાંભળી તેનું લશ્કર વીરમદે ઉન્મત્ત થઇ ગયું. દિલ્હીશ્વરકી જય હો. એવી ભૈરવ ગર્જનાથી આકાશને ફાડી નાંખવા લાગ્યું. અને શત્રુઓનું હ્રદય ધડકવા લાગ્યું.

તથાપિ બે હજાર માણસોની સાથે બસો પાંચસો માણસોનું યુદ્ધ સંભવે નહિ. ઈંદ્રનાથના સિપાઇઓ એક પૃછી એક મરવા માંડ્યા. અને તેમની જગાઓ પણ બંદોબસ્ત મુજબ પાછળથી પુરાવા માંડી. તેમજ શત્રુઓનાં માણસો પણ ઘણાં મુઆં. પણ બે હજારમાંથી સો બસો સિપાઇ મરેથી અધિક ન્યૂનતા હોય નહીં. રાજા ટોડરમલને ચિંતા થવા લાગી કે આ મારા લશ્કરનો લડવાનો સઘળો આધાર અને ઉત્સાહ આ ઈંદ્રનાથ ઉપર છે, અને તેનું મોત તેના ઉપર ભ્રમણ કરે છે. તે કઇ મુહુરતે પડશે તે કહેવાતું નથી. માટે ઈંદ્રનાથને બોલાવી રાજાએ કહ્યું વીર ! તારી રણકૌશલ્યતા તથા વ્યુહરચના જોઇ હું વિસ્મિત થયો છું. પણ સિપાઇઓ મરેછે તથા ઘાયલ થાય છે તે જોઇને મને ચિંતા થાય છે કે તેઓમાં ભંગ પડશે.

ઈંદ્રનાથનું મોં લાલ થયું ને તે બોલ્યો મહારાજ! મારા સૈન્યને મેં ફક્ત રણમાં લડતાંજ શીખવ્યું છે ભાગતાં શીખવ્યું નથી. માટે જ્યાં સુધી એક પણ સિપાઇ જીવતો હશે ત્યાં સુધી લડશે પણ ભાગશે નહીં.

સંધ્યાકાળ થયો, ને તેમ થતાં અંધારૂ ક્રમે ક્રમે વધવા લાગ્યું. કીન્તુ તે ચમત્કાર વ્યુહ ભંગ થયો નહીં. એક સ્વાર મુઓ કે તેની જગાએ બીજો આવી હાજર થાય. તે મરે કે તેની જગા ત્રીજાથી પુરાય. એમ જેમ જેમ આગલી હારોમાં સ્વારો મરતા ગયા તેમ તેમ પાછળથી જગા પુરનારાઓનો ઉત્સાહ વધવા લાગ્યો. ઈંદ્રનાથ બરાબર બોલ્યો છે જે મેં સિપાઇઓને પલાયન કરવાનું શીખવ્યું નથી. તેજ મુજબ તેઓ પર્વતની માફક અડગ ઉભા હતા.

શત્રુઓએ હતાશ થઇ એકવાર વેગથી છેલ્લું આક્રમણ કર્યું. બે હજાર સિપાઇઓની તે ભિષણ ગર્જના લગભગ બે કોસ પર્યંત સંભળાઇ. બે હજાર અશ્વના પદ વિક્ષેપથી મેદની કમ્પીત થઇ ગઇ પરંતુ ઇંદ્રનાથનું મન જરાએ કમ્પીત થયું નહીં.

છેક અંધારૂં થતાં લડાઈ બંધ પડી. શત્રુ સૈન્ય પોતાના મુકામ તરફ ગયું ને આ સ્થળે પૂલ તૈયાર થઈ ગયો. રાજા તેને પાર ઉતરી ગયા. રાજા નિરાપદે પાર ગયા છે જાણી ઇંદ્રનાથના લશ્કરે એકીવારે સિંહગર્જના એવા જોરથી કરી કે તે અવાજ શત્રુ સૈન્યના શિબીરમાં સંભળાયો. વિદ્રોહાન્મુખીગણોએ જાણ્યું કે જેને વાસ્તે બે હજાર માણસને મહેનત આપી લાવ્યા મોકલેલું તે હેતુ પાર પડયો નહીં જ્યાંસુધી રાજા પૂલ ઉપરથી ઉતર્યા ત્યાંસુધી એકીદષ્ટે ઇંદ્રનાથે તે. તરફ જોયું. જ્યારે સલામત જઇ ચુકયા ત્યારે ઘોડાપરથી ઉતરવાની ચેષ્ટા કરી પણ પડી ગયો. ઉઠવા માંડયું પણ ઉઠી શકાયું નહીં. તેના

સ્વારોએ તેને ઉઠાડવા માંડયો પણ વૃથા. છાતીમાં બરછીનો ભારે કારી જખમ થયો છે તેમાંથી રક્તસ્ત્રાવ થવાથી તમામ કપડાં ભીંજાઇ ગયાં છે ને અધિક લોહી જવાથી મુર્છા ખાઇ ભૂમિપતિત થયો છે.

ઇંદ્રનાથનું અધિક સૈન્ય રાજાને પહોંચાડવાને સેતુપાર થઇ ગયું છે. શત્રુઓએ આ સમયે જોયું જે ઇંદ્રનાથ ઘાયલ થયો છે વળી મુર્છિત છે, અને તેનું સૈન્ય ઘણું ખરૂં ચાલ્યું ગયું છે. તેથી અવશેષ સૈન્ય ઉપર એકદમ મારો ચલાવી પાંચ પચીસ માણસોને મારી કાપી મુર્છિત અને ઘાયલ ઇંદ્રનાથને રણભૂમિમાંથી ઉપાડી લઇ ગયા. ઇંદ્રનાથ હવે બંદિવાન થયો. પણ પોતાની શું સ્થિતિ થઇ છે તે પોતે અજ્ઞાત અવસ્થાને લીધે જાણી શકયો નથી. એક માણસે જઇ આ વાતની રાજા ટોડરમલને જાણ કરી તે સાંભળી રાજા બહુ દીલગીર થયો. ને પ્રતિજ્ઞા કરી કે જો ત્રણ દિવસની અંદર હું વિદ્રોન્મુખ લશ્કરને તારાજ ન કરી નાખું તો મારે હથિયાર બાંધવાં નહીં.

પ્રકરણ ૨૭ મું.

બંદિવાન.

શત્રુઓ ઇંદ્રનાથને અચેતન અવસ્થાએ બંદિવાન કરી શિબીરે લઇ ગયા છે ત્યાં થોડીવાર પછી તેને ચેતના સંચાર થઇ છે. આંખ ઉઘાડી જુએ છે તો ચોતરફ શત્રુ સમુહ જોયો. સન્મુખે સિંહાસન ઉપર એક માજુમી બેઠો છે, અને તેની બંને પાસે મહામાન્ય વર્ગ તથા ઉમરાવ વર્ગનાં માણુસો તથા અમાત્ય વર્ગ છે તે સર્વેને જોતાં જોતાં તેમાં ટોડરમલના વિદ્રોહી સેનાપતિ હુમાયુ તથા નુરખાનને દીઠા.

(જેઓએ બન્ને જણે એકત્ર થઇ સ્મશાન ઘાટે ઈંદ્રનાથ સાથે અસિ યુદ્ધ કર્યું હતું ને જેના પ્રતાપે તેને ગંગામાં પડતું નાખવું પડયું હતું તે.) ઇંદ્રનાથની પછવાડે જલ્લાદો હાથમાં કુવાડા લઇ ઉભા છે અને તેઓ સ્વામીની આજ્ઞા મેળવવા સારૂ નિમેષશૂન્યલોચને તેના સામું જોઇ રહ્યા છે. એવી ત્વરાથી કે સામાન્ય ઇશારો માત્ર મળતાં બંદિવાનનું માથું ધડથી જુદું કરી નાંખીએ. ઈંદ્રનાથ જરાએ ભયભિત થયો નહીં પણ તિવ્ર દ્દષ્ટિથી માજુમી સામું જોઇ રહ્યો.

માજુમી પણ ઇંદ્રનાથને સચેતન થયો જાણી ગંભીર સ્વરે બોલ્યો. હિંદુ ! તમે વીરપુરુષ છો પરંતુ વિદ્રોહાચરણ કર્યું છે અને તેના દંડમાં તમારૂં શિરચ્છેદન થશે.

ઈંદ્રનાથ ભિષણ સ્વરે બોલ્યો. યોધ્ધા મૃત્યુથી ડરે નહીં. જે ઇચ્છા હોય તે કરો. પણ મેં વિદ્રોહાચરણ કર્યું નથી.

વળી સગર્વ ઇંદ્રનાથ બોલ્યો. બંગદેશના અધિશ્વર, અરે ! સમસ્ત ભારત ભૂમિના અધીશ્વર અકબરબાદશાહ વાસ્તે બંગાળના વિદ્રોહી જાગીરદારો સાથે મેં યુદ્ધ કર્યું તે શું વિદ્રોહાચરણ કહેવાય ?

સર્વે સભાએ વિચાર્યું જે આ ઇંદ્રનાથ પોતે મોતને પોકારે છે. આવાર માજુમી શિરચ્છેદનનો હુકમ કરશે. પરંતુ મહાનુભાવ માજુમી અસહાય હિંદુ સેનાપતિનું અભયે બોલવું સાંભળી કમ્પીત ન થતાં આલ્હાદિત થયો અને ધીરે સ્વરે બોલ્યો. વીર ! તમારી ઉગ્રતા ક્ષમા કરૂંછું. તમારૂં વીરત્વ જોઇને આનંદ પામુંછું. પણ તમે બંગદેશના જાગીરદારોને કોઇવાર વિદ્રોહી કહો નહીં. કારણ હું પોતે મોગલ સંતાન છું પણ બંગાળના જીતનાર અમે અમારા બાહુબળે આ દેશનો જય કર્યો છે. માટે અમો આ દેશના ખરા રાજા છીએ. ઈંદ્રનાથ પૂર્વવત્ સગર્વે બોલ્યો. આપે બંગદેશ જીત્યો છે તે વાત હું કબુલ

કરતો નથી પરંતુ સામ્રાટ્ અકબરશાહના પ્રતાપે આપે જય લાભ કર્યો છે. હવે વિધિના નિર્બંધથી વિરૂદ્ધાચરણ કરીને તેના વિરૂદ્ધ યુદ્ધ કરોછો તે શું વિદ્રોહાચરણ નહીં તો બીજું શું? શા માટે સુંદર બંગાલ દેશને શ્રોણીતશ્રોત પ્લાવિત કરો છો?

માજુમી—તમે હિંદુલોક વિધિ નિર્બંધ ઉપર પ્રત્યય રાખીને નિશ્ચેષ્ટ રહી શકો. સાહસી મોગલ લોકો જીવન રહેતાં નિશ્ચેષ્ટ હોય નહીં. આધીનતા સ્વીકારવી અમોને પસંદ નથી અને એ પાઠ પણ અમો ભણ્યાજ નથી.

ઈંદ્રનાથ—પઠાણ રાજાઓ પણ એ રીતેજ બોલતા. કહો તેઓ અત્યારે ક્યાં છે? દીલ્હી સામ્રાટ્ વિરૂદ્ધ આપ વૃથા યુદ્ધ પરિશ્રમ કરોછો અને બંગાલની જમીનને તેનાં છોકરાંનાં લોહીનું પાન કરાવો છો.

માજુમી—હિંદુ વીર! તમારું જીવન મરણ મારા હાથમાં છે. તને શું જીવવાની અભિલાષા નથી? તે તું મારા સામું આ રીતે બોલે છે?

ઈંદ્રનાથ—મારે તો જીવનની અનેક અભિલાષા છે. પણ જ્યારથી આપને હાથ પડયો છું ત્યારથી જીવવાની આશા રાખતો નથી.

માજુમી—કેમ!

ઈંદ્રનાથ—સાહસી ને વીરપુરુષ શત્રુને ક્ષમા કરી શકે. તેમજ જેને પોતાનો જયજ થવાનો નિશ્ચય હોય તે પણ શત્રુને ક્ષમા કરી શકે. પણ જેને પોતાના જયનો સંશય છે તેઓ શત્રુને ક્ષમા કરી શકે નહીં.

ઘણીવાર ઉભા રહીને વાત કરવાથી ઈંદ્રનાથનું હિનબળ શરીર ક્રમશઃ અવસન્ન થવા લાગ્યું. અને વક્ષઃસ્થળના ઘાવમાંથી રૂધિર પ્રવાહ પડવા માંડયો. માજુમી, ક્રોધે અંધ થઇ બોલ્યો. પામર! કૌશલ્યવાક્યદ્વારા ક્ષમા મળવાની આશા કરીશ નહીં.

ઈંદ્રનાથ પુનઃ સગર્વે બોલ્યો. હું કોઇ પ્રકારની આશા રાખતો નથી. ફક્ત એકજ આશા છે જે જલ્લાદો જલદી પોતાનું કામ પુરૂં કરે. પરંતુ જલ્લાદને તે કામ કરવું પડયું નહીં. ઈંદ્રનાથની છાતીમાંથી નિકળતો રક્ત પ્રવાહ ક્રમશઃ વધતો ચાલ્યો, ત્વરાથી તેનું શરીર અવસન્ન થવા લાગ્યું અને પુનઃ અચેતન થઇ જમીન ઉપર પડી ગયો. માજુમીનું હૃદય નિષ્ઠુર નહોતું. આહત, બળહિન, ચૈતન્યહિન, સહાયહિન યોદ્ધાને શિરચ્છેદનની આજ્ઞા ન કરતાં બોલ્યો જે હમણાં કારાગૃહે લઇ જાઓ. હુકમ મુજબ તેને ઉપાડી અજ્ઞાનાવસ્થાએ કારાગૃહમાં સુવાડયો. સભા સર્વે વિસ્મીત થઇ અને સૌએ પોતપોતાના મનમાં અનેક નિરાળા તરંગો બાંધ્યા. કોઇ કહે જે માજુમી બીએ છે, કોઈ કહે જે એને ફોડીને આ પક્ષમાં રાખવા માગે છે, કોઇ કહે જે તેના વીરત્વ ઉપર માજુમી મોહી પડયો છે, નહી તો આટલું બધું અપમાન સુચક બાષણ કરતાં છતાં પણ કોઇ જાતનો હુકમ નહીં એ શું? જરૂર રાજા ટોડરમલના બયથી માજુમી કમ્પે છે, કોઇ કહે બંગાલદેશના જમીનદારનો દીકરો હોઈ કદાચ માજુમી તેના પિતાને ઓલખતા પણ હોય. ઇત્યાદિ નાના પ્રકારના તર્ક વિતર્ક સર્વે કરવા લાગ્યા અને માજુમી ખુદ પણ ઈંદ્રનાથે કહેલા વચનોનું ફરી ફરીને સ્મરણ કરવા લાગ્યો તથા તોલન કરવા લાગ્યો.

પ્રકરણ ૨૮ મું.

રમણી વીરત્વ.

એક ક્ષુદ્ર અંધકારમય કારાગૃહમાં વીર પુરુષ તૃણશય્યા ઉપર નિદ્રિત છે. કારાગૃહની એક ક્ષુદ્ર વાતાયનદ્વારા પ્રાતઃકાળનો તરુણ-

રુદ્ર પ્રવેશ કરે છે. તે અંધકારમય કોટડીમાં રૌદ્ર રેખાવત્ દેખાય છે. અને અસંખ્ય પરમાણુઓ તે રૌદ્ર રેખામાં ખેલ કરે છે. કોઇ આવે છે, કોઇ જાય છે, કોઇ સ્થીર છે, એમ રજકણોનો ખેલ જોઇ જ્ઞાનવાન માણસને ધડા લેવાને મળે છે કે જેવો એ પરમાણુઓનો ખેલ, તેવોજ આ વિશ્વનો ખેલ. અને તે પરમાણુને વિલિન થતાં જેટલીવાર તેટલીજવાર આપણને પણ વિલીન થતાં લાગવાની છે. બેએક નાનાં પક્ષી વાતયનના પાછળના ભાગમાં બેસે છે. વળી ઉડી જાય છે, તેની અંદરના સળીઆદ્વારા જોઇ શકાય છે. પક્ષીઓ જાણે ભીતરમાં સુતેલ કેદીની ખબર લેવા આવતાં હોય કે સ્નેહ કરવા આવતાં હોય કે કંઇ ખબર કહેવા આવતાં હોય તેમ ત્વરિત ગતિથી આવે છે ને તેજ ગતિએ ઉડી જાય છે. કારણ કે તેઓ તો કાંઇ ઇંદ્રનાથની પેઠે બંદીવાન નથી. આવે છે વળી ઉડી જાય છે, ઝાડપર બેસે છે, બોલે છે, રમે છે, આ ડાળપરથી આ ડાળપર ને ત્યાંથી પેલી ડાળપર ઉડી બેસે છે, ત્યાંથી ઉંચે ઉડે છે, જમીનપર બેસે છે, દાણા ચીણી ખાય છે વળી અંદર અંદર લડે છે, સ્નેહ કરે છે, એમ પોતાની સ્વતંત્રતા વ્યક્ત કરી જાણે બંદિ ઈંદ્રનાથને ચીડવે છે. વીર બંદિવાન વાતાયનદ્વારા તે સઘળું જુએ છે. અંધકારસ્થિત લત્તાપલ્લવ જયપ્રકાશ તરફ બાહુ પસારે છે તેમ આ અંધકારમય કારાગૃહમાં પ્રકાશમય માત્ર એક વાતાયન તરફ ઇંદ્રનાથ લત્તારૂપ બાહુને બદલે દૃષ્ટી સ્થીર કરે છે. વાતાયને બેશી પક્ષી આકાશ તરફ ગમન કરેછે તેની પછવાડે પછવાડે આપણા વીરપુરુષની દૃષ્ટી પણ જાય છે. જોતાં આકાશ ગંભીર જોવામાં આવે છે અને તે ઉપરથી અનેક તર્ક વિતર્ક થાય છે. જગત્ સંસારના ખેલ સ્મરણ પથે આવે છે. ઘડીમાં જગતની, ઘડીમાં પરમાર્થની, ઘડીમાં કંઇ, ઘડીમાં કંઈ વિચારો આવે

છે, બદલાય છે, પલટાય છે, હું ક્યાં છું? મારૂં શું થશે? તેનો તેને ભય નથી. કારણ કે ખરો લડાયક મોતનો ભય તો કરેજ નહીં. તેને ભય માત્ર એકજ કે હું મરી જઇશ તેની તો મને કાંઇ ફિકર નથી, પણ મારી પછવાડે કેટલા માણસો તેથી શોકગ્રસ્ત થશે, એ ચિંતાએ તેને અસ્થિર કરી નાંખ્યો છે. મારા વૃદ્ધ પિતા જે પુન્યાત્મા નગેંદ્રનાથ ચોધરી મારા મરણના સમાચાર સાંભળી વૃદ્ધ ઉમરે એકનો એક દીકરો ગયો જાણી જીવન ત્યાગ કરશે તેમને મારા સિવાય બીજું કોઇ નથી. સ્ત્રી નથી, કન્યા નથી, કે બીજો દીકરો નથી કે જેથી તેમને કોઇ આશ્વાસન આપે અથવા તેમના ઉપર પોતાની નજર ઠારે. તે વૃદ્ધ માત્ર આ એક પુત્રને ચાહીને પોતાનો જીવન વ્યાપાર ચલાવે છે. એઓ પુત્રની નિધન વાર્તા સાંભળતાંજ પ્રાણ ત્યાગ કરશે અને તેમનું ઘર શૂન્ય થશે.

વળી તે અજ્ઞાન બાલિકા, પ્રેમ વિહ્વળા સરલા તે પણ સહાય હિન, સંપત્તિહિન, કોટડીવાસીની જે છે તેની શું દશા થશે? વળી મેં સાતમી પુનમે તેને મળવાની પ્રતિજ્ઞા કરી છે તે પ્રમાણે જઇ નહીં શકું એટલે તે બાલિકા આશાને ચાહી ચાહી છેવટ નયન મુદ્રિત કરશે, જીવન અભાવે અપરિસ્ફુટ પુષ્પની માફક નિરર્થે અને અસમયે સુકાઇ જશે એવી ચિંતા કરતાં કરતાં તેનું મસ્તક ફરવા લાગ્યું, નયનદૃષ્ટિ શૂન્ય થયાં ને છેવટ બોલ્યો. ભગવાન્! તમારી ઇચ્છાને જીવ માત્ર આધીન છે. વિધિ નિર્બંધ જેમ હશે તેમ થશે. હવે આ ચિંતા હું સહન કરી શકતો નથી.

શત્રુ સમૂહમાં ઇંદ્રનાથને પીડાસમય જતન કરનાર કોણ હોય? કારાગૃહની ચોતરફ પેહેરગીરો નિઃશબ્દે ખડ્ગ હસ્તે ધારણ કરી દિવસ રાત્રી ઉભા રહેતા હતા, રોજ સંધ્યાસમય એક બ્રાહ્મણ આ-

હાર દવા લાવી આપતો આહાર થઇ રહ્યા પછી એક માત્ર દાસી તે જગાએ સાફ સુફ કરી જતી અને આહાર પાત્રને ઉઠાવી લઇ જતી. બીજું કોઇપણ તે કારાગૃહની અંદર પ્રવેશ કરી શકતું નહીં.

આ શત્રુ સમુહમાં ઈંદ્રનાથનું જતન કરનાર ઉપર કહી તે દાસી માત્ર હતી. જે દાસી પ્રત્યેક સંધ્યા સમય ઝાડુ કાઢતી અને જમ્યા પછીની જગ્યા સાફ કરી જતી તે પણ પ્રત્યેક સમયે મૌન્યપણે આવતી ને તેજ ભાવે ચાલી જતી. પરંતુ તેના મ્લાન મુખ ઉપરથી જોઈ શકાતું કે તે કેદીના દુઃખમાં દુઃખી છે. ઈંદ્રનાથનું શરીર અને તેનું દુઃખ જોઇ તે કારાગૃહના એકાંત ભાગમાં ઉભી રહીને રોતી. નિર્દય શત્રુઓ બંદીવાનને બહુ દુઃખ દેતા. એક વખત માત્ર અલ્પ આહારને તૃણશય્યાબાંદી તે તૃણશય્યા રોજ ઠીક કરી દેતી. આ દુઃખ ન દેખવાથી દાસી પોતાને મળતો ખાદ્યદ્રવ્યાહાર પણ કેદીને આપી જતી ને પોતે નિરાહારે રહેતી. શત્રુઓ તરફથી ઘવાયેલા દુ-સ્મનોના માણુસોને કોઇ જાતની દવા કે પાટા પીંડી કરવાનો રિવાજ નહોતો, પરંતુ આ દાસી ઈંદનાથના ઘાને રોજ પાણીથી ધોતી ને પાટા બાંધતી ને હકીમની સલાહ પ્રમાણે રોજ ગુપ્તપણે ચિકિત્સા કરતી. રોજ ઘાને ધોઇ સાફ કરી દવા લગાડેલા વસ્ત્રના પાટાને ઉપર બાંધતી, અને સત્વર આરામ થવા જગદીશ્વરની પ્રાર્થના મનમાં મનમાં કરતી, તેના કરૂણા જલસિંચનથી ઈંદનાથના ઘા રૂઝાવા લાગ્યા, તેને રોજ રોજ આરામ લાભ કરવા લાગ્યો. ઈંદ્રનાથ સતત પોતાની મનોચિંતામાંજ વ્યસ્ત રહેતો તથાપિ સમયે સમયે દાસીનો યત્ન અને મમતા જોઇ મુગ્ધ થતો. કારાગૃહના અંધકારમાં તેને દેખી શકતો નહીં તેથી તેની સાથે કંઇ બોલવા જતાં દાસી નાકે આંગળી દઇ પાહરાવાળા તરફ નજર કરી ચુપ રહેવા ઇશારો કરતી એટલે વળી તે પડતું મૂકી ઇદ્રનાથ પોતાનો ચિંતાતાર સાંધતો.

પાદરાવાળા આ દાસીનું આ કેદી પ્રત્યે સ્વભાવિક મમત્વ જોઇ ઉપહાસ કરતા જે "ઓ બીબી એ હિંદુકે સંગ કયા શાદી કરે ગા ?" પરંતુ તેઓના ઉપહાસથી દાસી નારાજ થતી નહોતી. કોઇ વાર અતિ નમ્રભાવે ઉત્તર દેતી, કોઈવાર મૌન્ય ભાવે ચાલી જતી, ને વખતો વખત પ્રહરિગણને સુરાપાન કરવા પૈસા આપતી આથી તમામ પ્રહરિગણ તેના ઉપર સંતુષ્ટ હતા. દિવસરાત્રી ચોકી ઉપર ઉભા રહી સમયે સમય તે નવી બીબીની વાતો કરતા ને નિદ્રામાં પણ જાણે નવી બીબીએ પૈસા આપ્યા છે તેવડે સુરાપાન કરીએ છીએ તેમ અનુભવતા. આજ રાત્રે એ જણ પ્રહરિને સુરાપાન કરવા પૈસા આપવા કબુલ્યું છે.

રજનીપ્રાઃય એક પહોર ગઈ છે તેવે સમયે દાસી સુરાપાત્રા લઈ ત્યાં પહોંચી તેને જોઇને બંને પાદરાવાળાનાં મન આલ્હાદે પરિપૂર્ણ થયાં અને આવેલ મદિરાને ખૂબ ઠાંસ્યો રાત્રી જેમ જેમ વધતી ગઇ તેમ તેમ નિશો વધવા લાગ્યો ને રાત્રીના બીજા પહોરમાં અતિશે કેફથી બેભાન થઈ નિદ્રિત થઇ ગયા. એટલે દાશી કારાગૃહમાં પહોંચી ત્યાં પણ વીરપુરુષ તૃણશય્યા ઉપર નિદ્રિત છે. ઝાંખી બત્તી બળે છે અને ઇંદ્રનાથ સ્વપ્ન સંસારમાં ભાસમાન છે તેનું લલાટ પરિષ્કાર છે હોઠ ઉપર સ્મિતહાસ્ય, ને ઘોર નિદ્રામાં વા દુઃખમાં છે તેને સુખસ્વપ્ન શું હશે ? કેદી અવસ્થાએ છે. કાલે સવારેજ પ્રાણદંડ થવાનો છે અતિ કષ્ટે અને અતિ ક્ષુધાએથી પીડીત છે છતાં તેને એવું સુખકર સ્વપ્ન શું હશે ? તેનો વાચકવર્ગને ખુલાસો માત્ર એજ છે જે જાણે આજ સાતમી પુનમ છે. યુદ્ધમાં જયલાભ કરી હું રૂદ્રપુરે ગયો છું. ઘણે દિવસે સરલાને દેખી છે તેને હૃદયસ્થાન દીધું છે સરલાએ તેનું વક્ષઃસ્થળ ચક્ષુજળથી ભીંજાવી નાખ્યું છે વ-

ગેરે વગેરે સ્વપ્નમાંથી ઈંદ્રનાથ સહસાજ પાદ સંચાર થતાં જાગી ઉઠયો. ચકિત થઇ જુએ છે તો એક સ્ત્રી તેની તૃણશય્યા આગળ બેસી નિરભે રોદન કરે છે. કારાગૃહમાં ચોધાર અશ્રુ વરસાવતી સુંદરીને તેણે યથાર્થ ઓળખી. ઈંદ્રનાથ કમ્પી ઉઠયો. દાસીની મમતા જોઇ તેનું અંતઃકરણ દ્રવિભૂત થવા લાગ્યું ને પોતે પોતાનાં આંસુ પણ ખાળી શકયો નહીં, ને બોલ્યો જે હે સુભગે! હું હતભાગીના દુઃખે તમે શું કામ દુઃખી થાઓ છો? મને તો હવે જીવવાની આશા નથી. પરમેશ્વર તમને સુખી રાખે. દાસીએ કાંઇ ઉત્તર ન દીધો. ઈંદ્રનાથ પુનઃ બોલ્યો આ વખતે તમોએ મારા પ્રત્યે જે મમતા બતાવી છે તેના ફલે ભગવાન તમોને સુખી રાખે, એજ મારો મરણ વેળાનો આશિર્વાદ છે. એ સિવાય તમોને આ પવાને મારી પાસે કાંઇ નથી કારણ હું કેદી છું. ફક્ત એક આ સુવર્ણની અંગુઠી છે તે તમે લ્યો. મુસલમાનોને હાથે મારૂં મૃત્યુ થયા પછી આ અંગુઠી જોઇને મને યાદ કરજો.

દાસી ઘણીવાર સુધી અધોવદને અશ્રુવર્ષણ કરવા લાગી અને કંઇ બોલી નહીં. છેવટ હાથ પસારી અંગુઠી લીધી. અને પોતાના ગળામાં રહેલી માળાની સાથે તેને બાંધી. કેટલીકવારે શોક સંવરણ કરી અર્ધ સ્ફુટસ્વરે તે બોલી. સૈનિકવર? આપ મારાપર તુષ્ટમાન થયાછો તેમજ મારા ઉપર આપનો સહૃદય ભાવ છે તેના ચિન્હરૂપે, આ અંગુઠી હું લઉંછું અને તેના સ્મરણે કરીને હું જીવન ધારણ કરીશ, પણ સેનાપતિ ઈંદ્રનાથ! હું જાણું છું કે આ દાસીને આપ ભૂલી ગયાછો. તે કોકિલ સ્વરેજ ઈંદ્રનાથ ચમકયો, શય્યામાં ઉઠીને એકદમ બેઠો થયો. વનગ્રામે મહેશ્વર મંદિરે જે સ્વર એકવાર સાંભળેલો, ગંગામાં જળમગ્ન થયા સમય જે નારીએ ઈંદ્રનાથનો ઉદ્ધાર કર્યો હતો

આજ તેજ નારી તેજ વિમલા દાસી વેષ ધારણ કરી શત્રુના કારાગૃહમાંથી ઈંદ્રનાથનો ઉદ્ધાર કરવા આવી છે. ચિંતા તરંગ માળાએ ઈંદ્રનાથનું હૃદય ઉથલિત થવા લાગ્યું અને સ્ફીત થઇ ગયું. નયન બંને જલે પરિપૂર્ણ થયાં. તેથી વિમલાના બંને હાથ ઝાલી કરૂણસ્વરે તે બોલ્યો "માનવી કે દેવી" આપ કોણ તે હું જાણતો નથી પણ વિપદકાળે મને ચીર સહાયા હે દેવી તને ધન્ય છે. આ વિપદમાંથી તમે મારો ઉદ્ધાર કર્યો છે, એમ જાણતાં નૃશંસ શત્રુઓ આપનો પ્રાણ વધ કરશે. વિમલા કહે છે મારે માટે ચિંતા કરવી નહીં મારા ઉદ્ધારનો ઉપાય છે, ને ઉદ્ધાર ન થાય તો દરકાર નથી. મારે વાસ્તે ચિંતા કરે, મારે વાસ્તે શોક કરે, એવા જગત્માં ઝાઝાં માણસ નથી. અનંત સાગરમાં એક વારી બિંદુ જે રૂપ લીન થાય તેવી રીતે આ જગત સંસારમાં એક જણ હતભાગીનીનું મૃત્યુ થાય તે અશ્રુત અને અલક્ષિત પણ રહે પરંતુ આપ યશસ્વી, ક્ષમતાશાળી, વીર જગત સંસારમાં જીવીત હોતાં અનેક લોકે સુખી થશે.

ઇંદ્રનાથ વિમલા પ્રતિ તીવ્ર દૃષ્ટિ કરવા લાગ્યા, ને ધીમેથી બોલ્યા. દેવી ! તમે મારા ઉદ્ધારને માટે યત્ન કર્યો છે તેથી આજ જન્મમાં હું આપનો ઋણી છું. પરંતુ તમોને આ સ્થાને રાખી હું કારાગૃહ પરિત્યાગ કરીશ નહી. માટે અવરોધ કરશો નહીં.

હવે વિમલા પગારત પામી ઘણો અનુરોધ કર્યો, ઘણાં કારણ બતાવ્યાં પણ કશાથી વીરપુરુષ પ્રતિજ્ઞા ભંગ થતો નથી ઈંદ્રનાથનો ઉત્તર એકજ હતો કે જેણે એકવાર મને પ્રાણદાન કર્યું છે, પુનઃવાર મારા ઉદ્ધાર માટે યત્ન કર્યો છે તેને વિપદમાં નાખીને હું જીવતો નીકળી જાઉં એવા જીવનની મને દરકાર નથી.

ત્યારે વિમલા અતિ કષ્ટે બોલી. ઇંદ્રનાથ ! વીરપુરુષ ! હું

જાણું છું કે સરલા સંબંધી હકીકત તમે જાણતા નથી. તે તમારી પ્રેમાકાંક્ષીણી સરલા આજ ચતુર્વેષ્ટિત દુર્ગે બંદીવાન છે આપ કદી જલદી તેનો ઉદ્ધાર નહીં કરો તો પામર શકુનિ તેનો વિવાહ પોતાના એક હલકા નોકર સાથે કરનાર છે. આ વાત ચોકસ થઇ ગઇ છે. અને એ નીચ કદિ તેમ કરે તો ગરીબ સરલાનું શું થાય તે કંઇ ધ્યાનમાં ઉતરે છે?

ઇંદ્રનાથને તરત વજ્રાહત થયો. નિસ્પંદ થઇ રહ્યો. તેનું આખું શરીર કમ્પીત થયું, લલાટમાંથી પ્રસ્વેદબિંદુ નિર્ગત થવા લાગ્યાં. અને બોલ્યો વિમલા! સરલા ત્યાં શી રીતે આવી? તેને કોણ લાવ્યું? તે ત્યાં એકલી છે? શી સ્થિતિમાં છે? શું તેને કેદ કરવામાં આવી છે? શા માટે કોણે કેદ કરી? શું અપરાધે? આ વાકયો સાંભળી વિમલાએ સર્વ વૃત્તાંત તેને કહેવા માંડયો. જે સરલા તથા તેની મા મહાશ્વેતા બંને વનગ્રામ મહેશ્વર મંદિરે હતાં. ત્યાંથી શકુનિના ચાકરોએ ગુપ્તવેષે અને સરલાની ફઇબાનું રૂપ ધારણ કરી નૌકામાં બેસાડી અંધારી રાતે ચતુર્વેષ્ટિત દુર્ગમાં લાવી નીચેના ભાગમાં કેદ કર્યાં છે. કારાગૃહ અતિ સખ્ત વાસ છે. એ મારા જાણવામાં આવતાં મેં તેમને મારી પાસે રાખ્યાં છે પણ તેમને હરવા ફરવા કે બહાર જવાની મનાઇ છે. શકુનિના મનમાં ભય છે કે મહાશ્વેતા કદિ છૂટી હોય તો કદાચ રાજા ટોડરમલ પાસે જઇ પોતાના મૃત સ્વામીનો ઇન્સાફ માગે અને કદાચ સર્વ વિપરીત વાત પણ સ્પષ્ટ થઇ જાય એવા હેતુથી તેને હાથમાં રાખવામાં આવ્યાં છે. તેમજ પોતાના ઉપર પણ શકુનિએ જે અસહ્ય જુલમ ગુજાર્યો તે વૃત્તાંત પણ કહ્યો. ત્યાંથી પોતે નિકળી ચોરી છૂપાથી મોંમીર આવી પીતાલયે પહોંચી ને ત્યાં આવી તમારૂં અનુસંધાન મેળવ્યું. તમો જે જે ઠેકાણે

જાઓ ને જે કાંઇ કરો તેની બાતમી રાખી અને એ બાતમીના આધારે તો તમે ગંગામાં પડતું મૂકયા છતાં હોડીની હાજરીને લીધે બચવા પામ્યા. ત્યાંથી લડાઇમાં ગયા. ત્યાંથી પકડાયા છો તે જાણતાં તમારી ખીદમતને માટે જે દાસી આવતી તેને ફોડી તેનો સ્વાંગ પહેરી લેઇ દાસી રૂપે તમારી સુશ્રૂષા કરવા આવી. આ બધું કરવાનું કારણ માત્ર સરલાનું રક્ષણ. કદાચ યોગ્ય સમયે તેનું રક્ષણ નહીં થાય તો તે આ દુનિયામાં જીવિત હશે નહીં માટે તમો તમારી બુદ્ધિને અનુસરી જેમ યોગ્ય લાગે તેમ કરો.

ઇંદ્રનાથે તે સઘળું સાંભળ્યું અને હાથ ઉપર માથું ટેકાવી મુખ નીચું કરી બેઠો. મસ્તકે શીરા સ્ફીત થઇ અને નયનદ્વયમાંથી અશ્રિકણ નીકળવા લાગ્યા ઘણીવાર પછી ધીરે ધીરે માથું ઉંચું કરી બોલ્યો. ભદ્રે! તમારી વાતજ રહેશે હું પલાયન કરીશ, પરંતુ એક પ્રતિજ્ઞા કરો.

વિમલા—શું પ્રતિજ્ઞા.

ઇંદ્રનાથ—કદિ કાલને કાલ તમારા છૂટકારાનો ઉપાય ન થાય અને નૃશંસ શત્રુઓ કાલેજ તમારો વધ કરવાની આજ્ઞા કરે તો તમારે માજુમી પાસે ત્રણ દિવસ સમય માગવો. હું માજુમીનો સ્વભાવ જાણું છું. તમો અરજ કરતાં જરૂર તે ત્રણ દિવસ સમય આપશે.

વિમલા—તે વાતની હું પ્રતિજ્ઞા કરું છું.

પછી વિમળાએ ઇંદ્રનાથને સ્ત્રીવેષ પહેરાવ્યો. ઇંદ્રનાથ પોતાનું ફેરફાર ગએલું રૂપ જોઇ હસ્યો ને વિમલા તરફ જોયું. ઉદ્વેગ સહિત વિમલાના બંને હાથો પોતાના હાથમાં લઇ બોલ્યો ભદ્રે! બેવાર મારી પ્રાણરક્ષા કરી છે. આશિર્વાદ કરો. જગદીશ મને સહાય થાય અને હું આ ઋણમાંથી મુક્ત થાઉં. ઉષ્ણ નિશ્વાસ નાંખતો દીલગીર

થતો, અને મરજી વિરૂદ્ધ આકર્ષણે ખેંચાતો હોય એ રૂપ વીર ઇંદ્રનાથ વારંવાર વિમલાનો આભાર માનતો તથા હૃદય દુઃખને દબાવતો જેલખાનામાંથી બાર પડયો. મુહુર્ત્તમાં તો અદશ્ય થયો. વિમલા લલાટનો પ્રસેવો લુછી તે અંધકારામય કોટડીમાં બેઠી—પડી—જે રીતે નૈસ્યજગત્ દુર્ભેદ્ય અંધકારે આચ્છાદન હતું, તે રીતે વિમલાનું નારીહૃદય દુર્ભેદ્યાંધકારે આચ્છાદન થયું. હતાશ ને નિરાશ થઇ જગત્માંની સર્વ આશાઓને તેણે તીલાંજલી દીધી. ને મરણનો જરાએ ડર રાખ્યા સિવાય મોતરૂપી મણુકાને તે પોતાના હાથમાં વારંવાર ફેરવવા લાગી. આશા માત્ર એકજ તેના અંતરમાં છે. હે જગદીશ ! સરલાને સુખ થાય અને પીતાશ્રીનો બચાવ થાય. પોતાના તરફની કોઇ પણ જાતની અભિલાષા તેને નહોતી.

પ્રકરણ ૨૯ મું.

પુરૂષનું વીરત્વ.

વિમલા પાસેથી વિદાય થઇ ઇંદ્રનાથ નિર્ભયતાથી શત્રુ છાવણીમાંથી બહાર પડયો. કોઇ પાહરાવાળાએ તેને બોલાવ્યો કે અટકાવ્યો નહીં. દૂર પહોંચ્યા બાદ સ્ત્રીવેષ ઉપરથી કાઢી નાંખી પોતાનો અસલ વેષ (પુરૂષનો) ધારણ કરી પોતાને શિબીરે આવી પહોંચ્યો. ઇંદ્રનાથને સહસા શિબીરે આવેલ દેખી તેની આધીનસ્થ સેનાગણ વિસ્મય થઇ અને આલ્હાદનો પાર રહ્યો નહીં. પરંતુ તે ઇંદ્રનાથ જાણે જાણુતોજ નથી એવા ભાવથી અથવા એના મગજમાં કંઇક જુદુંજ કાર્ય કરવાની અભિલાષા હોવાથી ગંભીર સ્વરે બોલ્યો,

હાલ મને કોઇ વાતની જીજ્ઞાસા કરશો નહીં. આપણી તમામ સેના તૈયાર થાઓ. આજપળે શત્રુ શિબીરને આક્રમણ કરવું છે. સ્વારો વિસ્મયાપન્ન થયા. પરંતુ બીજી કંઇ વાત પૂછવાનીજ જ્યાં મનાઇ છે ત્યાં નિરૂપાય. સઘળા સ્વારો તૈયારી કરવા લાગ્યા.

ઈંદ્રનાથે એકવાર ભગવાનનું સ્મરણ કર્યું. ને ઈશ્વરને દંડવત્ પ્રણામ કરી બોલ્યો જે હે ભગવાન ! આજના જેવા અસીમ સાહસીકાર્યે હું કોઇવાર લીપ્ત થયો નથી માટે આજ પ્રસન્ન થઇ હે જગદીશ ! મને જયલાભ દેજે. મારી ઉપકારીણી દેવીનો ઉદ્ધાર કરતાં કદિ મારો પ્રાણ જાય તો તેની મને કશાએ દરકાર નથી. વિમલાના ગૌરવ અને નેકટેકના એક લક્ષાંશ ઉપર મારો જીવ કુરબાન કરવાની હે ઈશ્વર ! તું મને બુદ્ધિ દે. રજનીપ્રાયઃ ત્રણ પહોર વ્યતિત થઇ છે, ચંદ્ર અસ્ત થયોછે, ચોતરફ ગંભીર અંધકાર છે, આકાશમાં બે ચાર તારા સ્ફુટાસ્ફુટ દેખાય છે, બાકી વાદળાંથી ઘમઘોર છે, વચ્ચે વચ્ચે તમરાંઓના સ્વર સંભળાય છે, નિકટસ્થ ગંગાના કલ્લોલ શબ્દે શ્રુતિગોચર થાય છે, એવા શાંત, અને ભયંકર સમયમાં સૈન્ય નિઃશબ્દે શત્રુ શિબીરાભિમુખે ચાલ્યું.

ક્ષણેક જતાં જતાં દૂરથી એક પ્રકાશ દેખાયો. વળી ઝાંખો થયો, વળી દેખાયો. એમ વારંવાર થતું ઈંદ્રનાથના જોવામાં આવ્યું. તેથી પોતાનો અશ્વ ઉભો રાખ્યો તે સાથે તમામ સૈન્ય ઉભું રહ્યું. પોતાની સાથેના પ્યાદાઓમાં જે તીરંદાજો હતા તેમાંના એકજણને એ પ્રકાશ શેનો છે તેની તપાસ કરવા મોકલ્યો. દુત ત્યાં તપાસ કરી આવી બોલ્યો જે મહારાજ ! ચાર જણ પાહરાવાળા છે તેઓ તાપણું કરી તાપે છે. આ ઉપરથી ઈંદ્રનાથે પોતાના તીરંદાજો પૈકી દશજણને આગળ મોકલ્યા કે જાઓ જે ચારજણ ત્યાં છે તેમાંનો

એક જણ પણ જીવતો તંબુમાં ન જાય. એ કદી ગયો તો શત્રુઓ સંવાદ પામતાં બાજી ફયળી જશે. અને હું તમારો શીરચ્છેદ કરીશ. આજ્ઞા થતાંજ ધીરે ધીરે તીરંદાજો ગયા ને ચારેજણને ભૂતળશાયી કર્યા. હવે સેના આગળ વધી. વળી ત્યાં પાહરાવાળા હતા તેઓનો નિઃશબ્દે પ્રાણ સંહાર કરી આગળ ચાલતાં એત્રણ જગાએથી ખોળીને પાહરાવાળાને યમશરણ પહોંચાડી થોડા વખતમાં શત્રુ શિબીરે નીકટ સેતુ ઉપર ઈંદ્રનાથની સૈના જવા લાગી. ને ત્વરાથી પાર ઉતરવા લાગી. તે જોતાંજ શત્રુ સૈન્ય તૈયાર થવા લાગ્યું. પણ તેઓ તૈયાર થઇને જવાબ દેવા આવે તે પહેલાં તો ઈંદ્રનાથ પોતાના લશ્કર સહીત સેતુપાર કરી ગયો. અને દુશ્મનો કે જેઓ તૈયાર થઇને આવ્યા હતા, અને જેનું પ્રમાણ થોડું હતું તેમને મરણશરણ કરી દીધા. ઈંદ્રનાથે તમામ લશ્કરને પૂલની રક્ષા કરવાને રોક્યા. માત્ર પચાશ સ્વારો લઇ ઉર્ધ્વશ્વાસે કારાગૃહ તરફ દોડયો. ઈંદ્રનાથ કારાગૃહમાં છે અને તે અંદર છે તેની ચોકી અમો કરીએ છીએ. એવા ભરોંસાએ રહેલા સૈનિકગણ દ્વાર રક્ષા કરે છે. પરંતુ ઈંદ્રનાથનો વજ્રનાદ આહારે અને વળી લશ્કરી ડ્રેસમાં અને મારવાને આવેલા રૂપે જોઇ તેઓએ વેગથી પલાયન કર્યું. અંદરના ભાગમાંના પાહરાવાળા કે જેઓની સર્વથી પહેલી ચોકી છે તેઓ તો હજુ પણ મદિરાનાજ કેફમાં છે. ને તેમની પાસે બત્તી જલે છે તે બત્તી લઇ પોતે કારાગૃહમાં ગયો. જુએ છે તો વિમલાનો શાંત શીર્ણ દેહ એ તૃણશય્યા ઉપર બેભાન અવસ્થાએ પડયો છે. ચક્ષુ મુદિત છે. નિશ્વાસાશ્વાસે વક્ષઃસ્થળ ધીરે ધીરે ચાલે છે.

ઈંદ્રનાથે એક મુહુર્ત્ત ભગવાનને ધન્યવાદ દીધો ને સજળ નયને વિમલાને હજુ સુધી જીવાડવા બદલ જગદીશનો આભાર માની

તેના દેહને ઉચકી લીધો. ને તેને બહાર લાવી ખુલ્લી હવામાં બેસાડ્યા પછી થોડીવારે તેને ભાન આવતાં બોલી સેનાપતિ ! મારો ઉદ્ધાર કરવા આવ્યા ખરા કે ?

ભગવાન્ આપનું રૂડું કરો. મેં તો મરવું સ્થીર કર્યું હતું. ફક્ત મૃત્યુ સમય પિતાનો વિયોગ છે એ વિચારે ક્લેશ થતો હતો. ઠીક થયું. તમે મારો ઉદ્ધાર કર્યો તો એકવાર પિતાને જોવું એ કાયરસ્વરે ઇંદ્રનાથનું હૃદય ફાડી નાંખ્યું. અને બંને લોચન અશ્રુપૂર્ણ થયાં. પરંતુ ઉત્તર દેવાનો તો આ સમય નહોતો. ઇંદ્રનાથે અશ્વારોહણ કર્યું ને જેમ બાળકને બેસાડે તેમ પોતાની પીઠ પાછળ વિમલાને બેસાડી દઇ બંને શરીરને એક કાપડના મજબૂત પાટાથી બાંધી લીધાં. ને અશ્વ દોડાવ્યો તે જે જગાએ પોતાના સ્વારો પૂલનું રક્ષણ કરે છે ત્યાં આવી લાગ્યા. ચોતરફ શત્રુ સમુહ ચઢી આવ્યો છે. જેમ ભયંકર વાદળ ચઢી આવ્યું હોય તેમ ત્રણ ચાર હજાર શત્રુનું લશ્કર તૈયાર થઇ આવ્યું છે ઇંદ્રનાથ તથા તેનાં માણુસો ત્વરીત વેગે પૂલપાર થઇ પોતાના શિબીર સન્મુખે ગમન કરવા લાગ્યા. શત્રુઓએ જોયું જે ઇંદ્રનાથ લડવાને તૈયાર નથી. તે તો જાય છે એમ જણાતાં તેની પાછળ પડવાના હેતુથી પાછળ આવવા લાગ્યા. તેઓ થોડે દૂર આવ્યા ન આવ્યા તેટલામાં તો પૂલનો નાશ થયો છે જોઇ તે હતાશ થયા. ઇંદ્રનાથ પોતે પોતાનાં માણસો સહીસલામત વિમલાને લઇ મોગીર પહોંચ્યો.

શિબીર જય જયકારે પરીપુરીત થયો. ઇંદ્રનાથ કારાગૃહમાંથી મુક્ત થયો. શત્રુઓને આક્રમણ કરીને જુજ સ્વારોને લઇશત્રુઓને મારી તેમનો પૂલ તોડી સર્વ નાશ કરી આવ્યો છે. એ રીતે સંવાદ સાંભળતાં મોગલ સૈન્ય ઉલ્લાસે ઉન્મત્ત થયું. ઇંદ્રનાથ ટોડરમલ રાજાને

નમન કરવા ગયો. ખુદ રાજા ઉઠીને ઇંદ્રનાથને ભેટયા. અને તેનું માન વધાર્યું. શી રીતે કારાગૃહમાંથી મુક્ત થયા વગેરે હકીકતથી વાકેફ થતાં રાજા ઈંદ્રનાથને મૃત્યુ લોકના માનવીરૂપે અવતરેલ દેવ માનવા લાગ્યો. વિમલાની વાત કેટલાક સ્વારો સિવાય અજ્ઞાત રહી, અને તેને રાત્રી સમયે પીતાલયે મોકલાવી દીધી.

પ્રકરણ ૩૦ મું.

પાપનું પ્રાયશ્ચિત.

ઉપરની ઘટના પછી એ ત્રણ દિવસ બાદ એક દિન સંધ્યા સમયે રાજા ટોડરમલ્લ અને સેનાપતિ ઇંદ્રનાથ વચ્ચે વાર્તાલાપ થાય છે. બંને જણુ દુર્ગની ઉપરની છતમાં પદાચરણ કરે છે.

રાજા—ઇંદ્રનાથ! યુદ્ધમાં કેવળ સાહસ આવશ્યક નથી. રણુ-કૌશલ્ય પણ જોઇએ.

ઇંદ્રનાથ—મહારાજ! આપનું શું ધારવું છે? દુર્ગ છોડીને મેદાન પડીને લડીએ તો શું શત્રુઓથી હારીએ?

રાજા—તમારાં માણુસો કેટલાં ને વાત શી?

ઇંદ્રનાથ—મહારાજ! ત્યારે આ અવસ્થાએ દુર્ગની અંદર ઘે-રાયેલા કેટલી મુદ્દત રહેવું?

રાજા—હવે અધિક દીન નથી. આજે સામી પાલખી આવે છે તેમાંથી આપણુને ખબર મળશે કે હવે શત્રુઓનો નાશ થતાં કેટ-લા દીન લાગશે. આપણે વગર યુધ્ધે જીતીશું.

ઇંદ્રનાથ—મહારાજ! આપને યુદ્ધકૌશલ્યે જગદ્વિખ્યાત હું

જાણતો હતો, પણ આપ ભવિષ્યાત પણ જાણોછો એ વાત હું જાણતો નહોતો.

વાત કરતાં કરતાં શિબીકા નિકટ આવી ને તેમાંથી દિવાનજી સતીશચંદ્રરાય ઉતર્યા ને રાજાને નમન કર્યું તેને જોઈ ઇંદ્રનાથ વળી વિસ્મીત થયો.

તેઓ વચ્ચે શી શી વાત થઈ તે વિસ્તારથી જાણવા જરૂર નથી. ફક્ત પ્રસંગવશાત્ એટલુંજ કહેવું બસ છે કે સતીશચંદ્રને વિગ્રહી રાજાઓ કે જેઓ બંગાલના જમીનદારોના પક્ષના હતા અને સામ્રાટ્ સામે યુદ્ધ કરવા તૈયાર હતા, જેઓને જુના મોગલ રાજાઓને છેડવાની ઇચ્છા નહતી તેવા સઘળા જમીનદારો સામ્રાટ્ની સામા હતા, તે બધાને ફોડીને શાહના પક્ષમાં લાવવા તેમને અકબર બાદશાહના ગુણોનું તથા ઉપકારનું દીગ્દર્શન કરાવવું, તથા તેનાથી થયેલા જજીઆની માફી વગેરેના લાભો બતાવી શાહી પક્ષના મદદગાર કરવાનું કામ સતીશચંદ્રે માથે લીધું હતું તેથી તે સમજુતીથી, ત્રાસથી, ધનથી, અન્ય લાલચથી એવા જાગીરદારોને ફોડી લડાઇના મેદાનમાંથી પલાયન કરવા અથવા તટસ્થ રહેવાને સમજુતી કરવા લાગ્યો. તે બહુ દીર્ઘદ્રષ્ટિ ને વાક્પટુ હતો તથા કાવાદાવાના કામમાં કારીગર હતો એવું પાછળ પણ જણાવેલ છે. તેણે બુદ્ધિનો સ્વતંત્રપણે અને બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવા માંડયો હતો અને તેને લીધે કેટલાકને શામ, દામ, દંડ, ભેદથી શાહના પક્ષમાં ખેંચ્યા હતા. કેટલાકને પલાયન થવાનું ઠરાવ્યું હતું અને કેટલાકે તટસ્થ રહેવા કબુલ્યું હતું તેથી એના સંબંધમાં નાનારૂપ અનેક વાકયોરૂપ વ્યય થયો હોય પરંતુ સતીશચંદ્રનો ઉદ્દેશ અને રાજાનો આદેશ એ હતો.

તે કોઈ રાજાને સમજાવે છે. ભાઇ! અકબરશાહ હિંદુઓનો

પરમ બંધુ છે. આપણા હિંદુઓ ઉપર જે અન્યાયી કરો હતા તે સઘળા તેણે માફ કર્યા છે. આપણા શાસ્ત્રની કેવી આલોચના કરે છે? હિંદુ રાજાઓની કુંવરીઓ સાથે લગ્ન કરેછે. લગભગ આપણા આચાર વિચાર પાળે છે. બંગદેશમાં સેનાપતિ અને શાસનકર્ત્તા પણ હિંદુ રાજાનેજ મોકલ્યા છે. વિજય લક્ષ્મીસ્વયં તે સેનાપતિની છાયા સ્વરૂપ છે. અર્થાત્ તે જ્યાં છે ત્યાં વિજય છે. એમણે બેવાર બંગાલમાં જીત મેળવી છે. અને આ વેળા પણ એ જીતશેજ. જીતતાં તે વિદ્રોહી જાગીરદારોને દંડ દેશે પરંતુ અત્યારે તેની સહાયતા કરી શેહનશાહનો પક્ષ અવલંબન કરતાં આગળ અતિશે લાભ થશે. ને રાજા સ્વયં પણ જેનો ઉપકાર છે તેનો બદલો આપશે એ રીતે વિવિધપ્રલોભ તથા ભયદર્શન કરાવીને તેણે અનેક જાગીરદારોને શાહના પક્ષના અવલંબી કર્યા હતા. તેઓ શત્રુ સૈન્યને ખાદ્યદ્રવ્ય પહોંચાડે નહીં એમ બંદોબસ્ત કર્યો હતો એટલે અલ્પ સમયમાં શત્રુગણ આહાર અભાવે રણમાંથી ભાગી ભાગલપૂર ત્યાગ કરી જાય, તેમાં સંદેહ નહીં.

રાજાએ સતીશચંદ્રને બહુ સન્માન પૂર્વક વિદાય કરીને ઇંદ્રનાથની તરફ જોઇને બોલ્યા. કેમ સેનાપતિ! મારી વાત ખરી કે નહીં?

ઇંદ્રનાથ—મહાશય! આપ યુદ્ધમાં અજીત, કૌશલ્યમાં અતુલ્ય, કીંતુ—એટલામાં રાજા વચ્ચે બોલે છે કીંતુ વળી શું!

ઈંદ્રનાથ—આપ આ સતીશચંદ્રની બધી વાત ઉપર વિશ્વાસ મૂકી શકોછો?

રાજા—જુવાન સેનાપતિ! શું ટોડરમલને રાજનીતિ શીખવોછો? કોનો વિશ્વાસ કરવો ને કોનો ન કરવો તે શું મારા કરતાં ઈંદ્રનાથ વધારે જાણે?

ઇંદ્રનાથ—મહારાજ મારો અપરાધ ક્ષમા કરશો તો હું કહું છું જે એ સતીશચંદ્રની બાબતમાં મહારાજ જેટલું જાણે છે તેના કરતાં હું વધારે જાણું છું.

રાજા—બનવાજોગ છે પણ હું તો ધારૂં છું જે આ બાબતમાં પણ તમો જેટલું જાણોછો તેટલુંજ બલ્કે તેથી પણ વધારે હું જાણું છું. અરે ! ઇંદ્રનાથના મનમાં અત્યારે શું ચિંતા છે તે પણ હું જાણું છું.

ઇંદ્રનાથ વિસ્મય થઇ રાજાની સામું જોઇ રહ્યો. ને અવાક્ થઇ ગયો. રાજા પૂર્વવત્ હસતાં હસતાં બોલ્યા જે આ સતીશચંદ્રે રાજા સમરસિંહની હત્યા કરાવી છે તે ચિંતા અત્યારે સેનાપતિના મનમાં કેમ આવી ?

ઇંદ્રનાથ—વિસ્મયે સંજ્ઞાશૂન્ય થયો, ને બોલ્યો. મહારાજ ક્ષમા કરો. આપ અંતર્યામી છો.

રાજા ગંભીરસ્વરે બોલ્યા ઇંદ્રનાથ ! કેવળ ભગવાન અંતર્યામી છે પરંતુ દિલ્હીશ્વરના સેનાપતિ થઇને ચોતરફ નજર નરાખે તો કોઈ કાર્ય થઇ શકે નહીં. યુદ્ધ કાર્યેંજ મારા કેશ શુક્લ થયા છે. ભગવાન્‌ની કૃપાથી યુદ્ધકૌશલ્ય પણ થોડું શીખ્યો છું.

ઇંદ્રનાથ ક્ષણીક મૌન રહી વળી બોલ્યો ત્યારે મહારાજ ! આપ રાજા સમરસિંહની હત્યાની વાત જાણો છો ?

રાજા—હા. તે હત્યાની વાત હું જાણું છું. તેમજ આ વખતે તેનો ઇન્સાફ પણ કરીશ. હું મારા દીકરાની હત્યા કરનારને કદાચ ક્ષમા કરી શકું છું, પણ રાજા સમરસિંહની હત્યા કરનારને ક્ષમા કરી શકતો નથી. મારા દીકરા કરતાં મને સમરસિંહ અધિક પ્રિય હતા તે તમે સમજ્યા ?

રાત્રી પ્રાયશઃ એક પહોર ગઇ છે. ગંગાના કિનારા ઉપર એક ક્ષુદ્ર પણ સુશોભિત શિબીરે દિવાન બહાદુરનો મુકામ છે ત્યાં પોતે પદાચરણ કરે છે. આજે તે રાજા ટોડરમલ પાસે જતાં સન્માન પામ્યો છે. તેથી તેનું હૃદય ઉત્સાહે પરિપૂર્ણ છે. માયાવિની આશા તેના કાનમાં મંત્ર મુકે છે કેમ સતીશ! તું એકવાર પાપનો ભય કરતો હતો તે પાપ કોઇ જાણી શકયું છે? દંડ કયાં? અત્યારે તો દિને દિને તારૂં સન્માન વધતું જાય છે. અધિકાર વધે છે. સૂર્યાસ્ત્ પર કુહકની આશા એના કાનમાં એ પ્રકારના અનેક મંત્રો મુકે છે. પરંતુ સૂર્યોદય પહેલાં તો સતીશ જાણી શકયો છે જે એ આશા તો જૂઠી માયાવીની, કુહકીની, અને મિથ્યાવાદીની છે.

દિવાન પદાચરણ કરે છે. દરમ્યાન ચંદ્રના પ્રકાશમાં એક જણ દસ્યુ ને પોતાની તરફ આવતો જોયો. તેણે નજીક આવતાં પોતાના હાથમાં ખુલ્લી છરી લઇ દિવાન ઉપર દોટ મૂકી તેને જોઇ સતીશે નાસવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ તે વ્યર્થ. હત્યાકારીએ તરત દિવાનને આક્રમણ કરી તે છુરી વડે તેના હૃદયમાં આઘાત કર્યો. જખમ થતાંની સાથે સતીશચંદ્રે બૂમ પાડી. તે સાંભળતાંજ તેના નોકર વર્ગ દોડી આવી હત્યાકારીને ઘેર્યો. કાંઇપણ તપાસ કે પુછપરછ કર્યા વિના સતીશચંદ્રના એક જમાદારે ખડગથી હત્યાકારીનું શિર અલગ કરી નાંખ્યું તેથી તે ભૂતળશાયી થયો. મરણાંતે તે દસ્યુ બોલ્યો. સતીશચંદ્ર! આપનું પણ મૃત્યુજ થશે.

સતીશચંદ્ર—નરાધમ! ભગવાને મારૂં રક્ષણ કર્યું છે. તારા આઘાતથી માત્ર સામાન્ય ક્ષત થયો છે ને બહુ અલ્પ રક્ત નીકળ્યું છે.

દસ્યુ—એ સામાન્ય આઘાતેજ તમારૂં મૃત્યુ છે કારણ મારી છરીજ વિષાક્ત! પ્રભુ આપ મને શું જાણતા નથી ?

સતીશચંદ્રે તરત પોતાના જુના નોકરને ઓળખ્યો ને બોલ્યો. રે! નરાધમ! તને આવી રીતે સ્વામી સેવા કરવાનું કોણે શીખવ્યું ?

ભૃત્ય અતિ ક્ષીણ અને સ્ખલિત સ્વરે બોલ્યો "પાપીષ્ટ શકુનિ"

સતીશચંદ્ર ક્રોધે અસ્થિર થઈ બોલ્યો. મેં પ્રથમજ જાણ્યું હતું જે આ કામ એ પામરનુંજ હોવું જોઇએ. પૃથ્વી ઉપર તેના જેવો ભિષણ પાપી બીજો નથી. તેમ નરકમાં પણ નહીં હોય પરંતુ તું મારો જુનો નોકર થઇ મારૂં લુણ પાણી ખાઇ મારોજ વધ કરવાનો સંકલ્પ કર્યો ?

દસ્યુ વળી પણ ક્ષીણ સ્વરે બોલ્યો. શ—શ—શકુનિએ અને—ક લો—ભો—દેખાડયા. લોભમાં પડવાથી જ્ઞાન શૂન્ય થયો, પાપ કર્યું, જીવ ખોયો. બીજું કાંઇ બોલી ન શકયો. તેણે પ્રાણ વિસર્જન કર્યો. બંને હોઠ ફફડતા ફફડતા બંધ થઈ ગયા. આંખ બંને આકાશ તરફ ફાટી રહી.

તે મૃત દેહ તરફ જોઇ સતીશચંદ્ર બોલ્યો. ભૃત્ય તારા જેવો જ્ઞાની પણ લોભને વશ થઇ અપકાર્ય કરવામાં પ્રેરાયો, તો મેં તો તારા કરતાં પણ ભિષણ પાપો અનેક કર્યાં છે. તારી પેઠે મારો પ્રાણ જતાં પણ વાર નથી. પરમેશ્વર તને ક્ષમા કરે. મારાં પાપની ક્ષમા નથી.

એમ બોલતાં બોલતાં સતીશચંદ્ર ઢળી પડયો રક્તદ્વારા છરીને પાયેલ ઝેર ક્રમે ક્રમે શરીરના બીજા રક્તમાં મળવા લાગ્યું. તેથી સતીશનું શરીર નિર્બલ થતું ચાલ્યું. દરમ્યાન તેણે ભૃત્યના મૃત દેહને અગ્નિ સંસ્કાર કરવાની આજ્ઞા કરી. પ્રાતઃકાલે રાજા ટોડરમલ સભા

ભરીને બેઠા છે અને તેની જોડમાં તથા બંને પાસે જાગીરદારો, ઠાકોરો, અમીર, ઉમરાવ, સેનાપતિ વગેરે વ્યક્તિઓ પોતાના દરજ્જા માફક ગોઠવાઇ ગયા છે. સેનાપતિ ઈંદ્રનાથ રાજાના ખાસ અમલદાર અને સેનાપતિ તરીકે હજુરમાં વિરાજમાન છે. સભામાં અનેક તરેહના વાર્ત્તાલાપ થાય છે. કોઇ કંઇ ને કોઇ કંઇ એવી વાતો કરે છે. રાજા ધ્યાન દેવા જેવી વાત ઉપર પ્રશ્નોત્તર કરે છે. એવામાં એક દાસ હાથ જોડી કચેરીમાં હાજર થઇ બોલ્યો. મહારાજ ! દિવાન બહાદુર સતીશચંદ્રરાયે મૃત્યુ શય્યાએ શયન કર્યું છે.

રાજા વિસ્મત્ થઈ કાંઇ પણ પ્રશ્નોત્તર કર્યા વિના ઇંદ્રનાથને સાથે લેઇ ફક્ત પોતાના આંગરક્ષકો સાથે દિવાન પાસે ગયા. ને ત્યાં જઇને જુએ છે તો ખરે ? દિવાન મૃત્યુ શય્યામાં છે. ચોતરફ ચિકિત્સીક લોક બેઠા છે. પરંતુ જે ભિષણ વિષે શરીરમાં પ્રેરણ કર્યું છે. તેનું પરિમાણ નથી. રાજાએ આ અદ્દ્ભૂત ઘટનાનું કારણ પૂછતાં હાજર રહેલા નોકર વર્ગે અથ ઇતિ કહી સંભળાવ્યું આ વેળા ક્ષીણસ્વરે સતીશચંદ્ર બોલ્યો જે મહારાજ હું પાપીછું. પાપીને ક્ષમા કરો.

રાજા મૌન્ય રહ્યો.

સતીશચંદ્ર પુનઃ બોલ્યો રાજા મેં ભિષણ પાપ કર્યું છે. મારો તે અપરાધ ક્ષમા કરશો.

તથાપિ રાજા નિરૂત્તર.

સતીશચંદ્ર ફરી બોલ્યો. મહારાજ હું નરહત્યાકારીછું. પણ દરેક પાપને ક્ષમા છે માટે મને ક્ષમા કરો. હું મૃત્યુ શય્યાએથી ક્ષમા પ્રાર્થના ચાહુંછું. મને ક્ષમા કરો.

તે કાયરસ્વર શ્રવણ કરીને રાજા સંવરણ કરી શકયો નહીં.

ને બોલ્યો જે રાજા સમરસિંહની હત્યા કરનારને હું ક્ષમા કરીશ. નહીં, એવી મેં પ્રતિજ્ઞા કરી છે. પરંતુ જગદીશ્વરેજ તમને યોગ્ય દંડ આપ્યો છે તે માટે તમને ક્ષમા કરૂંછું. તમારે જીવવાનો હવે વધારે વખત નથી. માટે ભગવાનનું નામ લ્યો. તે દયાસાગર છે. મૃત્યુ સમયે તેનું નામ લેવાથી ભવપાપ ખંડન થાય છે.

ચકિત્ થઇને સતીશચંદ્ર રાજાને લક્ષ્ય કરીને બોલ્યો. મહારાજ! ત્યારે આપ સમરસિંહના મૃત્યુનું કારણ સવિશેષે જાણોછો?

રાજા—હા.

સતીશચંદ્ર વિસ્મત્ થઈ મૌન રહ્યો.

થોડીવાર પછી વળી બોલ્યો. મહારાજ! મારી એક અરજ છે તે સાંભળશો? હું પાપીછું ખરો. પરંતુ જન્મથી પાપી નહીં. યૌવન અવસ્થાએ મારૂ જીવન પવિત્ર હતું. ઊંચમતી, ઊંચ આશય, અને ઊંચ પ્રવૃર્ત્તિ હતી. લોભે—મહાલોભે પડીને તે બધું ગયું છે. આખું જીવન કલુષિત કરીને આજ પ્રાણ ખોઊંછું.

સતીશચંદ્રનો સ્વર બોલવાથી અધિક ક્ષીણ થયો. તેથી હવે બોલી શકયો નહીં. રાજાએ પોતાના હાથથી દૂધનું પુમડું તેના મોંમાં રેડયું. રસશૂન્ય હોઠ ફરી તાજા થયા. તેથી વળી બોલવા લાગ્યો. મહારાજ! હું પાપી ખરો, પણ મારા કરતાં એક ઘોરમત પાપી છે. મહારાજ! મારા ભૃત્યશકુનિએજ વાસ્તવિક રીતે રાજા સમરસિંહની હત્યા કરી છે, અને આજ મારો પણ વધ તેણેજ કરાવેલ છે. માટે તેનો ઈન્સાફ કરજો. ક્રોધે રાજા ટોડરમલ્લનાં લોચન દૂયરક્તવર્ણ થયાં. પરંતુ સંવરણ કરીને ધીરે ધીરે બોલ્યા. જે ચિંતા નહીં. જગદીશ્વર પાપીને દંડ દેશે. વળી ઘણીવાર સૌ ચુપ રહ્યા. સતીશચંદ્રનું આયુષ નિઃશેષ થવા આવ્યું હતું. અનેક ક્ષણ પછી

અધિકાધિક ક્ષીણુ અને કાયરસ્વરે તે બોલ્યો. કન્યા ! મારી વહાલી દીકરી વિમલા ! તારે માતા નથી. વળી આજ પિતૃહિન થઇશ એ વાકય બોલતાં બોલતાં પાસેના ઘરમાં હૃદયભેદક ચીસ સંભળાઈ. હૃદયવિદારક રમણી કંઠ જયોતઃરૂદન ધ્વની ઉદ્દ્ભિત થયો. તે ધ્વની સાંભળી સતીશ સ્પંદહિન નયનદ્વય જલે પરિપૂર્ણ થયાં. મુહુર્ત મધ્યે વિમલા વેગથી પિતાની પાસે આવી બાઝી પડી. બાજુમાં રાજા ટોડરમલ, સેનાપતિ ઇંદ્રનાથ આદિ માન્યગણો વિરાજીત છે. છતાં જ્ઞાન શૂન્યરમણીનો લોકલજ્જા ભયે એકવારે ત્યાગ કરી દીધો છે.

ઇંદ્રનાથ પૂર્વ પરિચિત રમણીને તે સતીશચંદ્રની દીકરી વિમલા છે જાણીને વિસ્મત્ થયો. વિમલાએ પિતાને આલીંગન કરીને તેની પાદ્દપુન્ન કરી. વિમલાના પવિત્ર આલીંગનથી સતીશચંદ્રનું હૃદય ઉદ્વેગશૂન્ય થયું. મુખમંડળે શાંત ભાવ ધારણ કરી ચિરોકાળને માટે બંને આંખ બંધ કરી દીધી. અને વિમલા વારંવાર મૃતદેહને આલીંગન કરી ઉચ્ચસ્વરે રુદન કરવા લાગી. અને આજથી વિમલાના નયનમાંથી પ્રકાશ નિર્વાણ પામ્યો. (આંખનું તેજ ગયું) આજ ચોતરફ અંધકાર થયો. આજ હૃદય વિદીર્ણ થયું. આજે તેના મનથી જગત્ શૂન્ય થયું. આ દશ્ય જોઇ રાજા આંખો ઢાંકી ઘરથી બહાર નીકળ્યા. અને ઇંદ્રનાથ ખડ્ગ ઉપર ભાર દઇ બાળકની પેઠે અવારિત લોચનદ્વારા અશ્રુવર્ષન કરવા લાગ્યો. વાંચનાર બંધુઓ ! આજે વિમલા નિરાધાર અને ઘરબાર વિનાની તેમજ સહાયહીન, બંધુહીન, થઇ પડી. વિમલા તો સાક્ષાત્ માનુષીરૂપે દેવી છે. પરંતુ સર્વેને એવો સમય આવે છે કે એકવાર ખરી કસોટી થાય છે અને તે વેળા સુલક્ષણુ અને કુલક્ષણુ, વા પાપી કે પૂન્યશાળી દરેકને પોતાના કૃત્યનો ઇતિહાસ પોતાનેજ તપાસવો પડે છે. ગમે તેવો પાપી હોય અને

જન્મભર છળ કપટાચરણ અને હત્યા કરવા કરાવવામાં મશગુલ હોય તો તેને પણ એક સમય એવો આવે છે કે પોતાનો ઇતિહાસ પોતાને તપાસવો પડે અને પોતાના ન્યાયાધીશ તરીકે પોતે થવું પડે છે. પછી જો તેની કાંઇ પણ સારી કમાઇ હોય તો પોતાનાં પાપનો પશ્ચાતાપ કરી તેની માફી જગત્કર્ત્તા પાસે માગે છે. અને નારકી જીવ હોય તો કોઇ પણ વ્યકિતને દોષ દેતો બબડતો ફફડતો પોતાની કરણીનો જવાબ દેવા જગત્કર્તાની હજુરમાં જાય છે તે મુજબ આજ દેશનો ડાહ્યો, વાક્પટુ, બુદ્ધિકુશળ દિવાન સતીશચંદ્રરાય સર્વે સામગ્રી, ધન, માન, વૈભવ તજી એકલો પોતાનાં કર્મોનેજ માત્ર સાથે લઇ આ ફાની દુનિયાને છોડી ગયો.

પ્રકરણ ૩૧ મું.

દુર્ગે પ્રત્યાગમન.

આજ પૂર્ણીમા તિથી છે. પરંતુ આકાશ જોતાં તેમ જણાતું નથી. કારણ તે ધુમ્રવર્ણે મેઘરાશિથી આકાશ આજે આચ્છાદન થયું છે. જગત્ અંધકારે આચ્છાદન છે. વચ્ચે વચ્ચે વિજળીના ચમકારાથી પ્રકાશ થાય છે. તે જાણે અંધકારને એક મુહુર્ત્તને વાસ્તે ધકેલી મૂકે છે. વળી પૂર્વવત્ ઘોરમત અંધકાર થાય છે. મુશળધાર વૃષ્ટિથી ક્ષેત્ર, ગ્રામ, પથ સર્વે પાણીના મારે કપાઇ જાય છે. ક્ષણે ક્ષણે તે વૃષ્ટિ વૃદ્ધિંગત થાય છે. પવનના ધુધવાટા થાય છે. વચ્ચે વચ્ચે મેઘ ગર્જના! જગત્ સંસારને કમ્પીત કરેછે. આવા ભયંકર સમયમાં સરલા ચતુર્વેષ્ટિત્ દુર્ગમાંના ઉદ્યાન વિભાગે એકલી અંધકારમાં બેઠીછે.

શામાટે? બાલિકાના હૃદયમાં શું ભય નથી, આ અંધકારને અને આભયાવહ મેઘગર્જનાએ કન્યાના મનમાં શું શંકા થાય છે?

ના ના. આજે સરલાના ચિત્તમાં ભય નથી. હવે સરલા કોઇનો ભય કરે નહીં સુખની અને જીવનની આશા હવે શેષ થઇ છે. જેને આશા નથી તેને ભય કેવો ? આકાશમાં વિદ્યુત જે ક્ષણે ક્ષણે થાય છે તેને અનિમેષ લોચને સરલા જુએ છે. ને દૃષ્ટિસ્થીર સ્થાપન કરી છે. વળી જે ભયાનક મેઘગર્જના થાય છે તેને સ્થિર ચિત્તે તે સાંભળે છે. આજે છમાસથી ઇંદ્રનાથ પશ્ચિમ ગયા છે. અને સરલાને ભૂલી ગયા છે. પામર શકુનિએ તેના વિવાહ નકી કર્યો છે.

આ વેળા સરલાને બચપણ યાદ આવ્યું, તેથી ચિંતા કરે છે. ઓહો ? ભગવાનની માયાનો કોઇ પાર પામતું નથી. વિધિ નિબંધ કોઇ જાણી શકતું નથી. પ્રારબ્ધની ગતિ અતિ વિચિત્ર છે. આનો આજ બગીચો અને આજ હું પોતે પિતાના સ્કંધ દેશ ઉપર બેસી વિચરતી ને ત્યાં બેઠી બેઠી પુષ્પ વૃક્ષ ઉપરથી પુષ્પ તોડતી. માની કેડ ઉપરથી ઉછળી પક્ષીઓને પકડવા કુદતી. અને જરા કચવાયાની સાથે માબાપ પોતાનો પ્રાણ કાઢી અર્પણ કરવા હાજર થતાં દાસી દાસીઓ આજ્ઞામાં અહોરાત્રી વિરક્ત રહેતાં એવી સમૃદ્ધિ ને વૈભવમાં ઉછરેલી લાડકી એકની એક રાજપુત્રી આજ એક દસ્યુ રૂપ પામર શકુનિના હુકમમાં કે જે શકુનિ મારા પિતાના પગરખાં લુંછવાનું માન સમજી તો તે આજ મારા ઉપર હુકમ કરે છે. અરે ! એટલુંજ નહીં પણ પોતાના ચાકર સાથે મારો જીવિત સંબંધ જોડવા માગે છે,

છ વરસ સુધી રૂદ્રપુરમાં રહ્યાં. દરીદ્ર ગામડાંની દરીદ્ર કોટડીમાં જે છ વરસ ગુમાવ્યાં એ જીંદગી સરલાના મનમાં બહુ સારા લાગી, અને તેને પરમ સુખ રૂપ માનવા લાગી. ધનથી સુખ થતું નથી પ-

રંતુ સુખના સંયોગો નિરાળા છે. અઢળક ધન છતાં અનેક માર્મિક વ્યાધિ હોય તો તે ધન કાંઇ કામનું નથી. સરલાને અમલા યાદ આવી તે મનમાં વિચારે છે અરે! મારી જીવ જેવી વ્હાલી સખીને હવે શું હું ફરી દેખવાની છું? પ્રાતઃકાલે રોજ તેની સાથે જલ ભરવા જતી. સંધ્યાસમયે તેની સાથે અનેક ગપ્પ કરતી અનેક પ્રણયના વિનોદ થતા સુખના સમયમાં અમલા પાસે હોવાથી બમણું સુખ જણાતું ને દુઃખ સમયે તેની હાજરી હોવાથી તેના પ્રબોધ વાક્યે દુઃખ ભૂલી જવાતું. આજ તે અમલા ક્યાં? અરે! પંખીની માફક તે ઉડી ગઇ છે.

વળી તે ઇંદ્રનાથ કે જેની ચિંતામાં આજ છ માસથી હૃદય પરીપુર્ણ છે અને જેની આશાએ હું જીવન ધારણ કરી રહી છું તે ક્યાં? બાલ્યકાલે ઇચ્છામતિ તીરે બંને જણ પાસે બેસીને આનંદ કરતાં તેનો પણ વિયોગ. અરે! વાત કરતાં કરતાં એક બીજાની સામે અનિમેષ લોચને જોઇ રહેતાં. યૌવનના આરંભમાં જે પ્રેમમય મુખની વાત સદાય ગમતી ને જે મુખ જોઇને હૃદય ઠંડુ થતું તે ઇંદ્રનાથ આજે ક્યાંછે? રૂદ્રપુરે કોટડી પાસે ચંદ્રના અજવાળામાં વિદાય લઇ ગયા—ને ગયા. હાય! તે પણ પેલા પક્ષીની પેઠે ઉડી ગયા છે અને તે અનેક સંસાર આકાશે વિચરણ કરતા હશે. સરલા વિચારતાં વિચારતાં હતજ્ઞાન થઇ. માથું ફરવા લાગ્યું પરંતુ આંખમાં આંસુ નથી. બાલિકાના હૃદયમાં જે યાતના છે તે કાંઇ અશ્રુજલે મટે નહીં. જ્યાં સુધી જીવનની આશા છે ત્યાં સુધી જીવન સહનીય હોય. પરંતુ સરલાને તો એક એક કરતાં બધી આશાઓ ભંગ થઇ ગઇ છે પૃથ્વી શૂન્ય થઇ છે. સંસાર તમોમય છે. ક્રમે ક્રમે નાટકના દીપ નિર્વાણ થતા જા યછે. સરલા ધીરે ધીરે એ નાટયશાળાનોજ ત્યાગ

કરવા પ્રયત્ન કરે છે એટલામાં એકાએક પગરવ સંભળાયો. નિરાસામાં એક આશાનો સંચાર થયો. સરલા ધીરે ધીરે કક્ષથી બહાર આવી ચોતરફ જોયું પરંતુ તે નિબીડ અંધકારમાં કાંઇ દેખાતું નથી. અન્ય દીને સરલાને ભય લાગતો. આજ તેના હૃદયમાં ભય નથી. તેવામાં વિદ્યુત પ્રકાશે સરલા સન્મુખે શું જુવે છે? તેના મોં આગળ કેવળ દશજ હાથ દૂર એક મનુષ્યાકૃતિ જે સુદીર્ઘ છે, જેના બાહુ દીર્ઘ છે, ઉન્નત લલાટ, કટીદેશે અસી લંબમાન છે એવી યોદ્ધ-સ્વરૂપ આકૃીત જેનું વદનમંડલ અતિ ઉજ્જવલ, નયન બંને તેજ ભાવ છે. આ માણસ સરલાનો અપરિચીત નહીં. મૂહુર્ત મધ્યે તો સરલાનો પતનોન્મુખ કમ્પીત ને ક્ષિર્ણ દેહને હૃદયે ધારણ કરીને સેનાપતિ ઈંદ્રનાથે સન્માન કર્યું.

પ્રાંતઃકાળે ઈંદ્રનાથે પોતાના નદીમાં રખાવેલા નૌકામાંથી કેટલાક સૈનિકને બોલાવીને રાજા ટોડરમલના હુકમથી શકુનિને ચતુર્ભુજ કરી ઇચ્છાપુર તરફ લઇ જવા આજ્ઞા કરી. જે શકુનિ પોતાને સ્વતંત્ર અને ચતુર્વેષ્ટીત્ દુર્ગનો માલીક સમજતો હતો અને કદાચ દાસીઓ જેના હુકમમાં હતાં, સતીશચંદ્રની સમૃદ્ધિનો માલીક અને જામાતા થવા જેણે ખાત્રી રાખી હતી અરે! મનવડે તે થઇ ચૂકયો હતો, કરોડો મુદ્રાનો માલીક અને દુર્ગનો અધિકારી ધન જાગીરનો ધણી, અને છેવટે સતીશચંદ્રની એકની એક પુત્રી વિમલાનો જે પ્રાણવલ્લભ થવાની આશા જેણે રાખી હતી, અનેક પ્રજાવર્ગ મને નવો રાજા કહી બોલાવશે, અને મહારાજ શકુનિની જયજયકાર થશે, એવું જેણે નક્કી કર્યું હતું તે તથા પોતાનાં કેટલાં પાપનો બોજો સતીશચંદ્રના ઉપર આવશે, અને પોતે નિરપરાધિ સમૃદ્ધિશાળી જાગીરદાર તરીકે વિશ્વમાં નામના કરશે, એવી જેને પ્રબળ ઇચ્છા હતી તે તથા યમુના નદી કલકલ શબ્દે મહારાજ શકુનિનાં ગીત ગાશે, આ દેશમાં

આ દુર્ગના તાબાના તમામ વસ્તીવર્ગ તથા પોષાતા જીવપ્રાણી- માત્રનો હું અધિષ્ટાતા થઇશ. એવો જેણે દ્રઢ સંકલ્પ કરેલો તથા પાપ પુન્યને ખોટું માનનારો ફક્ત પુરૂષની અક્કલ અને કૌશલ્ય ઉપર મુસ્તાદ રહેતો તથા પોતાના કૌશલ્યનું જેને પરિપૂર્ણ અભિમાન હતું એવો તે શકુનિ તથા જે પોતાના દ્રઢ સંકલ્પમાં કદિ નિષ્ફળ નહીં થનારો અને પોતાના કૌશલ્યે વિધિ નિર્બંધને પણ તોડી શકવાનું ગુમાન રાખનારો શકુનિ તે આ દુર્ગ, ધન, સામગ્રી, વૈભવ, જાગીર પ્રજાવર્ગ, કુદરતી દેખાવો, અને પ્રસંશાના લાભ વગેરે ત્યાગી મનમાં મરવાનો નિશ્ચય કરી પોતાના વસનમાં શસ્ત્ર છુપાવી અત્યારે ઈંદ્રના- થનો બંદિ થઇ તેના માણસોની સાથે ઇચ્છાપુર જવા રવાના થયો. અહો ! કર્મની કેવી વિચિત્ર ગતી છે માણસનું શું ગજું છે ? ઇ- શ્વર કૃપા વિના માણસનો પ્રયત્ન નિષ્ફળ છે. માટે સર્વથા શુભમાર્ગે અક્કલનો ઉપયોગ કરી પરોપકારાર્થે તનમન ધનનો બનતો વ્યય કરી સંસારે વિચરવું સુજ્ઞ પુરુષે ઉચિત્ છે.

રાજા ટોડરમલ તરતમાં ઇચ્છાપુર આવવાના છે એવા સમા- ચાર સાંભળીને મહાશ્વેતા, સરલા, વિમલા, ઈંદ્રનાથની સાથેની નૌ- કાઓમાં બેસી તે તરફ ગયાં. સંધ્યા સમયે પહોંચ્યાં. ઇંદ્રનાથે પિતાના ચરણમાં સાષ્ટાંગ પ્રણીપત કર્યો અને તેમની ચિંતા દૂર કરી.

પ્રકરણ ૩૨ મું.

ઇચ્છાપુરે પ્રત્યાગમન.

ઘણા લાંબા વખત પછી આત્મિય સ્વજનો પરસ્પર મળે ને જે અપરિચયથી સુખલાભ થાય તેમ તે વર્ણનનું કથન અશક્ય છે.

નગેન્દ્રનાથ બહુકાળે પુત્રને મળતાં અપાર આનંદસાગરે તરવા લાગ્યો. પુત્રને વારંવાર આશીર્વાદ દઇને ઈશ્વરનો આભાર માનવા લાગ્યો.

વનગ્રામથી ચંદ્રશેખર, કમલાને સંગે લઇને ઈચ્છાપુર આવ્યા. રૂદ્રપુરથી અમલાં સ્વામીને સાથે લઇને આવી. રાજા ટોડરમલ ઈચ્છાપુર પધારશે તે સમાચારથી સર્વે લોક બધી તરફથી ઈચ્છાપુર આવવા લાગ્યા. ઈંદ્રનાથ તે જમીનદાર નગેન્દ્રનાથનો પુત્ર છે તે સર્વે લોકના જાણવામાં આવ્યું. સરલાએ એકદીન ગોપને ઇંદ્રનાથને કહ્યું કે " હું તમને દરીદ્ર પણ ભદ્રસંતાન સમજીને તમારી સાથે વાતચીત કરતી. જો હું જાણુત કે તમે જમીનદાર નગેન્દ્રનાથના પુત્ર છો તો તમારી સાથે વાત પણ ન કરત. જાગીરદારના પુત્ર જાણું તો હું તમારી સાથે ભયને લીધે વાત કરી શકુ નહીં. ઇંદ્રનાથ સહાસ્યવદને બોલ્યો, તે માટે હમણાં રખે જુની પ્રીત ભુલી જતાં નહીં. સરલા મનમાં મનમાં બોલી તે કંઈ જાય ? લજ્જાયતન મુખીએ વેગે પલાયન કર્યું. અમલા રૂદ્રપુરે ઈંદ્રનાથને સામાન્ય કાયસ્થ પુત્ર સમજીને કેટલીકવાર તમાસા કરતી, ચીડવતી, અને એક સાધારણ માણુસની સાથે જેવો સદ્વ્યવહાર રખાય તેમ રાખતી તે આજે ઝાંખી થઇ ગઇ. કારણ ઇંદ્રનાથ તે રાજા નગેન્દ્રનાથના પુત્ર છે એવું જાણીને લાજથી આજ તેની સાથે વાત પણ કરી શકતી નથી. કીંતુ ઇંદ્રનાથ છોડે તેવો નથી. એકદીન કોઇને કાંઇ કહ્યા પુછ્યા વિના નવીનદાસના ઘરમાં ગયો. અમલાએ તેને જોઇ લાજ કરી, ઈંદ્રનાથ હસતાં હસતાં બોલ્યો, ખરૂં ? આ જાણ્યું જુની ઓળખાણ. અમલા લજ્જિત થઇ પણ તમાસો કર્યો. તે લાજની અંદરથી બોલી, આપ બીજાના ઘરમાં જઇને અન્ય સ્ત્રીઓ સાથે વાતો ચીતો કરો છો એમ હું સરલાને કહીશ.

ઇંદ્રનાથ— અમલા ! તું મને અન્ય જાણે છે. હું તને અન્ય જાણતો નથી.

અમલા—ઘુમટો કાઢી નાંખીને બોલી. ઇંદ્રનાથ ! મને માફ કરો. હવેથી હું તમારો ઘુમટો નહીં તાણું.

મહાશ્વેતા તે સમરસિંહની વિધવા રાણી છે. એમ જાણીને લોકોને આશ્ચર્ય થયું. અત્યારે મહાશ્વેતા દરિદ્રી નથી. રાજા સમરસિંહનો વિસ્તીર્ણ અધિકાર રાજા ટોડરમલના હુકમથી તેને મળ્યો છે. આમ બધાને સુખના સંયોગો જોઇ વિમલા પોતાનું દુઃખ કંઇક અંશે ભૂલી. સરલા ઉપર તેને અધિક પ્રેમ હતો. વળી તેના સુખના સંયોગો નજીક જોઇ તેમજ પિતાની જમીનદારીની અધિકારીણી થઇ જોઇને તેનું અંતઃકરણ ઠર્યું. પાપાત્મા શકુનિ આ ક્ષણે બંદિવાન છે. એ વિષયઉપર સર્વે આલોચના કરતાં વિમલાનો હૃદય શોક કંઇક ઓછો થયો ને કંઇક ભૂલાયો પણ ખરો. કારણકે ગમે તેવા નિકટના માણસનું મૃત્યુ પણ તરત વેળા જેવું દુઃખકર જણાય તેવું સદાકાળ રહેતું નથી. જેમ જેમ વખત વિતતો જાય તેમ તેમ તેનું વિસ્મરણ તથા મન વળાતું જાય. કંઇક ને બદલે કંઇક અજ્ઞાનીને અવલંબન કરવાનું મળે અને જ્ઞાની જ્ઞાનમાર્ગે આગળ વધે. આપણામાં કહેવત છે કે “ દિન ગણતાં માસ ગયા, વરસે આંતરિયાં; સુરત વિસરી સાહ્યબા, નામે વિસરીઆં. ” એ કહેવત મુજબ કાળ કાળનું કામ કરે છે. જેમ બીજી બાબતોમાં તેમ આ બાબતમાં પણ કાળના ઘસારાને લઇ સૌ વિસ્મરણ થાય છે.

વિમલા તો જ્ઞાની અને પરમ ધાર્મિક હતી. તેના પિતાનો શોક તેને ક્રમે ક્રમે કમી થતો ચાલ્યો. વળી જેને આપ્ત માન્યાં છે એવાં સજ્જનોને સુખ થતું જોઇ પોતાનું દુઃખ વિસરવા લાગી. કા-

રણુ સ્વજનનો તો એ સ્વભાવ છે કે બીજાને સુખ થતું હોય તો પોતાના સુખનો પણુ ભોગ આપે છે, તેથી સજ્જનોને સુખડની ઉપમા આપી છે. સુખડને બાળતાં છતાં પણુ પોતાનો સારો સુવાસ માણુસના સુખને માટે આપે છે. તે મુજબ આમાં પણુ થયું. કદાચ પિતા જીવિત હોત તોપણુ તેમને સમજાવી સરલાને તેના પિતાની જાગીર પાછી અપાવવી એવું તો તેણે પણુ કરેલું હતું. અને અનાયાસે બધા સુખના સંયોગો પ્રાપ્ત થયા. તેથી તેના મનમાં કંઇક સંતોષ થયો. જગતમાં પરોપકારી લોક પરકલ્યાણુને વાસ્તેજ જીંદગી ધારણુ કરેછે, અને એવાજ કામમાં પોતાનો સઘળો વખત ગુમાવવો એને તેઓ જીંદગીનું સાર્થક ગણે છે. તેથી પરકાજે પોતાના સુખનો અને વખતનો તથા વખતે શરીરનો પણુ ભોગ આપે છે.

એવી રીતેજ વિમલા જેણે પરકલ્યાણુને વાસ્તે દેહ ધરેલો છે, પિતાના કલ્યાણુને અર્થેજ જેણે સંસારમાં સ્થિરતા રાખેલી છે કે કોઈ પણુ રીતે ધર્મપથે પિતાને દોરવા, જેથી તેનો પરભવ સુધરે. એવી પારમાર્થીક દેવીએ નગેન્દ્રનાથના દરબારમાં સર્વેને થએલો અપાર આનંદ જોઇ પોતાના મનમાં પૂર્ણુ સંતોષ માન્યો.

રાજા નગેન્દ્રનાથે તેને બહુ સન્માન પૂર્વક પૂજ્યભાવે આશ્વાસન કર્યું.

પિતાના મરણુ પછી વિમલા સ્વયંપાક કરતી તે મુજબ અત્રે પણુ રહી. અને વિરક્તભાવે તથા સદા પ્રસન્નભાવે પોતાનું આયુષ્ય વ્યતિત કરવા માંડયું.

રાજા નગેન્દ્રનાથ પણુ વૃદ્ધ હતા. તેઓ પ્રસાદ દાખલ વિમલાના હાથની રસોઇ જમતા અને તેની પાસે શાસ્ત્રોક્ત બોધ ગ્રહણુ કરતા હતા.

પ્રકરણ ૩૩ મું.

જમીનદારનો પુત્ર અને પુત્ર વધુ.

સંધ્યાકાળ થયો છે. તે સમયે કમલા રોજના નિયમાનુસાર એકલી ભમતી ભમતી ગંગાતીરે ભટકે છે. ત્યાં એકલી બેસીને કુદરતી દેખાવ જુએ છે. ઝાડનાં ઝુંડોમાં તારાગણો જાણે રમત કરતા નહોય? એમ જણાય છે. આકાશ તરફ જોતાંબે એક શુકલ વાદળ દોડાદોડી કરતાં દેખાય છે. પક્ષીઓ આખા દિવસના પરિભ્રમણે કલાન્ત થઇ આ વખતે વિશ્રામસ્થાનનો આશ્રય લેછે. અને તે પ્રવૃત્તિમાં દોડાદોડી કરી રહ્યાં છે. તેના તરફ એક દૃષ્ટિએ જોઈ રહેછે. તે જ્યાંસુધી પહોંચે ત્યાંસુધી પોતાની દૃષ્ટિ ફેંકીને ન દેખાતાં તે ઉપર વિચાર અને કુદરતી માયાને ધન્યવાદ દે છે. દૂરથી દેખાતા પ્રકાશો શેના હશે! તેની કલ્પનાઓ કરે છે. વળી પોતેજ પોતાને જવાબ દે છે. નદીનો શાંત અને ગંભીર દેખાવ જોઇ પોતાના મનને શિખામણ દે છે. થોડીવારે ચંદ્રપ્રકાશ દેદિપ્યમાન થાય છે. તેને વધતો જતો જોઇ પોતાનાં હીણું કર્મને નિંદે છે. દુનિયાંના વિચિત્ર નાટકનો ખેલાવનાર મને પોતાના એ ખેલમાં પાઠ ન આપે એમ પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરેછે. કોઇ કોઇ હોડીઓ નદીના શાંત જળ ઉપર છક છક કરતી ચાલી જાય છે. તેમાંની બત્તીઓવડે તે અંદર બેઠેલા માણસોને જુએ છે. કમલાને દુનિયામાં કોઇ પરિચિત નથી એમ જણાય છે. આમ કરતાં કરતાં તેને પૂર્વકાલનું સ્મરણ થાય છે. સ્વામીના મૃત્યુની વાતનું તેને સ્મરણ થાય છે, તથા તેની દેવમૂર્ત્તિ હૃદયે જાગ્રત્ થાંય છે. સ્વામી પ્રણુયે હૃદય ઉથલી જાય છે. ને જાણે

સંધ્યાસમયના વાયુની સાથે તેના સ્વામીનો કંઠસ્વર સંભળાય છે. તે સંગીતે ચમકિત થઇને જે તરફથી વાયુ અને સ્વર આવતા હતા, તે તરફ મુખ ફેરવી જોવા લાગી તો જોયું જે નદી ઉપર દેવાકૃતિ એક મનુષ્ય હોડી ચલાવે છે. અને આકાશ તરફ દૃષ્ટિ કરીને ઉચ્ચ-સ્વરે ગાય છે. કમલા વારંવાર તે તરફ જોવા લાગી અને તેના હૃદયમાં સહસ્ર ચિંતાઓ થવા લાગી. વળી નૌકાસ્વામીએ બીજું ગાયન ઉ-પાડયું. પુનઃ ગાયનથી કમલાનું હૃદય ઉદ્વેષિત કરી નાખ્યું, એક કલાકથી જે ગાયન સાંભળતી હતી, તે જાણે પૂર્વે તેણે સાંભળ્યું છે. ગાયનના અક્ષરે અક્ષરે માધુર્ય ઝરે છે. અને તેના શબ્દે શબ્દે ક-મલાની પૂર્વ સ્મૃતિ જાગ્રત્ થાય છે અને તે ગાનાર પોતાના પતિ હોવાનું તેનું મન તેને દૃઢ નિશ્ચય કરીને કહે છે. અરે ! આતે શું ? આતે સ્વપ્ન કે સત્ય ? કે પૂર્વ સ્મૃતિ ?

આકાશમાં ચંદ્ર ચડયો છે. તેણે નીલ આકાશ અને અનંત વૃક્ષાવળી ને નદીજળ સર્વેને તેજથી પૂર્ણ કરી દીધાં છે. નૌકા ચાલતી ચાલતી નજીક આવી. કમલા ચંદ્રપ્રકાશે તે નૌકારોહીનું વદનમંડળ નિહાળવા લાગી. “પતિવ્રતા સ્ત્રીને કંઠ વિસ્મૃત થાય નહીં. તેમજ પતિની દેવમૂર્ત્તિ પણ વિસ્મૃત થાય નહીં.”

વાતાહત્પત્રની માફક કમલાનો દેહ કમ્પવા લાગ્યો. અને તે તરત મૂર્છા ખાઇ ધરણીપર ઢળી પડી.

ક્ષણિકવારે ચૈતન્યલાભ કરતાં જુએ છે તો યૌવનના હૃદયે-શ્વર તેને હૃદયમાં ધારણ કરી રહ્યા છે. અને લલાટમાં જળસિંચન કરે છે. સસ્નેહે તે કમ્પિત ઓષ્ટદ્વય ચુમ્બન કરે છે. ચીર અભાગણી કમલા આજ સૌભાગ્ય સ્પર્શે ધ્રૂજી ઉઠી અને પુનઃ આંખ મીચી મનમાં મનમાં વિચારે છે, જે હે ભગવાન્ ! જે હું જોઉંછું તે કદિ સાચું

ન હોતાં સ્વપ્ન હોય તોપણ તે સુખસ્વપ્નથી તું મને વંચિત કરીશ નહીં. તે ચંદ્રના પ્રકાશમાં અને જનશૂન્ય નદીતીરે તે ઘટઝાડીના ઝુંડની પાસે ઉપેન્દ્રનાથ અનિમેષલોચને તે બહુ પૂર્વે દ્દષ્ટવદનમંડળ-ની તરફ વારંવાર નિરીક્ષણ કરે છે તે સુંદર લલાટ નિબિડકૃષ્ણ, ભ્રૂયુગલ તે સ્નેહ પરિપૂર્ણ ચિંતાપ્રકાશકનયન ને મધુરઓષ્ટ અને નિબિડકૃષ્ણ કેશરાશી તથા ઉન્નત હૃદય અને સુસૌષ્ઠવ બાહુયુગલ જોતાં જોતાં ઉપેન્દ્રનાથ ઉન્મત્તની પેઠે વારંવાર તે પ્રતિમાને ચુમ્બન કરે છે. જગતમાં ભાગ્યવતી કમલાને 'દેવતુલ્યપતિ મળ્યો છે, તેનું આનંદ પુલકિત શરીર સ્વામીના આલિંગને બદ્ધ છે. સ્વામીના હોઠે તેના હોઠ છે અને તેમના હૃદય સાથે તેનું હૃદય જોડાયું છે. ઘણીવાર પછી ઉપેન્દ્રનાથ બોલ્યો ! હે નિકુંજવાસી કમલા ! મારી નૌકા જળમગ્ન હોવાપર હું છુટયો હતો પણ તું ફરીથી મળીશ, એવી આશા મેં રાખી નહોતી. ગામમાં જઇ મેં તપાસ કરી હતી પણ તે તો મરી ગઇ છે એમ લોકોએ જણાવ્યું હતું. કમલા બોલી. હૃદયેશ્વર ! તમારો મૃત્યુસંવાદ સાંભળી તેના મનોદુઃખે હું બિમાર પડી પણ ઘણા દીન પછી આરામ થયો. જ્યારે હું પીડા મુક્ત થઇ ત્યારથી વનગ્રામે આશ્રમ કર્યો છે.

ઉપેન્દ્ર૦—જગદીશ્વરે મારી રક્ષા કરી છે. તેનું પવિત્ર નામ લે. ચાલ હું તને હવે તારા શ્વસુરાલયે લઇ જાઉં.

કમળા—મારૂં શ્વસુરાલય ક્યાં છે ?

ઉપેન્દ્રનાથ કમલાને લઇ નગેન્દ્રનાથ જમીનદારના આલયે ઉભો. તમામ હકીકત તે વેળા પ્રકાશમાં આવી અને તે સમયે જમીનદારને ઘેર જે આનંદ ઓચ્છવ થયો તેનું વર્ણન કરવાની મારી કલમમાં તાકાત નથી.

જમીનદારનો મોટો દીકરો બહુ કાલપૂર્વે ગુજરી ગયો છે, એમ આખું ગામ જાણતું પણ તે ખોટી વાત ઠરી. અને આજે તે મોટો દીકરો પોતાની લક્ષ્મી સ્વરૂપ પત્નીને સાથે લઇ પીતાલયે આવેલ છે એ વાત જમીનદારને ઘેરથી બીજે ઘેર અને ત્યાંથી આખા ગામમાં, ત્યાંથી બીજે ગામ ક્રમે ક્રમે આખા દેશમાં પ્રસરી. અને એતો જગપ્રસિદ્ધ બાબત છે કે સારો માઠો બનાવ વા વાત છૂપી રહેતી નથી એટલુંજ નહીં બલ્કે બનાવની જગ્યા કરતાં વાત જેમ જેમ વધારે દૂરે જતી જાય તેમ તેમ તે વિચિત્ર વેષ ધારણ કરે છે, કાંઇક તેમાં વધે છે, કાંઇક ઓછી થાય છે, અલબત મૂળ સ્વરૂપમાં પણ કંઇક ફેરફાર થાય છે. ને તેમાં તેના ચાલાવનારાઓની ચાલાકીના ભાવો આવે છે. ખરૂં ખોટું તપાસ કરનારા બહુ વિરલ છે. અને જ્યાં જેને કાંઇ સંબંધ નથી તેનું મૂળ સ્વરૂપ કે ખરૂં ખોટું તપાસવા લોકો બહુ ભાગે બેદરકાર રહે છે. ઉપેન્દ્રનાથના સંબંધમાં પણ તેમજ બન્યું. જેમ જેની મરજી તેમ વાતો ચાલી. કોઇ કહે ઉપેન્દ્રનાથ નાશી ગયો હતો, કોઇ કહે કઇ કેદ હતો, કોઇ કહે બાપથી રીસાઇ ગયો હતો, કોઇ કહે શ્વસુરાલયે હતો, કોઇ કહે વાટ પાડતો, કોઇ કહે સાધુ થઇ ગયો હતો, કોઇ કહે માઝીનું કામ કરતો, કોઇ કહે વૈરાગ્યે ચિત્ત હોવાથી જંગલે વિરાજતો, કોઇ કહે તેની સ્રી જતી રહી હતી તેને શોધતો, કોઇ કહે ના–ના, એની પહેલી એ સ્રી ન હોય, આતો બીજી છે, કોઇ કહે ના એજ દુઃખને લીધે સોરાઇ ગઇ છે, કોઇ કહે એ કાયસ્થ પુત્રી નથી, કોઇ કહે બ્રાહ્મણી જેવી જણાય છે, કોઇ કહે એ સારી છે, કોઇ કહે માઠો છે, એમ તરેહવાર વાતો ગામમાં ક્રમે ફેલાવા માંડી.

પરંતુ સર્વે લોક ઉપેન્દ્રનાથ તથા તેની પત્નીને જોઇ બહુ ખુશ

થયા. અને ઇચ્છાપુર નગર જય જયકારે પરિપૂર્ણ થયું. હવેલીથી તે પર્ણકુટિ પર્યંત ધ્વજાપતાકા તથા રોશની દેખાવા લાગી. દિવાનીશા લોકોના આનંદ શબ્દે શબ્દીત થઇ ગઇ. વૃદ્ધ નગેંદ્રનાથ વારંવાર જયેષ્ટ પુત્રીને આલિંગન આપવા લાગ્યો. પોતાની કન્યાતુલ્ય કમલાને પુત્રવધુ જાણીને અપાર આનંદ પામ્યો. અને વારંવાર આશીર્વાદ આપવા લાગ્યો તથા પ્રભુની મોટાઇ તથા તેની વૈચિત્ર્યતાના વખાણ કરવા લાગ્યો. પોંતાને ધન્ય ધન્ય અને સફળ જીવીત માની આનંદે નાચવા લાગ્યો. આજે તેનું સંસારાગમને સાર્થક થયું છે. અને જાણે જીવનની સકલ આશાઓ પરિતૃપ્ત દેખાઇ અને અતિ આનંદે ચિત્તશાંતિ દેખાઇ.

માર્ગે, ધાટે ધાટે અને કોટડીઓએ પણ શંખધ્વનિ થવા લાગ્યા. આનંદની ડાક વાગવા માંડી. પુરવાસી લોકો ઉપેન્દ્રનાથના ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. પ્રભાતથી સંધ્યાપર્યંત અને સંધ્યાથી પ્રભાતપર્યંત પુરવાસી લોક આનંદલહરીમાં તણાવા લાગ્યા.

પ્રાતઃકાળે ઉઠીને સુરેન્દ્રનાથે જયેષ્ટભાઈના ચરણમાં સાષ્ટાંગ પ્રણીપત કર્યાં અને હાથ જોડીને કહે છે. હે જયેષ્ટભ્રાતા ! હું આપને ઓળખતો નહોતો તેથી મોંગીરમાં આપણી મુલાકાત વખતે મેં કોઇ વાતમાં આપના ઉપર અશ્રદ્ધા કે ભિન્નભાવ જણાવ્યો હોય તેને માટે હું ક્ષમા પ્રાર્થના ચાહુંછું. કારણ કે આપને જાણતો નહોતો. જે થયું હોય તે ભ્રમવશાત્ થયું છે. ઉપેન્દ્રનાથ બોલ્યો ભાઇ ! તમારે ક્ષમા માગવાની આવશ્યકતા નથી. જગત્ સંસારે તમારા જેવા ભાઇ મળવા મહાદુર્લભ છે. તમારા જેવા નરરત્નને જેની કુખ શોભાવી છે તેને ધન્ય છે. અને તમારા સહોદરનાં પણ અહોભાગ્ય છે. તમારૂં સાહસ વીરત્વ અને યુદ્ધકૌશલ્ય થશે. બંગાલદેશ જેમ પરિપૂર્ણ

થયો છે, તેમ તમારી દયા પ્રજાવાત્સલ્ય અને અમાયિકતા આદિ નાના રૂપ સદ્દગુણોથી અમારો દેહ પરિપૂર્ણ અને આનંદિત થયો છે. જેને હાથે ક્ષમતા અને ધન છે તે બધાઓ કદિ તમારા જેવા અમાયિક હોત તો આ જગત્ સંસાર સ્વર્ગ થઈ જાત. હું તો તમારો જ્યેષ્ટ ભ્રાતા હોઇ તમારા સદ્દગુણોથી મલકાઇ જાઉં એમાં શું આશ્ચર્ય છે? પણ તમારા માનવ જન્મ સાર્થક સકલ બંગાલએ રૂપે મગરૂબ થશે અને થાય છે. વળી તમારા જેવા બહાદૂર નરો દેશના કલંકનું ઢાંકણરૂપ છે. અફઘાનો જે કહેતા કે બંગાલી બહુ ભીરૂ છે પરંતુ તમારા બાહુબળે એ લોકોને આજે કબુલ કરવું પડયું છે જે એ માનવું ભુલ ભરેલું છે. બંગાલીમાં એવા વીરનર છે કે જે યુદ્ધમાં લડવા સિવાય બીજો રસ્તો જાણતા નથી અને પોતાની નેક, ટેકમાં અડગ છે. આવા ભાઇનું દાન કરનાર જગદીશનો હું અત્યંત આભારી છું.

પ્રકરણ ૩૪ મું.

વિચાર.

રાજા ટોડરમલ ઇચ્છાપુર આવ્યા છે. આજે ઇચ્છાપુરવાસી લોક આનંદે મસ્ત છે. વિસ્તીર્ણ ક્ષેત્રે રાજાનો સભા મંડપ કર્યો છે. ઉપર અતિ વિસ્તીર્ણ ચંદરવા બાંધ્યા છે. જે વસ્ત્ર નિર્મિત મંડપને ચોતરફ જરી લગાડી ઝલામલ કરી મૂકયું છે તેના ઉપરના ભાગમાંથી નીચે ભૂમિ પર્યંત લટકતી સુગંધી પુષ્પમાળાઓ ટાંગી છે. સાદા, લાલ, નીલા ઇત્યાદિ રંગ બેરંગી પુષ્પોની તે બનાવેલી હોઈ અધિક શોભા આપે છે.

બેઠક અતિ વિસ્તીર્ણ બનાવી છે. અને તેના ઉપર ઇરાની ગાલીચાઓ નાંખ્યા છે કે જેમાં તરેહ તરેહનાં ઝાડો, પુષ્પો, મહેલો, અને નાના પ્રકારના ચિત્ર વિચિત્ર ચિત્રો જુદી જુદી જાતના રંગો યથા ક્રમસર બનાવેલા છે કે તે ઉપર બેસતાં પણ સંકોચ થાય. બેઠકના મધ્ય ભાગમાં સૂવર્ણ મંડિતરાખ્ય સિંહાસન મૂકયું છે.

આવા ભવ્ય મંડપમાં દિવસના પ્રાય દશ વાગ્યાના અરસામાં માણસોનું આગમન થવા લાગ્યું છે. આજે રાજા ટોડરમલ્લ આ બેઠકમાં પધારવાના છે અને ઘણી ઘણી ગુપ્ત બાબતોનો ઇન્સાફ કરવાના છે. આવી વાર્તા લોકોમાં ચાલી રહી છે, તેથી પ્રેક્ષકોનો જમાવ સર્વથી પહેલો થવા માંડયો છે. વસ્તી વર્ગ કે જેને પોતાને કોઇ જાતનું દુઃખ કે અરજ હેવાલ કહેવાનો છે તેઓ પણ ત્યાં આવી બેસે છે. ઘણે દૂર દૂરના લોકો, કોઇ રાજાને જોવા, કોઇ શોભા જોવા, કોઇ દાદ માગવા, કોઇ સાંભળવા, કોઇ કમાઈ કરવા, કોઇ ધન હરવા એવા અનેક મનોરથોને લઇને ઇચ્છાપુર આવેલા છે તેથી ઇચ્છાપુર જાણે એક સમુદ્રમાં છોટી નૌકા ન હોય! તેવું દેખાય છે. આજે રાજાનાં જાહેર દર્શન થવાનાં હોઇ સર્વે લોક પોતાના સિદ્ધ-મનોરથને ખાતર મંડપમાં ઉભરાવા લાગ્યા. તેમને કાર્યાક્રમે અને ચુપ બેસાડવામાં તથા શાંત ચિત્તે બેસવા કેટલાક માણસો કે જેઓ સૈનિક વર્ગના હતા પરંતુ ઉદાર ચિત્ત, સરલ સ્વભાવના અને સમય-સૂચક તથા પ્રજાના હક્કને જાણનારા હતા તેઓને નિયુક્ત કરવામાં આવ્યા હતા. પ્રેક્ષકો આવી ગયા બાદ નોકર વર્ગો આવવા લાગ્યા. કોઇને પગારમાં વધારો થવાની આશા છે, કોઇને જાગીર મેળવવાની, કોઇને માનની, કોઇને ધનની, કોઇને પ્રતિષ્ઠાની, કોઇને ભિતી વિદારક ઇત્યાદિ આશાઓનું અવલંબન કરી નોકર વર્ગે જેની જેવી

યોગ્યતા તે મુજબ બેઠક લીધી, તેમજ કેટલાક કામ ઉપર નિયુક્ત થયા.

હવે ગવૈયા, કવિઓ, કારીગરો ઈત્યાદિ લોકો કે જેણે આ બંને વર્ગની સામે અને રાજાના મંડપની જમણી અને ડાબીબાજુએ પોતાનો અડ્ડો જમાવ્યો હતો તેમાં દેશ દેશના લોકો આવ્યા હતા. સૌ પોતપોતાની કલા બતાવી રાજાને ખુશ કરી ઇનામ મેળવવાની આશાએ આવ્યા હતા. વારાંગનાગણ કચેરીના મધ્ય ભાગમાં અને રાજાના સિંહાસનની સામે ઉત્સુક નયને રાજાની માર્ગપ્રતિક્ષા કરતો. થોડા વખત પછી અમલદાર વર્ગ, અમીર ઉમરાવ, રાજાઓ, જાગીરદારો અને ઠાકોરો પોતાના પૂરા રૂવાબથી તથા ભર અને સુશોભિત પોષાકથી, સૂવર્ણ અને રત્નમંડિત તથા જવાહીર જડીત દાગીના તથા વસ્ત્રાલંકાર અને પૂર્ણપણે શસ્ત્ર સજી સમયાનુસાર મંડપમાં હાજર થયા છે.

સભાની ત્રણ બાજુએ પાયદળ લશ્કર સમસ્ત શસ્ત્ર સજી તૈયાર ઉભું છે. તેની પછવાડે સ્વારો ખુલ્લી સમશેરો હાથમાં ધરી એવી રીતે ગોઠવાયા છે કે જાણે ચિત્રવત્ તેની પછવાડે હાથીની હારો છે. એ રીતે ત્રણે બાજુ સૈન્ય સામંતે વેષ્ટિત સન્મુખે રાજા પધારવાના રસ્તાનું દીગ્દર્શન કરેછે. રાજાને પધારવાના તમામ રસ્તા ઉપર લાલ મખમલ બીછાવી રાખ્યું છે, કે જે રસ્તો પણ દીર્ઘ છે. અને તે લાલ મખમલના રસ્તાની બંને બાજુ સૈન્યગણ પહેરો ભરે છે. તેમજ થોડે થોડે દૂર ધ્વજાપતાકા પકડીને લોકો ઉભા છે. તેમની પછવાડે સ્વારો ખુલ્લી સમશેરથી પદાચરણ કરેછે. કેટલેક દૂરે દૂરે છુટા છવાયા સ્વારો અને બાતમીદારો પોતાનું કર્ત્તવ્ય બજાવવાને ઉત્સુક છે. એક અતિ ઉંચા મકાનપર બેત્રણ માણસો દૂરબીન દ્વારા દૂરના દેખાવો જુએછે. રસ્તાની બંને બાજુએ પાણી છંટાય છે.

અને ઉંચુ જોતાં દરેક નાના ને મોટા મકાનો દેવાલયો વગેરેને ધ્વ-જાપતાકાથી શણગારી મુકેલ છે તેઓ પવનના આઘાતે ફફડે છે, તેનો પડ પડ અવાજ સંભળાય છે. અરૂણના પ્રકાશમાં અસીનો વિદ્યુત પ્રકાશ ભીરૂના મનને ભય પમાડે છે. શતયુધ્ધે જે જયપતાકા ઉડી છે તે જયપતાકા આજે ઇચ્છાપુરમાં ઉડે છે એ જોઇને ત્યાંના નિવાસી લોક આનંદમાં મગ્ન થાય છે. યોદ્ધાઓના હૃદયમાં સાહસ અને ઉત્સાહ પરિપૂર્ણ છે. બરોબર સમયે રાજા ટોડરમલ આવી સિં-હાસને બીરાજ્યા. સકલ સભાએ એકે અવાજે જય જયકાર કર્યો. તમામ લશ્કરે હથીઆર નમાવી માન આપ્યું. વારાંગનાગણ કુરનસ બજાવી હસ્ત જોડી ઉભી રહી, તથા અમીર ઉમરાવ રાજા રાણાએ પોતાના હોદ્દાને ઘટતું માન આપ્યું. બંદિજને ગીતનો આરંભ કર્યો. તથા ખેલાડી લોક પોતાની કલાચાતુરી બતાવવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં આનંદે ઉભરાઇ રાજાને બહુ સન્માન કરવા લાગ્યા. વાજીંત્રો વાગવા લાગ્યાં. અર્થાત્ સકલ સભા ખળભળી ઉઠી.

આજે દીલ્હીશ્વરના સેનાપતિ અને બંગાલના સુબેદાર અને શાસન કર્ત્તા હિંદુરાજ ચુડામણિ રાજા ટોડરમલ બંગદેશનો જય લાભ કરી ઇચ્છાપુર પધાર્યા છે.

પ્રથમ મલ્લયુદ્ધનો આરંભ થયો. જેમાં દેશે દેશ ખ્યાતિ પામેલા અને જયલાભ કરેલા મલ્લો પોતાનું બળ, ચાતુરી, કૌશલ્ય રાજાને બતાવવા લાગ્યા. થોડો વખત તે જોયા પછી તે કાર્યક્રમ બંધ પડયો.

થોડીવાર ગુણીજનોનાં ગીત અને સંગીત સાંભળ્યાં. વારાંગ-નાના નાચનો પણ સત્વર વારો આવ્યો.

છેવટે બંગાલદેશના પ્રસિદ્ધ વાર્ત્તા કહેનારા લોકોએ પોતાની

ખરી તેમજ કૃત્રિમ વાર્ત્તા શરૂ કરી, કે જે વીર, રૌદ્ર, કરૂણા આદિ રસોથી ભરપૂર હતી, તેમાં કેટલોક વખત ગયો.

છેવટ સ્વેચ્છાએ થયેલું વેપારની જણસોનું પ્રદર્શન જોયું. સારી ઉમદા નકશી અને કારીગરીની કેટલીક જણસો જોઇ જેને ઉ-તેજન આપવા ઘટીત હતું તેને આપ્યું.

એમ નાચનારા, ગાનારા, ખેલ કરનારા, આદિ અનેક લોકોના યુક્તિ પ્રયુક્તિસહ ખેલ તમાસા જોઇ રાજાએ હુકમ કર્યો કે હવે આ મોદ પ્રમોદે આવશ્યક નથી. જેને વાસ્તે આ મેલાવડો કરવામાં આવ્યો છે તે કામ હજુ બાકી છે તેને સત્વર આગળ કરો. બંદિ-વાનને લાવો.

ચાર સૈનિકે શકુનિને લાવી હાજર કર્યો. ફરિયાદી તરીકે કુમાર ઇંદ્રનાથ જે રાજાનો સેનાપતિ હતો તેણે ઉભા થઇ વજ્રનાદે નિવેદન કર્યું જે મહારાજ! હું મહાત્મા સમરસિંહની વિધવા રાણી અને તેમની અનાથ કન્યાના તરફથી આ બંદિવાન ઉપર તહોમત મૂકુછું. જે આ નરાધમે રાજા સમરસિંહના ઉપર ખોટું તહોમત મૂકી તેમનો પ્રાણદંડ કરાવ્યો છે. તેમજ હું દિવાન સતીશચંદ્રની અનાથ કન્યા તરફથી કહું છું જે આજ પાપીએ દિવાન સતીશચંદ્રનો વધ કરાવ્યો છે. અને તે ગુનો સાબીત કરી દેવાને હું તૈયાર છું.

આ વાતની તપાસ ચાલી. શકુનિના દોષો સપ્રમાણ કરવાને કારણોનો અભાવ નહોતો. તેણે જે કપટી કાગળ બનાવી માજી સે-નાપતિ સુબેદારને બતાવી પ્રાણદંડ કરાવ્યો હતો તે કાગળ ખુદ ટો-ડરમલની પાસેજ મોજુદ હતો. તેને વારંવાર વાંચી જોતાં એવો સાર હતો કે એ કાગળ દીલ્હીશ્વરના વિરૂદ્ધ અને વિગ્રહી સેનાપતિને રાજા સમરસિંહે લખ્યો છે. અને તેની મતલબ અમુક ધનલાભ વા ગૌ-

રવ લાભ પ્રાપ્ત થયેથી હું બાદશાહની તરફ બેવફા થઇને શત્રુપક્ષને સબળ મદદ કરવા તૈયાર છું એવી હતી. અને તેના ઉપર રાજા સમરસિંહની મોહરછાપ હતી. તે કાગળ રાજાએ વાંચી સભામાં ફેંકયો, અને તે ઉચ્ચ સ્વરથી વાંચવા તથા તેના ઉપર આલોચના તર્ક કરવા સકલ સભાને આદેશ કર્યો. સભાજનો પૈકી કેટલાક લોક આ વાતથી વાકેફજ હતા. અને કેટલાકે એ કાગળના લખાણના તર્કટ ઉપરથી તથા કેટલાકે મહાત્મા સમરસિંહમાં આવા નિંદનીય અવગુણ હોવાનું તદ્દન અસંભવિત ધાર્યું. જેમાં જેને વ્હેમ પડયો તે જગ્યા ઉપર તેમણે ટીકાઓ કરી. સ્વાલ જવાબો થયા ને છેવટ એવા નિર્ણય ઉપર આવ્યા કે આ કાગળ તદ્દન બનાવટી છે. અને મરહુમ રાજાની મોટાઇ અને ગૌરવ સહન ન થઇ શકતાં અથવા અમુક પ્રલોભને બનાવવામાં આવ્યો છે. સદરહુ પત્રનું લખાણ જોતાં દસ્કત કોના છે તે પિછાનવાનુંજ માત્ર બાકી છે. ઉપરાંત રાજાની મોહરછાપ તેમણે કેવી રીતે મેળવી તે જાણતાં અમારી તપાસ પૂરી થાયછે.

કાગળના દસ્કત શકુનિના હોવા જોઇએ. એવા સંદેહથી તેને હાથ દસ્કત લખી દેખાડવા ફરમાન થયું. તે મુજબ મેળવતાં તે કાગળના દસ્કત શકુનિના હોવાનું નિઃસંદેહ સાબીત થયું. હવે શકુનિની જુબાની શરૂ થઇ. તેમાં તેણે મોહરછાપ કેવી રીતે મેળવી તે સંબંધી જીજ્ઞાસા થતાં તેણે એવો ખુલાસો કર્યો કે એવો લજ્જીત ખુલાસો આ સ્થળે લખતાં અમોને સંકોચ થાય છે. તેણે ધૃણા કરનારી યુક્તિથી તથા કાવાદાવાથી રાજાની મોહરછાપ મેળવી એવો ખુલાસો કર્યો.

હવે આ બાબતનો શકુનિ સંપૂર્ણપણે ગુન્હેગાર છે. એવી સકલ સભાની ખાત્રી થઈ.

વળી રાજાને પ્રાણદંડ થયા પછી તેમની વિધવા તથા કન્યા

જે જે ગામ જાય ત્યાંથી તેમને ગુપ્તચરદ્વારા હાંકી કઢાવતો. થોડી મુદ્દત અગાઉ સદરહુ રાણી મહાશ્વેતાને તથા તેમની સરલપુત્રી સરલાને ચતુર્વિંષ્ટિત દુર્ગે લાવી કારાગૃહમાં રાખ્યાં. આવી રીતે ૭ વરસ સુધી અર્થાત્ આજ પર્યંત એ રૂપ દુઃખ દીધું, જે વાતને પૂરાવાની આવશ્યકતા નહોતી. કેમકે ખુદ શકુનિ પોતાને મોંઢેજ એ ગુન્હાઓ કબુલ કરતો હતો.

દિવાન સતીશચંદ્રનો દસ્યુદ્વારા મોંગોર મુકામે રાજા ટોડરમલની સામે વધ કરાવ્યાનો આરોપનો પૂરવાર અને ખુલ્લોજ હતો હવે રાજા ટોડરમલ સિંહસમાન ગર્જના કરીને બોલ્યા.

પામર ! તારુ જીવન પાપ રાશિથી પરિપૂર્ણ થયું છે. હજુ પણ જગદીશ્વરની પ્રાર્થના કરીલે કે બીજા અવતારમાં કંઈક સારો થઇ શકે. તારા આ અપરાધની ક્ષમા નથી.

શકુનિ—મહારાજ ! આપ મારો બચાવ સાંભળવાને બંધાયલા છો.

રાજા—બોલીદે. તારે શું કહેવું છે ? કારણ કે તારું આયુષ્ય હવે બહુ થોડું છે. જે કહે તેમાં જરાએ અસત્ય કે મિથ્યા બકીશ, તો તે સાંભળવાનો સમય મને નથી.

શકુનિ—મારો દોષ સપ્રમાણ છે તોપણ હું બ્રાહ્મણ છું. બ્રાહ્મણ અવધ્ય છે. આપ હિંદુધર્મના પરમભક્ત અને હિંદુશાસ્ત્રે વિશારદ છો. અને તે શાસ્ત્રાનુસારે બ્રાહ્મણ અવધ્ય છે. (નહીં વધકરવા યોગ્ય.) શહસ્ત્ર અપરાધે પણ બ્રાહ્મણનો પ્રાણદંડ હિંદુ અમલદારથી કરાય નહીં એવી શાસ્ત્રની મર્યાદા છે. વળી હું નિરાશ્રિત અને કેદી છું. જે દિશાએ જોઉછું અને જેને જોઉછું તેઓ તમામ મારા શત્રુઓ છે. એટલે આપની આજ્ઞાને બાધ્ય કરવા કોઇ શક્તિ-

માન નથી. મારી સહાયતા કરવાને કોઇ નથી. એવો હું આ સમયે અસહાયકછું. હમણાંજ આપ મારા વધનો હુકમ દઇ તેમ કરી શકો એમ છે. પણ તેમ કરતાં શાસ્ત્રનો લોપ થાય છે. આજ ચારસો-વરસથી મુસલમાનો બંગાલમાં રાજ્યઅમલ કરે છે. તથાપિ તેમણે પણ કોઇ બ્રાહ્મણને દેહાંતદંડની સજા કરી નથી. નહીંતો તેઓ તો તેમ કરી શકે એમ છે. કારણ હિંદુશાસ્ત્રની આજ્ઞાઓ તો તેમને માન્ય નથી. આજ ઇશ્વરેચ્છાથી એક હિંદુ ધર્માવલંબી પરમ ધાર્મિક રાજા બંગદેશના શાસનકર્ત્તા થઇને શું શાસ્ત્રવિરૂદ્ધ કામ કરશે? બ્રાહ્મણનો વધ કરવાનું તમારા અમલમાં શું પહેલુંજ કામ થશે? તમારા રાજ્ય અમલનો આરંભ શું આવો શુભ થશે? મહારાજ! આપ જે આજ પૂણ્યકર્મ કરશો તેની કીર્તિ ચિરકાળ ટકી રહેશે. તેમજ આજે જે આપ પાપ કર્મ કરશો તેની કીર્ત્તિ પણ ચીરકાળ ટકી રહેશે. હું નિરાશ્રિત બ્રાહ્મણ કેદીનો વધ કરવાનું કામ શું યોગ્ય ગણશો? બ્રાહ્મણવધેજ અમલની શરૂઆત કરશો? રાજા ટોડરમલના શુભ અને નિષ્કલંક યશોરાશીમધ્યે આ કર્મ કલંક રૂપેજ થશે. અને આપના જીવનચરિત્રમાંથી એ કલંક દૂર નહીં થાય, અને સમસ્ત ભારતમાં તે વંચાશે. વર્ત્તમાનકાળમાં આ બનાવ નજરે જોઇને તથા ભવિષ્યકાળમાં ક્રમવાર એક પછી એક વૃદ્ધ પુરૂષો પોતાના વંશજોને કહેશે અને બહુકાળે તો સ્મરણ ચિન્હ તરીકે તે ગણાશે. જેમ હાલમાં અમારામાં ફાગણ વદી ૧ ને દિવસે તમામ બ્રાહ્મણો ઉપવાસ રાખે છે તથા સુતક કાઢે છે ને તમામ ક્રિયા શુદ્ધિ કરેછે તેના કારણમાં જણાવે છે જે આ દિવસે આ બ્રાહ્મણોની અલાઉદ્દીનખુની સાથે લડતાં મરાયા છે. તેમ આપની પણ વાત કહેવાશે જે અમુક દિવસે અમારી જાતના એક બ્રાહ્મણને પરમ

હિંદુધર્મભક્ત રાજા ટોડરમલે બંગાલ દેશના શાસનકર્ત્તા અને સૂબેદાર થઇને રાજની લગામ હાથમાં લીધેલી અને તેજ દિવસે મૂહુર્તમાં બ્રાહ્મણવધ કરેલો એવી કલંક નામના યાતવચંદ્રદીવાકરૌપર્યંત રહેશે. મુસલમાનોના અમલમાં પણ નહીં થયેલું એવું વિરૂદ્ધ પગલું રાજા ટોડરમલે ભરેલું (બ્રહ્મહત્યાનું પાપ) કહેવાશે. મહારાજ ! મને દેહાંતદંડ દઇ શકશો પણ દેશદેશાંતરે અને યુગયુગાંતરે એ કલંક આપના નામ સાથે રટાશે અને બ્રહ્મહત્યારૂપ મહાપાપે આપનો વિસ્તીર્ણ યશ મલીન થશે.

શકુનિ નિસ્તબ્ધ થયો. તેની વાત સાંભળી રાજા ચિંતાયુક્ત થયો, અવનત મુખે રાજા વિચાર કરેછે અને સમસ્ત સભા પૈકી હિંદુગણ નિર્વાક્ થઇ ગયો.

સાદકખાં નામે એક મુસલ્લમાન સભાસદ બોલ્યો, મહારાજ ! આપ સેનાપતિ છો અને શાસનકર્ત્તાનો ધર્મ શું છે તે આપ ભુલશો નહીં, એવી આશા રાખુંછું. દોષીતને દંડ દેવામાં અપરાધીનાં ટાયલાં ચાલી શકે નહીં. બ્રાહ્મણ કે ફકીર, શેખ કે મોગલ, સર્વે પરમેશ્વરની પ્રજા છે. તેઓ ગુન્હા કરી ધર્મને ઓઠે બચી જાય તો લોકોને ઇન્સાફ ઉપરથી ભરોંસો ઉઠી જાય. વળી ગુન્હેગાર શકુનિ બ્રાહ્મણ છે એવું હું માનતો નથી. કારણ બ્રાહ્મણનો ધર્મ આવાં કુકર્મ કરવાનો નથી. જ્યારે કુકર્મ કરતાં તેણે ધર્મને વેગળો મૂકયો છે તો તેજ કુકર્મની સજા પામતાં તેનો ઢાલ તરીકે ઉપયોગ કરવાનો તેનો અધિકાર નથી. માટે મજકુર ગુન્હેગારને સજા કરતાં આપ શાસ્ત્રનું ઉલ્લંઘન કરોછો એવું કોઈ વાતે ઠરતું નથી.

સુરેન્દ્રનાથ બોલ્યો "આ વિધવા અને આ અનાથ કન્યાને આપના સિવાય બીજું કોઈ છે નહીં" તેનો વિચાર કરો. ગુન્હેગા-

રને સજા કરો. દિવાન સતીશચંદ્રરાયને મૃત્યુકાળે આપે ન્યાય કરવાનું વચન આપ્યું છે માટે આપ તેની હત્યા થયાનો ઇન્સાફ કરો. ગુન્હેગાર મૃત્યુકાલે ગમે તેમ બોલે અથવા વાક્પટુ હોય તેને લીધે કાયદાની ચુંગાલમાંથી જો તે છટકી જવા પામે તો વિચારનું ગૌરવ કમ થઇ જાય, ને તેના કહેવાથી આપના પદગૌરવને હીણુપત અને કલંક લાગે એ માનવું ભુલ ભરેલું છે. ફક્ત પોતાના જીવના બચાવને માટે પડદો છે. આ મહા અધર્મી અને પાપી નરાધમ જો એ આ સજામાંથી બચી જઈ જીવન ધારણ કરે તો જે ઠેકાણે તે સ્થિતિ કરીને રહે ત્યાં કેવો અન્યાય અને કેવાં કુકર્મો કરે, તે અગણ્ય થશે. અને તે કરેલાં અધર્મના કામોનો પાપરૂપી પશ્ચાતાપનો બોજો ભૂતકાળના વિચાર કરનાર અમલદાર ઉપર આવશે. તેનાથી આ જીવનમાં શુભ થયું નથી, થતું નથી તેમ થવાનું પણ નથી. બ્રાહ્મણરૂપે, યજ્ઞોપવિત લંબમાન રાખેથી જો કાયદાની બારીકીમાંથી બચાતું હોય તો તે બચવા માગે છે. પાછળથી તે અને બીજા સુજ્ઞ માણસો આપને ધર્મશ્રદ્ધા અંધ કહી આપની નિંદા કરશે તેનો વિચાર કરવો ઘટે છે. તેનામાં બ્રાહ્મણપણું હું કોઈ વાતે માનતો નથી તેમજ જાતિથી પણ એ બ્રાહ્મણ હોય એમ માનવામાં પણ હું ભુલ સમજું છું.

શકુનિ—મહારાજ ! આપ જુવોછો કે મારા વિરૂદ્ધ લોકોનું કેવું ભયંકર વલણ છે. પરંતુ એ લોકો જો હિંદુ છે તો તેમને ઉચીત છે કે હીંદુ ધર્મશાસ્ત્રને માન આપવું અને આપને અવળે માર્ગે ન દોરતાં ધર્મનું પ્રતિપાદન થાય એવી પ્રાર્થના કરવી ઘટે છે. હું બ્રાહ્મણ છતે કદાચ મારા કર્ત્તવ્ય વિમૂઢ થયો અને કુસંગથી અવળે માર્ગે દોરાઇ કુકર્મો કર્યાં તોપણ તે કરવાથી હું જાતિ ભ્રષ્ટ સાબીત થતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે, **બ્રહ્મ બીજો નમોસ્તુતે.**

બ્રાહ્મણના બીજથી ઉત્પન્ન થયેલો નમસ્કાર કરવાને યોગ્ય છે અને એ પ્રમાણે આગળ મોટા મોટા ઋષિ મુનિઓએ ચાલવાનું સપ્રમાણ ગણ્યું છે. છતાં પણ મારી હત્યા કરાવી આપને બ્રહ્મહત્યાના પાપથી લીપ્ત કરી પોતાનો માર્ગ નિષ્કંટક અને નિરાપદ કરવાને કેવો પ્રયાસ કરવામાં આવે છે તે આપનાથી અજ્ઞાત નથી.

હું દિવાન સતીશચંદ્રની પાસે નોકર તરીકે હતો. પ્રભુની આજ્ઞા પાલન કરવાનો સેવકનો ધર્મ છે તે ધર્મને અવલંબીને મેં તેની આજ્ઞાનુસાર કર્મો કર્યાં છે, તે હીસાબે પણ હું આ કામોનો સ્વતંત્ર દોષીત થતો નથી.

મારા બચવાથી કોઇને નુકસાન નથી. આપનો હુકમ થતાં હું અન્ય દેશ દેશાંતરે મારું જીવન વ્યતીત કરવાને ખુશી છું. પરંતુ આપને બ્રહ્મહત્યાના પાપથી લીપ્ત થયેલા જોવા ખુશી નથી.

આ બધી વાતો સાંભળી છતાં રાજાએ કાંઇ ઉત્તર દીધો નહીં. સકલ સભા બોલી મહારાજ ! આપ શિષ્ટનું પાલન કરો અને દુષ્ટને દમન કરો. આપ જો એને સજા નહીં કરો તો એ દુષ્ટને બીજો કોણ શાસન કરશે ?

રાજાએ કાંઇ ઉત્તર દીધો નહીં પણ મનમાં ચિંતા કરે છે જે આ વખતે ધર્મ સંકટ ઉપસ્થીત થયું છે. જો આવા મોટા ગુન્હેગારને એટલે સમરસિંહ જેવાની હત્યા કરાવનારને તથા ડાહ્યા દિવાન સતીશચંદ્રરાયનો વધ કરાવનાર મહાપાપીને જો હું દંડ દીધા વિના છોડી દઉં તો હું, મારો સેનાપતિ, અને શાસનકર્ત્તાના ધર્મથી વિમુખ થાઉં છું. અદલ ઇન્સાફ કરતાં શકુનિને ગરદન મારવો ઘટે છે. અને તેમ કરતાં તે બ્રાહ્મણ છે તેથી શાસ્ત્રની આજ્ઞાનો ભંગ થાય છે. માટે શું રસ્તો લેવો એનાજ વિચારમાં તલ્લીન થઇ રાજા મૌન-

ભાવે નિસ્પંદ અને નિશ્ચેષ્ટપણે સિંહાસનપર બેઠા છે. સર્વે સભા શું હુકમ થાય છે તેની રાહ જુએ છે. બંદિવાન શકુનિ પોતાના બોલવાની બહુ સારી અસર થઇ છે એમ સમજી મનમાં મકલાય છે. જલ્લાદો હથીઆર મ્યાન કરી વધ નહીં થવાની ઉમેદમાં ઉભા છે.

ઇંદ્રનાથ, શકુનિ દુનિયામાં બે ત્રણ મિનિટનો પરોણો છે એમ માની સ્થીર ચિત્ત અને લસ્કરી ડ્રેસે તથા ગંભીર મુદ્રાએ ઉભો છે. સર્વે સભા શકુનિ બચે તો બચે એવી આશાના વિચાર સંબંધીના તરંગોમાં હીંચકા ખાય છે, એવામાં એક કૌતુક થયું.

તે સભામાં કંઇક દૂરથી અતિશય ગડબડાટ સંભળાવા લાગ્યો ને જોતાં જોતાંમાં એક દીર્ઘકાય, જીર્ણ કલેવર, કૃષ્ણવર્ણ, અને મલીનવેષ ધારીણી એક સ્ત્રી તે સભા નિકટ દોડતી આવી, ચીસ પાડીને ભૂમી ઉપર પડી ગઇ ને પ્રાય મૃતવત્ થઇ. તે આપણી જાણીતી વિશ્વેશ્વરી પાગલી છે.

શકુનિ આટલીવાર સ્થીર ભાવે પાંજરામાં ઉભો હતો તે પાગલીને જોઇને થરથર ધ્રુજવા લાગ્યો, ને હતપ્રાણ જેવો દેખાવા લાગ્યો.

પાગલી ઉભી થઇ બોલી, મહારાજ ! ગરીબ પરવર ! હિંદુ ધર્મ સંરક્ષક મારી રક્ષા કરો. મારો ઇન્સાફ કરો. આ પામર શકુનિએ મારી માની હત્યા કરી છે તે મેં નજરે જોયું છે, અને હજુ પણ એ મારી માનું વિકટ મુખ હું નજરે જોઉં છું. માટે હે દયાના ભંડાર ! ગરીબના બેલી ! નિરાધારના આધાર ! રાજરાજેશ્વર ! મને તે બાબતનો ઇન્સાફ આપો.

સકલે યત્પરોનાસ્તિ વિસ્તીત થયાં અને પાગલીને સવિસ્તર વૃત્તાંત કહેવા સુચના કરી. જે ઉપરથી પાગલી અથઇતી અને આદ્યાંત વાત કહેવા લાગી.

પ્રથમ તો મને પાગલીને નામે લોકો ઓળખે છે તે સર્વથા ખોટું છે. હું પાગલી નથી પણ અત્યંત દુઃખે દગ્ધ થયેલી અને માર્મીક દુઃખે હૃદય વિદારક થયેલી દુઃખી અબળા છું. મારો જીવન વ્યાપાર રાજાને અરજ કરતાં સુધી ટકાવી રાખવાના ઉદ્દેશથી પાગલી વિશેષણને પણ મેં ગ્રાહ્ય કર્યું છે. અને મારી ગુપ્ત વાતો લોકોને મુખે નહીં કહેવા જેવી અને અતિ ગોપનીય હોઇ લોકોના સવાલના ઉડાવી દેનારા જવાબો દેવાને ખાતર હું પાગલી વિશેષણનો આભાર માનું છું.

હું ગોપ કન્યા છું. મારી મા અતિ સ્વરૂપવાન હતી અને યૌવન અવસ્થામાં હતી, દરમ્યાન મારા પિતાનો કાલ થયો તેથી તે વિધવા થઈ. સુંદરી ગોપ વિધવાને જોઇને ગામનો એક બ્રાહ્મણ તેના ઉપર મોહીત થયો. તેનો ઓરસ પુત્ર અને ગોપ સ્ત્રીના ગર્ભે રહેલો એવો આ શકુનિનો જન્મ વર્ણસંકર છે.

શકુનિનો બાપ જેટલા દિવસ જીવતો હતો તેટલા દિવસ મારું અને જે ગોપ વિધવા કે " મારી મા હતી તેનું સારી રીતે પાલન કરતો હતો, તેના મૃત્યુબાદે તેના બાપના થોડા વિષયનો આ શકુનિ ઉત્તરાધિકારી થયો. ક્રમે ક્રમે મોટો થતાં તેના જાણુવામાં તેનો ખરો વૃત્તાંત આવ્યો. અને મારી મા જીવતી હોય તો તે પોતાને કલંકરૂપ અને સ્વજ્ઞાતીમાંથી ઉતારી પાડનાર છે તથા તેના જીવનનો બોજો મારા ઉપર છે તે જોઇ પોતે લોકની નજરમાં હલકો ન પડે તેવી ઇચ્છાથી અમારી બન્નેની જે માતા તેને દુઃખ દેવા લાગ્યો. ખાદ્દ-દ્રવ્ય આપે નહીં અને વચનરૂપી પ્રહાર કરે. એમ કરતાં ક્રમે ક્રમે તે આગળ વધ્યો અને શેષ ભાગમાં મારી માતાને તાડન કરવા લાગ્યો.

એક તો પોતાના વૈધવ્ય દુઃખથી દુઃખીત થયેલી અને અન્નના અભાવે કલેશીત થયેલી તેમજ વચનરૂપી પ્રહારથી નિરંતર દગ્ધ થ-

ચેલી એવી મારી મા શકુનિના અસહ્ય જુલમથી બીમાર પડી. અને તેજ બીમારીમાં તેણે તેને વિષપાન અતિ બળાત્કારે કરાવ્યું. હાય ! મારી વ્હાલી મા ! મને સદાકાળને માટે રખડતી મૂકી સ્વર્ગવાસીની થઇ !

મારી મા મરી ગઇ તે સાથેજ હું ઘર છોડીને નાશી ગઇ. કેમકે તેનું બળાત્કારે થયેલું મૃત્યુ મને અતિ ભયદર્શક લાગતું હતું તથા મને પણ એજ રીતે શકુનિ મારી કાં નહીં નાખે ? એમ માનવાને કાંઇ કારણ નહોતું.

મારી માતાના મરણથી લગભગ હું પાગલ જેવી તો થઇ પણ લોકોએ મને તે નામનું વિશેષણ આપવાથી મારો હૃદયભાર કિંચીત અલ્પ થયો. કારણ શકુનિનો ભય મને યત્કિંચીત કમ થયો.

હું પાગલી છું તેથી લોકો મારા બોલવા ઉપર વિશ્વાસ કે શ્રદ્ધા રાખશે નહીં તથા મને ગણમાન્ય કરશે નહીં એવા મનોવિચારે શકુનિ હવે મને જીવતી છોડશે એમ સમજી હું ગામે ગામ, ઘાટે, જંગલે, વનમાં, અને નિર્જનસ્થાનોમાં ગુપ્તપણે અને ઉન્મત્ત દેખાવે ફરવા લાગી.

શકુનિનું ઘર હવે શૂન્ય થયું. મારી માની સ્ત્રીહત્યા કરી. હું નાશી ગઈ એટલે તેણે તે ઘરનો ત્યાગ કરીને બ્રાહ્મણ છું એવો પરીચય આપીને દિવાન સતીશચંદ્રને ત્યાં જઇ ભૃત્યસેવા અંગીકાર કરી. મહારાજ ! હું આજ પર્યંત એક અક્ષર પણ મિથ્યા બોલી નથી તેમ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતે સ્થીર છું. તેથી મારી અરજ ઉપર ધ્યાન દેવાને આપને કોઇ જાતનો દોષ નથી.

હું પ્રાણભયે અનેક જગાએ ભમતી. જે ગામમાં દિવસે હોઉં તે ગામમાં રાત્રે રહેતી નહીં, કેમકે શકુનિના ગુપ્તચર મને પકડવાને મારી પછવાડે દરેક સ્થળે રહેતા.

જે દિવસે મહાશ્વેતાને અને સરલાને બંદિવાન બનાવી ચતુર્વેષ્ટિત દુર્ગમાં લાવવામાં આવ્યાં એજ દિવસે મને પણ એના ગુપ્તચરોએ એક અરણ્યમાંથી પકડી, અસહ્ય માર મારી મને બેભાન કરી મારા શબવત્ દેહને મજકુર દુર્ગમાં લાવી નાંખ્યો હશે એવું મેં સંજ્ઞા પ્રાપ્ત થતાં જાણ્યું.

મને તે દહાડાથી આજ અવધિ કારાગૃહે જનશૂન્ય જગ્યામાં કે જ્યાં પવનની અવરજવર પણ નહીં ત્યાં ગોંધી નિરાહાર રાખવામાં આવી.

હાથ અને પગમાં મજબૂત જંજીર નાખવામાં આવી કે જેનો અસહ્ય ભાર મારા દુર્બળ અને ક્લાન્ત શરીરે અસહનીય થઇ પડયો ઉપરાંત હમેશાં શકુનિના બાંધેલા ધારા મુજબ મને માર પ્રહાર ચાલુ થતો. આ દુઃખેથી આપ નામદાર જોઇ શકો છો કે મારા શરીર ઉપરની કેટલી ચામડી ઉતરી ગઇ છે તથા તેણે મજ્જાની સાથેનો સંબંધ તદ્દન અલગ કરી નાખ્યો છે. હવે વધારે બોલવાની મારામાં તાકાત નથી તેમ વર્ણન પણ શેષ છે.

શકુનિને બંદિવાન બનાવી અત્રે લાવવામાં આવ્યો ત્યાર પછી ચતુર્વેષ્ટિત દુર્ગે મને રામરાજ જણાતાં હું ત્યાંથી વદાય લઇ અનેક પરિશ્રમે અત્રે ઇન્સાફ માગવા આવી છું.

તેને જોઇને તથા તેનો વૃત્તાંત સાંભળીને તમામ સભા ક્રોધે ગર્જના કરવા લાગી. સ્થીરપ્રતિજ્ઞાતર બુદ્ધિ શકુનિએ જાણ્યું જે હવે મુક્તિ નથી માટે છેલ્લો ઉપાય અવલંબન કરૂં. એવી ઇચ્છાથી પોતાના પરિધાન વસ્ત્રમાં આગળ બતાવ્યા મુજબ જે છુરીકા શસ્ત્ર છુપાવ્યું હતું તેને હળવે હળવે બહાર કાઢી બધી સભા સમક્ષ પોતાના વક્ષમાં અતિ જોરે ઉછળીને એવો સખ્ત પ્રહાર કર્યો કે એકદમ પોતે ભોંય ઉપર પડયો.

જેમ છેદન કરેલી ડાલ વૃક્ષથી એકાએક અલગ થતાં જેમ જમીન ઉપર પડે છે તેમ શકુનિ ભૂતળશાયી થયો, અને પોતાના કરેલ પાપને પસ્તાવો કરવા તથા પોતે અન્ય લોકોને જે દારૂણ દુઃખો દીધાં છે તેને સહસ્રગણાં પ્રમાણમાં વૃદ્ધીંગત થયેલાં ભોગવવાને વાસ્તે રૌરવ નામના નરકમાં ગયો.

બધી સભા વિસ્મીત થઈ કીંતુ કોઇના હૃદયમાં દયાની લાગણી ઉદ્ભવી નહીં, બલ્કે થયેલ સજા ઓછી છે એમ માની લોકો ક્રોધે વિરક્ત થયા.

પ્રકરણ ૩૫ મું.

"અંગુઠી પ્રતિદાન."

ઉપર જણાવેલ ઘટના પછી ચોથે દિવસે રાજા ટોડરમલે ભવ્ય દરબાર ભર્યો. અને સુરેન્દ્રનાથને સન્માન સહીત શીરપાવ આપી સંતુષ્ટ કર્યો. મોગલ શહેનશાહની નોકરીમાં ચાલુ રહેવા સુચના કરી.

પરંતુ વૃદ્ધ નગેન્દ્રનાથે સ્તુતિ પ્રાર્થના કરી રાજાને કહ્યું જે હે મહારાજ ! હવે સંસારમાં રહેવા મારી ઇચ્છા નથી તેથી આ જાગીરનો ભાર પુત્રાને સોંપી હું વિરક્ત થવા માગુ છું, સબબે ઇન્દ્રનાથ ઇચ્છાપુર છોડી શકે નહીં. અલબત એ આપનો તાબેદાર છે ખરો પરંતુ જાગીરનું કામ જોવું ઘટે છે. માટે આપ દયા કરીને એ સુચન માફ કરશો.

પછી રાજા ટોડરમલે ઇચ્છાપુરથી મોગીર તરફ પ્રત્યાગમન કર્યું.

નગેન્દ્રનાથ પુત્રોને જાગીરનો ભાર દઇ પોતે વિરક્ત થયા. પિતાની ઇચ્છાથી મોટા પુત્ર ઉપેન્દ્રનાથે ઇચ્છાપુરની જમીનદારીનો ભાર લીધો. અને સુરેન્દ્રનાથે ચતુર્વેષ્ટિત દુર્ગની જમીનદારીનો ભાર લીધો.

સુરેન્દ્રનાથનો સરલા સાથે વિવાહ થયો અને તે વિવાહમાં ઘણો ખર્ચ અને પરોપકાર ઉપેન્દ્રનાથે કર્યો. દેશદેશના નાના મોટા અને લાગતા વળગતા રાજાઓ, જાગીરદારો, ઉમરાવોને વિવાહમાં આમંત્રણ કર્યા, ખુદ શહેનશાહને એ વધાઈ મોકલવામાં આવી અને રાજા ટોડરમલની તરફથી અધિકારીઓ અને ભૃત્યવર્ગ વિવાહની ધામધુમમાં ભાગ લેવાને આવ્યા. તેઓનું અતિશય આતિથ્ય કરી ઉપેન્દ્રનાથ મનમાં સંતોષ પામ્યો.

ભાટ, ચારણ, બંદિજન આદિ માગણ લોકોનું જાણે પ્રદર્શન ન હોય ? એવા મોટા પ્રમાણમાં સમ્મેલન થયું, અને દરેક જણ ખાવા પીવા, માન, પાન, વસ્ત્રાલંકારાદિ પારીતોષિક યથાર્થપણે પામી પોતાના મુકામે ગયા.

એ રીતે મોટા ઉત્સવ, અને ઉત્સાહથી સરલાનું સુરેન્દ્રનાથની સાથે લગ્ન થયું. હવે વાસ્તવિકપણે સુરેન્દ્રનાથ રાજા સમરસિંહનો ઉત્તરાધિકારી જામાતા થયો. અને પ્રજાવાત્સલ્ય તથા સ્વાભિમાની જાગીરદાર થયો. હવે પ્રજાના સુખ દુઃખ ઉપર તેણે વિશેષ લક્ષ આપવા માંડયું. ગુપ્તવેષે ગામેગામ ફરી દરેકની અવસ્થા જોતો અને તેમના ઉન્નતિ માર્ગમાં બનતી મદદ કરતો. પ્રજાના ઉપરથી કરભાર ઓછા કરી નાખ્યા ને જેમ જમીનને વધારે કેળવીને ખેડુતો સ્વલાભ કરી શકે, જેમ તેમને મમત્વ થાય એવું વર્ત્તન ચલાવ્યું. પોતાની સ્થિતિ અને તેને સુધારવાનું પોતાના હાથમાં છે અને તેને ઉન્નતિ માર્ગમાં આણવા બનતી મહેનત કરવી અને તે કરવાથી આપણો લાભ આપણે મેળવી શકીશું તેવું લોકોનું દૃઢ મત સુરેન્દ્રનાથના અમલમાં માત્ર થયું. લોકો પ્રમાણીક અને વિદ્યાના શોખીન થયા તથા ચોર લુંટારા આદિનું જોર તેના અમલમાં કમતી થયું. લોકોના દુઃખે

દુઃખી અને લોકોના સુખે સુખી એવા દયાળુ જાગીરદાર તરીકે તે પ્રસિદ્ધ થયો. તે પરાક્રમે ભીમ સમાન, અને દાતાર કર્ણ જેવો હતો. તેનામાં આ સદ્‌ગુણુ વિશેષ થવાથી આગળ ભારે કામોમાં મોટી નામના કરી.

પોતાના જુના ભાઇબંધ નવીનદાસને પોતાનો દિવાન બનાવ્યો અને વિશ્વેશ્વરીના કહેવા મુજબ અમલા દિવાન પત્નિ થઈ. સરલા પૂર્વવત્ અમલાના ઉપર પ્રેમ રાખતી અને સુરેન્દ્રનાથ પણ આગળના સ્નેહને વિસરી ગયો નહોતો.

મારી એવી ઇચ્છા છે કે હવે આ વાત પૂર્ણ કરવી. પણ જગત્‌માં બધાના નસિબમાં સરખું સુખ લખેલું નથી. કોઇના કરમમાં સુખ અને કોઇનામાં દુઃખ હોય છે. અને તેથી કોઇ સુખી અને કોઇ દુઃખી આપણા જોવામાં આવે છે તેથી કરીને સુખી માણસની વાત કરી દુઃખીને દૂર મૂકી વાર્ત્તા પૂરી કરવી ઉચીત ન ધારતાં આપણી વાર્ત્તાની નાયીકા વિમલાનું શું થયું તે તરફ લક્ષ દોડાવીએ.

વાચકવર્ગ જાણે છે જે મહાશ્વેતાએ શત્રુ વિનાશ ચેષ્ટામાં જીવન ગાળ્યું હતું અને તે ચેષ્ટાને અવલંબન કરી તે બચી હતી. હવે તે ચિંતા ઓછી થઇ. નિજ સ્વામીની જમીનદારીનો વારસો, અસલનો અધિકાર, અને ચતુર્વેષ્ટિત દુર્ગની માલીકી પ્રાપ્ત થતાં તેનું મન તૃપ્ત થયું. એટલે ચિંતાની પરંપરા ઉપર જે જીવન અવલંબન હતું તે તાર તુટયો તેની સાથે મહાશ્વેતાનું જીવન સમાપ્ત થયું.

થોડા દિવસ સાધારણ બીમાર રહી કાંઇ પણ ચિકીત્સા કરાવ્યા વિના અને કોઇ જાતના ઐાષધ આશ્રય વિના જેમ સ્વેચ્છાએ દેહ ત્યાગ કરે છે તે રીતે પદ્માસને બેસી પ્રાણને બ્રહ્મરંધ્રમાં રોકી આ સ્થૂળ દેહનો ત્યાગ કર્યો અને ચીરોકાલને માટે શીવલોકમાં ગઈ.

હવે ઉન્નત ચરિત્રાધર્મ પરાયણા, રૂપલાવણ્ય સંપન્ના દેવી

વિમલાનું શું થયું ? જે દિવસે તેના પિતાનું મૃત્યુ થયું તે દિવસથી તેનું હૃદયશૂન્ય થયું છે, સંસારની વાસના ઉઠી ગઇ છે અને અસાર સંસાર જે બીજા લોકો બોલવા માત્ર બોલે છે તેને તે સાક્ષાત્ અનુભવવા લાગી. હવે તેને કોઇની આશા કે ભરોંસો નથી. કોઇને વાસ્તે જીવનનું અવલંબન નથી. તેમ કોઇ પ્રકારના સુખની અભિલાષા નથી. કોઇ દુઃખનો ભય નથી, માનવ જાત જે માયા જાળે જકડાઇને જગત્માં સુખ દુઃખ અનુભવે છે તે બંધન વિમલાએ તોડયું હતું.

પ્રિય સખી સરલાના વિવાહ પછી વિમલા પ્રસિદ્ધ મહેશ્વર મંદિરે ચાલી ગઈ. સુરેંદ્રનાથે તેને ચતુર્વેષ્ટિત દુર્ગની અધિષ્ટાત્રી તરીકે ત્યાં રહેવા ઘણી પ્રાર્થના કરી તેમજ સરલાએ પણ ઘણા કાલાવાલા કર્યા, અનેક કલ્પાંત કર્યું પરંતુ વિમલા સ્મિતવદને બોલી. સંસારની લીલા મેં જોઇ લીધી છે, તેથી મારૂં સંસાર નાટક પૂર્ણ થયું છે. મને છોડી દો. સંસારના અસાર વ્યવહારને હું પસંદ કરતી નથી. જુઠા પદાર્થો અને કાચી સગાઇઓના સુખને હું પસંદ કરતી નથી. મને દુનિયામાં કોઇ ચીજ ઉપર પ્રીતિ કે અપ્રીતિ કંઇ નથી. વ્યવહારમાં વસીને પણ ઘર સંસાર કરવો નથી. જે કાચા જીવનનો એક મુહુર્ત માત્રનો પણ પાકો ભરોંસો નથી તેને અજર અને અમર માની તેમાં મોહી પારલૌકીક સુખનો ભોગ આપવો એને હું તો મૂર્ખતા માનું છું. મને એવા સંસારની સાથે સબંધ બાંધવા આવસ્યકતા નથી. પરભવના સંસ્કારોને પાર કરવા અને ભાવી સંસ્કારો ન બંધાય તેની કાળજી રાખી નિરંતર ઈશ્વર ભજનમાં મગ્ન રહેવા મારો વિચાર અને અભિલાષા છે. ઈશ્વરે મનુષ્ય દેહ માનસિક સુખો ને વૈભવો ભોગવવા તેમજ વ્યવહાર ચલાવવાને મને આપ્યો નથી. જગત્માં જન્મીને પરોપકારનાં કાર્યો કરવાં ને દુઃખીને દરિદ્રીના ઉપર

દયા કરી તેમને પોતાથી બનતી મદદ કરવી, તથા ભુલેલાને રસ્તો બતાવવો, સરલ માર્ગે જવું ને દોરવા એ કાર્ય કરવાથી મનુષ્યજન્મ સાર્થક થાય છે.

લોકો ઘર વ્યવહાર ચલાવી પ્રજા આદિ ઉત્પન્ન કરે છે તેને માથે જે કુદરતી ફરજો છે તેના કરતાં ઇશ્વરની માયા અને લીલાને તટસ્થ જોઇ રહેનાર ત્યાગીની ફરજ વિશેષ મોટી છે. કારણ માબાપ પોતાની પ્રજાને ભણાવી ગણાવી, વધારે તો પરણાવીને પોતે પોતાની ફરજ અદા કરી માને છે. પણ ત્યાગી લોકોને તો જગત્‌માં જે મનુષ્યો છે તે બધાંને નીતિ ને સદ્ધર્મનો બોધ કરી તેમને ધર્મપથે અવલંબન કરાવવું અતિ ઉચીત છે. લોકોને પોતાના કામકાજથી પરવારી ફુરસદ લેવાનો અધિકાર છે પણ તે ત્યાગીને નથી. લોકોને જે કામ જેવડું કરવાનું છે તેના કરતાં ઘણું મોટું કામ ત્યાગીને કરવાનું છે તેમાંનું જેટલું થોડું થઇ શકે તેટલી ન્યૂનતા છે. આવડું વિશાળ કાર્ય ક્ષેત્ર મૂકી હું ક્ષુદ્ર કાર્ય ક્ષેત્ર નિયુક્ત થાઉં એવી મારી ઇચ્છા નથી. માટે મને કોઇ પણ જાતના કચવાટ વિના ખુશીથી રજા આપો એમ ચાહું છું માટે મને છોડી દ્યો.

આ જ્ઞાનથી સર્વે હતાશ થયા અને તેમને જવાની રજા આપતાં વિમલા જીંદગી પર્યંત મહેશ્વર મંદિરે ધર્મનાં અને પરોપકારનાં કાર્યો કરવામાં નિયુક્ત થઇ.

વિમલાએ મહેશ્વર મંદિરે જઇ સન્યાસ લીધો. શરીરે પીતચંદન લેપ લગાવી ઉપર ભસ્મ ધારણ કરી કંઠમાં રૂદ્રાક્ષની માળા, વલ્કલ વસ્ત્રોનું પરિધાન આદિ યોગ આજ્ઞાનુસાર વર્તન આરંભ કર્યું. રાત્રિ દિવસ પૂજા પાઠમાં નિમગ્ન અને તેમાં વિશ્રામ મળતાં શાસ્ત્રોનું વાંચન શ્રવણ કરવા લાગી.

મૂળે તો બ્રાહ્મણકન્યા તેમાં પણ સ્વધર્મ પરાયણા, સદાચારી, અને નિર્મલાચરણી હોવાથી તેમાં યોગનું બળ અધિક પ્રમાણમાં વધવા લાગ્યું અને થોડા વખતમાં તે સાક્ષાત્ યોગિનીદેવી તરીકે મનાવા લાગી.

ચંદ્રશેખર મહન્ત તેને મા કહી બોલાવતા. તેમજ આશ્રમવાસી લોક તેની માયા, વાત્સલ્ય, અને પરોપકાર વૃત્તિ જોઇ તેની ભક્તિ અને પૂજા કરવા લાગ્યા, અને આશ્રમવાસીની, યોગિની વિમલા પોતાનું પૂન્યજીવન પવિત્ર સુખે વહન કરવા લાગી. કેટલાક માસ એ રીતે ગયા, પછી સરલા એક દીન પોતાની પ્રીય સખીને મળવા આવી. પિતા ચંદ્રશેખર નિકટે આવીને સાષ્ટાંગ પ્રણીપત કર્યા.

આજે સરલા રાજ રાણી છે. રાણા સમરસિંહની પુત્રી અને સુરેન્દ્રનાથ ચોધરીની પત્નીના મોટા આડંબર સહીત સરલા પોતાની વ્હાલી સખી (યોગિની વિમલા) ને મળવા અરે ! યોગિનીનાં દર્શન કરવા આવી.

ઘણા સૈનિકો, અનેક દાસીઓ અને હાથી રથ, પાલખી આદિ વાહનોના મોટા આડંબર સાથે મહારાણી સરલાએ પોતાની યોગિની રૂપ ધારી વ્હાલી વિમલા સાથે મહા સ્નેહભાવથી પ્રણામ કર્યા. વ્હાલી બહેનને ત્યાગીના વેષમાં જોઇ સરલા ઉચ્ચ સ્વરે રૂદન કરવા લાગી. અનેક સાંત્વના કરી વિમલાએ તેને શાંત કરી. સરલા આંસુ મોચન કરીને બોલી. મોટી બ્હેન ! મારા દુઃખના અને કષ્ટના દિવસોમાં તમે મને અપાર સાહ્યતા કરી છે. તેમજ મારા ઉપર અત્યંત માયા દર્શાવી છે. આજે હું પરિપૂર્ણ વૈભવ સંપન્ન હોઇ આપની કાંઇપણ સેવા ન કરી શકું ? માટે દયા કરીને મને અમુક આજ્ઞા ફરમાવો જે જુજ સેવા બજાવીને પણ હું મારા મનને સંતોષ પમાડી શકું.

વિમલા—સરલા ! મારે કરવું કે કરાવવું એવું કોઈ કામ જગત્માં મારે અધુરૂ નથી. તેમ મારે આરંભ કરવો એવી જગત્કર્ત્તાની મને કંઇ આજ્ઞા નથી. જે કામ કુદરતના નિયમો કરે છે તે કોઇ જાણતું નથી, ને તેની વડાઇ અને મહિમા અનુભવતું નથી.

કામકાજ કરતાં માણસો વ્યથિત અને અનિયમિત થાય છે. કારણ માનવ જાત પ્રમાદિ છે. બ્હેન ! ઈશ્વરની વિભુતિઓ અને તેના ગુપ્ત ચમત્કારો એવાં બળવત્તર અને નિયમિત કામો કર્યે જાય છે, કે જે માનુષે સાધ્ય નથી તોપણ ફક્ત પરોપકારાર્થે.

માનવ જાત નિજ ઉદરનિર્વાહે અમુક અટણ કરતાં નિત્યનો નિયમ હોય તો વચ્ચે છુટી માગે, અનિયમિત થાય, શ્રમિત અને ક્લાન્ત થાય પણ સૂર્ય અને ચંદ્ર રોજના મુસાફર જગત્ના કલ્યાણને અર્થે બરાબર નિયમિત સમયે અને બરાબર નિત્ય નિયમે જગત્ને આલ્હાદીત કરે છે. અરે ! જગત્ને જીવાડે છે. એના સમાન કોઇ કરી શકશે ? કામ કરશે તો દામ માગશે. અરે ! મારા જેવી સન્યાસીની નિજ પોષણનો ભાર અસહનીય હોય તે બીજાને આપવાના માર્ગમાં ક્યાં ક્યાં ફાંફાં મારવા જાય. કુદરત આપશે તે પાછું માગશે નહીં. નહીં તેનું વ્યાજ કે વટાવ કે નહીં સદ્વ્યયે તેનો નાશ. આવી ઉમદા પ્રસાદી અને આવો દયાળુ માલીક મૂકી મનુષ્યમાં મમત્વ રાખનાર મૂર્ખ જગત્માં કોઇ હોય ?

રાવણને જેવા ક્રૂર અર્થાત્ જુલમીને જે પ્રસાદરૂપી વૈભવ આપ્યો હતો તે પૂરાણોમાંથી તેં સાંભળ્યો હશે. છતાં પણ દેનાર દાતારનો તે દેવાદાર નહોતો. એવા પરમ કૃપાળુ સિવાય જગત્માં કોઇને ત્યાં પાણી પીવું પણ ઘટતું નથી. કેમકે મનુષ્ય કષ્ટે કરીને જલ આણે છે અને તેનો વાપર કરવાથી ખૂટી જાય એવું પરિમીત છે. પણ કુદરની કૃપાથી જલ વર્ષણદ્વારા જે પ્રાપ્ત થાય છે તે કંઇ ખુટવાનું છે ? કે કોઇએ તેનું માપ કાઢયું છે ?

તારાગણો રૂપી ફરનીચરો ઇશ્વરે જગત્ ઘરે મોજુદ મૂકયાં છે. છતાં ક્ષુદ્ર ફરનીચરો જે સક્ષય અને નાશવાન છે તેનો આશ્રય કેમ કરવો ? તું કદાચ શય્યાદાન આપવા માગતી હોય તો તે પણ મને નકામાં છે. જે ફાટી જાય, મેલાં થાય, સાફ રાખવાં પડે તેના કરતાં ભૂમિતલરૂપી શય્યા કે જે ફાટે નહીં, મેલું ન થાય અને વાત યોગે આપેજ પરિષ્કાર થઇ જાય. વળી જેનો કદિ નાશ ન થાય એવી શય્યા મૂકી હું તેનો સ્વિકાર કેમ કરી શકું ? બ્હેન ! મને કંઇ જોઇતું નથી. કહ્યું છે કે,

धैर्य यस्य पिता क्षमा च जननि शांतिश्चीरंगेहिनी ।
सत्यं सुनुरयं दया च भगिनि भ्राताः मनः संयम् ॥
शय्या भूमि तले दिशोपि वसनं ज्ञानामृतम् भोजनम् ।
एते यस्य कुटुम्बीनो वदसखे कस्माद् भयं योगीनः ॥

માટે બ્હેન ! મારા તરફની કંઈ સુચના આપને ઉપાડવાની નથી. શાંતનયના, શાંતવદના વિમલા સહાસ્યે વળી બોલી. સ્નેહમયી સરલા ! તારો દેહ દયાનો ભંડાર છે. પરંતુ મારે આ સ્થિતિમાં શું દરકાર છે ? બોલ આ શાંત આશ્રમ સિવાય જગત્માં કોઈ સ્થળે સુખ છે ? પિતા ચંદ્રશેખર બીજા સ્નેહ પરાયણ સજ્જન કયાં મળે એમ છે ? દુઃખના સમયમાં, ચિંતાના સમયમાં સ્વયંમહેશ્વર મને સહાય કરે છે. મારી શાંત્વના કરેછે. તેના નિયમ અનુવર્ત્તાની રહું તો મને આ જગત્માં ક્લેશ થાય નહીં. અને શેષ શાંતિ લાભ થાય. એવી રીતે ઘણી વાતો ચીતો કરી બંને સખીઓએ સમસ્ત દિવસ આનંદે નિર્ગમન કર્યો. આશ્રમના તમામ ભાગોમાં સરલા ફરતી બેસતી જોતી, અને વિમલાને સાથે લઇ તમામ ભાગોમાં વિચરણ કરતી સંધ્યા સમયે વ્હાલી બહેન પાસેથી વિદાયગિરી લઇ સરલાએ શિબિકારોહણ

કર્યું. કનિષ્ટ ભગિનીને વિદાયગિરી દેવા વિમલા મંદિરના સિંહદ્વાર પર્યંત આવી. ને હસીને બોલી સરલા ! અત્યારે તું રાજરાણી છું. આ ભિખારીણી દરિદ્રી આશ્રમવાસીની હવે તને યાદ આવશે ?

સરલા—બ્હેન હું શું તને ભૂલી શકું ?

વિમલા—તારૂં પ્રેમમય શરીર છે તેથી ભૂલી શકીશ નહીં. તેતો હું જાણું છું. તથાપિ હું તને એક સ્મરણ ચિન્હ આપુછું તે લેવાની તું ના પાડીશ નહીં. એમ બોલીને તેણે ગળામાંથી ધીરે ધીરે એક સોનાની વીંટી (કે જે માળા સાથે બાંધેલી) હતી તે છોડીને બહાર કાઢીને સરલાની આંગળીમાં પહેરાવી દીધી.

સરલા વિસ્મીત ભાવે બોલી આશું ? બ્હેન ! આ વીંટી હું લઇશ નહીં. પિતૃ સમ્પત્તિમાંનો શેષ અવશેષ તે આપની પાસેજ રહેવો યોગ્ય છે. વિમળા હસીને બોલી. બ્હેન ? એ મારી પીતૃ સમ્પત્તિ નથી. અને એ મારી પાસે રાખવાનો મારો અધિકાર પણ નથી. એ વીંટીની અધિષ્ટાત્રી તું છે. તેથી એ મારી પાસે રહી શોભા પામે નહીં. પણ પાપકલંકરૂપ ગણાય. માટે આ જીંદગાનીમાં તમો આ વીંટી પહેરો. ભગવાન્ તમને સુખી રાખે. વાંચક વર્ગને વિદિત છે કે; ઇંદ્રનાથ શત્રુના કારાગૃહમાં કેદ પડયો હતો દરમ્યાન સુલક્ષણા અને સુચરિત્રા વિમલાએ તેની સુશ્રુષા કરી હતી તેના પારિતોષીક બદલ વીર ઇંદ્રનાથે તે વીંટી વિમલાને આપી હતી. જે વીંટી ઇંદ્રનાથની હોઇ વિમલા પાસે તે શોભા પામે નહીં. પરંતુ સરલા કે જે અત્યારે તેની અર્ધાંગના અને તે વીંટી પહેરવાને યોગ્ય છે તેને આપી વિમલાએ જગત્‌ને તેમજ સરલાના સ્નેહને છેલ્લા નમસ્કાર કર્યા.

ઇતિ શિવમ્.

(સમાપ્ત.)